॥ श्रीजिनधर्मजयति ॥

# समकीत सार.

## भाग २ जो.

સૂત્રોથી સંગ્રહ કરનાર,


माणेकलाल दीयाळजी,

ભાવનગરી.



માલેકની પરવાનગીથી.

છપાવા પ્રસિદ્ધ કરનાર,

માધવજી પ્રેમજી - તોરીવાળા.

---

अमदावाद.

ગ્રંથોદય પ્રેસના માલેક પા. હરગોવન
દાસ હરજીવનદાસે છાપ્યો.

---

આવૃતિ પેહેલી. — ૧૦૦૦ કોપી.



(ગ્રંથસ્વામીત્વ હક રાખ્યો છે.



સંવત ૧૯૪૨ — સન ૧૮૮૬.

કિમ્મત રૂ. ૧-૪-૦.

# અનુક્રમણિકા.


| બાબત | પૃષ્ઠ. |
|---|---|
| ૧ મંગળાચરણ. ... ... ... ... ... ... ... ... ... | ૨૧ |
| ૨ આત્મબોધ પરીક્ષા. ... ... ... ... ... ... ... ... | ૨૫ |
| ૩ કયબળીકમ્માનું પ્રસ્નોત્તર. ... ... ... ... ... | ૭૮ |
| ૪ દિક્ષા મોહોત્સવ વિષે. ... ... ... ... ... ... ... | ૮૬ |
| ૫ તિર્થંકરને દર્શને જાય ત્યારે સ્નાનકરી જાય કહેતે વિષે | ૮૮ |
| ૬ પ્રતિમા દેખવાવાંદવાથી સમાકત પ્રગટે કહે તે વિષે. | ૯૦ |
| ૭ પ્રતિમા મતછતાં સુભાસુભકલ્પે તે વીષે. ... ... | ૧૫૫ |
| ૮ દીગંબરાદિ પ્રતિમામતીમાં પરસ્પર વિરૂદ્ધ. ... ... | ૧૬૦ |
| ૯ પંચમી વિરૂદ્ધિ ચોથમાનેછે તે વિષે. ... ... ... | ૧૬૩ |
| ૧૦ ચૈત્યશબ્દે પ્રતીમા નહી પણ જ્ઞાનછે તે વિષે. ... | ૧૬૮ |
| ૧૧ સાવદ્યાચાર્યોના કૃત્ય ગ્રંથને સિદ્ધાંત કરી માને ને પ્રતીમા પુજે તે વીષે. | ૧૭૭ |
| ૧૨ સત્યકૃત્ય વિનયની વીગત. ... ... ... ... ... ... | ૧૮૪ |
| ૧૩ મુળસૂત્રોથી ગ્રંથોમાં કેટલીક વિરુધતા વિષે ... | ૧૯૫ |
| ૧૪ સુદ્ધસિદ્ધાંતાધારે ચારીત્રીઓ વર્તે તે વીષે... ... | ૧૯૯ |
| ૧૫ સ્થાપના નિક્ષેપા માટે ૨૫ બોલનો સંક્ષેપ. | ૨૧૩ |
| ૧૬ પ્રતિમામતિને પુછવાના ૭૫ પ્રશ્ન. | ૨૨૦ |
| ૧૭ પુતળી દેખતાં રાગ ઉપજે પણ વૈરાગ નહી તેવીષે | ૨૫૧ |
| ૧૮ હિંસા પુજનને દયા માંનેછે તે વીષે... ... ... | ૨૫૪ |
| ૧૯ પાપશ્રમણો નવકોટિએ નિયમ લઈ વીરાધે તે વીષે | ૨૫૬ |
| ૨૦ નિર્ગુણમાં સદગુણની ભાવનાથી ફળ ઇચ્છે તેવીષે | ૨૫૮ |
| ૨૧ સમાકતીને મિથ્યાત્વી જનોને સુચના પચવિસી. | ૨૬૧ |
| ૨૨ ભાવપુંજા ... ... ... ... ... ... ... ... ... ... | ૨૬૩ |

## रा. रा. पीतांबरभाइ हाथीभाइ,

## दीवानसाहेब-पालणपुर.

આપ આપણા જૈનધર્મની ઉન્નતિનો અરૂણ પ્રકાશમાન થએલો જોવાને જે ઉત્સાહ રાખોછો તેથી તેમજ ધર્મ ઉન્નતિ કરવા ઇચ્છનારપર તેમજ આપણા સ્વધર્મીપર જે માયાભાવ બતાવો છો તેથી હું સંતુષ્ટ થઈ આ પુસ્તક આપ સાહેબને અર્પણ કરૂંછું તો તે કૃપા કરીને સ્વીકારશો એમ આશાછે.

લી. શેવક.

માણેકલાલ દીયાળજી.

# प्रस्तावना.

દરેક માણસને પોતાના ધર્મમાં પ્રવર્તન થવુંજ જોઇએ કેમકે ધર્મ તે આ દુઃખમય ભવાબ્ધીમાં જેમ આંધળા માણસને રસ્તો બતાવનાર જેષ્ટિકા હોય તેમ આપણને (લક્ષ્મી મદથી, અહંપદમદથી વીગેરે ષઢ રીપુથી આંધળા થએલાને) મોક્ષની અનુપમ લીલા દેખાડનાર એક લાકડી છે તેનાવડેજ અતિરમણ્ય સુખદ સ્થાન આપણને મળીશકેછે. અહાહા !! ધર્મના પ્રતાપવિષે જે બોલાય તે ઓછુંજ છે. પણ દિલગીર! દિલગીર! કે આધુનીક વખતમાં આવા અતિ ઉપયોગી, દુઃખવિદારનાર, યોગ શિખામણનો ઉદ્દેશ કરનાર, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વીગેરે દુર્ગુણથી થએલા ગર્વને તજાવનાર, નિતિનો રસ્તો બતાવનાર, સુખમાં ઉછાંછળાપણું ને દુઃખમાં નાહિંમતપણાને દાખલા દલિલોથી ટાળનાર જે આપણો જૈન ધર્મ તેને આપણે આપણાથી વિમુખ કરેલો છે તે વળી એટલેસુધી કે ધર્માનુરાગી વિરનરો દરિયા કિનારે ઉભા ઉભા પોતાના વ્હાલા બંધુને દુર ભાગીજતા જોઈ આ માત્ર ઉત્તર અરૂણનાજેવા ઝાંખા તેજથી માત્ર દેખાવ દેનાર તેનાથી અતિ વેગળા ગએલા તેના બંધુને વારંવાર મોટે સાદેથી બોલાવી કહેછેકે અરે મારા વ્હાલા બંધુ એક વાર તું ફરી પાછો આવી તારા દેદારના દર્શનનો લાભ

આપતો જા આપતો જા ને,હાલમાં જે તારા બીજા અજ્ઞાન બંધુઓમાં જુઠું બોલવાનો, વ્યભિચાર કરવાનો, વ્યસના થવાનો, બેદરકારીપણું બતાવવાનો, ને આમાન્યા ન પાળવા આદિકના દુર્ગુણે વાસો કરેલો છે તે ખસેડતોજા. અરે ખસેડતોજા. અરે શું કહું ધર્મવિના આ સંસાર સુનો છે. ધર્મહિનતાલીધેજ કુસંપ, અદેખાઈ, દવેષ વિગેરે દુર્ગુણોએ આપણામાં પગ પેસારો કરેલો છે, માટે ભાઇઓ સતેજ થાઓ સતેજ થાઓ ને બજાવો તમારો જૈનધર્મ દૃઢ આસ્થાથી.

ધર્મપર દૃઢ પ્રિતિ રાખી ધર્મ પુસ્તકોમાં લખાએલી આજ્ઞાએ વર્ત્તી ઘણા પ્રખ્યાત રાજાઓએ તેમજ ગરીબ અવસ્થામાં પોતાનો નિર્વાહ ચલાવનારાઓએ મોક્ષપદ મેળવેલું છે. એવિષે જેઓ ધર્મના રાગી હશે ને ગુરૂનાચર્ણમાં પોતાનો કાળ નિરગમન કરતા હશે તેઓ સારીપેઠે જાણતા હશેજ, પણ તેજ ધર્મની સ્થીતી આધુનીક જૈન બંધુઓમાં કેટલી નબળી માલમ પડેછે. !

મોક્ષ મેળવવું તો અતિ દુર્લભછે પણ પ્રવિણતા મેળવવાને અને આપણા દુષ્કાર્યનો બદલો વાળવાને પણ આપણને ધર્મની પુરે પુરી આવશ્યકતા છેજ. માટે જ્યાં લગી આ રસ્તો લેવામાં આપણે કસુર કરીશું ત્યાંલગી આપણા જેવો બીજો મુર્ખ કોને ગણવો !

જૈન બંધુઓ આ સંસાર સમુદ્રમાં આપણો અજ્ઞાન આત્મા ઘણા કાળથી મિથ્યાત્વ, અવ્રુત, પ્રમાદ, કૃષાય અ-

ને અશુભના જોગથી આવર્ત્તન પ્રવાહમાં ખેંચાઇને ચાર્ગતીના વમળમાં ફસાએલો છે. આમાં કોઈ પુન્ય પ્રકૃતિના ઉદયે શાતા વેદનીનો બંધ બાંધીને દેવગતીમાં ઉપજયો ને ત્યાં પાંચઈંદ્રીના વિષયની આતુરતાએ ત્યાંના ક્ષેત્ર સ્વભાવે સંવર ધર્મ નપામ્યો વળી ઘણા આરંભ પરીગ્રહાદીક ચાર કારણોથી અશાતા વેદનીનો બંધ બાંધીને નર્ક સ્થાનકમાં નાર્કીપણે ઉપજયો ને ત્યાં અઘોર વેદનાના પરાધીનપણાથી પણ સંવર ધર્મ ન પામ્યો. વળી ત્રીયંચની યોનીમાં ઉપજયો ત્યાંપણ અવિવેકના કારણથી સંવર ધર્મનો પુરો લાભ મેળવી શકયો નહીં. આવીરીતે લક્ષવાર જન્મ મર્ણના દુઃખ ભોગવતા ભોગવતા કેવળ આ મનુષ્યાવતાર પ્રાપ્ત થએલો છે. તો તેમાં આત્મીક સંવર નિર્જરા ધર્મનું આરાધનપણું નહીં કરશો તો પછી પુનઃ આ સ્થાન કયાંથી પ મવાનો?

શું મોહપાસમાં બંધાઇ રહ્યા છો, મારૂં મારૂં કરીને તમે જે મેળવોછો તે, અને તમારા કરીને હાલમાં તમે જેને ગણોછો તે; એ સૌ જયારે તમારાપર તલપી રહેલો કાળ આવશે, ત્યારે કોઈ સાથે નહીં આવવાનું, નહીં આવવાનું. પણ જે તમારો ધર્મ તેજસાથે આવશે તો ખરો સગો ને ખરૂં તમારૂં કરી મેળવેલું કોણ?

મોટા મોટા ચક્રવૃતિથી તે ગરીબ માગીને પેટ ભરનાર સુધીના લાખો બલકે કરોડો જનો આ દુનીયાંને તજીને જે જમીન રાખના ઢગલાથી ટેંબાટેકરાવાળી અતિ ભ-

યાનક રૂધીર ભક્ષ કરનાર જનાવરોના રેહેઠાણતરીકે ગણાએલછે, તે સમશાનભૂમીપર લાંબા થઇને સુતેલાછે, ને આપણે પણ ત્યાં એક દિવશ લાંબીઊંઘ લેવાના છીએ તો ચેતભાઈ ચેત બંધુ ધર્મ પ્રગટ કરવાને તો ઉપર દર્શાવેલા પાંચ કારણો (મિથ્યાત્વ અવૃત, પ્રમાદ, કૃષાય ને અશુભના જોગ) તેને દુર ખસેડવાની પુરી આવશ્યકતાછે; પણ એ પાંચકારણો એવાં તો બળિષ્ટછે કે તેને છોડવાનું માહદકાર્ય મહાબળિષ્ટ બુદ્ધીવંત વિરનરોથી પણ થવું અતિ કઠીણછે ને તેથી અલ્પજ્ઞાની આપણો અજ્ઞાન આત્મા વારંવાર તેનું સેવનકરી અનાર્યાદિકને અધર્મ કુળમાં ઉપજી કૃરકૃત્ય કરવાથી સ્વપ્નેપણ દયાનો લાભ લઈ શકતો નથી ને કદાપી આર્યકુળમાં ઉપજે તો શરિરક ખોડથી કે કુળાચારના જોસવાળા પ્રવાહે, યાતો રોગના આધીનપણે કે રાગદવેષથી કે કુદેવ યા કુગુરૂની ભકિતથી યાતો ધનમદના અંધાપે કે લાડી, ગાડી, ને વાડીના વૈભવે યાતો દુષ્ટતા, મુર્ખતા કે અર્ધ દગ્વજ્ઞાને સ્વમરજી મુજબ ચાલી ઇંદ્રીઆદીક વિકારોમાં અસંતોષમાન થઇ ધર્મ માર્ગને ન પીછાણવાથી કે ષઠ રીપુના સ્વાધીન થયાથી સત્યાસત્યથી અજાણપણું રાખી યાતો લૌકીક ધર્મ અને કુળધર્મને જૈન ધર્મજ માની તેનુંજ સેવન કરેછે, એટલે એકંદ્રી, બેયંદ્રી, ત્રીયંદ્રી, ચોરંદ્રી, છમોછિમ પંચેંદ્રી ને ગર્ભજત્રિયંચમાં અજ્ઞાન આત્માને વારંવાર ભટકવું પડેછે, ને અનેક અનેક દુઃખ ભોગવવાં પડેછે તો ચેત ભાઈ ચેત ને તારા આ-

સ્માને આ દુઃખ ન દેખવું પડે તેને માટે નિરંતર ધર્માભિલાષી, સત્યાસત્યનો વિચાર કરનાર, ઉપરના અવગુણોથી વિમુખથએલો, ગુણગ્રાહી, ઉત્તમ કળામાં કુશળ, દાનાદીક ગુણે સુશોભિત, દેવગુરૂની ભક્તિ કરનાર, ધર્માચાર્યોના હુકમ ઉઠાવી સિદ્ધાંતનો અમૃતરસ પીનાર, સુબુદ્ધિથી શાસ્ત્રજ્ઞાન સહીત લબ્ધલક્ષી ડાહ્યપણદાર, નિરભિમાની, પરોપકારી, વિગરે સદ્‌ગુણોથી ભરેલ જેને શાસ્ત્રકારો ધર્મબોધ પામવાને લાયક ગણેછે તેની મિત્રતા કર, અરે! કર! અને જેણે સર્વથા જીવહિંસા વિગરે પાંચ આશ્રવનો દ્રવ્યથી ને ભાવથી ત્યાગકરી અહિંસાદિક પાંચ સંવરગુણ તેજ પાંચ મહાવૃતને સમાયક આદી પાંચ ચરિત્રયુકત, પાંચ સુમતી, ત્રણગુપ્તી ૧૦ જતીધર્મ સહિત બે ટંક આવશક કરી ઉત્તર પચખાણ કરનાર તેમજ પડીલેહેણાદીક નિત્ય કૃત્યકરીને સજાય ધ્યાનમાં અપ્રમાદીપણે વિચારનારને અહર્નીશ વિકથા, રાગ, દ્વેષાદી દુરગુણોથી રહીત, શુદ્ધ સમાચારીક, પાંચમી ગતવંચ્છક, જ્ઞાન ક્રિયાસહીત શ્યાદવાદ ધર્મના ધરનાર, શુદ્ધ શ્રધાસહીત કરૂણારસથી ભરેલ, આદી અનેક ગુણવાળા હોય તેવા સાધુને ગુરૂકરી થાપ! અરે થાપ! ઉપરની તમામ હકીકતથી તમોને સારીપેઠે સમજાયું હશે કે ધર્મનું જ્ઞાન મેળવવું તે કેટલું જરૂરનું છે પણ દિલગીરે હાલમાં તે તમારામાં બીલકુલ નથી ને કોઈકોઈ સ્થળેછે તો માત્ર તે જુજ, તેનીસાથે તે અનેક ઉદરનિર્વાહ નીકળેલા લુચ્ચા ઊપદેશકોના રચેલા ગ્રંથથી

ને તેવાઓનાજ ઉપદેશથી સેળભેળ થએલો ખરામાર્ગથી ઉલટે રસ્તે ચાલવાનોછે. આ અડચણને દુરકરવાના હેતુથી ને વળી અજ્ઞાન બંધુઓને ધર્મનું જુજપણ જ્ઞાન થાય તે મતલબથી આપણા સ્વબંધુ ગોંડલનિવાશી શેઠ નેમચંદ હીરાચંદે મહાપુરૂષ, ગુણવંત, ગુણના ભંડાર, આત્માઅર્થી, ક્રીયાપાતર ધરમ જાતર, સુત્ર સિદ્ધાંતના પારગામી એવી અનેક ઉપમાને લાયક મહાપુરૂષ જેઠમલજી શ્વામીનો રચેલો એક જુનોગ્રંથ સમકિતસાર ભાગ ૧ લો. બહાર પાડેલોછે જેનો લાભ આપણા સ્વબંધુઓ સારીરીતે લેછે. એ જોઈ અમે બેહદ ખુશીથતાં તે બુકમાં બાકી રહેલા કેટલાક વિષયોને કેટલાક મત ઝંગી લોકોને આ અમારા તત્વશોધક ધર્મનો ઉપદેશ દેવાને ને ધર્મજ્ઞ નરોને ધર્મનો ખરો રસ્તો બતાવવાને આ બુકદ્વારે પ્રગટ કરીએછીએ, જેનું નામ સમકિતસાર આપવું વધારે દુરસ્ત લાગ્યુંછે.

---

# भाग २ जो.

સમકિત એટલે શું એતો પ્રથમ બુક વાંચતાં તેમજ તે કેવીરીતે પ્રાપ્ત થાયછે તે આ બુકના પ્રારંભ અગાઉના પૃષ્ટપરથી સ્હેજે માલમ પડીઆવશે.

જૈનધર્મ અનાદી છે ને તેના ધર્મ પુસ્તકો એવી ગંભીર્ય શૈલીથી રચાએલાં છે કે તેનું શ્રવણ કરતાં માણસોના હૃદયમાં દયાનો અંકુર ફુટતાં, મન જન્મસાર્થક કેમ

થાય તેપર હોઈછે. પણ તેનો મોટો જથ્થો ગુપ્ત ભંડારોમાં ભરાઈ રહેવાથી ને તેનાવિશેની આધુનીક જૈનોની થોડી કાળજીનેલીધે હાલ તેની ખ્યાતી અન્યમતવાદી થોડી સ્વીકારે છે, પણ જેમ જેમ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થતો જશે ને આ તેજસ્વી ધર્મનો લાભ લેવા માણસોના મન આકૃષાશે તેમ તેની અંદરની ખુબીઓ તે વધારે વધારે દેખશેજ એતો નિઃસંદેહ. દીલગીર છીએ કે સાંભળવા મુજબ તેમજ નજરે દેખવા મુજબ આપણા ઉત્તમ ધર્મ પુસ્તક કરનારના નામને કાજળસમ કાળો ડાઘ આપનાર કેટલાક માત્ર કહેવાનાજ જૈનધર્મીઓ મુળ પુસ્તકોના આધાર તથા આ જ્ઞાન જોતાં મતિભ્રમતાનેલીધે પોતાના નવા વિચારો તેમાં ખોશી આવી રીતે ધર્મશાસ્ત્રકારોની આજ્ઞા છે એમ ભોળા ભાવિકોને સમજાવી પાપના પુંજ બાંધે છે ને બંધાવે છે તો આવા નરોને અમારે ક્યાં વિશેષણો આપવાં એ આ વખત લખવા અમારી કલમ ચાલતી નથી. પણ તેવાઓને બોધદેવાનેઅર્થે અમે આ પ્રસંગે હાલના એવા એક કલ્પીત પુસ્તકના કર્ત્તાને થોડી સુચના આપીએ છીએ. કેમકે અમારો ઉદ્દેશ તેને લગતો છે. સમકિત શૈલ્યોદ્ધારનાકર્ત્તા— આપ સમકિત એટલે શું એતો આમુક અથથી તે ઇતિસુધી વાંચવાં માલમપડતુંજ નથી કેમકે સમકિતના રાખનારે ક્ષમા, દયા, શાંતી, કટુ ભાષણ, મૃષાવાક્ય ને બીજા એવા અનેક અવગુણોથી તો વિમુખ રહેવું જોઈએ. પણ આ બુકના ક-

ર્ત્તાએતો તેની અંદર એટલા બીભસ્ત શબ્દો વાપરેલા છે કે ચોપડીના ઉપર નામને જાણે એબજ આપીછે ! !

આવું તમારામાં કયાંથી ભુત ભરાઈ ગયું કે સમકિત એ નામની બુકને તેની અંદર આવાં કડુ વાકયો, દાંડાઈ લુચ્ચાઈ તથા અવિવેકતાઈનાં વેણ લખ્યાં, ખરેખર સમકિતનો શૈલ્યજ તમારામાં ભરાયો કે આ શૈલ્યનો ઉદ્ધાર તમને આમ સુજ્યો ? ધીક છે આ તમારા કામને અને

* * * * *

સાવધ આચાર્યજી તમોએ પણ કાંઈ વિચાર ન કર્યો ? તમોએ આ સંસારની મિથ્યા માયાનો મોહ શા વાસ્તે છોડેલો ? તે શું આમ નિંદીત પુસ્તક પ્રગટ કરવાને ? સમજુને શાન બસછે. જો તમારે ધર્મચર્ચાકરી મતનું પ્રતિપાદન કરાવવું હતું તો અન્યમાર્ગની ખોટ હતી? શું આમકરેથી પીત્તળ સોનામાં ખપશે ? અરે છોડો તમારો મિથ્યાગર્વ ને કાઢો આવાનિઃસ્વાર્થી વિચારોને.

મોક્ષ સંપાદન કરવાનો રસ્તો બહુ વિકટછે. તપાસો આપણા ધર્મશાસ્ત્રો કે નિંદીત કાર્યો કરનારના કેવા બુરાહાલો થએલાછે! તમારા નામ પ્રમાણે તમારા સેવકો તમને પોતાના જીવથી વ્હાલા ગણીને દીપકમાં જેમ પતંગીયા જંપલાઈ નાશ પામે તેમ નાશ પામી પોતાની આબરૂને નુકશાન થએથી પસ્તાવો કરતાહશે કે કરશે. સાધુના સર્વલક્ષણો આવા નિંદીત પુસ્તક રચનારમાં કેવા હોય તો તો સૌ અન્યમતવાદી પણ વિચારશે ! !

યુવાન અવસ્થાથી થએલા અંધકારને સૂર્યથી પણ ભેદાશકાયનહીં, રત્નપ્રભાવડે છેદી શકાય નહીં, ને પ્રદિપ્ત પ્રકાશવ દુર કરીશકાયનહીં, તો હવે આવા યુવાન મદમાં હીંડોળે ચડેલા મદોન્મત ઉછરતા યુવાનોમાં વળી-જયારે ચપળ તેના સેવકોને અતિ બુરીગતીએ પોહચાડનાર, ન જોવરાવનાર સારૂ યા જોવરાવનાર નઠારૂં, ચતુરાઈ, ચંચળતાઈ, ને ચપળતાઈને ચલાયમાન કરનાર લક્ષ્મીદેવી મળ્યાં ત્યારે તોપછી ઉદયનો આડો આંકજ વળયોના !!

યુવાનીમદમાં દીવાના બનેલા ને તેમાં વળી ધનમદથી અંધત્વ પ્રાપ્તથએલા ઉછરતાયુવાનો કેમ કરવાથી મારાપર વિટંબના આવશે ! ને કેમ કરવાથી હું લોકહિતેષીમાં ખપીશ? યા મારી, મારા કુંટુંબની કે મારા સગાવહાલાંની ઉન્નતીનો અરૂણ પ્રકાશમાન કરીસકીશ તેનું ભાન કયાંથી લાવે! કેમકે પવન જેમ રજો ભ્રાંતી ઉત્પનકરી શુષ્કપત્રને સ્વઈચ્છાએ અતીદુર ઘસડી જાયછે તેમ આવા ઉન્મતી યુવાનીમદી માણસોની પ્રકૃતિતો શાસ્ત્રજ્ઞાનથી સારીથઇ હોય તોપણ જડતાપાત્ર થઈ જાય છે ને વળી તેમાં લક્ષ્મીનો મદ મળે એટલે શી ખામી રહે !!

મિત્રો બુરૂં તો લાગશે એમ સંપુર્ણ ખાત્રીછે પણ તમોએ આ અઘટીત ને અયોગ્ય કામનું આપમતમાં તણાઇને જે સમકીતસારની ટીકા સમકીત શૈલ્યોદ્ધાર નમૃતાને વેગળીમુકી રચેલોછે તે ખરેખર તમારા નામને અને કામને કાજળસમ કાળો ડાઘજ લગાડયો છે સંપનું પ્રાબલ્ય

ને સંપની મહુતા કેટલી બળવત છે તે જાણતાછતાં કેમ ભુલીગયા ? અરે આમ કુસંપનું બીજ વાવવાથી તો ઘણા ઘણા ચક્રવ્રતી રાજાઓનો પણ નાશ થએલો છે તો તમારા સરખા * * * * *

પ્રથમમાં તમોએ જે બુરા શબ્દો નાંખી અમારા તત્વશોધ ધર્મને ખોટો કરવાને એ પુસ્તકમાં વગરવિચાર્યું દાખલ કર્યું છે તો તેમ કરવાથી શું * * * *

પડવાઇ થએલાને સમાચારીથી દુર કરેલા દ્રવ્યવેષી જાદુવિધામાં કુશળ તેમજ માયાના પાસામાં બંધાએલ છે, તેમજ તેઓ સંસારીને ન છાજે તેવાં અઘટીત કામ કરેછે; તેના દાખલા તમોએ આપ્યા પણ અરે શું તમો નથી વિચારતા કે બધાને પાંચ આંગળી સરખીહોય! આવી બાબતનો જો અમે શોધકરીએ તો * * * *

હવે આ બાબતમાં આટલેથી અટકતાં અમારે જણાવવું પડેછે કે મત પ્રતિપાદન કરવાનેઅર્થે નિતિનો રસ્તો નહીં તજશો. કેમકે મિથ્યા ડોળઘાલુ પુરૂષો કળાયાવિના રહેતા નથીજ, આ અમારૂં લખાણ કદાપી તમોને માઠુ તો લાગશે પણ તે તમે નિતિનો રસ્તો મૂકયો તેથીજ છે.

હવે આ બાબતમાં આટલેથી અટકતાં વિદ્વાન ગુણજ્ઞનરોને નમૃતાથી કેહેવાનું કે આ પુસ્તક ધર્મસંબંધીનું છે એટલુંજ નહીં પણ તેમાં ઠેકાણે ઠેકાણે સિદ્ધાંતોના પાઠ આવેલાછે જેથી વાંચનાર સાહેબોએ અકાળ, અસઝાય, દીવા, વીગેરે જે જે વખતે સિદ્ધાંતો ન વંચાય તે તે વખ-

ન ચરણને મોઢે જતન સહીત વાંચવા કૃપા કરશો એ માગી વિનતી છે, છતાં પછી ઉલટીરીતે વર્તશો તો તેનો દોષ તેમના શિરપર છે, હું આ બુક બનાવતાં જાતી વિભકતી, શબ્દ, ચીન્હ (વીરામ) ને વાકયરચના વીગેરે યોગ્યરીતે સંભાળવામાં યથાસકિત ધ્યાનવાન રહેલોછું તથાપી મનુષ્યજાતીના પ્રકૃતિસિદ્ધ ભુલ થઇજવાના દોષથી કાંઈ દુષણ કે સ્ખલન મારાથી થઇગયું હોય તો તે સુજ્ઞ વાંચનાર સુધારીને વાંચશે. કેમકે દશવિકાળીક સુત્રમાં કહ્યુંછેકે.

## आयारपन्नात्तिधरंदीट्ठीवाएमहीजगं

## वएवीरवलीयंनच्चानत्तंउवंहसेमुणी ॥

અર્થ—આચારંગ સુત્રના ભણનાર તેમજ વિવાહપન્નંતીના ધરનારને દ્રષ્ટિવાદ સર્વથા જાણનાર છદ્મસ્તના કારણથી કોઈ વખતે વચનથી ખલના પામેછે, તો તેની ઉપહાસ ન કરશો. આહા! મુની! તો હું તો અલ્પજ્ઞાની ને પ્રથમાભ્યાસી છું જેથી ભુલ્યો બતાવી કૃતાર્થ કરશો એટલે બીજી આવૃતિમાં તે સુધારોકરવામાં ચુકીશનહીં એજ વિનંતિ.

---

# સમકિતનું વિવેચન.

આ અનાદિ અનંત સંસારમાં અનાદિકાળથી કોઇએક મિથ્યાત્વદ્રષ્ટિ જીવ મિથ્યાત્વની પ્રબળતાના ઉદયથી અનંત પુદ્ગળ પરાવર્તક વારંવાર જન્મ મરણ કરીને ભ્રમણ કરેછે એમ કરતાં કરતાં કાળાંતરે ઘણા અશુભ કર્મોના

દળ ઘટીજવાથી હળવાપણું થઈ જાયછે, દ્રષ્ટાંત જેમ પથ્થરવાળી જમીન નદીનો પ્રવાહ ચાલેછે તેમાં કેટલાએક પથ્થર પાણીનાં મોજાંથી સામસામે આપથી ઘસાઇને સરીખા વાટલા એટલે ગોળાકારે થઈ જાયછે, તેવીજ રીતે જીવપણ પરિણામે વિશેષરૂપ યથા પ્રવ્રતિકરણજોગ થઈને અનંતા કર્મના દળને ક્ષયકર્યા અને થોડાં કર્મ બાંધવાનો સ્વભાવ થયો તે વખતે સંજ્ઞી પંચેંદ્રિપણું પામીને પુર્વોપાર્જિત આઠ કર્મછે, તેમાંથી એક આ ઉખાકર્મ વર્જિને બાકીના સાત કર્મને એક પલોપમનો અસંખ્યાતમો ભાગ્યહીન એટલે એક કોડાકોડી સાગરોપમની સ્થિતિએ કરેછે તેનું નામ યથાપ્રવ્રતિકરણ કહેવાયછે, અને તે વખતે પુર્વજન્મોનાં ઉપાર્જિત અશુભ કર્મના જોગથી અત્યંત રાગદ્વેષના પરિણામરૂપ કઠણ છુટી ન શકે તથા તુટી ન શકે અને પરથમ કોઈપણ કાળમાં જીવે તોડી નહોતી એવી ગ્રંથી એટલે ગાંઠછે, તે ગાંઠના મુળસુધી યથાપ્રવ્રતિકરણથી અનંત કર્મોના દળને ક્ષયકરીને અનંતા અભવ જીવો પણ પોહાચી શકેછે, વળી તે ગ્રંથીના દેશમાં પહોંચવાથી ભવ તથા અભવ જીવ સંખ્યાતોકાળ અથવા અસંખ્યાતો કાળ રહેછે, તેમાં જે અભવજીવછે તે તિર્થંકરના અતિશય વિગેરે દેખીને તથા ચક્રવર્તિ આદે રાજાઓએ કરેલી તિર્થંકરની શેવા વિનય આદિક બાહુ માન ભક્તિ દેખીને દેવલોકાદિકનાં સુખ લેવાની ઈચ્છાએ દીક્ષા લેછે ને તે અભવીદ્રવ્ય સાધુ થઇને પોતાની પ્રતિષ્ટાની અભિલાશાથી

ભાવ સાધુઓની રીતે એવી સખ્ત આકરી ક્રિયાથી શરીર કુસ્ય એટલે નિર્બળ કરીને જૈનના દ્રવ્યલીંગપણામાં કાળ કરીને નવમા ગ્રૈવેક વૈમાનસુધી તેની ગતિ થાય છે. વળી તે અભવ દ્રવ્યલીંગી કેટલાએક સુત્રપાઠ માત્ર નવપુર્વ સુધી ભણેછે વળી કેટલાએક દેશેઉણાં દશપુર્વસુધી ભણેછે. હવે આ શબ્દના પ્રસંગમાં સમજવાનું કે દેશેઉણાં દશ પુર્વના અભ્યાસ કરનારને મિથ્યાત્વદ્રષ્ટિપણાની સંજ્ઞા જણાયછે, માટે તેટલો અભ્યાસ કરનાર કોઇપણ જણ મિથ્યાત્વોદયથી મુળસૂત્રથી વિપરીત પરૂપણા કરેતો તેમાં કાંઇ નવાઇ જેવું ગણાય નહીં અને પુરા દસપુર્વના અભ્યાસવાળા જીવને તો અવશ્ય સમ્યકત પ્રાપ્ત થાયછે, ને તેથી ઓછા પુર્વ ભણનારને સમ્યકતની ભંજનાછે, વળી કલ્પભાષમાં પણ પુર્વાચાર્યોએ કથન કરેલુંછે, "चउदसद सयअभिन्नेनियमासम्मंतुसेसएभयणा" ભાવાર્થ પુરા ચઉદ તથા પુરા દશ પુર્વ ભણનારને નિયમા સમ્યકતનો લાભ થાયછે. હવે એ યથાપ્રવતિકરણને અંતે અનંત કર્મના દળક્ષય થવાથી અનંત વિર્યના પસારથી અપુર્વ કરણ કરે એટલે સાતકર્મોની કોડાકોડી સાગરોપમની સ્થિતિ રહી હતી તેમાંથી અંતર મુહુર્ત ભોગવી હિન કરીને તે સ્થાનકે પુર્વોકત ગ્રંથી ભેદ પુર્વક અનિવ્રતિકરણમાં પ્રવેશ કરેછે. એટલે જે નિવડ રાગ દ્વેષની ગાંઠ હતી તે ભેદાણી ત્યાં યથા તપ કર્મોનું ક્ષય કરીને પુર્વો પાર્જીત પશ્ચાત રહેલા મિથ્યાત્વ દળના ત્રણ પુંજય કરેછે તે ત્રણ

પુંજયના નામ શુદ્ધ, મિશ્ર ને અશુદ્ધ એ ત્રણ પુંજય કર્યા બાદ નિવ્રતિકરણની સામર્થાઈપણાથી કઇક ભવ જીવો પ્રથમથીજ ક્ષાયોપ શમીક સમ્યકતદ્રષ્ટિ થાયછે ને કેટલાએક ઔપ શમીક સમ્યકત દ્રષ્ટિ થાયછે એ સમ્યકતનું વિશેષણ બીજા સવિસ્તર સુત્ર યા ગ્રંથોથી વિવેકી બુદ્ધિમાન પુરૂષોએ જોઇને માહેતગાર થવું એ ત્રણ કરણ જાણવાં તેમાં અભવ પહેલાં યથા પ્રવ્રતિકરણસુધી રહેછે ને ભવ્ય જીવો ત્રણ કરણ કરીને સમ્યકત દશા પામેછે.

---

## सम्यक्तप्रकार नीचे मुजब.

गाथा—एगविहदुविहंतिविहं, चउहापंचविहदसवि हंसम्मंहोइजिणणायगेहिंइइभणियमणंतनाणीहिं.

ભાવાર્થ—શ્રીવિતરાગ દેવના શુદ્ધ ઉપદેશમાં એમ કહ્યુંછે કે. જીવ, અજીવ, વિગેરેમાં સાચી શ્રધા આણવી તે સમકિતનું મુખ્ય લક્ષણછે. એ એકવિધ ૧ હવે દ્રવ્ય સમ્યકતને ભાવ સમ્યકત એ દ્વીવિધ ૨ તેમાં વિશુદ્ધિ વિશેષ કરીને મિથ્યાત્વ પુદગળોને શુદ્ધ કરવા તેનું નામ દ્રવ્ય સમ્યકતછે અને તે દ્રવ્ય સમ્યકતની સહાયથી ઉત્પન્ન થઈ જીનોગત તત્વોપર રૂચિરૂપ પરિણામ તેનુંનામ ભાવ સમ્યકતછે વળી નિશ્ચયનય અને વ્યવહાર નયથી પણ દ્વીવિધ થાયછે તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, રૂપ આત્માના પરિણામ અથવા જ્ઞાનાદિક પરીણતી થકી જુદો આત્મા

છે. એમ જાણે તેનું નામ નિશ્ચય સમ્યકતછે. તેજ મોક્ષનું મુળ કારણછે. તેમાં દેવ તે અરીહંતછે અને ગુરૂ શુદ્ધ ધર્મોપદેશકછે તેજ મોક્ષ માર્ગના દેખાડનારછે. અને કેવળ જ્ઞાની મહારાજનો પ્રકાશ કરેલો દયામુળ તેજ સત્ય ધર્મછે. એ ત્રણ સમ્યકત તત્વોના સાતનય, ચા પ્રમાણ, ચાનીક્ષેપા, આદિગુણોથી શ્રધાને સિદ્ધ કરી તે નિશ્ચય સમ્યકતનું કારણ વ્યવહાર સમ્યકતછે. તેના નામ કારક, રોચક ને દીપક એ ત્રણ પ્રકાર થયા તેમાં કારક એટલે આપણા જીવને ઘણા ઉત્સાહથી ધર્માનુષ્ટાંનમાં પ્રવર્ત્તી કરાવે એ સમ્યકત વિશેષેકરીને પંચ મહાવ્રતધારી મુનીજનોનેજ હોયછે. હવે રોચક સમ્યકત એટલે કેવળ અનુષ્ટાંન ઉપર રૂચિ કરાવે એ વિશેષકરીને અવ્રતિ સમદ્રષ્ટિ જીવનેજ હોયછે. હવે દીપક સમ્યકતનાં લક્ષણ કહેછે. એ કોઇ આપમિથ્યાત્વદ્રષ્ટિ અભવ્ય અથવા કોઈ દુરભવ્ય અંગાર મર્દકની રીતે રહે અને તે પોતાવિના બીજા જીવોને ધર્મ કથા કહીને વિતરાગ ભાષિત બોધથી જીવાજીવાદિક પદાર્થો કહી બતાવે પણ પોતે શ્રધે નહીં, આ સમ્યકતના પ્રસંગમાં કોઈ સંશયયુકત થઇ પ્રશ્ન કરેજે અહો બોધક !! જો તે સભવ્ય પોતે મિથ્યાત્વદ્રષ્ટિ છે તો તેને સમ્યકત કેમ કહેવાય? હવે બોધક કહેછે કે અહો સુજ્ઞ! નિરશંસયપણે શ્રવણ કર કે એ અભવ્ય મિથ્યાત્વદ્રષ્ટિને વાચકક્ષાનની વૃદ્ધિથી ભાષાવર્ગણા રૂપ ધર્માધર્મ પ્રકાશ કરવાનું પરિણામ વિશેષ કરીને છે અને તેના ઉપદેશશ્રો-

તાજનોને સમ્યકત પામવાનું કારણછે. એ હેતુ કારણથી કાર્યનો ઉપચાર કરીને તે મિથ્યાત્વીને ધર્મોપદેશકથી બોલવારૂપ સમ્યક્તિ કહેવાયછે તે નામ પામ્યો. પરંતુ નિર્ગુણછે એ ત્રિવિધ થયા, વળી સમ્યકતના ત્રણ પ્રકાર છે, તે ઔપશમીક, ક્ષાયક, ક્ષાયોપશમીક એ ત્રણ. તેમાં ઔપશમીક સમ્યકતનું લક્ષણ કહેછે જે ઉદયમે આવેલા મિથ્યાત્વનો અનુભવ કરીને ક્ષીણ એટલે ક્ષય કરે અને સત્તામાં રહેલા અનુદીરણ એટલે ઉદયમે ન આવે તે મિથ્યાત્વ દળને શુભ પરિણામની વિશેષતાએ વિશુદ્ધ કરીને ઉપસમ કરવાથી જે ગુણ ઉત્પન્ન થાય એને ઔપશમીક સમ્યકત કહીએ. એ સમ્યકત પુર્વોકત ગ્રંથી ભેદ કર્ત્તાને તથા ઉપસમ શ્રેણી કરનારને હોયછે.

હવે ક્ષાયક સમ્યકતનું લક્ષણ કહેછે. અનુતાન બંધી ક્રોધ, માન, માયા, લોભ ને ક્ષય કરીને ત્યારબાદ મિથ્યાત્વ મિશ્રસમ્યકત પુંજ્યરૂપ તથા ત્રણ પ્રકારના દર્શન મોહનીય કર્મનું સર્વથા ક્ષય થઈ જવાથી જેગુણ પેદાથાય તેને ક્ષાયક સમ્યકત કહીએ. એ સમ્યકત ક્ષપકશ્રેણી ચડનાર જીવને હોયછે.

હવે ક્ષાયોપસ્મીક સમ્યકતનું લક્ષણ કહેછે, ઉદયમે આવેલા હોય મિથ્યાત્વ તેને મિથ્યાત્વ વિપાકને ઉદયકરીને ભોગવવાથી ક્ષીણ થયા પરંતુ જે શેષ સત્તામાં છે પણ ઉદયમે આવ્યા નથી તે ઉપશાંત થયા, અર્થાત મિથ્યાત્વને મિશ્ર પુંજ્યને આશ્રયણ કરીને ઉદયમે આવતા રોકયા

અને શુદ્ધ પુંજયને આશ્રયણે કરીને મિથ્યાત્વ સ્વભાવને દુરકર્યો. એ પ્રકારથી ઉદીરણ મિથ્યાત્વને ક્ષય કરવાથી અને અનુદીરણને ઉપસમ કરવાથી જે ગુણ ઉત્પન્નથાય તેને ક્ષાયોપસ્મીક સમ્યકત કહીએ, એ ત્રિવિધ થયા.

હવે ચાર પ્રકાર કહેછે, ઔપસ્મીક, ક્ષાયક, ક્ષાયોપસ્મીક ને સાસ્વાદન એમ ચતુરવિધ સમ્યકતછે, હવે સાસ્વાદન એટલે પુર્વોકત ઉપસમ સમ્યકતથી પડિવાઇ થવાના અંતમાં તેના અંશનો જે અનુભવ થાયછે તેનું નામ સાસ્વાદન સમ્યકત કહેવાયછે. એ ચારમે એક વેદક સમ્યકત મેળવતાં પંચવિધ સમ્યકત કહેવાય છે, તેમાં વેદક સમ્યકતનું લક્ષણ એ છે કે જે જીવ ક્ષપકશ્રેણી પામીને અનુતાનબંધીની ચોકડી તથા મિથ્યાત્વ અને મિશ્ર એ બે પુંજયનો ક્ષય કર્યાપછી ક્ષાયોપસ્મીકરૂપ શુદ્ધ પુંજય ક્ષીણ થતો જાય ને તે ક્ષય થતાં પચ્છાત અંતીમ પુદ્દગળોને ક્ષય કરવાની ઉદ્યતકે અંતીમ પુદ્દગળોનું જાણપણું તે વેદક સમ્યકત કહેવાયછે એ પંચવિધ સમ્યકત નિસર્ગ ને અધિગમથી થાય છે માટે તે કારણથી દસવિધ થયા. એ સમ્યકતોની પ્રાપ્તિ શુદ્ધ ચેતનદશા પ્રગટ થવાના સમયમાં છે.

હવે એવા આત્મગુણરૂપ સમ્યકતની પુષ્ટિની ખાતર પન્નવણાજી સુત્રમાં કહ્યુંછે કે " दसविहे सोएसे " એટલે પુર્વોકત સમ્યકતોની દસ પ્રકારે રૂચિ ઉપજે છે. તે દસ રૂચિનું વિવેચન નીચે મુજબ.

પોતાનાજ સ્વભાવથી જીનોગત વચન ઉપર રૂચિ ઉપજે તે પહેલી નિસર્ગરૂચિ ૧. ગુરૂના ઉપદેશથી જીન વચન ઉપર રૂચિ ઉપજે તે બીજી ઉપદેશરૂચિ ૨. સર્વજ્ઞ વ-

ચનરૂપ આજ્ઞામાં રૂચિ ઉપજે તે ત્રીજી આજ્ઞારૂચિ ૩. સુત્રને અનુસારે રૂચિ ઉપજે તે ચોથી સુત્રરૂચિ ૪. જીનોગત એક વસ્તુ જાણવાથી અનેક વસ્તુમાં રૂચિ ઉપજે તે પાંચમી, બીજરૂચિ ૫. વિશેષ જાણવાથી રૂચિ ઉપજે તે છઠ્ઠી અભિગમરૂચિ ૬. સકળ દ્વાદશાંગીની નય જાણવાથી રૂચિ ઉપજે તે સાતમી વિસ્તાર રૂચિ ૭. સંજમાદિક શુદ્ધ અનુષ્ટાન કરવામાં રૂચિ ઉપજે તે આઠમી ક્રિયારૂચિ ૮. ઘણા જ્ઞાનનું જાણપણું નછતાં થોડા જાણપણાથી રૂચિ ઉપજે તે નવમી સંક્ષેપરૂચિ ૯. પાંચ અસ્તિકાય ધર્મમાં તથા શ્રુતધર્મનું જાણપણું કરવામાં રૂચિ ઉપજે તે દસમી ધર્મરૂચિ ૧૦. એ દસ રૂચિનો સવિસ્તર બોધ પન્નવણા સુત્રથી સમજવું. વળી તે પુર્વોક્ત સમ્યકતોનો નિશ્ચય કરવામાટે સડસઠભેદ પણ કહ્યાછે, તેમાં સમ્યકતના ચાર શ્રધાન તથા સમ્યકતનાં ત્રણલીંગ તથા દસ વિનય તથા ત્રણ શુધી તથા પાંચ દુષણ તથા આઠ પ્રભાવક તથા પાંચ ભુષણ તથા પાંચ લક્ષણ તથા છ જત્ના તથા દ્રવ્યથી છ આગાર તથા છ ભાવના તથા છ સ્થાનક છે એ સડસઠ ભેદથી સમ્યકત નિર્મળ થાયછે, એ સમકિતનો વિસ્તાર કરતાં પાર આવે તેમ નથી પણ વિવેકી ધર્માત્માઓને જાણવાનું કે એમ જીનઆજ્ઞા પ્રમાણે સિદ્ધાંતબોધનું શ્રવણ કરતાં શુદ્ધ સમ્યકત જ્ઞાનચારિત્ર એ રત્નત્રયનો નિશ્ચાર્થ થશે ને કર્મ બંધનથી પોતાનું ભિન્નપણું માલમ પડશે અને તે સમકિતનિ પુષ્ટિનાં કારણો અરિહંતાદિક શ્રમણ નિગ્રંથયાદેશ વર્તિને કહ્યાછે તે દસમા પ્રશ્નોત્તરથિ સારાંસ સમજી સ્વપરઆત્માના હિતયવંછક થવું.

---

# समकितसार भाग २ जो.

———oOo———

## "श्रीजैनधर्मजयति."

---

### મંગળાચરણ.

#### સાર્દુળવિક્રિડિતવૃત્તમ્.

શ્રીઆદી જિન ગુણનીધિ થિરતા તીર્થાદિ ધુરેકૃતા,
ઈત્યાદી વૃદ્ધમાન નાણ વિમળા ક્ષાંતી ધર્મો વાગ્રતા;
દાતા સાંત સુધાજ સૂમતિકળા ત્રીરત્ન વંદુ મુદા,
ભક્તીભાવ જનો સદા ચિતરમે વીઘ્નો ન આવે કદા. ૧

#### મનહર છંદ.

જયજય જગપતિ સમરૂં હું અંતરથી અકળ અગમ-
ગતિ નથી જન[૧]મરના,
સકળ કરમવાર પરિગ્રહ નિરાકાર ચિદાનંદ પરાવાર
ભવ ભય હરના;
લોકાલોક ચરી સબ અજાણ ન રહે કબ દ્રી ગુણકી[૨]
એહી ઠબ લય ગત ચરના[૩],

---

૧ જનમ. ૨ જ્ઞાન, દરસન. ૩ ક્ષય થયો ગતીમાં ચાલવાનો.

એસાહે અગમનાથ ત્રિહુ તન[1] વિરલાત જીહુ વાસે
તુજ ખ્યાત કરીલીયું ચરના. ૨

## દુમીલા છંદ.

ચરણાંબુજ[2] આપતણે નીજ શેવક નામિ સદા શિશ
કાજ સરે,
તુમ નામ તણી ગુણ કીર્તતણી શુદ્ધ બોધ તણી ચિત
આશા ધરે;
સમકીત તણો ગુણ સાર ચહી[3] ભુજ ભાગ થુણે જ-
ડતાજ હરે,
ધન રે ધન રે ત્રિહુલોક ધણી તુજ જ્ઞાન સુણી હઠ-
વાદિ ડરે. ૩

જીનકાર[4] કહી ખટ કાય હણે નગણે પરપીર ભવો રટવા,
જિવ ઘાત કરી પ્રતિમાકુ ધરી પરપંચ વરી ધનને ઝટવા;
ગુણહીણ સમો[5] ભરપુર તમો[6] નહિ ખંતિ[7] સ્વભાવ તપા કટવા,
ત્રસ થાવર દેખ ન મેર ધરે મુસકો[8] પર જ્યું મિનકી[9] લટવા[10]. ૪

## મતગયંદ છંદ.

શ્વાનપરે મુખસું પ્રતિમા મતિ ગ્રંથ ભસિ ભસિ મુગ્ધ ફસાવે,
દેવ કુગરૂકિ ભકિત તણાંફળ મોક્ષરૂ લક્ષમિ ભોગ વસાવે;
સંવ્રતિ[11] નામ લજાવત પારધી મુરતી પુજન પાપ રચાવે,
તપ્ત સભાવિ ભયા મૃગ શેવક, દૌરહિ દૌરત માંહિ ધસાવે. ૫

---

૧ ત્રણ સરીર. ૨ કમળ. ૩ લઇ. ૪ આજ્ઞા. ૫ ઠગલો. ૬ ત-મોગુણ. ૭ક્ષમા. ૮ઊંદર. ૯બિલ્લી. ૧૦ઝપટ. ૧૧સમભાવ.

## મનહર છંદ.

સમકીત સલ્યોદ્ધાર રચ્યો એ પ્રપંચગાર હિંસાતણી પુષ્ટી
લાર પરીક્ષાઠયો આપકું;
ઠામઠામ નિંદાયુગત શબ્દ ધરી બુધલુપ્ત[૧] માનત હે અહં
મુકત તેતો મહાપાતકું;
એસો નાહી જ્ઞાનભેદ જેથી લહે સબખેદ આણાદયા ત-
ણો છેદ કીયો મીથ્યા દાતકું;
વીજ્ઞ સુણો મેરી લયા[૨] ચાહો જો આણાને દયા પરીહરો
સલ્યોદ્ધાર પંથ મહાઘાતકું. ૬

## दयाधर्म स्थापनारविषे.

## મનહર છંદ.

વિત્યા જેને રાગદ્વેશ મોહ ને અંતરે લેશ કેવળ નાણને
દર્સ લેઈ વદે જ્ઞાનકું;
સ્યાદ વાદ નિરાપક્ષ સંગ્રહી આતમ લક્ષ ખટકાય જંતર-
ક્ષ દીએ અભેદાનકું;
આપ દયા કરી પર દયાસેં ઉમંગ ધરી નિરવદ્ય વદેચરી[૩]
સુખ સબ જાનકું,[૪]
એસા એ અગમનાથ આણાકુહી દયા સાથ રૂદે ધરો એહી
બાત હણો મત પ્રાણકું. ૭

---

૧ અલોપ. ૨ વાણી. ૩ વાણી. ૪ પ્રાણી.

# दयाधर्मिओने सुचना.

## મનહર છંદ.

ખટકાય જંતકો ઉગારનાર ભવિબંધુ વાંચિ સમકિતસાર દ-
યા કરો સબકી,
દયા સુખ સિંધુ[1] સહી ભવમેં ભમત નહીં શીવગત ગ-
હે[2] વહી ફેરી મટે કબકી;
વિગુત્યો[3] અનંતકાળ હિંસા મિથ્યાતણી ઢાળ ખોલો દેવ
દ્રિગ[4] અબ જાગો જાગો ઝબકી,
દયાહીકો ધર્મદ્વાર ખોલ્યો જીનજ્ઞાન લાર ગ્રહો સમકીત
સાર તજો ચિંતા જગકી. ૮

---

પ્રથમ આ ગ્રંથના પ્રારંભમાં પરમેશ્વર જગત ત્રાતા, ભકતજનોને ધ્યાન સમરણા વલંબન[5] ભુત એવા ભજનાનંદિના ભજનથી ભવ દવાગ્નિની વિકટ ઝાળથી મુકત થઇજવાનેમાટે જીનેશ્વર દેવના ધ્યાન સમરણરૂપ પુષ્કળ સંવ્રત મેઘની ધારા, એ સર્વ ભવ જીવોના અંતઃકરણને પર્મ શિતળ કરનાર છે. તે પરમેશ્વર કેવા છે? અકળ એટલે કોઇના કળવામાં આવે નહીં, ને અગમ્ય એટલે જ્ઞાનવિના જેને ઓળખવાની સુગમતા પડે નહીં. એવા જે અવિનાશી નાથ, જેના નાશ પામેલા છે જન્મ મર્ણ, અને સર્વ કર્મરૂપ વાદળ વિખરાઈ જવાથી પરિગ્રહ નિ-

---

૧ સાગર. ૨ લીઓ. ૩ ગમાવ્યો. ૪ નેત્ર. ૫ આધાર.

વરણ એટલે આવરણ રહિત પ્રગટ થયેલો છે જ્ઞાનરૂપી સુર્ય જેને તે જ્ઞાનરૂપી સુર્યના પ્રકાશથી લોકાલોકનું સ્વરૂપ અવલોકન કરી પર્મપદ પામ્યા છે. વળી ફરીને આ જગતમાં જેને દેહ ધરવાપણું રહ્યું નથી, એવા વિશ્વાનંદી પર્મ દેવના સકળ ગુણની સ્તવના કરીને આ "સમકિતસાર ભાગ બીજો" દયા ધર્મની વૃદ્ધિ થવા અને હિંસા બુદ્ધિથી મુક્ત થઈજવામાટે મારા સ્વઆત્મધર્મી વિવેકી વીરનરોની શુદ્ધ શ્રદ્ધાની પુષ્ટિની ખાતર અર્પણ કરિએ છીએ. તો સર્વ જૈની જીવદયા પ્રતિપાળ સાહેબો વાંચીને તેનો લક્ષ લઈ દયા ધર્મની વૃદ્ધિ કરવામાં કાંઈપણ ખામી ન રાખતાં આત્મસુધારો કરી અહીં[1] કંચુકી[2] ને ન્યાયે દુર થઈ જવું. એજ જ્ઞાન ધર્મીઓનો મુખ્ય વિવેક છે.

---

# आत्मबोध परिक्षा.

અરે ધર્મભિલાષિ વીરનરો ! પ્રથમ આપણા શુદ્ધ અંતઃકરણ સહિત પ્રવર્તી સંબંધ મુકીને નિવૃતિની સાથે એક ચિત્તથી નિર્વધ વાણી ગુરૂમુખથી શ્રવણ કરીને ઉપયોગ કરોજે આ આત્મા આજગતને છાંદે કેમ ચાલેછે? ને વિર્ય[3] દેવ[4] ચક્ષુ[5] ઉઘાડીને જોશો કે તરત જણાઇ આવશે. જે અનાદિ કાળથી આજપર્યંતમુધી રાગ દ્વેષાદિક મ-

---

૧ સર્પ. ૨ કાચળી. ૩ પ્રાણ દુવાયનહી તેવી. ૪ જ્ઞાન. ૫ આંખ.

મતારૂપ ફાંસીના બંધનમાં ફસાઇ જઈને મહા વિટંબના પામ્યોછે. વળી પોતાના તત્વરમણિક સ્વરૂપને ભુલીજઈને પુદ્ગળીક ભાવમાં રમણતા પામી, ચૌદરાજ લોકમાં સૂક્ષ્મ અને બાદરપણે ચારે ગતિઓના સ્થાનકો નવનવ વેષે જન્મમર્ણે કરીને ફરસી મુકયાછે. વળી ત્યાં અનંતા દુઃખ સહ્યાં. તેનો મુળ હેતુ એમજ જણાઈ આવેછે કે વિતરાગ ભાષિત દયાધર્મ તથા સમકિતજ્ઞાન સહિત કર્ણીથી ઉલટી રીતે એટલે તેથી વિરૂદ્ધ એવોજે મિથ્યાત્વધર્મ અજ્ઞાન બુદ્ધિથી આચરણકરી સંસાર ભ્રમણ કર્યું છે. વળી જયાંસુધી જ્ઞાન દર્શનના ઉપયોગમાં સ્થિરતાભાવ નહીં પામે, ત્યાંસુધી ચારગતિના બંધનથી મુકત થઇજવું મુશ્કેલછે, માટે અહો ધર્માત્મા ! આ જુલમી જગતનેવિષે મનુષ્ય જન્મ પામીને પોતાના અમુલ્ય આત્માનું સાર્થક કરવાનેમાટે પ્રથમ મહદ્ વિનયાદિક ગુણોને અનુસરીને જ્ઞાન સાગર શુદ્ધ ધર્માચાર્યના ચિત્તને વિનયાદિક ગુણોથી સંતોષ પમાડી તેમના મુખથી વિતરાગભાષિત નિર્વદ્યજ્ઞાન શ્રવણ કરીને યથાશકિત જ્ઞાન અભ્યાસ કરવો. વળી તેજ જ્ઞાન શકિતથી સત્યાસત્ય પદાર્થનો નિશ્ચય કરવો. એમ પ્રતિદીન જ્ઞાનવૃદ્ધિના કારણથી સમકિતની પુષ્ટિ થતાંજ સ્વપરની વહેંચણ કરવાને શકિતવાન થશો. વળી અનાદિકાળથી સ્વભાવને છાંડી પરભાવમાં અહંપદ માનેલુંછે, તેનું નિરાકરણ થશે. તે નીચે મુજબ.

દોહરો.

तजविभाव होजेमगन, शुद्धातमपदमाह;
एकमोक्षमारगइह, अवरदुसरोनाह.

ભાવાર્થ–અરે વિજ્ઞપતિ ! વિભાવ એટલે જગત આ-શ્રમાં પુદગળ ધર્મની વસ્તુ તેને નાશવંત જાણીને તજીદે. અને તારા શુદ્ધાત્મારૂપ રત્નત્રય અર્થાત, જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં સદા મગ્નરહે. મતલબ કે એ રત્નત્રય સિવાય બીજું કોઇ મોક્ષમાર્ગ મેળવવાનું સાધન નથી.

દોહરો.

जेपूर्वकृत्योदये, रुचिशुंभुजेनाह;
मगनरहेआठुंप्रेहर, शुद्धातमपदमांह.

ભાવાર્થ—અરે સુજ્ઞ ! જ્યારે પોતાની શાંત દશામાં આવીને અનુભવ ગુણના આધારથી આત્મિક ઉપયોગમાં સ્થિર થવાનો વખત આવી મળ્યો, તે વખતે જેજે શુભાશુભ કર્મો પ્રગટે, તેતે નીર્મોહપણે ભોગવે. પરંતુ તે પુદગળિકભાવમાં રૂચિ ન ઉપજે અને આઠ પહોર શુદ્ધ આત્મઉપયોગમાંજ વર્તે તેજ ધર્મપામવાનું પ્રમાણ છે. મતલબકે આત્મા અનંતશક્તિ અને અનંતજ્ઞાનનો ભંડારછે. સદા પરમાનંદ સ્વરૂપી, આપ કર્ત્તા અને આપ ભુકતાછે, અને આપજ પોતાની શક્તિએ મોક્ષપદ પામવા સામર્થ્યવાન છે. પણપોતાના શુદ્ધ ઉપયોગની શક્તિસિવાય કોઈ અન્યપુરૂ-

૫ મોક્ષ આપવા સામર્થ્ય છેજ નહીં તેના દ્રષ્ટાંતમાં નીચે લખેલો દોહરો.

ज्यूंसबरयणादिकघर, महिबिनऔरनकोय;
त्यूंसिवसुखरयणेभरी, तुजआत्मामनमोय.

ભાવાર્થ—જેમ સર્વ જાતના રત્નને ઉપજવાનું ઘર એટલે ઠેકાણું મહી એટલે પૃથ્વી સિવાય બીજું છેજ નહીં, તેમજ શીવ એટલે મોક્ષ રૂપી જે રત્ન તે સર્વ તારાજ આત્મામાં ભરેલાંછે. પણ અરે વેઘક[1] વિર ! તે રત્નોનો ભુકતા તારા સિવાય બીજોકોઈ દ્રષ્ટીમાં આવતો નથી.

દોહરો.

ज्यूंअंकुरेमहिभरी, जलबिननहिप्रगटाय;
त्यूंतुजगुणअंकुरसबे, प्रवचनबिनसबछाय.

ભાવાર્થ—જેમ મહિ એટલે પૃથ્વીમાં સર્વ જાતના તૃણાના અંકુરા ભરેલાજ હોયછે, પણ ગિષ્મરૂતુમાં પ્રબળ તાપની આકૃતિથકી સંતાપ પામીને બહારથી સુકાઇને જમીનમાં છુપી જાયછે. તેમજ અરે શુદ્ધઆત્મિ ! મોક્ષ સુખના અંકુરા જે શુદ્ધ જ્ઞાનાદિક તે સર્વ તારા અમુલ્ય આત્માની અંદરજ ભરેલાછે. પણ આ જુલમી જગત ઝાળમાં ભયાનક પાપ કર્મરૂપ તાપનો સંતાપ ઘણો લાગવા-

---

૧ ડાહાપણદાર.

ગી સુધી રહેલાછે. તેના ઉપર પ્રવચન કહેતાં પંચમજ્ઞાનીના જ્ઞાનરૂપ વર્ષાદની ઝપટ લાગવાથી આપેજ પ્રગટ થશે. દ્રષ્ટાંત જેમ આષાડમાસમાં વર્ષાદની ઝપટ લાગવાથી તૃણના અંકુરા આપેજ પ્રગટ થાય, તેમજ આત્મગુણ પણ પ્રગટે.

## દોહરો.

ज्युंसारंगल्रखेनहीं, भरीसुगंधनिजदेह;
त्युंतुनिजगुणनहींलखे, शुक्लध्यानविनतेह.

ભાવાર્થ—જેમ સારંગ એટલે મૃગલો, તેની દેહમાં નાભિસ્થળે કસ્તુરી પાકેછે, તે કસ્તુરીની બારા તેને આવેછે, ત્યારે પોતાની અજાણતાને આધિનથઈ અન્ય સ્થાને ઢુંઢતો ફરેછે જે આવી અભિનવ એટલે નવીન તરેહની સુગંધની લેહેરો કઈતરફથી આવેછે; પરંતુ તે અજ્ઞાનતાનો સ્વભાવછે. તેમજ અહો જડમતિ આશ્રવાર્થીઓ ! મોક્ષરૂપી સુગંધતો આત્મામાંહેજ ભરેલીછે. પણ સુકળ એટલે શુદ્ધજ્ઞાનથી ઉજ્જવળ ધ્યાન આવ્યા સિવાય તે વસ્તુ દેખવામાં આવતી નથી અને પોતાના મતમાં અંધ થઈને મહા ખટકાય[1] મર્દન[2]નો ધર્મ ચલાવી પહાડે પહાડે ને ડુંગરે ડુંગરે ભટકીને ત્યાં અનેક આરંભના ઓઘવાળીને એમ માનોછો જે (અહુંસુકત ધર્મ) એ કેટલી મુર્ખાઈછે!! અરરર! કાંઈ વિચારજ કરતા નથી! તો આ ગમનકાળે

---

૧ પ્રથવ્યાદી છકાય. ૨ હણવાનો.

તમારા શા હાલ થશે! પણ અરે! એને માટેતો જ્ઞાની પુરૂષોનેજ ફિકર થાયછે.

### દોહરો.

मारवणघृतवतजाणीए, विमलअग्निसंजोग;
त्युंद्दादसाविधतापता, होयआत्मअमोग.

ભાવાર્થ—જેમ માખણ છે તે તદ્દન ઘૃતછે, પણ તેને જ્યારે અગ્નિના તાપઉપર મુકીએ ત્યારેજ વિમળ એટલે નિર્મળ ઘૃતથાય, તેમજ અરે ભોળાનરો! આત્માછે. તેજ માખણના પિંડરૂપછે. પણ બાર ભેદે દ્રવ્યભાવ તપરૂપ અગ્નિના તાપઉપર મુકાયતો કર્મરૂપ મેલ બળીને શુદ્ધ આત્મારૂપ ઘૃત થાય. પણ અનેક પ્રકારની મિથ્યાત્વ બુદ્ધિથી અનંત પ્રાણીને પરિતાપ કરી આત્મકલ્યાણનો લાભ લેવા ધારે, તે રૂદ્રે ખરડેલું લુગડું રૂદ્રમાં ધોવાજેવું છે,

અરે જ્ઞાનાર્થી બંધુઓ! ઓઘસંજ્ઞામાં ગુંચવાઇને અસંજ્ઞી વિકળેંદ્રી સમાન મિથ્યાત બુદ્ધિથી ભ્રષ્ટ થએલા જનોને કહેવાનું એટલુંજ કે નિરાપક્ષ અને નિર્મળ સુત્ર સિદ્ધાંતો વાંચતાં છતાં ભવ લત્તાની[1] વૃદ્ધિ કરવા માટે ખટકાય મર્દન કરીને અજ્ઞાન સ્વભાવથી મોક્ષ લેવાને ઇચ્છો છો, તે કયા શાસ્ત્રનો ન્યાય છે? અરે વિચાર તો કરો! આ ઉત્તમ નરભવ આર્યકુળ ક્ષેત્ર પામીને હારીજવું એ

---

૧ વેલડી.

ફરી ક્યાં મળવાનું છે! પરંતુ આ આર્ય મનુષ્ય જન્મમાં આવવાની ધર્મ સાધન કરવા માટે સમકિતી દેવ દેવેંદ્રો પણ વંછા કરેછે. તો કહેવાનું એ જે એવો આર્ય મનુષ્ય જન્મ સર્વોપરી છે. તે મનુષ્યજન્મનો લાભ તમોને મળ્યા-છતાં ન મળ્યાજેવો ગણાય છે. મતલબ કે અમુલ્ય મનુષ્ય ભવમાં આવીને કુળાચારની શરમે શરમે યા નાત જાતની શરમે શરમે ખોટા હિંસામાર્ગને ખરોને ખરો દયામાર્ગ છે તેને ખોટો કહોછો તે કાંઈ થોડી દિલગીરી !!! વળી કેટ-લાક બહુલા અજ્ઞાન સાહેબો સમજતા છતાંપણ હઠવાદથી હિંસાધર્મ પકડી રાખેછે અને આવો રત્ન જેવો મનુષ્ય જ-ન્મ તેને કાંકરાના ભાવમાં રોળીનાખે છે, એ તો કેવળ મુ-ર્ખાઈ સમજવી. અને પરભવે અત્યારના કરેલા આરંભની સ્થાપનાનો બદલો ભોગવવાનો વખત જ્યારે આવી મળશે ત્યારે નાતજાત, ભાઈ, બાપ ને પાષાણાદિકની મુર્તીઓ વિગેરે આડી પડીને સહાય નહી કરે એતો અવશ્ય છે. પરંતુ અજ્ઞાનતાનેવિષે જીવતરની વાંચ્છના કરનાર અનાથ પ્રાણીઓના પ્રાણને સંતાપ ઉપજાવીને મોટા કર્મનો સંગ્રહ કરેલો છે, તેના લાભમાં અધોગતીની રાજધાનીના અમલ-દારો તો પાપી પ્રાણીઓની ખાતરી બરદાસ કરવામાં ઘટ નહીં રાખે, એ ખાતરીપુર્વક સમજવા લાયક છે. મતલબ કે જૈન શાસ્ત્રમાં સર્વજ્ઞ પુરૂષોએ ભવ્ય પ્રાણીઓને ધર્મ ઉ-પદેશ્યો છે, તે વખતે શિષ્યે પ્રશ્ન કર્યું જે સ્વામિ! કેટલી રીતથી નર્કનું આયુષ્ય અજ્ઞાનીઓ બાંધે છે? તેવિષે ઠા-

ણાયંગ સુત્રના ચોથા ઠાણાનો મુળ પાઠ.

चउहिंठाणेहिंजिवानिरयाउयंपकरंतिमहाआरंभीयाए महापरीगहियाएकूणीमहारेणंपंचंदियवहेणं ॥

ભાવાર્થ—ચારે પ્રકારે જીવ નાર્કીનું આયુષ્ય બાંધેછે. ૧ જુલમ છકાયનો આરંભ કરે તે. ૨ ઘણો પરિગૃહ મેળવનાર. ૩ કુણામાંસનો ભોગવનાર ને ૪ પંચેંદ્રિ પ્રાણીની હિંસા કરનાર. એ ચાર પ્રકાર નર્કની સ્થિતી બંધાવનાર છે. એવા પાઠ જાણતા છતાં અજ્ઞાની જનોનો વિચાર મજકુર કારણોથી પાછો હઠતો નથી. પણ એમ સમજવું જે " यतःकडाणकमाणनमोखअथी " મતલબ જે બાંધેલા કર્મો ભોગવ્યાવિના બંધનથી મુકાય નહીં. માટે આ શ્રવમતિ મિત્રોને કહેવાનું એટલુંજ કે તમો નાત જાત અને મત ઝંગની શરમ ન રાખતાં નિરપક્ષપણે વિચાર કરો જે આ ગ્રંથોમાં કાર્મીક[1] બુદ્ધિથી હિંસા પુષ્ટિ કરેલી છે અને તેમાં કલ્પિત દેવોની શેવા ભક્તિ યા પુજા શ્લાઘા સારંભી સાવદ્ય ખટ મર્દન કરવામાં મોટાં લાભનાં લાકડાં ભરાવીને અજ્ઞાનની ઢાળઉપર ચડાવી દીધાછે. માટે અરે પામર પ્રાણીઓ! તે પીળાં વસ્ત્ર ધરનાર વેષધારીઓનાં વચન રૂપ પ્રહારોથી ન હણાતાં તેઓની શરમનો ટાળો કરી પોતાના અમુલ્ય આત્માની દયાની ખાતર, આ નીચે લખેલી બાબતો યા પદાર્થો ઉપર ખુબ ધ્યાન આપી ખોટાનો ત્યાગ

---

૧ ખોટી.

કરી સત્યનું ગ્રહણ કરો ને ખરાને ખરો અને ખોટાને ખોટો જાણો. તેની મતલબ એ કે જેથી આત્મા પાછો દુઃખરૂપી સમુદ્રમાં ઘસડાઇ ન જાય, એમ સદાકાળ ઉત્સાહ રાખો, અને આ જગતમાં ધર્મનું અવલોકન કરવામાટે મુખ્ય ત્રણ તત્વ છે તેને જાણીને યથાયોગ્ય ગ્રહણ કરો. ને તત્વનાં નામ. "હેય, ગેય અને ઉપાદેય" એ ત્રણ તત્વનીમાંહે (હેય) એટલે આ જગતમાં જેટલી અસત્ય અને નાશવન વસ્તુ છે તેને છાંડવી. (ગેય) એટલે આ જગતમાં સર્વ વસ્તુઓ જાણવાજોગ, અને (ઉપાદેય) એટલે આ જગતનેવિષે સત્ય વસ્તુઓ હોય તેજ આદરવા યોગ્ય. એ ત્રણ તત્વ સિવાય આ જગતમાં ચોથો તત્વ છેજ નહીં. માટે નીચે લખેલી બાબતો મજકુર ત્રણ તત્વની સાથે જોડીને યથાસ્થિત કરવું, એજ વિદ્વતાનું લક્ષણ છે.

---

## ત્રણ તત્વની સાથે જોડેલા પદાર્થો.

શુદ્ધજ્ઞાન ૧, સુધર્મ ૨, સુદેવ ૩, સુગુરૂ ૪, સમકિત ૫, સુમાર્ગ ૬, સુમતિ ૭, ન્યાય ૮, તત્વ ૯.

અશુદ્ધજ્ઞાન ૧, કુધર્મ ૨, કુદેવ ૩, કુગુરૂ ૪, મિથ્યાત્વ ૫, કુમાર્ગ ૬, કુમતિ ૭, અન્યાય ૮, અતત્વ ૯.

પુન્ય ૧, પુન્યાનુપાપ ૨, પુન્યાનુંપુન્ય ૩, દ્રવ્ય ૪, રૂપ ૫, ક્ષય ૬, લોક ૭, ભવ્ય ૮, મોક્ષ ૯.

પાપ ૧, પાપાનુપુન્ય ૨, પાપાનુંપાપ ૩, અદ્રવ્ય ૪, અરૂપ ૫, અક્ષય ૬, અલોક ૭, અભવી ૮, નર્ક ૯.

સજ્જન ૧, મિત્ર ૨, ત્રસ ૩, ભુચર ૪, સ્થળચર ૫, કર્મી ૬, ધર્મી ૭, જીવ ૮, આશ્રવ ૯, બંધ ૧૦, નિર્જરા, ૧૧.

દુર્જન ૧, શત્રૂ ૨, સ્થાવર ૩, ખેચર ૪, જળચર ૫, અકર્મી ૬, અધર્મી ૭, અજીવ ૮, સંવર ૯, મોક્ષ ૧૦, અનિર્જરા ૧૧.

ઉદય ૧, અલ્પસંસારી ૨, કવી ૩, સુકાળ, ૪, કર્મભુમી ૫, ઉર્ધલોક ૬, સકામી ૭, રાગી ૮,

ઉદીરણા ૧, અનંતસંસારી ૨, કુકવી ૩, દુકાળ ૪, અકર્મભુમી ૫, અધોલોક ૬, અકામી ૭, વૈરાગી ૮.

સરાગી ૧, ભોગી ૨, સાધુ ૩, ધર્મજ્ઞાન ૪, નિતિજ્ઞાન ૫, અમૃતજ્ઞાન ૬, તારકજ્ઞાન ૭,

નિરાગી ૧, અયોગી ૨, ગૃહસ્થ ૩, અધર્મજ્ઞાન ૪, અનિતિજ્ઞાન ૫, વિષજ્ઞાન ૬, બોળકજ્ઞાન ૭,

તરણ તારકજ્ઞાન ૧, ડુબણડુબાવણજ્ઞાન ૨,

એ વિગેરે અનેકપદાર્થો જગતમાંછે. તે એકબીજા પદાર્થોના પ્રતિપક્ષિછે. માટે જ્ઞાનપણાની અને ચતુરાઈપણાની એજ રૂરજછે. દૃષ્ટાંત. જેમકોઈ ઝવેરી પરીક્ષાસિવાય હિરા હાથમાં લેજનહીં તેમજ પારેવું સળેલા દાણાને ચાંચમાં લઈને તરત પરિક્ષા કરીને પડતું મુકે, પણ કદી ભક્ષ કરેજનહીં તેમજ સુજ્ઞપુરૂષોને લાજમ એછે જે આ જગતના નિવાસમાંરહેતાં ઘણું દુઃખ પામેછે, એવા દુઃખનું ભંજન અને કર્મના બંધનથી મુકતકરનાર એક દયાધર્મ છે. તેની પરિક્ષા કરીનેજ ગ્રહણકરવો જોઇએ.

આ ઉપરની જે બાબતો લખીછે તે નાનીસુની સમજવી નહીં. અર્થાત કે તેનો વિસ્તાર કરીને લખીએ તો અનેક બાબતનાં સેંકડો પાનાં ભરાય, પણ ગ્રંથ વધીજવાના ભયથી વિવેકી ને સુજ્ઞપુરૂષોને ટુંકામાં કુલભાવાર્થ સમજાવ્યોછે, માટે તે પદાર્થોનો ખરેખર ઉપયોગ કરતાંજ માલમ પડશે, કેમ જે પ્રાચિનકાળથી જૈનધર્મ આદ્ય, મધ્ય ને અંતે દયાર્થીજ ભરપુરછે, એમ જૈનશાસ્ત્રોમાં કેવળજ્ઞાની મહારાજે પ્રગટ કહેલુંછે, એમાં ભવ્ય પ્રાણીઓને નિઃશંકપણુંછે એટલુંજ નહીંપણ જૈન ધર્મના પ્રતિપક્ષીઓ એટલે બીજા ધર્મવાળાઓના શાસ્ત્રોમાં પણ દયા ધર્મ સિદ્ધકરી બતાવ્યો છે તે વિષે શાક્ષીઓ નીચે મુજબ.

---

## "दयाआज्ञा ए धर्म"

### महाभारतनो श्लोक.

योदद्यात्कांचनंमेरु, कृत्स्नांचैववसुधरां;
एकस्य जीवितंदद्यात्, नचतुल्यंयुधिष्टिर.

ભાવાર્થ—કોઇ પુરૂષ સોનાનો મેરૂ અને આખી પૃથ્વી દાનમાં આપીદે, અને એક પુરૂષે એક પ્રાણીને દયાના અંકુરથી જીવિતદાન આપ્યું, તો હે યુધીષ્ટિર પ્રથમનું દાન જીવતરદાનની તુલ્યમાં આવે નહીં. એમ મહાભારતમાં કહેછે. માટે એ વાકયમાં સર્વપ્રાણ. ભુત, જીવ, સત્વના

અણઓળખીતા છતાં દયા ધર્મનું સ્થાપન કરેછે. તો અરે વિવેકગત વહાલાઓ જૈનધર્મમાં શું દયાધર્મની વૃદ્ધિ કરવાને મુળ શાસ્ત્રોની ખામી છે ? કે નવા કલ્પિત કાર્મીક ગ્રંથોનાં આધારથી ખટકાય મર્દન કરીને જન્માંતરની વૃદ્ધિનો લાભ લોછો ? વળી આપની અજ્ઞાનતાના વધારામાં મુળ શિદ્ધાંતોની આસ્થા નથી કે શું ? પણ અરે જરાક વિચાર તો કરો ? જે શાસ્ત્રમાં ધર્મનું મુળ તેજ દયા કહી છે અને વિદ્વાન લોકોએ પણ તેનુંજ પ્રમાણ કરેલું છે અને નિર્દય સ્વભાવ તેજ અધર્મનું મુળ છે. માટે અરે ધર્મ ઈચ્છકો ! એવી જે અમુલ્ય દયા તેના સ્વરૂપનો લક્ષ કરવો તે ધર્મીજનોને ઘટારત છે કેમ જે તે અમુલ્ય દયાના તો સિદ્ધાંતમાં અનેક ભેદ છે. પણ લખાણ વધીજવાના સંભવથી ટુંકામાં સમજણ આપવામાં આવેછે કે ધર્મની મુખ્યતાએ દયાના બે ભેદ છે. તેમાં પહેલી સ્વદયા, એટલે પોતાનો આત્મા અનંત અને અક્ષય સુખનો ભંડાર છે તેને આઠ કર્મરૂપ તાળાં જડેલાં છે. તે તાળાંઓને ખોલીને અનંત આત્મિક શક્તિરૂપ લક્ષ્મિનો ભુકતા થવા માટે સહજ સ્વભાવે કરીને પુદગળ વિભાવી સુખથી નિર્મોહિ થવું તેનું નામ સ્વદયા.

બીજી પરદયા તે સંસારિક સુખનું નિદાન છે, એટલે વહેવારીક સુખ આપનાર છે પણ સ્વદયા પ્રગટ કરવાને પરદયા તે મુખ્ય કારણભુત છે અને જેના પશાયથી દેવ મનુષ્યના અત્યંત મહત સુખ ભોગવી અંતે સ્વદયા

ગુણ પામીને મોક્ષપદ પમાય છે. પણ પરદયાનું વિશેષણ એછેજે આ જગતમાં પાંચસેં ત્રેસઠ ભેદ જીવના છે. તેઓને ઓળખીને તે ઉપર સદા સ્હેમ ને કરૂણાબુદ્ધિથી ઉગારવા તેનું નામ પરદયા કહીએ. પરંતુ તે દયા પાળવાથી કેટલાએક દેહાર્થી ફાયદા થાય છે તેની સાક્ષી નીચે મુજબ.

दीर्घमायुःपररुप मारोग्य श्लाघनी नीयतां,
अहिंसायाःफलं सर्वकिमन्य त्कामदेवता.

ભાવાર્થ—સર્વ પ્રાણીઓને જીવિતદાન દેવાથી દિર્ઘ એટલે મોટું આયુષ્ય પામે અને ઉત્કૃષ્ટરૂપ તથા આરોગ્યતા તથા સર્વ લોકને પ્રશંશા કરવાયોગ્ય એ ચાર તથા બીજા ઘણા ફાયદાઓ અહિંસા એટલે દયા પાળવાથીજ મળેછે. એ સિવાય અરે જગતવાસી મિત્રો! વાંછીતાર્થ પુરનારો કયો દેવ શ્રેષ્ઠ છે? છેજ નહીં. માટે અરે જંતુ દ્રોહી અજ્ઞાન નરો! જ્ઞાન દ્રીગ ખોલીને જોશો કે તરતજ સર્વત્ર દયા ઉપયોગમાં આવીજશે અને અમુલ્ય દયાધર્મ રૂચમાન થઇ પડશે.

ધર્માર્થીવાચ. અહો વિજ્ઞપતી આત્માને તરવામાટે ધર્મનું મુળ દયા કહી, તેતો સત્યમેવ છે પરંતુ તે દયા કેમ સમજાય?

ગુરૂવાચ. અરે ભદ્ર અમુલ્ય દયાનું મુળ તે જ્ઞાન છે કે જેની સહાયતાથી દયા પુષ્ટી પામીશકેછે. હવે દયા પાળવામાટે જ્ઞાનનું વિવેચન આપેછે. દશવીકાળીકના ચોથા અધ્યયનની દશમી ગાથા.

पढमंनाणंतउदया, एवंचिठइसव्वसंजए;
अन्नाणीकिंकाही, किंवानाहीसेयपावगं १०

ભાવાર્થ—અરે શિષ્ય! પ્રથમ ગુરૂ મુખે જ્ઞાન અભ્યાસ કરીને સ્વપરનું જાણપણું કરેતો ત્યારપછી સ્વને પર દયા પ્રગટ થાયછે. માટે તેજ પ્રમાણે વિતરાગની આજ્ઞાએ દયા ધર્મ પાળનાર સર્વ સંજતી થીરતા ભાવમાં આનંદ મગ્ન રહેછે. પરંતુ જેણે જ્ઞાન દશાને જાણેલી નથી, તે અજ્ઞાની શું જાણશે કે દયાધર્મ ને કલ્યાણ માર્ગ કહેને કહેવાય છે. માટે જ્ઞાનથી દયાજ પળેછે. એ સત્યમેવં.

હવે તે દયાનું મુળ તો જ્ઞાન છે. તેનો ઘણો વિસ્તાર તો શ્રી નંદી સુત્રમાં છે, તેથી આ ઠેકાણે સવિસ્તર ન લખતાં તેના જીજ નામ માત્ર આ લખાણમાં દાખલ કર્યાં છે તે નિચે મુજબ.

૧ મતિજ્ઞાન એ જે બુદ્ધિ યા અકકલપણું તે સર્વ મનુષ્ય યા જાનવરોમાં પોતપોતાના પુન્ય પ્રમાણે સ્વભાવેજ ઉપજે છે. તેના અઠાવિશ ભેદ છે. તેને સવિસ્તર કરતાં ત્રણસેં ચાળીશ ભેદ પણ કહેછે તેનું નામ મતિજ્ઞાન.

૨ સુત્રજ્ઞાન કે જે ભણવાથી તથા શિખવાથી તથા સાંભળવાથી સર્વને પુન્ય પ્રમાણે ઉપજે છે. તેના ચૌદ ભેદ છે અને વીશ ભેદ પણ કહેછે.

૩ અવધિજ્ઞાન કે જેના મુખ્ય તો છ ભેદ કહેવાયછે.

૪ મન પર્યવજ્ઞાન કે જેના બે ભેદ કહેવાયછે.

૫ કેવળજ્ઞાન કે જે અનંત શક્તિવંત છે. તે જે મનુષ્યને ઉપજે તે ચૌદરાજ્ય લોક પોતાની હથેલીમાં જેમ વસ્તુ દેખે તેમ દેખે અને સર્વત્ર જગતના જીવોના પરિણામ ઉપયોગ દીધા વગર હમેશાં જાણી દેખી રહે તેનું નામ કેવળજ્ઞાન.

એ પાંચ જ્ઞાન છે. તેમાં પ્રથમનાં બે જ્ઞાન તો સ્વભાવિક છે. તેતો થોડા યા ઘણા સર્વને હોય. પણ ત્રીજું, ચોથું અને પાંચમું એ ત્રણ જ્ઞાન છે, તેતો આત્મિક છે. તે જ્યારે આત્મા કાર્મીક સ્વભાવથી ખસીને સ્વ સ્વભાવમાં આવે ત્યારે આપ થકીજ ઉપજે, પણ તે કોઇના શિખવ્યા યા ભણાવ્યાથી આવેજ નહીં. એવા સદરહુ કહેલા જ્ઞાનના લાભ સિવાય સ્વ અને પરદયા પળેજ નહીં માટે ધર્મનું મુળ તે સ્વ અને પરદયારૂપ જ્ઞાન છે અને જ્ઞાનનું મુળ વિનય એટલે નમ્રતા કરવી તેના તો અનેક ભેદ છે. તે ગુરૂગમે જાણવા. પણ વિનય છે તેજ જૈન ધર્મનું મુળ છે. તેનેવિશે શાસ્ત્રોક્ત ગાથા નિચે મુજબ.

विणउजीणसासणमुलं, विणउनीव्वाणसाहगो;
विणउवीप्पमूकस्स, कउधम्मोकउतवो.

ભાવાર્થ—વિનય એટલે સર્વગુણી વડીલોને નમ્રતાથી પદ વંદનાદીક આસન સન્માન સહિત આદર દઈ ત્રિકરણ શુધ્ધે શેવના કરવી તેજ નમ્રતાના લાભમાં આચાર્ય જ્ઞાનદાન આપે તે વિનયથી નિર્વાણ એટલે મોક્ષની પ્રા-

પ્તિ થાય. માટે વિનય કરવો. અને જે માણસના અંતઃકરણમાં સ્વઅભિમાનથી વિનય અને નમ્રતા નાશ પામી ગયેલી છે તે માણસ અભિમાનાશ્રિત ધર્મકૃત કરે તોપણ શું? અને અનેક તપ ક્રિયાઓના ઓઘ વાળીદે તોપણ શું? એ સર્વ તેનું નિષ્ફળ થાયછે. માટે ધર્મદયા અને જ્ઞાન મેળવવા માટે વિનય એટલે નમ્રતા રાખવી. એ ધર્મ આરાધનારને માટે ચાર હેતુભેદ કહ્યા છે, તે ધર્મ અધિકાર માટે સુચના માત્ર લખુંછું.

# दयाधर्म अने दाननुं विवेचन.

ધર્મના મુખ્યતો બે ભેદછે. એક સાધુ ધર્મ અને બીજો ગૃહસ્થ સાગાર ધર્મ, અથવા એક નિરાગ ધર્મ ને બીજો સ્વરાગ ધર્મ. નિરાગી ધર્મતો ઉત્કૃષ્ટ દશાએ જાણવો, અને જીવનમુકત થઈ વિદેહમુકત પદ પામે. પરંતુ સરાગી ધર્મમાં અસંખ્ય ભેદ છે. તેમાં મુખ્યત્વે ચાર ભેદ છે, તેના નામની માત્ર સુચના લખુંછું.

૧ અભયદાન જેના બે ભેદ છે, તેમાં પ્રથમ પોતાના આત્માને અભય કરવો એટલે ભયરહિત કરવો. તે ભય કોણ છે કે આત્માને જન્મ અને મર્ણતુલ્ય અન્ય કોઈ ભય નથી. તે ભયાનક ભયથી બચવાને માટે પ્રયત્ન કરવો તેનું નામ સ્વ અભયદાન કહીએ. એજ મુખ્યત્વે મોક્ષ માર્ગ છે. પરંતુ તેના સહસ્ત્રો ભેદ છે. તે સવિસ્તર ગુરૂગ-

મતાએ ધારવા. બીજો પર અભયદાન, તેનો ભાવાર્થ એમ છે કે જેટલા જગતમાં ત્રસ અને સ્થાવર છે તે સર્વને પોતાની તરફથી અભય કરવું, એટલે કોઇપણ પ્રાણીઓને પોતાની તરફથી મન, વચન અને કાયાયે મણંતિ ભય ન ઉપજાવવો. તેના અનેક ભેદ છે. તે બીજા ધર્મની મુખ્યતાએ મોક્ષ સાર્થક છે.

૨ હવે બીજો સુપાત્રદાન તે પણ મોક્ષ પદનું નિદાન સમજવું. તેના અનેક ભેદછે. પરંતુ તેના મુખ્ય બે ભેદછે તે એકે જે પ્રાણી સુપાત્ર હોય એટલે સ્વ અભય અને પર અભય સંયુકત હોય, એવા પ્રાણીને પરિક્ષીને કોમળામતૃણે અન્ન વસ્ત્રાદિક તેના યોગ્યદેવું એ પ્રથમ ભેદ. હવે બીજો ભેદ એજે દાનદેવાની વસ્તુ તથા દાન આપનારો દાતાર એ બે સુપાત્ર હોય, એટલે વસ્તુ પણ શુદ્ધ ને દેનાર પણ શુદ્ધ હોય. એના અનેક ભેદછે. એ બીજો સુપાત્રદાન જાણવો.

૩ હવે ત્રીજો અનુકંપાદાન ધર્મછે. તે પણ મહાપુન્ય બંધનનો હેતુછે. તે દાનથકી દેવ તથા મનુષ્યના અત્યંત સૂખ પામીને છેવટ તેઓની સહાયતાથી તેને અભય દાન અને સૂપાત્રદાન એ બેનો રસ્તો મળે કે જે બે દાન મહાનિર્જરા હેતુછે ને તેથી મોક્ષ પદ પામે. તેવા બે દાન અનુકંપાદાનથી પ્રાપ્ત થાયછે.

૪ હવે ચોથો કિર્તીદાન એકે જે ભાટ ભવૈયા વિગેરે યાચકોને દેવું. તેનો હેતુ એકે એવા લોકો કિર્તીદાનના

લાભમાં જગત લોકોની પાશે જશ કિર્તી બોલે, પણ તે સકામનિર્જરાહેતુ નહીં. પણ અલ્પલાભ કેળના ફળની પેઠે મેળવી શકે.

૫ પાચમું ઉચિતદાન એછે જે પોતાના નોકરો ચાકરો, સગાંસબંધી, નાતજાત, કુટુંબકબિલા, વિગેરેને દેવું. તેમાં તો આત્માને વ્યવારીકજ લાભ પ્રાપ્ત થાયછે. ઉપર મુજબ સરાગી ધર્મના મુખ્ય ચાર ભેદછે. તે માંહે આ પ્રથમ દાનધર્મનો ભેદ કહ્યો.

## ભેદ બીજો.

બ્રહ્મચર્ય તેના મુખ્ય ભેદ નવછે, તે નવવાડે વિશુદ્ધ બ્રહ્મચર્ય આરાધન કરવું અને તેના ગુરૂગમતાએ સવિસ્તર અઢારહજાર ભેદ થાયછે. એ ધર્મનો બીજો ભેદ.

## ભેદ ત્રીજો.

હવે ત્રીજો તપધર્મ એટલે કાર્મીક સૂખથી નિરાશીપણે§ તપ કરવો. તેના બહાજ્ય‡ અને અભ્યંતર† મળીને બાર ભેદ થાયછે તે ધર્મનો બીજો ભેદ.

## ભેદ ચોથો.

સૂભાવ એટલે સારોભાવ, તેના ચાર તથા આઠ ભેદ છે માટે આ ચોથો ભાવધર્મ ભેદ સર્વોપરીછે. અને મહા મોટા સુખનું નિધાનછે, અને સર્વ જગત એની પ્યાસનો

§ સંસારીક સૂખની આશારહીત. ‡ સર્વને દેખવામાં આવે. † બીજાને દેખવામાં ન આવે.

દરકાર ધરીનેજ રહ્યુંછે. તે ખુલાસાવાર ગુરૂમુખે વિવેકીઓને ધારવા અમારી વિનંતિછે.

અરે ધર્માર્થી નરો! મજકુર કરેલા ચાર ભેદ ધર્મના અમુલ્યકાર્ય સિદ્ધ કરનારછે તેથી તેની યાચના પણ હમેંશા ધર્માર્થીઓને લાગુ પડેલીછે. પણ જે અધર્મ ધુરીધર આશ્રવ માર્ગમાં ભુલા પડેલાછે તે ખટકાય મર્દન ધર્મની ઉન્નતી વધારવા સદા ઉત્સાહભેર સાહસીકપણું ધરીને પ્રભુની તથા ગુરૂની ભક્તિની કહાણીને માટે બિચારા અનાથ પ્રાણીઓનાં પ્રાણનો લુસનકરી નિર્જરા હેતુ માને છે. ને અલ્પપાપ ને મહા નિર્જરાની સ્થાપનાકરીને કર્મવસે મરેલા જેવાજ ત્રસ સ્થાવરના ઉપર પીત વસ્ત્ર વેષ ધારી રાજાઓ પીળા તિલક કરનારી નિર્દય-હૃદયની ફોજ લઇને અનેક કલ્પિત ગ્રંથોરૂપ હથિઆરોથી સેનબંધ થઇને દેવળ પ્રતમારૂપ ઝંડો રોપણ કરીને છ કાયની સાથે પુર્વના વેર સબંધ શોધીને તેઓને પચારી પચારી મર્દન કરીને અધોગત નામની રાજધાનીના લાભની ફતેહ મેળવેછે. એમ દયાધર્મની પ્રનાળકાથી ખાતરી થાયછે. પરંતુ દિર્ઘાશ્રવી* બંધુઓના અંતકરણમાંતો બીજીરીતે ઠસાવેલું જણાય છે.

કેમ જે તેઓ ધર્મને માટે છ કાયનો નાશકરી એમ માનેછે જે એવા સારંભી કાર્ય કરતાં અમને નિર્જરાકારક

---

* મોટા કર્મની આવાહાનીવાળા.

ગુણ પ્રગટ થાયછે. પરંતુ અરે ભોળા પ્રાણીઓ! એમ પણ નથી જાણતા કે મોક્ષને બદલે મોહાક્ષ એટલે કર્મે કરીને કાંધ વધીજવાનું છે. માટે તેનો વખત આવશે તે વખતે તેનો અનુભવ થશે એમ ખાતરીછે વળી કહેવાનું જે નિર્મળ જ્ઞાનથી નિર્મળ બુદ્ધિ વાપરીને સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવું એવા વખતનીતો આરંભ કરનારાની તરફમાં મોટી ખામી રહેલીછે. કારણ જે પુર્વજન્મના બાંધેલા અંતરાય કર્મની પ્રબળતાનેલીધે આશ્રવમાર્ગનો ત્યાગ અને સંવર માર્ગનું આચરણ તે કયાંથી બને!!!

કેટલાએક મતિ ભ્રમનાવાળા એમ બોલેછે જે અમો ધર્મકાર્ય કરતાં આરંભ કરીએ છીએ તે બીજાઓને હિંસારૂપ દેખાયછે. પણ અમને તો હિંસા લાગેજ નહીં. એવું બોલનારાના વચન ઊપર જ્ઞાની પુરૂષો આશ્ચર્ય પામેછે કે અહોહો!!! કેવું અજાણતાપણું !!! હવે ધર્મના અભિલાષીઓને કહેવાનું એટલુંજ કે આ જૈનઆત્મિક ધર્મમાંતો વિતરાગ દેવે આદ્ય, મધ્ય ને અંતે દયારૂપ બોધનોજ પ્રવાહ ચલાવેલોછે એ સુલભ બોધી જનોએ નિઃશંકપણે સમજવું. પણ અન્ય ધર્મના શાસ્ત્રોમાંપણ સત્યતાનાં વાકયો રહેલાંછે, કારણ કે તેઓ જીવાદિક પદાર્થોના અજાણછતાં દયાની દ્રઢતા બતાવેછે. તે વિષે સોમસુંદરનો શ્લોક.

कृपानदीमहातिरेसर्वेधर्मतृणान्कुराः
तच्छोषेशोषमायांतितध्वरघ्वौव्द्धिमान्युयुः॥

ભાવાર્થ—કૃપારૂપી નદીને કાંઠે સર્વે ધર્મો તૃણાંકુરાસમાન સુશોભિત છે અને જ્યારે ધર્માત્મા પુરૂષો ગણાઇને તેના અંતઃકરણમાંથી કૃપા એટલે દયારૂપ પ્રવાહનું સુકાવાપણું થઇ જાય ત્યારે તેઓના ધર્મનો નિર્વાહ ક્યાંસુધી થઇશકે? અર્થાત નિર્દયપણું છે તે મોક્ષ માર્ગનો શત્રુ સ્વભાવ છે. માટે તમે સ્વભાવિ ગુણસંપન્ન નામદારોને કેહેવાનું કે અન્ય ધર્મીઓ એમ હિંસાનો નિઃચ્છેદ કરીને દયાનું પ્રતિપાદન કરેછે. પણ તમો દયા દયા એવા શબ્દો તો બોલી જાણોછો. પણ ધર્માર્થે દિર્ઘ આશ્રવરૂપી તોપનો અવાજ કરોછો તેથી તમારો દયારૂપ અલોપ થઇ જાય છે. કારણ કે કેટલાએક પ્રાણીઓને મુખે દયા શબ્દ બોલવાનો વખતનો આવી મળેછે, પરંતુ અનાથ પ્રાણીઓ છકાયજીવ તેઓની દ્રષ્ટીતળે આવે કે તરતજ પુર્વના શત્રુભાવે સુરાક મિનકીનો દાખલો તેઓને લાગુ પડીજાય છે. તેથી ખટકાયનો વિનાશ કરવા સદા સંતોષભેર રહેતા હશે એમ સંભવેછે. પરંતુ તેઓને કેહેવાનું એટલુંજ કે અહો વિભ્રમિ! જો હિંસાથીજ ધર્મ હોય તો વિષમાંથી અમૃતની ઉત્પત્તિનો સંભવ થાય, અગ્નિમાંથી શિતળ જળ પેદા થાય, સર્પના મુખમાંથી અમૃતનો રસ ઉત્પન્ન થાય, ખળના મુખમાંથી પરગુણનો ઉચ્ચાર થાય, સમુદ્રના ઉષ સરીખા જળમાંથી દુધ પેદા થાય, કાદવનો કપુર થાય, સોમલની સાકર થાય, ગળીના તિલકથી કેશરનું તિલક થાય ને મૃતકમાંથી સજીવનપણું દેખાય, પણ એમ તો કદી થતુંજ

નથી. કદાચિત્ત કોઇ દેવના સાન્નિધ્યથી એમ બને તો નાસ્તિક નહીં, પણ હિંસા કરતા મોક્ષફળ ને ધર્મનો સંભવતો ભુત, ભવિષ્ય ને વર્તમાન કાળમાં નજ હોય. આ સત્યબોધની તમારા અંતઃકરણમાં ખાતરી તો થએલી હશે, પણ જેમ હારેલો જુગારી બમણું જુગટુ રમે તેમજ પાપાશ્રવના આધારી પ્રાણીઓ પુર્વ જન્મમાં ક્રૂર કર્મના ઉદયથી દયારૂપ લક્ષ્મિ હારીજઇને અઢારમા પાપસ્થાનકના પ્રાધીનપણાથી આશ્રવરૂપ જુગાર રમીને કોટીધ્વજ થવા ધારેછે એ કેવી અચંબાની વાત છે !!! માટે અરે ભ્રમિત જનો ! તમારા અંતઃકરણમાં જરાપણ વિચારતો કરો ! કે આ જગતમાં કયા કયા પ્રાણીને મર્ણ વલ્લભ છે ? અને કયા કયા પ્રાણીને જીવતર ને સુખ ભોગવવું અપ્રિય છે ? તે શાક્ષી શાસ્ત્રોક્તરીતે આપવી જોઇએ. જીવતર ને સુખની આશાનેમાટે હાસ સમુચય ગ્રંથમાં કહુંછે કે,

अमेध्यमध्येकीटष्य, सुरेन्दस्वसुरालये;
समानाजीविताकांक्षा, समम्रृत्युभयंद्वयो.

ભાવાર્થ—સેતખાનું એટલે પાયખાનાની ગંદી વસ્તુમાં રહેનારા જીવડાને તેમજ દેવલોકમાં વાસ કરનાર સુર તથા ઇંદ્રને જીવવાની ઇચ્છા સરખી છે. અને મૃત્યુનો ભય પણ બંનેને સરખોછે. એમ કેટલાએક ગ્રંથો પણ પ્રાણીના બચાવમાટે કેટલીક રીતથી સાક્ષિ આપેજછે. વળી જૈન શાસ્ત્રમાં કેવળી મહારાજે દશવીકાળિકના છઠ્ઠા અધ્યયનની

અગિયારમી ગાથામાં પણ ઉપરની રીતે ખુલ્લું કહેલું છે કે.

सव्वेजीवावीइच्छंति जीवीउनमरीजीउ;
तम्हापाणवहंघोरं निग्गंथावज्झयंतिणं ११

ભાવાર્થ—કેવળી મહારાજ કેહેછે કે અરે ભવ્યજીવો! આ જગતવાસી સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓ ઈચ્છા કરેછે જીવતરની, તથા સુખની. પણ ન ઈચ્છે મરણને કે દુ:ખને. તે માટે અહો મુજ્ઞ નરો! પ્રાણવધ એટલા જીવ હિંસાના કર્મ આત્માને મહા રોદ્ર ભયના દેનાર જાણીને નિગ્રંથ એટલે પરિગ્રહ રહિત સાધુ ચારિત્રીયા તેનો પરિત્યાગ કરે છે. એ ઉપરની ગાથા આદ્યમાં લઈને વીશમી ગાથા સુધી સાધુના પાંચ મહાવ્રત અને છઠું રાત્રીભોજન તેનું વર્ણન કરેલુછે. તેમાં પાચ માહાવ્રતની આદ્યમાં સાધુજી નવકોટીએ જીવહિંસા કરેનહીં, કરાવેનહીં અને જીવહિંસા કર્ત્તાને ભલું પણ જાણેનહીં. એમ સાધુઓના સર્વવ્રતો નિર્વંધ છે, એમ સિદ્ધાંતોમાં પ્રત્યક્ષપાઠ છે. તેમછતાંપણ મુગ્ધ§ જનોના અંત:કરણમાં મહા હિંસારૂપ રૌદ્રપ્રણામનો‡ સંભવ થયોછે. હવે એવી અજ્ઞાનની ઢાળઉપર ચડાવનારનો જન્માંતરે દુ:ખેદુ:ખે પણ બાંધેલા કર્મોથી છુટકો થવો મુશ્કેલ છે. મતલબકે નિર્લેપ મોક્ષમાર્ગને હિંસારૂપ કર્દમ ચડાવીને સલેપ કરવા ધારોછો એ કેવી ભુલછે ! કેમજે દશવીકાળિક સુત્રના પ્રથમ અધ્યયનમાં પેહેલી ગાથાકહીછે, તે નીચેમુજબ.

---

§ મુરખ.　‡ રૂધીરજેવા.

धम्मोमंगलमुक्कट्ठं, अहिंसासंजमोतवो;
देवावितंनमंसंति, जस्सधम्मेसयामणो. १

ભાવાર્થ—જૈન આત્મિક ધર્મ મોક્ષની સાધના કરવામાં પરમ મંગળિક છે. મતલબ કે તે આ જગતના અનેક કાર્મીક ધર્મોથી સર્વોપરી ઉત્કૃષ્ટ છે. એનીતુલ્ય બીજો કહીશકાતો નથી. તે શ્રેષ્ટધર્મ કેને કહિએ? અહિંસા એટલે ન હણવા પ્રાણીના પ્રાણને, તેનું નામ જીવદયા એજ ધર્મનો પ્રથમ પાયો સમજવો, અને તે દયાની પ્રાપ્તિના લાભમાં સત્તર પ્રકારનો સંજમ પ્રગટ થાયછે. એટલે આશ્રવનો નિગ્રહ† થાય. તે આશ્રવ રોકવાથી નિર્જરા પ્રગટ થાયછે, ને તે પુર્વ કૃત્ય કર્મોનો સોસ ન કરવાને માટે છે. નિર્જરાના છ અભ્યંતર અને છ બાહ્યાજ્ય એમ બાર ભેદ છે. તેનું નામ દ્રવ્ય અને ભાવ તપ કહીએ. એ ત્રણ ભેદ મુળ ધર્મની આદ્યમાં કહ્યા છે. તે અહિંસા, સંજમ અને તપ, એ ત્રણને ત્રિકરણશુધ્ધે આરાધના કરનાર પુરૂષોને દેવ આદિ સર્વ મનુષ્યો તેના પદ વંદનકરી સંતોષ પામેછે. તે પુરૂષ કેવા છે? જેનું સદા સર્વદા મજકુર ધર્મની આરાધના કરવામાં મન, વચન ને કાયાના યોગ્ય થીરતા પામેલા હોય છે, તેજ દેવાદિકને અર્ચવા લાયક છે, પણ જે ખટકાય મર્દનાદિક સારંભમાં મતાવલંબિત થઈને પોતે આશ્રવ કરે, પરને ઉપદેશ કરે તથા કર્ત્તાને

† રોકવાપણું.

મકુ જાણે, એવા અજ્ઞાનદશાવાળાઓની પણ પંદર જાતના અધોગતસ્વામિ, દેવો શેવાભક્તિ કરવા ચુકશે નહીં. એમ સિદ્ધાંતોમાં પ્રત્યક્ષ જ્ઞાનીપુરૂષોએ કહેલું છે. હવે મજકુર ગાથામાંતો અહિંસા એટલે સ્વદયા તથા પરદયા એજ ધર્મ કહ્યોછે. તો એવી ગાથાઓનો ઉપદેશ સંવેગીનામ ધરાવનાર જનો પીળાતિલકની સભાને કેવીરીતે કરીબતાવનારહશે! એ સર્વ વિચારવાજેવું છે. પરંતુ કુમતાવલંબિત બાળમિત્રોને હિતેચ્છુ તરિકે બોધકરવા જરૂર એટલીજકે તમારી કર્મોપાર્જીત બે ચક્ષુતો ઉઘાડી છે. પરંતુ જ્ઞાનરૂપ ચક્ષુને મૃષાવાકયોથી રચીત ગ્રંથોરૂપ પડળ આવીજવાથી જૈન શાસનરૂપ આર્યભુમીઉપર દયારૂપ અંકુરા, જ્ઞાન. બોધ મેઘની ધારાથી પ્રગટ થએલાછે. તે ગણધર મહારાજે અનંતજ્ઞાની તિર્થંકરદેવની સહાયતાથી સુત્રાર્થમાં રચીને સર્વ ભવ્યજીવોના હિતનેમાટે પ્રગટ કરેલું છે, તેમછતાં તમારા પાષાણરૂપી કઠોર હૃદયમાં તે નજરે આવતું નથી. તથા તે વાકયો રૂચમાન નથતાં તેઓના શત્રૂભાવે નાવીન ગ્રંથોના પ્રબંધ રચીને ખટકાયને ખપાવવા હુશિઆર થયા. પરંતુ અનંતજ્ઞાનીના નિરપક્ષ સુત્રોનું ઊલંઘન કરવા ધારોછો. તો શું ? એવી મુર્ખાઈ, ને અજ્ઞાનરૂપ લવાનથી દયાધર્મનો નાશ થશે? પણ અરે બાળમિત્રો ! દયારૂપ સુર્યના પ્રબળ પ્રકાશનીઆગળ અજ્ઞાનરૂપ હિંસા, મૃષાદિક અંધકાર, કદી રહેવાનો છેજનાહીં. મતલબકે સર્વના પ્રાણીઓના રક્ષણનેમાટે પુન: અન્ય ધર્મીઓના

શાસ્ત્રની કેટલીએક શાક્ષિઓ લખીછે. શ્રીમહાભારતે શાંતી પર્વણી પ્રથમપદે તથા વિસ્નુ પુરાણાદિકમધ્યે પણ દયાધર્મ નિરૂપણ કરેલોછે.

श्रीमहाभारतेकृश्नोवाच॥

सत्येनोत्पद्यतेधर्मःदयादानेनवर्धते,
क्षमयास्थाप्यतेधर्मक्रोधलोभाद्दीनश्यति.

ભાવાર્થ—સત્યથકી ધર્મની ઉત્પત્તિ થાયછે, ને તે ધર્મ દયાને દાનથી વૃદ્ધિ પામેછે અને ક્ષમા કરવાથી ધર્મ સ્થિર થાયછે. અને ક્રોધાદિક સર્વ નાશ પામેછે, એ અવશ્યછે.

अहिंसासत्यमस्तेयमृत्यागमैथुनवर्जनम्,
पंचस्वेत्तेषुवाक्येषुसर्वेधर्माःप्रतिष्टिता.

ભાવાર્થ—અહિંસામાં એટલે દયામાં, સત્યમાં, અદત્ય ત્યાગમાં, દાનમાં, મૈથુન ત્યાગમાં, એ પાંચ પ્રકારના ધર્મોને વિષે જેજે વિવેકીઓ પ્રવર્તે તેતે સજ્જનોના આત્મામાં સર્વ પ્રકારના ધર્મોનો લક્ષ પ્રગટ થાયછે.

सर्वेवेदान्तत्कुर्यःसर्वेयज्ञाश्चभारत,
सर्वेतिर्थोभिषेकाश्चयत्कुर्यातप्राणीनांदया॥

ભાવાર્થ—સર્વે વેદ ભણો યા અનેક યજ્ઞ કરો યા સર્વે તિર્થોમાં સ્નાન કરો, પરંતુ જેનો સદાય પ્રાણીઓ ઉપર

નિર્દય ભાવછે ને હિંસા કરેછે તેના મજકુર કૃત્યો સર્વ વૃ-થાછે. અર્થાત દયાની તુલ્ય ન થાય.

अहिंसालक्षणोधर्मःअधर्मःप्राणीनांवधः
तस्मात्धर्मार्थीभिलोकैःकर्तव्याप्राणीनांदया॥

ભાવાર્થ—અહિંસા અર્થાત દયા તેજ ધર્મનું લક્ષણ છે ને સર્વ આત્મધર્મની આદ્યમાં સ્વદયા અને પરદયા હોવી જોઈએ. એજ ધર્મનું લક્ષણછે. અને સ્વ તથા પરપ્રાણીની ઘાત કરવી તેજ અધર્મનુ લક્ષણ છે, માટે અરે ધર્માર્થી બંધુઓ! સર્વ પ્રાણીનું રક્ષણ કરવું!

शोणितार्द्रतंवस्त्रंशोणितैर्नैवशुध्याति,
शोणितार्द्रतयद्वस्त्रंशुद्धंभवतिवारिणा.

ભાવાર્થ—લોહીથકી ખરડાએલું વસ્ત્ર, લોહીથી ધોતા કદી સાફ થતું નથી તેમજ હિંસા કરતાં એટલે પરપ્રાણીઓના પ્રાણનો અપહાર કરતાં અનાદિ કાળના લાગેલા ભયાનક પાપ કદી ધોવાયજ નહીં અર્થાત લોહીથી રંગાએલું વસ્ત્ર જેમ પાણીથી શુદ્ધ થાય છે તેમજ દયારૂપ જળથીજ પાપરૂપ મેલ ધોવાયછે, એમ શ્રી કૃષ્ણ મહાભારતમાં કહેછે.

विश्नुपुराणेश्लोक.

अहिंसासर्वजीवेषुतत्वज्ञैपरिभाषिता:
इदंहिमुलंधर्मस्यशेषंतस्यैवाविस्तरं.

ભાવાર્થ—સર્વ જીવવિષે જ્ઞાની પુરૂષોએ દયા કરવા જોઈએ. અને દયા તેજ ધર્મનું મુળછે, ને દાન, શિળ, તપ, ભાવ તે દયા ધર્મની શાખાઓ જાણવી. માટે મત હણો કોઈ પણ પ્રાણીના પ્રાણને.

अहिंसासत्यमस्तेयंब्रह्मचर्यसुसंयमं,
मद्यमांसमधुत्यागोरात्रीभोजनवर्जनं.

ભાવાર્થ—અહિંસા એટલે જીવ દયા તથા સત્ય બોલવું તથા ચોરીનો ત્યાગ કરવો તથા બ્રહ્મચર્ય પાળવું તથા સુસંજમ એટલે પાંચ ઇંદ્રીઓના વિષયનું રૂંધન કરવું તથા ચાર મહા વિગય તે મદિરા, માંસ, મધ ને રાત્રીભોજન એ સૌનો ત્યાગ કરવો. તે સર્વનો મુખ્ય હેતુ દયા હોયતોજ તે સર્વ ત્યાગ થાય છે.

प्राणीनांरक्षणंयुक्तंमृत्युभिताहीजंतवः
आत्मोपम्येनजानन्हीईष्टंसर्वस्यजीवितं.

ભાવાર્થ—ધર્માર્થીઓને પ્રાણીની રક્ષા કરવી તે યોગ્ય છે. મતલબ કે મરણથકી સર્વ જીવો સદા ભય પામે છે. માટે સર્વ જંગમ ને સ્થાવર પ્રાણીઓને આપણા પ્રાણ શાદ્રસ પર પ્રાણને જાણવો. કેમજે સર્વ જીવોને જીવતર વાહાલું છે ને મરણ અળખામણું છે.

उद्यतंशस्त्रमालोक्यविषादयातिविह्वयलाः
जीवाःकंपन्तिसंतस्तानास्तिमृत्युसमंभयं.

ભાવાર્થ—આ જગતમાં મતિ ભ્રાંતિ નિર્દય સ્વભાવી અજ્ઞાન જનોએ પાપબુદ્ધિથી પરપ્રાણ હરવાનેમાટે ઘડાવેલા શસ્ત્ર, તે તથા સંસારમાં લાંબા વખતસુધી જન્મ મરણના લાભ મેળવવા માટે અજ્ઞાન બુદ્ધિથી ત્રસ સ્થાવર પ્રાણીના પ્રાણ હણવાના ખાતર રચેલા હિંસાની વિધીના શાસ્ત્ર. તેનું નામ શાસ્ત્ર તો નહીં પરંતુ તેને શસ્ત્ર તરીકે ગણવા. એવા ઉજથ હિંસારૂપ શસ્ત્ર ઉચા ઉપાડયા દેખીને વિષવાદ પામીને થરથર કંપાયમાન થાયછે, સર્વ ત્રસને સ્થાવર પ્રાણીઓ. મતલબકે દેહ ધરનાર પ્રાણીઓને મૃત્યુ સમાન બીજો ભય નથી, એમ જ્ઞાનીઓ કહેછે.

कंटकेनापिविद्धस्यमहतीवेदनाभवेत,

चक्रकुंतासियष्ट्याद्यैर्मार्यमाणस्यकिंपुनः

ભાવાર્થ—પગમાં મોજડીઓ પહેર્યાવિના પંથે ચાલતાં કાંટાથી વિંધાએલા પગને અત્યંત વેદના થાયછે તે ખમી શકાતી નથી તો પર પ્રાણીઓને હણવાનેમાટે દ્રવ્યશસ્ત્રો જેવા ચક્ર ભાલા, તરવાર, લાકડી વિગેરે મારતાં તેઓને વેદના ન થાય ? અર્થાત થાયજ. પરંતુ એ મજકુર કહેલા શસ્ત્રોના પ્રતિપક્ષી હિંસાચાર્ય ઇંદ્રિયમાં લુબ્ધ થઈ ગએલા ને નાસ્તિક જગત બંધનની ફાંસીના પરાધીનપણામાં ફસાઇને પોતાના દેહાર્થી સાધનો સાધવા માટે અનેક કપોળ કલ્પિત કુતર્કોથી ભરપુર દિર્ઘ આશ્રવના સમાવેશ સાથે કુશાસ્ત્રરૂપ શસ્ત્ર તેની પરૂપણાં કરતાં થકાં શું પર-

પ્રાણીઓના પ્રાણને કુશળ રહેવાનું છે? ના ના એમ નહીં. પણ એમતો ખરૂં કે હિંસા કરનાર પ્રાણીઓ તો બીજા ત્રસ સ્થાવર પ્રાણીઓને વાગવામાટે શસ્ત્રરૂપ કાંટાની જાળ બાંધીને આ જુલમી કળિકાળમાં જન્મ લીધો છે. તો તે કાંટારૂપ શાસ્ત્રોના વચનરૂપ તિક્ષણ અણીઓને ચુરણ કરીનાખવામાટે જ્ઞાનોદયથી દયાવાકુયોથી ભરપુર શાસ્ત્રના બોધરૂપી મોજડીઓ પહેરીને ધર્મધરા એટલે ધર્મરૂપ પૃથ્વી ઉપર થઇને દયામાર્ગે ચાલી મોક્ષરૂપ શહેરમાં પધારવામાટે નિર્ભય થઇને સદા આનંદ ઉત્સાહભેર રહેવું.

ઈત્યાદિક શ્રી મહાભારતે તથા વિશ્નુપુરાણે દયાધર્મની પુષ્ટિ કરેલી છે. એટલુંજ નહીં પણ બીજા અન્યદર્શનીના શાસ્ત્રોમાં પણ દરેક ઠેકાણે દયાધર્મવિષે દરેક રીતથી વિવેચન આપેલું છે. કારણકે દયાનું સ્થાપન કર્યાસિવાય જેજે ધર્મશાસ્ત્રો છે તે સર્વ સ્થળ વિનાના વૃક્ષોપમિક થઈ જાય છે. માટે અન્ય દર્શનીઓ જીવદયા જાણે યા ન જાણે પણ દરેક શાસ્ત્રના પ્રબંધમાં લાવે ત્યારે તે શાસ્ત્ર માન્યપુજ્ય થાયછે. પરંતુ એવા ધર્મશાસ્ત્રના રચનારાઓ પોતે બહિરાતમાં છતાં વિભંગ જ્ઞાનાવલંબનથી જાણે તેટલી પરદયાનું સ્થાપન કરીશકયા છે. કારણકે સ્વદયાના સ્વરૂપનું તેઓને લક્ષ જ્ઞાન ન થતાં એકતરફી બોધ નિરૂપણ કરેલોછે. પણ સ્વદયાલક્ષી તો અંતરાત્મા પરમાત્મા સિવાય લક્ષમાં લઈ શકેજ નહીં. તથાપિ પરદયા છે તેપણ મહા પુન્યનું નિદાન છે, અને તેજ સ્વદયાનું આલંબન છે. પરંતુ સ્વ

અને પરપક્ષની દયાવિના જે જે પુરૂષો ધર્મ કર્ણીમાન્ય કરી રહ્યા છે તેતો કેવળ તમ સ્વભાવી આશ્રવમતિઓ એક તરફી નિર્દયપણામાં બોલેછે કે ભકિતને માટે આશ્રવ થાય તેમાં "अपकम्मंबहुनिर्जरा" એટલે અલ્પ કર્મ લાગેછે ને ઘણા કર્મ નિર્જરે છે. એવી ભ્રમના રાખીને પોતાના આત્માને પોતેજ શત્રુ થઇને ઠગી રહ્યાછે. માટે તેઓ ભયાનક જન્મથી કેમ છુટીશકશે? અને આ જગતમાં તેઓને શરણભુત કોણ થનારૂં છે? કારણકે "वेराणुबंधानिरिया उवयंति" અર્થાત જે પરપ્રાણીઓનું દયાધર્મી થઇને રક્ષણ કરવા મદદગાર ન થાય ને વિરૂદ્ધ રીતે દયાધર્મી એવું અમુલ્ય નામ સ્થાપી પરમેશ્વરનેમાટે અથવા ગુરૂભકિતનેમાટે કલ્પના કરી કરી ત્રસ સ્થાવરનાં પ્રાણ હણીને વેરઝેરની પુષ્ટિ કરતાં પાછી પાની ભરતા નથી. પણ કાળાંતરે કૃત્ય કર્મના ઉદયના વખતમાં હિંસા કરનાર પ્રાણીઓની બરદાસ કરવા માટે પેલી પંદર જાતની કાળી પલટણો તૈયાર થઇ બેઠેલી છે. તો ત્યાંની ન્યાયકોરટમાં કરેલાં કરમોનો જવાબ દેવો મુશ્કેલ થઇ પડનારો છે. વળી આત્મકાર્યનો સુધારો કરવાના વખતમાં પોતાની કુબુદ્ધિના કારણથી પોતાના લાભમાં ગેરહાંસલ કરનારા જડમતિઓને વિપત્તિના વખતમાં કેવો પશ્ચાતાપ કરવો પડશે? કારણકે નિતિ જ્ઞાન ને દર્શનનો લાભ લઇ નિરમળ દયાધરમનું આગેવાનીપણું ધરાવીને ધરમ સંબંધી સર્વ કાર્યોમાં પ્રાણવધ કરતાં જરાપણ અશંકા પામતા નથી, તે કેવી જુલમની વાત છે?

તેનું દ્રષ્ટાંત નીચે મુજબ.

સંવત ૧૯૪૦ના ફાલ્ગુન માસમાં ભાવનગરમાં જૈન-ધર્મનામ ધરાવનાર તપાલોકોએ એક સમોસરણ કરેલું તે વખતમાં એક તપા સાવજની સ્ત્રીએ એક ગાયને ઘી પીવાના અપરાધમાં મર્ણાંત સજા કરી હતી. તે ગોહત્યાનું પાપ અગણિતછે. તેમજ સંવત ૧૯૪૧ના પજુસણ અગાઉ ભાવનગરી તપાની સુધરેલી સભામાં શાસ્ત્રજ્ઞાનનો અભ્યાસ કરનારે એક બકરાને પોતાની મતલબની ખાતર હોમીનાંખ્યો. તે તમારી કુસંપીલી જ્ઞાતમાં બકરા વિષેની અફવા ચાલેલી તે સાંભળવામાં આવી હતી. તે વિષે ખરૂં ખોટું તો પરમેશ્વર જાણે, પણ તેવાંકૃત્ય જૈનીનામ ધરાવીને કરવાં તે કાંઇ જૈનધર્મની કોમવાળા ગણાતા નથી. વળી એવા બિચારા અનાથ પંચેંદ્રિજીવ ગાય તથા બકરૂં પોતાના પુર્વ કૃત્યથી જન્મ હારીજઇને તિર્યંચની યોનીમાં જઈ ફ-સાયા તે પુર્વ કૃત્યથી મરીતો રહેલાજ હતા પણ તમારા જેવા જુલમ કરનાર જનોને હાથે પડતાં નિરાપરાધિ બે જીવોનો નાશ કરી નાંખ્યો તે કાંઈ કર્મપુર્વ જન્માંતરેતો ભાવી ભુલનાર નથી. પરંતુ આધુનિક જમાનાના વહેવાર પ્રમાણે તમારી સજ્ઞાતીએ તે જુલમ ગુનો છુપાવીને સૂધરેલી સભાની મદદ ખાતર તેનો બીલકુલ તપાસ ન કરતાં ઉલટીરીતે માયા કપટથી સાશ્રિત થઇને આનંદ મંગળ વર્તાવોછો. પરંતુતેબાબત તમોએ લોકાપવાદથી પણ ડર ન રાખતાં અપરાધ છુપાવી રાખ્યોછે, તોકહેવાનું એટલુંજ કે

શું તમારા પીળાં વસ્ત્રવાળા વેષધારીઓની પાસે તે બા-બતનું પ્રાયશ્ચિત્ત યા આળોયણ લઇને શાસ્ત્રોના રિવાજ પ્રમાણે શુદ્ધ થઇ ગયા હશો કે શું? ના ના તેમપણ ખાતરી થતી નથી. કારણ કે લોકો અપવાદ ટાળવાને તથા જ્ઞાતી ધર્મ રાખવાની ખાતર નવરાશ લીધી હોતતો ધર્માપરાધ ટાળવામાં પણ નવરાશ લીધી સમજાય. પણ તે બે તરફના અપવાદથી નિરાપરાધિ ન થાય માટે એમ સમજાયછે કે એ જીવહિંસાનાં લાગેલાં કર્મોથી તમો સુધરેલા વકીલો કાયદા કલમો લાગુ કરી કરીને દુર્ગતિના સ્વામિઓની ઝપટમાંથી છુટી જવા ધારો છો કે કેમ?? પણ અરે બાળ મિતરો! તમારા કઠોર અને પાષાણરૂપી હૃદયમાં સ્વપ્ને પણ ધારશોના જે નર્કાધિપતિ પાસેથી છુટી જઇએ. કેમ જે તમારી ડાહાપણદાર જ્ઞાતીએ મજકુર બે પ્રાણીઓના મર્ણ સામે ધ્યાન ન આપતાં કેવળ તમારીજ દયાથી યવનધર્મ સાચવ્યોછે. પણ જન્માંતરે નર્કાધિપતિતો લાંચ ન લેતાં યા સિપારસ ન રાખતાં કાયદાની રીતેજ મર્ણ પામનાર પ્રાણીઓનું કરજ તમારી પાસેથી લેશે. એમ ખાતરીથી સમજવું. અને એવા મોટા પ્રાણીઓના પ્રાણવધનો તમારા પાષાણરૂપી હૃદયમાં કાંઇપણ શોચ થતો નથી; તો બિચારા પૃથ્વીઆદિ અસંજ્ઞી પંચેંદ્રિઓનાવધ સુધીનો આરંભતો તમો મોક્ષ અને મહાનિર્જરા હેતુજ ગણોછો, તો અરે દયાધર્મીઓના પ્રતિ પક્ષીઓ ! તમને પુછવાનું એટલુંજ કે તમો ઠામ ઠામ ગ્રંથોમાં તથા ચોપાનીઆમાં

દયા, દયા, દયા, એમ લવાન કરોછો, માટે તે દયા તે કયા પ્રાણીની પાળવી? તે પ્રાણીના નામઠામતો બતાવો? વળી દરેક ઠામે હિંસા કરવાથી નર્કે જાય એમ કહોછો તે કયા જીવની હિંસાકરવાથી નર્કે જાય? અને તે કોણ જશે તેનો ખુલાશો આપવો જોઇએ. તે સિવાય પુછવાનું કે અન્ય ધર્મવાળા તેઓના શાસ્ત્રની રીત પ્રમાણે દયા પાળવાનો ઉપદેશ કરેછે, તે કયા પ્રાણીઓની દયા પાળવાનો ઉપદેશ કરતા હશે? અને તમે કયા પ્રાણીઓની દયા પકડીછે તે કહો? પરંતુ અન્ય દર્શનીઓ બાળજ્ઞાનાવલંબનથી આશ્રવ શેવી ખટકાયના અજાણપણામાં આરંભ કરેછે તેને કહોછોજે તે ભારે કર્મીછે અને તમે કહોછો કે અમો સર્વોપરિ શાસ્ત્રના પારાવારીછીએ તેમજ છકાયને ઓળખીએ છીએ. એમ જાણપણાનું ખોટું ડોળ ઘાલીને ધર્માર્થે પ્રાણીઓના પ્રાણનો નાશ કરો તો તમને આશ્રવ થોડો લાગે અને પ્રતિ પક્ષિઓને વધારે લાગે તેનું કેવી રીતેછે? તે લખીતવાર સુત્રના મુળ પાઠ સાથે જવાબ આપવો જોઇએ. પરંતુ મિથ્યાત્વિ તથા સમકિતના કરેલા આરંભવિષે ઘટવધ થાયછે તે અમો જાણીએ છીએ. કેમજે ભગવતિજીમાં કહ્યુંછે જે કોઈ અનાર્ય પુરૂષે ક્રોધાકુળ થઈને કોઈ સ્થળ બાળી મુકવાની ખાતર અગ્નિ મુકી, તે અનાર્યના વિચારમાંતો સર્વ પ્રાણીઓનો નાશ કરવાની બુદ્ધિછે. હવે તેજ વખતમાં એક આર્ય પુરૂષે તે લાય લાગતી દેખી સર્વ પ્રાણીઓના બચાવ માટે અગ્નિ ઓલવવાની બુદ્ધિએ પાણી વિગેરે છકાયના આરંભથી સળગાવેલી અગ્નિ બુઝાવી.

એ બે જણાએ મહા આરંભ કરેલોછે. પણ તેમાં અગ્નિ સળગાવનારને ચિકણાંકર્મ અને બુઝાવનારને સથળ કર્મ લા ગ્યાછે. એ બેઉનું સમાધાન વિતરાગે કરેલુંછે પણ તમો તમારા ધર્મના આરંભ ઉપર ન તાણી જતાં વિતરાગના વ- ચનને અનુસરીને જવાબ આપવો જોઇએ. અન્યદર્શની- ઓને છકાય જીવોનું જાણપણું નહીં હોવાને લીધે સારં- ભી ધર્મ માનેછે, તો તેને તમે દુર્ગત દાયક ગણોછો અને તમો સર્વ પ્રાણીઓને ઓળખી શાસ્ત્ર આધારથી પ્રાણ, પજા, ઇંદ્રી, જોગ, સંજ્ઞા, પરખી પરખીને ધર્મની ખાતર તિવ્ર રસસાથે હણોછો માટે પ્રતિ પક્ષીઓની અપેક્ષાએ ધર્મ જાણી હિંસા કરનાર કેટલામાં? પાતાળ સુધી પહોં- ચવા ધારેલ છે ? એ વિચારતો કરો ! વળી કહેવાનું કે કેટલે પ્રકારે અજ્ઞાન પ્રાણીઓ નર્કનું આયુષ્ય બાં- ધે છે ? તે સુત્ર પાઠસાથે બતાવવું જોઇએ. વળી પીળા વસ્ત્રવાળાઓને પુછવાનું કે તમો શ્રાવકોને પુરેપુરા સૂ- ત્રનું જાણપણું કરાવોછોકે એકલા ગપોડ ગ્રંથોથીજ કાન ભરી દીઓછો ? તે શી રીતે છે ? કેમકે આ અમુલ્ય દયા ધર્મ શુદ્ધછે. તેમ છતાં હિંસા રોપણ કરોછો એ કાંઇ જૈન ધર્મીઓનો વહ્યવહાર યા આચાર જણાતો ન- થી. પરંતુ અન્ન દર્શનીઓ તો કહેછે કે અમારા શાસ્ત્રોમાં દયા પાળવા વિષે મહાન પુરૂષોએ ઘણુંજ વિવેચન આ- પેલું છે, પણ અમો લાચાર કે તે પ્રમાણે ન ચાલતાં વ- ચ્યહારના પરાધિનપણાથી પળી શકતું નથી. એમ એ

લોકો કબુલ કરીને પણ નિરાપરાધીપણું ગણાવેછે. પરંતુ તમો દયાધર્મીઓનું ડોળ ઘાલનારાઓ અનંતા પ્રાણીઓને ધર્મની ખાતર હણીને દયા માન્ય કરોછો તે દયા શાસ્ત્રની રીતે પ્રમાણીક કેમ થાય? માટે અરે દિર્ઘાશ્રવી પ્યારાઓ! આદ્ય પર્યંતસુધી સિદ્ધાંતોનું શ્રવણ કરીને પછી દયાનો પોકાર કરો તો વ્યાજબી કુહેવાય, પણ હાલ તો મજકુર પ્રતિ પક્ષીઓના ધર્મીઓની રીતે દિનપણે આરંભનો ગુનો માફ માગવો જોઇએ, જે અમારા દયાધર્મના નામગુણની રીતે ચાલી ન શકતાં આરંભ માર્ગની રૂઢીમાં ફસાયા છીએ, એવી રીતે તમો ઉદાસીભાવ આણશો કે તેજ વખતે કરેલા આરંભના કર્મની બહુળતા થએલી હશે તે તરતજ ઘટવા માંડશે, અને તે કર્મ ઘટવાના લાભમાં વિતરાગ પ્રણીત ધર્મની રૂચીથી દયારૂપી સ્વભાવ થશે એ નિઃસંદેહ છે. કારણકે વિતરાગે સિદ્ધાંતોમાં આદ્ય પર્યંતસુધી હિંસા કરવાથી સંસાર તરે, એવું વાક્ય કોઇપણ સ્થળે વાપરેલું નથી. પરંતુ અગિયાર અંગ, બાર ઉપાંગાદિ સુત્રોમાં હિંસા કરનારની કર્ણી યા તેની સાવદ્યક્રિયા બતાવી છે, પણ એવી ક્રિયા નિર્જરા હેતુ ગણવી એમ કાંઈ સિદ્ધાંતમાં નથી. પરંતુ એવી સાવદ્ય ક્રિયા અકામ નિર્જરાહેતુ ગણાયછે એ સિદ્ધાંતોમાં જોસો તો તરત જણાઈ આવશે. તેમજ શ્રી ઉત્તરાધ્યયનના છઠ્ઠા અધ્યયનની સાતમી ગાથા નીચે મુજબ.

अज्झथ्थंसव्वउसव्वंदिस्सपाणेपियायए,

नहणेपाणिणोपाणेभयवेराउउवरए ७

ભાવાર્થ—સર્વ પ્રકારે ઇષ્ટના સંજોગથી ઉપજ્યું સુખ તે સર્વને વલ્લભ છે. એમ શાસ્ત્રોક્ત રીતે દેખીને જીવત્વ વાહાલું છે પ્રાણ ધરનારા પ્રાણીઓને માટે ન હણો ન હણો! પ્રાણીઓના પ્રાણને. અર્થાત. દયા પાળો ને તમારી તરફના ભયાનક સાત ભયથી તથા વેરભાવથી નિર્ભયકરી અભયદાન આપો તો તમે પણ અભયપદજોગ થશો. વળી તેજ સુત્રના અઢારમા અધ્યયનમાં કહ્યું છે કે.

सगरोवीसागरंतंभरहवासंनराहियो;
इसरियंकेवलंहिच्चादयाएपरिनिवुडो ॥३५॥

ભાવાર્થ—સગરનામાં ચક્રવૃતીએ ત્રણ દીસે સમુદ્ર લગે આણ વરતાવી અને ઉત્તરે લઘુ હેમવંત લગે આણ વરતાવી તે ભરતક્ષેત્રનો રાજા કેવળ યા સંપુર્ણ ઠકરાય છાંડીને સ્વ અને પરદયા સંજમે કરી અંતક્રિયાને યોગ્યે સિદ્ધ પદ પામ્યા તે દયાનો પ્રભાવ છે.

॥ काव्यः ॥ नतंअरीकंठछेत्ताकरेई,
जंसेकरेअप्पाणियादूरप्पा;
सेनाहिमच्चुमुहंतुपत्ते,
पच्छाणुतावेणदयाविहुणो ॥४८॥

ભાવાર્થ—તેજ સુત્રના વિશમા અધ્યયનના કાવ્યમાં

કહેલું છે જે જૈનનો વેષ ધરીને પોતે ઇંદ્રિઓના પરાધિન-પણાથી મિથ્યાત્વ સેવના કરીને પછી પોતાની સહાયતા-નેમાટે પરને મિથ્યાત્વ શેવરાવે એ મહા અપરાધી ગ-ણવા યોગ્ય છે. મતલબ કે જેટલું પ્રાણનો હરનાર અને વેરી ન કરે તેથી વધારે ભુંડું તે વેષ લજાવનારો કરે. અ-ર્થાત પોતે વેષધારી હિંસા માર્ગ આદરીને શર્ણાગતને પણ તેમજ વરતાવવા ધારેછે તો પોતાનું અને પરનું કાર્ય વિ-નાશ કર્યું માટે મર્ણાતે તે અસંજમીઓ મોટા પશ્ચાતા-પમાં પડનારા છે.

गाथा ॥ इंदिअथेवीवजितासझायंचेवपंचहा
तमुतितपुरकारेउवउतेरियिंरीए ॥८॥

ભાવાર્થ—તેજ સુત્રમાં ચોવીશમે અધ્યયને કહેલું છે જે અરે સંજમાર્થી! તું પાંચ ઈંદ્રીઓના વિકારને વર-જીને તથા પાંચ પ્રકારની સઝાય, એ દશ બોલને વરજી-ને શુદ્ધાત્મ ઉપયોગે ઈરિયા એટલે પંથે ચાલતાં સુમતી એટલે જ્ઞાન બુદ્ધી લાવીને ચાર હાથ પ્રમાણે દ્રષ્ટી આગ-ળ કરીને ખટકાય પ્રાણીનું રક્ષણ કરજે. અર્થાત દયાની ખાતર સાવધાન થઈ ચાલજે એમ દયા પાળવા આજ્ઞા કહી છે.

गाथा ॥ एवमेयाणिजाणीतासव्वभावेणसंजए
अप्पमत्तोजयेनिच्चंसव्विादिएसमाहिए ॥१६॥

ભાવાર્થ—દશવિકાળીક સુત્રના આઠમા અધ્યયનની સોળમી ગાથા અગાઉ ભગવંતે છકાય જીવને ઓળખવાનું સ્વરૂપ બતાવ્યું, ત્યાર પછી મજકુર ગાથામાં કહ્યું જે અરે સંજમાર્થીઓ! છકાયના જીવનું સ્વરૂપ જાણીને પછી પોતાના આત્મ સુધારા માટે મન, વચન, અને કાયા સ્થિર કરીને સંજતિ કહેલા આઠ સ્થાનકની રક્ષા કરે અપ્રમાદ[1]પણે. અર્થાત દયા પાળે. પોતાની પાંચ ઇંદ્રીઓનો નિગ્રહ[2]કરીને જ્ઞાનવંત સંજતિ એમ કહ્યું. માટે સર્વથા દયા પાળે ને પરને પણ પળાવવા ચુકેજ નહીં. પણ કોઈ કારણે હિંસા કરવા આજ્ઞા નથી તે અવશ્ય છે.

गाथा ॥ संधएसाहूधम्मंचपावधम्मंनिराकरे;
उवहाणंविरिएभिख्खु, कोहंमाणंचविवज्जए.

ભાવાર્થ—સુયગડાંગ સુત્રના અગિયારમા અધ્યયનમાં પાંત્રિશમી ગાથામાં કહ્યુંછે કે અરે સંજતિઓ! ભલા ધર્મની સાધના કરીને હિંસા ધર્મને તજો. અને ઉત્કૃષ્ટ તપ કરીને ક્રોધાદિકને છાંડો. કારણ કે ક્રોધાદિકથી તપનો નાશ થાય છે. એમજ હિંસા કરવાથી ભલો ધર્મ એટલે મુકિતના સાધનનો નાશ થાય છે. માટે તેહનો ત્યાગ કરો એમ કહ્યુંછે. એવી રીતે તીર્થંકર માહારાજે સર્વ સુત્રોમાં હિંસા ધર્મ છાંડવાની આજ્ઞા કહેલી છે. પણ હિંસા કરવા આજ્ઞા કરેલી નથી. એમજ ભુત, ભવિષ્ય ને વર્ત્તમાન

---

૧ સાવધાન. ૨ વશ.

કાળે હિંસાનો ત્યાગ બતાવશે. પણ હિંસા સ્થાપન માટે કદી બોધ નહીં કરે એમ જૈન શાસ્ત્રો શાક્ષિ પુરે છે.

गाथा ॥ गारंपिआवसेनरेअणुपुव्वंपाणेहिंसंजए समयासव्वथसुवएदेवाणंगछेसलोगयं ॥१३॥

ભાવાર્થ—વળી તેજ સુત્રના બીજા અધ્યયનમાં ત્રીજા ઉદ્દેશાની તેરમી ગાથામાં એમ કહ્યું છે જે ગૃહસ્થ વાસમાં વસનારા શ્રાવકો અનુક્રમે યુકિત કરીને યથા શકિત જીવની જતના કરી રૂડા વ્રત પાળીને સરવ જીવને પોતાના આત્મા તુલ્ય ગણી દયા, ધરમ, સંવર, સામાયક, પોષણ કરીને દેવ લોકમાં જાય એમ કહ્યુંછે. વળી ઉત્તરાધ્યયનના અઢારમા અધ્યયનમાં સેક્રેંદ્રની પ્રેરણાથી વસારણ ભદ્ર રાજાએ કાર્મીક રિદ્ધિનું અભિમાન તજી ધરમાભિમાન રાખવા માટે દયા ધરમ એટલે સ્વ તથા પરની દયા તેજ સંજમ આરાધના કરી, એટલે તેજ વખતે ઈંદ્રે આવી સરવ દેવ રિધિ સાથે નમન કર્યું, એ સંજમ દયાનો પ્રભાવ છે.

શ્રી જ્ઞાતાસુત્રના પ્રથમ અધ્યયનમાં મેઘ કુમારે પુર્વે જન્માંતરે તિર્યંચ હાથીના ભવમાં ભદ્ર પ્રણામે વનમાં દાવાનળના પ્રજવળિત તાપથી ભય પામતા એક સસલાને બચાવવાની ખાતર પોતાનો પગ ઉંચો તોળી રાખીને પોતાના ભારે શરીરને મહદ્ તસ્દી આપી તે કારણથી પોતાનો પ્રાણ ત્યાગ થઇ ગયો, ત્યાં ભદ્ર સ્વભાવે મનુષ્ય

ભવનું આયુષ્ય ઉપાર્જીને મેઘ કુમાર થયા પછી સંજમજોગે મર્ણાતકાર્ય સાધીને વિજય વૈમાનમાં બત્રિસ સાગરોપમની સ્થિતિ ભોગવી. મહા વિદેહ ક્ષેત્રે મનુષ્યભવ પ્રાપ્તના વખતમાં સંજમાનુષ્ઠાન સાધીને મોક્ષ પ્રાપ્ત થશે. એ સર્વ દયાધર્મનોજ પ્રભાવ છે.

એમજ સોળમા શાંતિનાથ તિર્થંકરનું પુર્વ જન્માંતર એટલે દશમા ભવમાં મેઘરથ રાજા એવું નામ હતું. ત્યાં કાર્મીક દેવકૃત્ય પારેવાનો બચાવ કરવા માટે કાર્મીક દેવકૃત્ય સિચાણાના કહેવાથી પોતાના શરીરનું માંસ કાપીકાપીને ત્રાજવે ભર્યું. તેમછતાં સિચાણાની ધારેલી મુરાદ હાંસલ ન થતાં પોતે સર્વાંગે સિચાણાને અર્પણ થયા. ત્યાં દયાના પરિણામથી તિર્થંકર ગોત્ર ઉપાર્જ્યું છે. તે પણ દયાનોજ પ્રભાવ છે. જેમ એ દેવકૃત્ય પારેવાનો બચાવ કરવાની ખાતર મેઘરથ રાજાએ પોતાનું સર્વાંગ સિચાણાને ભક્ષણ કરવા અર્પણ કર્યું તો કુદરતી સાંચા પ્રાણીઓને બચાવવા દયા ધર્મીઓ શું ન કરે? જે ધારે તે કરવા કદી ચુકે નહીં. એ સર્વ દયાનોજ પ્રભાવછે. પરંતુ તેમાં કાંઇ હિંસાનો પ્રભાવ નથી.

પ્રશ્ન—વ્યાકરણના છઠ્ઠા અધ્યયનમાં કહ્યુંછે જે અહોપુજ્ય! દયાના બીરુદ્ધ ધરનાર કોણ કોણ પુરૂષછે? તે પાઠ **जगनायकेहंत्रिलोयमहिएहं** ભાવાર્થ—સર્વ જગતના નાથ અને ત્રણ લોકના મહિ એ એટલે યથાગુણે પુજનિક એવા તિર્થંકર મહારાજ પોતે દયા પાળવા ઉદ્યમવંત થયા.

તેમજ સામાન્ય કેવળી, તથા મનપર્યવજ્ઞાની તથા અવધ જ્ઞાની તથા મતિશ્રુતી જ્ઞાની તથા લબ્ધિધર વિગેરે જે જે દયા ધર્મમાં ઉત્તમ પુરૂષ થયા તે સર્વ દયા ધર્મનીજ વૃદ્ધિ કર્ત્તાછે. એમ સર્વ સુત્રાર્થમાં ખુલીરીતે નિશપક્ષપણે પાઠ છે. વળિતિર્થંકર ચક્રવર્તી વાસુદેવ, બળદેવ, એ પદવીધર થયા, તે સર્વ સંજમ દયાના પ્રભાવછે, હિંસાના કૃત્યથી કોઈ પણ સિદ્ધાંતમાં ઉત્તમ કાર્યની ફતેહ મેળવી, તેવું દૃષ્ટિ ગોચરે આવતું નથી. તેથી એ ખાતરીબંધ દયાધર્મ સર્વોપરીછે, અને આત્મગુણના મુળભેદ ખોલવવાની દયારૂપ કુંચી સમજવી. કેમજે દશવીકાળિક સૂત્રના છઠ્ઠા અધ્યયનની નવમી ગાથામાં કહ્યુંછે તે નીચે મુજબ.

तथ्थिमंपढमंठाणंमहाविरेणदेसियं
अहिंसानिउणादीठासव्वभुएसुसंजमो ९

ભાવાર્થ—તેજ મોક્ષ સાધના કરવાના વખતમાં પ્રથમ ધર્મનું સ્થાનક તે અહિંસા. અર્થાત. દયાજ દીઠી એટલે સર્વ પ્રાણીભુતનું રક્ષણ કરવું. તેજ સંજમગુણધર્મ વૃદ્ધિ કરનાર છે. એમ જાણીને કેવળજ્ઞાનના ઉદયકાળમાં ભવ પ્રાણીને બોધ નિચે મુજબ કર્યો છે.

गाथा. जावंतिलोयपाणातस्साअदुवथावरा
तेजाणंमजाणंवानहणेनोविघायए १०

ભાવાર્થ—વળી દશમી ગાથામાં કહ્યુંછે જે અરે ધર્મા-

થી આ લોકમાં જેટલા પ્રાણી છે, તે ત્રસ તથા સ્થાવર એ જાતના છે. તે સર્વને જાણતાં યા અજાણતાં કોઈ કાર્ય કદિપને ન હણો ન હણો. મતલબ કે દયા કરો. વળી ઉત્તરાધ્યયન સતરમાની ગાથા છઠ્ઠીમાં કહ્યું છે જે સાધપણું નામ ધરાવીને હિંસાનો બોધ કરે તેજ મહાપાપી.

गाथा. समदमाणीपाणाणीवियाणिहरियाणिय
असंजएसंजयमनमाणेपावसमणेतिवुचई ६

ભાવાર્થ—જે પુરૂષ સાધપણું લઇને પાન, ફળ, ફુલ, હરીકાય તથા બીજની જાત વિગેરેની હિંસા કરે યા કરાવે યા કર્ત્તાને ભલુ જાણે તેને પાપી સમણ કહ્યા છે. માટે દયા શ્રેષ્ટ છે.

गाथा. ताणिठाणाणिगछंतिसिखितासंजमंतवं;
भिरवाएवागिहथेवाजेसंतिपारिनिव्वुडा. २८

ભાવાર્થ—ઉત્તરાધ્યયન પાંચમાની અઠાવીસમી ગાથામાં કહ્યું છે જે ધર્માર્થી સાધુ તથા ગૃહસ્થી એ બેઉ મોક્ષાર્થી સંજમ તપની આરાધના કરીને મુકિતપદ યોગ્ય થાય.

એમ ગૃહસ્થોને પણ તપ સંજમની દયાકરણી બતાવી છે, અને આશ્રવ ત્યાગ કરવાનું કહ્યું છે, અને જીનેશ્વર દેવની આજ્ઞા તો એકાંત નિર્વદ્ય છે. અને ભુત ભવિષ્ય અને વર્તમાનકાળે પણ તેજ સંવરકર્ણીનો બોધ થશે, પણ આશ્રવ સ્થાપવા કોઇ તિર્થંકરે કહેલું નથી, સર્વ સ્થળે

દયા સ્થાપિતછે.

गाथा. सवणेनाणेविनाणेपचख्खवाणेयसंजमे,

अणन्हएतवेचेववोदाणेअकीरियासिद्धि. १

ભાવાર્થ—ભગવતિજીમાં કહ્યુંછે જે સાધુ મુનીરાજની સંગત કરતાં સુત્ર સાંભળવા પામે૧ અને સાંભળતાં જ્ઞાન પ્રાપ્તિ થાય૨ પછી વિજ્ઞાન એટલે અનુભવ પ્રગટ થાય૩ પછી યથાયોગ્ય પચખાણ આવે૪ પછી તેહનું ફળ સંજમ ગુણ પ્રગટે૫ તેહનું ફળ જીનઆજ્ઞા પ્રમાણે અનઆશ્રવી§ થાય૬ પછી બારે ભેદે તપ કરે૭ એમજ નિશ્ચે કર્મના બંધનોને નિકંદન કરે૮ પછી અકીરિએ એટલે ક્રિયા રહિત થાય૯ પછી સિદ્ધિગઇ એટલે સિદ્ધપદ પામેછે૧૦ એમ સાધુ મહારાજાઓના પ્રસંગથી દશ ફળ મળેછે. તેથી કહેવાનું કે જ્ઞાની પુરૂષના સમાગમનો લાભ જ્ઞાન વૃદ્ધિની સાથે આત્મકલ્યાણિક દયા, સંજમને તપનો લાભમળે એ સુત્રવાકય અવશ્યછે. અને અજ્ઞાની વેષધારી માયા, કપટી, પડવાઈ, રસના લોલપી છકાયના અહિત વંછક એવા દિર્ઘાશ્રવી એટલે મોટા આશ્રવ આરંભ કરવા વાળાઓની સંગત કરવાથી મજકુર દશગુણ નાશ પામીને અવળી રીતના દશગુણ દુર્ગતિદાયક પ્રગટ થાયછે. માટે એ મજકુર ગાથાનો મતલબ એછે કે હિંસાબોધકની સોબતથી તરી ચાલવું. તેથી અરે ધર્મના અર્થીઓ! દિર્ઘાશ્ર-

---

§ આશ્રવરહીત.

વી આરંભ કર્ત્તાનો સંગ તજી દયામાર્ગ શુદ્ધ કરો! વળી વિતરાગ દેવે મોક્ષમાર્ગ પ્રકાશ કરવાને આદ્યે છકાય જીવના હિતવંચ્છક થઇને દયાધર્મમાં પોતાની તથા પરપ્રાણીઓની દયા બતાવીને તે પછી શ્રાવકધર્મ તથા સાધુધર્મના ભેદ બતાવ્યાછે. તેમાં દયાના ભેદનો કુલ સમાવેશ આવી ગએલોછે. પરંતુ એકલી દયાજ એમ નહીં ધારતા. સર્વ સિદ્ધાંતોના સાર. आयाभावजाणतींतंसव्वंजाणई. જેણે પોતાના આત્માનું સ્વરૂપ જગત કાર્મીકથી જુદુંજ જાણ્યું, તેણે સર્વ જાણ્યું અને જેણે પોતાના આત્મિક ભાવને ન જાણ્યો તે સર્વ વસ્તુથકી અજાણ થઇનેજ જગતનાપર પુદગળિક ભાવમાં ભમેછે. માટે અરે ભોળા પ્રાણીઓ! જે વિતરાગે જગતના ભવજીવોને તારવાની બુદ્ધિએ પ્રથમ દયા ધર્મનો ઉપદેશ કર્યોછે, તે સર્વ તમારા જોવામાં આવતાં છતાં આમ એકદમ અવળી પ્રવર્તીમાં ફસાઈ જઇને મહા આરંભની આવૃતિમાં આત્મ સાધનાની કલ્પના કરવા ઉત્સાહ ધરોછો, એ કેવું આશ્ચર્યકારક !!! વળી દશાવીકાળિકના ચોથા અધ્યયનમાં કહ્યુંછે જે.

गाथा. जयंचरेजयंचिठ्ठेजयंमासेजयंसए,

जयंभुजंतोभासंतोपाव्वकम्मंनबंधइ. ८

ભાવાર્થ—આઠમી ગાથામાં સંજમ ધરનાર મુનીને કહ્યું છે જે અરે ધર્માર્થી છકાય જીવોના પ્રાણ રાખવાની ખાતર અને તારા આત્માને કર્મરૂપ બંધનોથી મુકત કરવા-

ને માટે મોક્ષ માર્ગમાં જતના કરીને ચાલજે, યા ઉભો રહેજે, યા બેસજે, યા સંથારે સયન કરજે, યા નિર્દોષી ભોજન કરજે, યા નિર્દોષી ભાષા બોલજે, એવી રીતે સદા ઉપયોગમાં વર્તશો તો પાપ એટલે જીવહિંસારૂપ કર્મના બંધનમાં નહીં બંધાઓ. એ મજકુર ગાથાના અર્થનો ફેલાવ કરતાં પાર આવે તેમ નથી. માટે સૂલભબોધી સજ્જનોએ ખરૂં ધ્યાન આપીને સમજવું એવી રીતે સર્વ ગણધર માહારાજે સર્વજ્ઞ કેવળી ભગવંતની શાક્ષિ સાથે સિદ્ધાંતો ગુંથેલા છે. તે સર્વનો ભાવાર્થ આદ્ય પર્યંત સરખાવતાં એક અંશમાત્ર પણ ફેરફાર ન થાય એમ સિદ્ધ થએલું છે.

પરંતુ કાળાંતરે કેવળજ્ઞાની મહારાજના વિરહ કાળપછી જે જે આચાર્યે સિદ્ધાંતોના આધાર ઉપર ધ્યાન આપીને પોતાની નામદારીને માટે ગ્રંથના પ્રબંધ બાંધેલા છે. તેમાં કેટલોક ભાગ તો મુળ શાસ્ત્રોને અનુસરીને રચેલો છે, અને કેટલોક ભાગ દેશકાળ પ્રવર્તાવવામાટે યા પંચમા કાળના ઉત્પાતનેલીધે બુદ્ધિમાં ન સમજાયાથી, યા પોતાના ભરણપોષણમાં હરકતો ન આવવાદેવી એવા અનેક વિચારોની સાથે પ્રપંચી શબ્દોના સમાવેશથી મિશ્રિત કરીને મુળ શાસ્ત્રથી બાહાર બીજા ગ્રંથો આશરે એક લાખ અને આડત્રિસ હજાર રચાયા છે, તેમાં કેટલાએક ગ્રંથોમાંતો એકાંત આરંભ સમારંભથી પુજાનોજ પાઠ સમાવેશ કરેલો છે. તેમજ કેટલાએક ગ્રંથોમાં સારંભથિ,

ગુરૂભક્તિનોજ સમાવેશ કરેલો છે. તેમજ કેટલાએક ગ્રંથોમાં એકલા પહાડ પર્વતે તિર્થ કલ્પિ દેશં ચણાવીને પાષાણાદિકની પ્રતિમા બેસાડવા માટે મહુદફળ બતાવી મહા આરંભનોજ સમાવેશ કરેલો છે. તેમજ કેટલાએક ગ્રંથોમાંતો મજકુર તિર્થોએ જાત્રા જવું, તેના આરંભમાં મળતા લાભનોજ સમાવેશ કરેલો છે. એવી રીતે જે જે ગ્રંથ કર્ત્તા આચાર્યોને કાળના માહાત્મ પ્રમાણે પોતાના તથા શેવકોના મનને પ્રસંન કરવાના કારણે સુઝતાં ગયાં તેવી તેવી બાબતમાં ગ્રંથો સ્વઇચ્છાએ રચી રચીને તેનું માહાત્મ વધારતા ગયા. પરંતુ તેમાં લોકોપયોગી મનરંજીત કરવાના વહેવારોની પુષ્ટિના ગ્રંથો રચ્યા, તેમજ પોતાના શારિરીક સુખનો લાભ મળે તેવો બોધ કરતા ગયા, તે સબબથી મૂળ સુત્રોનો ભાગ અલ્પ રહયો, ને ગ્રંથોનો ભાગ વધી ગયો. માટે આ ઠેકાણે ધર્મીજનોને જાણવાનું એટલુંજ કે તે આચાર્યના કરેલા મિશ્ર ગ્રંથને તથા ગણધર મહારાજે કેવળજ્ઞાની મહારાજની શાક્ષિથી ગુંથેલા મૂળ સૂત્ર, તે બંનેને સરખાવતાં પરસ્પર ભેદ પડેલો છે, તે તરત માલમ પડી આવશે. મતલબ કે અનંત જ્ઞાનની શક્તિએ જે સૂત્રો રચેલા છે, તેમાં આદ્ય પર્યંત, નિર્વદ્ય અને નિર્લેપબોધ મળી આવે છે; અને કળીકાળના આચાર્યોએ રચેલા ગ્રંથો છે, તેમાં જ્યાંસુધી મૂળ સૂત્રોનો આધાર રાખીને રચ્યા ત્યાંસુધી નિર્વદ્ય અને નિર્લેપબોધ દાખલ કર્યો છે. પરંતુ કળીકાળના પ્રવર્તમાનનો સ્વભાવ ઉદય થ-

યો, ત્યારે સૂત્રથી ઉલટી રીતે હિંસા બોધકમાં ઉતરી પડીને મજકુર ગ્રંથોમાં દયારૂપ વાકયતો જુજ વાપરેલા છે, ને હિંસા વચનમાંતો કાંઈ ખામીજ રાખેલી નથી. તો અહો મિત્રો! તેવા ગ્રંથોને સિદ્ધાંતોરૂપ કેમ કહેવાય? તે વિવેકીજનોએ બહારિક જ્ઞાનચક્ષુથી વિચારી લેવું. પરંતુ આ સ્થળે અમારે કહેવાનો હેતુ એટલોજ છે કે જે જે ગ્રંથોમાં જે જે વાત, જે જે અર્થ, ને જે જે શબ્દ મૂળ શાસ્ત્રના બોધને વિરૂદ્ધ પડતાં ન આવે, તેમજ નિર્વદ્ય વચન વિતરાગના બોધ પ્રમાણેજ મળી આવે, તે સર્વ પ્રમાણ કરવું, એ વિદ્વતા તથા સ્વધર્મની પુષ્ટિ કર્ત્તા છે. મતલબ કે આચારંગ સૂત્રમાં તથા નંદી સૂત્રમાં કહ્યું છે જે મિથ્યાત્વ સૂત્ર સમકિતીના હાથમાં આવે ત્યારે તે ઉપરથી સમકિતી જીવ, નિર્વદ્યબોધ કરીને ધર્મ દીપાવે; તેમજ દયાનો ફેલાવ કરે. માટે તે સમકિત, નિશ્રિત વેદ, પુરાણ, કુરાન વિગેરે સમકિત સુત્ર સમજવા, એ નિ:સંદેહ. પરંતુ જે અગિયાર અંગ તથા બાર ઊપાંગાદિક જૈન ધર્મના સમકિત સૂત્રછે. તે અન્ય દર્શનીના હાથમાં જાય, ત્યારે તે ઘણિજ નિર્વદ્ય ભાષાથી ભરપુર હોય. પણ અન્યદર્શનીઓ તે સુત્રોના સાવદ્ય ભાષાથી બોધ વાપરણ કરેછે. તેવા હેતુથી તે સુત્રોને મિથ્યાત્વ નિશ્રિત મિથ્યાત્વ સુત્ર કહીએ. માટે અરે મિત્રો! જે જે શાસ્ત્રોના વાકયથી નિર્મળ ગુણ, યા જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપની પુષ્ટિ થાય, તે સર્વ વાકયો માન્ય પુજય યોગ્યછે. સબબ કે

રિતશાગે સર્વ સુત્રોનોતો નિર્વંધ બોધે કરેલોજ છે. પરંતુ અન્ય મતના શાસ્ત્રમાં શુદ્ધ ધર્મનું સાધન કરવા માટે શ્રીમદ ભગવતગીતાના બારમા અધ્યાયના ત્રીજા ને ચોથા શ્લોકમાં કહ્યુંછે કે.

येत्वक्षरमनिर्देश्यमव्यक्तंपर्युपासते;
सर्वत्रागमचिंत्यंचकूटस्थमचलंध्रुवं. ३
संनियम्यैंद्रियग्रामंसर्वत्रसमबुद्धयः
तेप्राप्नुवंतिमामेवसर्वभूतहितेरताः ४

ભાવાર્થ—જે સર્વ પ્રાણીનું ભલું ઇચ્છવામાં સદા તત્પર ને ઇંદ્રિય સમુદાયને નિયમમાં રાખીને સર્વ ઠેકાણે સમબુદ્ધિ સહિત અક્ષરની દેશ્ય, અવ્યગત, સર્વ વ્યાપક, અચિંત્ય, કુટસ્થ અચળ, ધ્રુવ, એવા સ્વરૂપને વિષે રમે, તે પરમાત્માના પદને પહોંચે એમાં શું આશ્ચર્યછે !!

श्रेयोहिज्ञानमभ्यास्याज्ज्ञानात्ध्यानंविशिष्यते;
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छांतिरनंतरम् १२

ભાવાર્થ—શ્રેષ્ટ જન્મ એનો કે જે આત્મિક સાર્થકને માટે જ્ઞાન અભ્યાસ કરેછે; અને તે જ્ઞાન વૃદ્ધિના લાભમાં મહદશુદ્ધ ધ્યાન પ્રગટ થશે, તેમજ તે શુદ્ધ ધ્યાન પ્રભાવથી જન્માંતરના ઉપાર્જેલાં કર્મોના ફળનો ત્યાગ થશે. અર્થાત ત્યાગ ધર્મ પ્રગટવાથીજ મોક્ષ ધર્મમાં મળી જવાય છે. માટે જ્ઞાન અભ્યાસમાં શાંત દશાનો સ્વભાવછે, ને તે

સ્વભાવથી પોતાનું તથા સર્વ જંતુઓનું રક્ષણ કરે, તે નીચે મુજબ.

अद्वेष्टासर्वभूतानांमंत्रःकरुणएवच;
निर्ममोनिरहंकारःसमदुःखसुखःक्षमी १३

ભાવાર્થ—જે જ્ઞાની ધર્મીપુરૂષછે તેને દ્વેષ નથી, અને તે સર્વ ભુતનો મિત્ર દયાવાન સ્વભાવમાં મગ્ન રહે છે, તથા અહંકારાદિક મમતા રહિત રહેછે. વળી જેને સુખ અને દુઃખ સમાનછે ને સદા દયાને ક્ષમાનો નિઃગૃહ કરેલોછે, એવા પુરૂષોને સંસારમાંથી તરી જવું સુગમછે વળી ગિતાના તેરમાં અધ્યાયનો સાતમો શ્લોક નીચે મુજબ.

अमानित्वंअदंभित्वमहिंसाक्षांतिरार्जवम् ॥
आचार्योपासनंशौचंस्थैर्यमात्मविंनिग्रहः ॥७॥

ભાવાર્થ—હવે જ્ઞાની આત્મા કેમ કેહેવાય! અહો અરજુન! જેમાં નિરાભિમાનપણું તથા અદંભિપણું તથા અહિંસાપણું તથા શાંતી એટલે ક્ષમાપણું તથાપોતાના આત્માનુંસદા નિર્મળપણું તથા જેણે ધર્મનો રસ્તો બતાવ્યો તે આચાર્યની યથાયોગ્ય ભક્તિ ત્રિકર્ણશુધ્ધે કરવી, તથા આત્માના મુળ ગુણોને આધારે અશુદ્ધ કર્મોથી જય પામવું તે. એ સર્વ ગુણજ્ઞાની આત્મામાટેજ ઘટેછે ને તેના સર્વ ગુણ સિદ્ધિ છે તેમજ તેરમા અધ્યાયનો અગિયારમો શ્લોક.

अध्यात्मज्ञाननित्यत्वंतत्वज्ञानार्थदर्शनं ॥
एतत्ज्ञानमितिप्रोक्तमज्ञानंयदतोन्यथा ॥११॥

ભાવાર્થ--જેને આધ્યાત્મ જ્ઞાનમાં નિત્ય વિચાર છે, અને તત્વ જ્ઞાનના અર્થનું સર્વદા જોવાપણું છે; તેનું નામ જ્ઞાન કહેવાય. માટે એવિના જેજે અનેક કાર્યોછે તેને અહો અરજુન! અજ્ઞાનતાનુંજરૂપ સમજ! વળી પંદરમા અધ્યાયનો અગીયારમો શ્લોક.

यतंतोयोगिनश्चैनंपश्यंत्यात्मन्यवस्थितं ॥
यंतंतोप्यकृतात्मानोनैनंपश्यंत्यचेतसः ॥११॥

ભાવાર્થ--સ્વ તથા પર આત્માના યત્ન કરનારા જોગી પુરૂષ પોતાની જ્ઞાનબુદ્ધિમાં રહેલા જીવને સદાય જુવે છે. તેવા પુરૂષ આ જગતમાં સર્વોપરી છે. પરંતુ જેણે જ્ઞાનીપણું ધરાવીને પોતાના ચિત્તનું સાધન કરેલું નથી, તેવા મુઢ જડબુદ્ધિવાળા જતનાવંત નામ ધરાવતાં છતાં પણ પોતાને તથા પરને દેખવા સામર્થ્ય થતા નથી એવા અજાણ પ્રાણી મોક્ષ લાયક પણ નથીજ. વળી સોળમા અધ્યાયના બીજા શ્લોકમાં સંસાર તારનાર સદગુણી પુરૂષનાં લક્ષણ બતાવ્યાં છે, તે નિચે મુજબ.

अहिंसासत्यमक्रोधस्त्यागःशांतिपैशूनम् ॥
दयाभूतेषुलोलुप्त्वंमार्दवंन्हीरचापलं ॥२॥

ભાવાર્થ—અહિંસા એટલે જીવદયા, સત્ય, અક્રોધીપણું,

ત્યાગપણું, શાંત સ્વભાવ તથા અપૈ શુન્ય એટલે ચાડીયાપણું જેણે છાંડેલું છે તથા સર્વ ભુતની દયા પાળે તથા અલંપટપણું, માર્દવ એટલે સદા નીરાભીપણું, સદા લજ્જાવંતપણું તથા સ્થિર સ્વભાવથી અચપળતાપણું, એ સર્વ ગુણ સંપન હોય તે પુરૂષ તરણ તારણ સમજવો. તે સિવાય કોઇ પુરૂષ તરવા નો રસ્તો બતાવવા સામર્થ્ય નથી. એવા નિરાપક્ષી બોધરૂપી વાકયો પરધર્મીઓના દરેક શાસ્ત્રમાંથી મળી આવેછે તેમાં મજકુર શ્લોકોનો બોધ જૈન ધર્મના મુળ સિદ્ધાંતોની સાથે પરસ્પર મળતા જાણી તે વાકયો ધર્મીજનોને આચરણ કરવા યોગ્ય છે. માટે જેટલા વાકયો નિરાપક્ષી છે તેઓને સમકિતસુત્રની સાથેજ સમજવાં. પરંતુ જેજે વાકયો સમકિત જ્ઞાનશાસ્ત્રના મતને અણમળતા હોય તે સર્વે હ્ય એટલે ત્યાગવા. એમ શાસ્ત્રઅનુસારે જ્ઞાનદ્રષ્ટીથી વિચારતાં માલમ પડે છે. પણ કોઇ ધર્મમાં દયાથી ઉલટી રીતે થઇને હિંસા બુદ્ધિથી જીવનું કલ્યાણ થશે, એમ કહેવાતું નથી. તો તમે દયા ધર્મી એવું નામ ધરાવીને સર્વ ધર્મીક કાર્યોમાં પ્રથમથીજ હિંસાનું પ્રતિપાદન કરીને સ્વઆત્માના કલ્યાણની ધારેલી મુરાદ હાંસલ કરવા ધારો છો તો એ કાંઈ જૈન ધર્મના શાસ્ત્રોને અનુસારે સમકીતી કહીસકાય નહીં. કારણ કે સમકિત સહિત જ્ઞાન ધરનાર પુરૂષોનું સદા ચોખ્ખું ચિત્ત સર્વ પ્રાણીઓના રક્ષણને માટેજ હોય. પરંતુ કોઈપણ પ્રાણીના પ્રાણના બચાવમાં ગેરહાંસલરૂપ ન હોય, એમ તો શાસ્ત્રમાં

બુદ્ધુ માલમ પડેલું છે પણ તપામતિ ઘણાજ તાતા એટલે ગરમ અગ્નિરૂપ સ્વભાવના વાકયોથી દયારૂપ બોધના કરનાર ઉત્તમ ધર્મીઓની સામે હિંસાનું પ્રતિપાદન કરવા અનેક કુતર્કો સહિત વાંધો લેવા તત્પર થાય છે, અને સ્વ અભિમાનથી હિંસા ધર્મની પુષ્ટિ કરવાની ખાતર વિતરાગ ભાષિત મુળ શાસ્ત્રોનું ઉલંઘન કરે છે. એવી અજ્ઞાન બુદ્ધિ રાખનાર હિંસામતવાળાઓને જૈનના મુળ શાસ્ત્રોની પ્રહેળીકા જોતાંતો સંસારીક દુઃખથી મુકત થઈ જવું એ મહા મુશ્કેલ છે. પરંતુ અન્ય ધર્મના શાસ્ત્રોમાં પણ શાક્ષિ છે. તે નીચે મુજબ.

ગીતાના સોળમા અધ્યાયનો અઢારમો શ્લોક.

अहंकारंबलंदर्पकामंक्रोधंचसंश्रिताः ॥
मामात्मपरदेहेषुप्रद्वीषंतोभ्यसूयकाः ॥१८॥

ભાવાર્થ—આ જગતમાં અા જ્ઞાનીજનો મદ એટલે અહંકારથી ભરપુર રહેછે, ને એમ કહેછે જે અમારી જ્ઞાતી ઉંચી ને મોટી, અમારૂં કુળ શ્રેષ્ઠ ને અમો મોટા ધનાઢ્ય તથા અમો ઘણા શાસ્ત્રોમાં પારાગત થયા, એ વિગેરે અનેક રીતે સ્વઅભિમાન કરીને તેમજ કામ રાગથી પુષ્ટિ પામેલું સદાય જેનું અંતઃકરણછે, તેમજ પોતાની નીચી બુદ્ધિથી ગ્રહણ કરેલા કુપંથ તેનું મહાત્મ વધારવા માટે સર્વ જનોની સાથે ક્રોધાકુળ થઈને મજકુર કહેલા દુરાચરણોના આશ્રવ કરી શુદ્ધ, શ્રેષ્ઠ અને નિરાપક્ષી માર્ગની નિં

દા કરેછે. એવા પુરૂષ પોતે દ્વેષરૂપ સમુદ્રમાં ઘસડાઇ જતાં ઉત્તમ ધર્મીઓને પણ તેમજ કરવા ધારેછે. તેવો પ્રાણી અહો અર્જુન ! પુરેપુરો મારો દ્વેષીછે. એમ અન્ય શાસ્ત્રોમાંથી પણ નીકળી આવેછે, તો તેવા પુરૂષોની બાબત જૈન શાસ્ત્રમાં ધિકકારેલી હોય, તેમાં શું નવાઈ છે. ???

હવે આ પ્રસંગે કહેવાનું જે આ પહેલા પ્રશ્નમાં દયા પાળવાનું વિવેચન શાસ્ત્રોના આધારથી આપેલું છે. તેમાં કેટલાએક અન્ય શાસ્ત્રોના શ્લોકો જૈન શાસ્ત્રના વાકયોને મળતા જાણી સુત્ર વચનની પુષ્ટિમાટે દાખલ કરેલાછે. પરંતુ તેહનો હેતુ એટલોજ કે જૈન ધર્મના મુળશાસ્ત્રોતો નિર્વદ્ય બોધમાં રચાયાંછે. પણ અન્ય દર્શનીઓ છકાયને સારંભે વર્તતાંછતાં તેમણે બનાવેલા ગ્રંથમાં કેટલેક સ્થળે નિરાપક્ષ બુદ્ધિથી જાણે તેટલી દયા પાળવા વિષે બોધ કરેલોછે. તો કહેવાનું એટલુંજ કે વિતરાગ દેવે છકાયના બચાવની ખાતર સિદ્ધાંતોનો નિરાપક્ષ બોધ કરવામાં કાંઈપણ ઘટ રાખેલી નથી. એમ સુત્રના દયારૂપ વાકયોને સુત્રના આધારથી તથા અન્ય દર્શનીનાં શાસ્ત્રોથી પુષ્ટિ મળેછે. માટે વિતરાગની આજ્ઞા દયામય છે, પણ હિંસા કરવાની નથી.

## કયબળીકમ્માનું પ્રશ્નોત્તર.

૧ પ્રાચિન કાળમાં ઘણા ધનવાન શ્રાવક ગૃહસ્થો તથા ઘણા દેશાધિપતિ જૈનધર્મી રાજાઓ હતા. તેઓ સદ્‌ગૃહસ્થાઈના કારણથી પોતાને રહેવાના મકાનો ચણાવતા

ત્યારે સુવાના, બેસવાના, સ્નાનમંજન કરવાના, આભુષણ પોશાક પહેરવાના એ વિગેરે ઘણાં જુદાં જુદાં ખાતાનાં મકાનો ચણાવીને ગૃહસ્થાઈ ચલાવતાં તેમજ તે ગૃહસ્થોને અમુક અમુક માંગળિક કાર્યનો વખત આવતો, ત્યારે દરેક ગૃહસ્થ પ્રથમ સ્નાનમંજન કરવાના ઘરમાં જઈને સ્નાન કરવાના આસનપર બેસે, તે વખતે તેને સ્નાન વિધિ કરાવનારા શેવકો અનેક પ્રકારના ઉત્તમ દ્રવ્યોથી મિશ્રીત પીઠી તેલ વિગેરેથી મર્દન કરાવે. ત્યારબાદ અનેક જાતીના પાણિથી સ્નાન કરાવે, તે સ્નાનની વિધિનો હેતુ એટલોજ કે શરીરની શુદ્ધતાને માટે, તથા બળ, પુષ્ટિ, પરાક્રમ વૃદ્ધિ પમાડવાના હેતુએ. તે વિધિનો જે જે સુત્રમાં અધિકાર છે, ત્યાં "कयबलीकम्मा" એવો પાઠછે. હવે એ પાઠનો અર્થ શરીરનું બળ પુષ્ટિ કરવાનોછે, ત્યાં કેટલાએક મતાવલંબીત પુરૂષો મિથ્યાત્વોદયથી આશ્રવ માર્ગની પુષ્ટિની ખાતર ટીકાના કરનારે એમ અર્થ કર્યો છે, જે ઘરના દેવની પુજા કરવી. એટલોજ અર્થ કર્યો છે. પરંતુ કેટલાએક પોતાના મતજંગથી એવી કુયુક્તિ મેળવેછેજે સમકિતી શ્રાવકને ઘરેતો તિર્થંકરની પ્રતીમા છે, માટે શ્રાવકને ઘરના દેવ તે તિર્થંકરની પુજાઓ કહેલી છે, એમ અર્થ કરેછે. તેઓને કહેવાનું એટલુંજ કે ટીકાના કરનારાએ તો તિર્થંકરની પ્રતિમા પુજવી, એમ મુળગોજ અર્થ કર્યો નથી. તો તમોએ આવું ડહાપણ કયાંથી કહાડયું? મતલબ કે ટીકા કરનારનો તથા તિર્થંકર ઠરાવ-

નારનો પરસ્પર મત મળતો આવતો નથી, તેજ અઘટિતછે.

હવે આ પ્રસંગે અલ્પમતિ મિત્રોને કહેવાનું જે તિર્થંકર મહારાજે વ્યવ્હાર સંબંધી ભોગાવળીકર્મનેઅંતે વૈરાગદશાના લાભમાં કાર્મીક જગત જનોએ ચણેલા ઘર બાર વિગેરે સર્વને છોડીને દીક્ષા લીધી. ત્યારબાદ ચાર ઘંનઘાતી કર્મક્ષય થઈજવાથી કેવળજ્ઞાન પ્રગટ થયાપછી ચાર તિર્થ સ્થાપીને તેઓના હેતને અર્થે ઉપદેશ દઇને વ્યવ્હારીક ઘરનાં બંધનમાંથી છોડાવેછે. અને સાસવતું સિદ્ધપદરૂપ ઘર ત્યાં પહોંચાડવાનો બોધ કરીને પોતે વાયુની પેઠે નિર્બંધન રહેછે. પણ કોઈના મોહરૂપી બંધનમાં નથી. હવે તેવા તિર્થંકર મહારાજને ગૃહસ્થપણાની અવસ્થામાં પોતાને રહેવાને માટે ઘર નહોતું ! કે તે તમારા ભુંડા કુબામાં આવી જુલમી પરાધિનપણામાં રહી તમારા વજ્જરરૂપી આંગળીના ઘોંકા ખાવા ઘરના દેવ થઈ રહે !! એમ કદી કોઈના તાબામાં રહેલાજ નથી. મતલબ કે તેઓનાં નામ વિતરાગ કહેવાયછે. એટલે ક્ષય થઈ ગયા રાગ બંધન. તો તે કેના ઘરના દેવછે! વળી જેણે માત, પીતા, સ્ત્રી, પુત્રાદિકનું પણ બંધન રાખેલું નહોતું, તો તમો શું વધારે તેમના ખાન દાન હેતાર્થે હતા કે તમારા ઘરના દેવ તરીકે વસે! એમ કદી હોયજ નહીં. પરંતુ ઘરબારીના બંધનમાં બંધઈ જઈને જે દેવ ઘરમાં બિરાજે છે, તેતો પિત્ર, સત્તિ કુળદેવ યા કુળદેવી વિગેરે વ્યવ્હારના ભોગીદેવ હોય, તેજ ઘરમાં બેસેછે. વળી કદાચ કોઈ

ન બેસારે તો કેટલાએકનાં ઘરનાં માણસને ધુણાવી ધધ્રા-વીને પણ ઘરમાં બેસેછે. માટે એ તમારા ઘરના દેવ હોય તો ના કહી શકતા નથી. પણ વિતરાગને માટે તો એમ છે જે, જે દીવસથી તિર્થંકરે ઘર છાંડેલું હતું, તે દીવસથી જ્યાં જ્યાં વિહાર કરીને ગયા ત્યાં ત્યાં શાહેરોમાં અને બહાર યા કોઈની શાળામાં યા કરિયાણાની વખારમાં યા રાજ સભામાં, એવા પ્રાસુખ નિર્દોષી મુકામો સ્ત્રી, પુરૂષ, નપુંશક, વર્જીત તેમાં સ્વાધિનપણે નિર્બંધન થઈ સમોસરણે બિરાજેલાછે. પણ કોઈ વખતે ત્યાગ અવસ્થા-એ ભોગી લોકોના સ્વાધિનપણામાં તેના ઘરમાં વિચર્યા નથી. એમજ અંતક્રિયાથી વિદેહમુકત પામ્યાછે. પરંતુ જ્યારથી સંજમ લીધો ત્યારથી શિવપદ પહોંચ્યા ત્યાંસુધી બહારના બહાર રહ્યા, પણ પાછા કોઈના ઘરમાં આવી બેઠા નથી. તો તમે ઘરમાં બેસાડવાનો અર્થ કરોછો તો તે-માં પુછવાનું કે એ દેવ કેવી અવસ્થાનાછે? તે કહો. વળી તિર્થંકરની ત્યાગ અવસ્થાને ઘર ભળાવશો તો તેમાં પડવાઈ થઈ જવાનો સંભવ ધારતા હો તો ઘરમાં બેસે, પણ અ-મારા ધ્યાનમાંતો એમછે કે અનંતજ્ઞાની તિર્થંકર મહારાજ અપડવાઈછે. માટે ઘરમાં કેમ બેસે ? વળી તમારા ઘરમાં બેઠેલા દેવોને પ્રતિમાતો કહેવાય, પરંતુ તિર્થંકર દેવ કે-મ કહેવાય ?

૨ વિશેષ મજકુર શબ્દનો અર્થ તમારા માનવા પ્ર-માણે દેવ પુજા થતો હોયતો કુળદેવાદિક દેવોને સમકિતી

શ્રાવકો જગતનો વ્યવહાર રાખવા માટે પૂજે અર્ચે તો તેમાં શું આશ્ચર્યછે? પણ એમતો ખરૂં કે મોક્ષ ધર્મને હેતે ન પુજે. દ્દષ્ટાંત. જેમ હાલમાં કેટલાએક શ્રાવક વ્યવહારી લોકો જગત વહેવાર ખાતે વિવાહ વિગેરે પ્રમોદ મહોત્સવમાં ગણેશ. ભૈરવ, નવગ્રહ તથા દીવાળીમાં લક્ષ્મી તથા સરસ્વતી પુજન કરેછે, તેમાં કાંઈ મોક્ષ ખાતું જાણતા નથી. પણ વ્યવહારીક સુખમાટે કરેછે, એટલું પ્રતિ બંધન ગણવું, પણ નિર્જરાહેતુ ન સમજવું.

૩ જેમ ભરત ચક્રવૃતિ ચક્રરત્નની પુજા કરે છે તે સર્વે વ્યવહારીક ખાતે છે. તે પુજાનો પાઠ જંબુદ્વીપ પ્રજ્ઞપતિ સુત્રમાં જોઈ લેવો.

૪ જ્ઞાતા સુત્રના આઠમા અધ્યયને અરણક શ્રાવકનો અધીકાર છે, તેમાં તે અરણક શ્રાવક મુસાફરીને માટે વહાણમાં બેસતી વખતે ભોગી દેવોને બળ બાકળા દીધા તે વિગેરે કેટલાએક વ્યવહાર કારણો કરેલા છે, તે પણ વ્યવહારીક સુખનેઅર્થેજ કરેલા છે. પરંતુ નિર્જરાહેતુ નથી.

૫ અંતગડ સુત્રમાં ત્રીજા વર્ગના આઠમા ઉદેસામાં ભદલપુર નગરના રહિસ નાગશેઠની સ્ત્રી સોળસાજીએ પુત્રની વંછા માટે ઘણા દીવસ હરણમેસી દેવની પુજા કરી હતી, તે પણ સંસારીક સુખાર્થે. એમ ઘણે ઠેકાણે સંસાર વ્યવહારનેઅર્થે સારંભી દેવોની ગૃહસ્થો પુજા કરેછે. પણ તિર્થંકર તો સારંભથી કદી પુજાય નહીં મતલબ કે

મુળમાંતો " કયબળીકમ્મા " શબ્દનો અર્થ દેવ પુજા કરવાનો થતો નથી. પરંતુ એનો અર્થ તો નહાવાના ઘરમાં શરીરની વિભુષા, શોભા, તિલ્લકાદિક બળ, પુષ્ટિને માટે છે. તે સુત્ર સાક્ષીએ કહેછે.

૬ ભરતેશ્વરના સ્નાનાધિકારે સવિસ્તારથી પાઠ છે. ત્યાં " કયબળીકમ્મા " શબ્દ બીલકુલ નથી. તો શું તે ઠેકાણે તેને ઘરના દેવ નહોતા? જરા વિચાર કરીને અર્થ કરો તો સમજણ પડે.

૭ ઉવ૦વાઇ સુત્રમાં કોણીક રાજાના સ્નાનાધિકારે પણ મજકુર પાઠ નથી. અને કોણીક રાજાને "पेमाणु रागस्ता" એટલે ઘણા પ્રેમથી ભકિત કરવામાં રંગાઇ ગએલો છે. એમ કહ્યું છે. પણ " કયબળીકમ્મા " નો પાઠ નથી તો તેણે પુજા પણ શેની કરી હશે ? કારણ કે સિદ્ધાંતોમાં જ્યાં જ્યાં સવિસ્તરે સ્નાન મંજનના અધીકાર ચાલ્યા છે, ત્યાંતો મજકુર પાઠ નથી. અને જ્યાં જ્યાં વિધિવાર પાઠ નથી ત્યાં ત્યાં મજકુર પાઠ છે. તો અવશ્ય છે કે એ શબ્દનો અર્થ શરીરના બળ, પુષ્ટિને માટે છે.

૮ જ્ઞાતાજીના બીજા અધ્યયનમાં ભદ્ર સાર્થવાહની સ્ત્રીના અધીકારનો પાઠ છે. તેમાં તે સાર્થવાહની પુત્રની ઇચ્છાએ નગર બાહારના નાગ ભુતાદિકની શેવા માનતાનેઅર્થે પુજાપો લઇ ગઇ છે. ત્યાં સ્નાનને અવસરે સર્વ પુજાપો વાવ્યને કાંઠે મુકીને પોતે વાવડીમાં ગઇ. ને સ્ના-

ન કરતી વખતે " કયબળીકમ્મા " ના પાઠ છે તા ત્યાં કયા તીર્થંકર યા દેવને પુજ્યા? ને પુજ્યા કહો તા શેનેકરીને પુજ્યા? કેમકે પુજાપા તા સર્વ બહાર મુકયા છે ને પુજાવિધી પુજાપાથીજ બને છે એમ કહો છો. વળી આવે વખતે તમો પાણીની અંજળી અર્પણ કરી પુજ્યા એમ ઠરાવો છો તે કેવી બુદ્ધી કેળવો છો? પરંતુ જળ અંજળી અરપણ કરતાં પુજા કબુલ રાખો છો તો તમારા દેવળમાં તથા ઘરમાં જે દેવ કળપી બેસાડયા છે તેને પણ જળ અંજળી અરપણ કરીને વોસિરાવતા કેમ નથી? અને આવડો છકાયના પ્રાણ હરવાનો જુલમ કેમ ગુજારો છો? કારણ કે એક અંજળી જળનો આરંભ કરવો શાસ્ત્રમાં ધર્મ ખાતે કહયો નથી. તો પણ આપ બાળ મિત્રાએ છકાય જીવની પાસે કાળાંતરનું પુરેપુરૂં વેર શોધવા માંડયું છે. એમ સંભવે છે. પરંતુ ત્યાં વાઢ્યમાં મજકુર શબ્દને માટે ભદ્રા સાર્થવાહનીને વૈશ્નઓના દાખલો આપ્યો છે પણ તમારામાં તથા વૈશ્નવ ધર્મીઓના પુજનમાં શું તફાવત છે કે તેનો દાખલો આપવો પડે છે આ જવાબમાં તો તમો પણ ભદ્રાની રીતે ઘર દેવને જળ મેલીને વખત સાચવતા હશો!! એમ તમારા કેહેવા પ્રમાણે સંભવે છે.

૯ જ્ઞાતાજીને અધ્યયન સોળમે દ્રૌપદિના સ્નાનાધીકારે નગ્ન ભાવે " કયબળીકમ્મા " ના પાઠ છે ત્યાં પાછલા સ્વપ્નાવસ્થાના પાપ છેદન કરવા માટે વ્યવ્હારીક સ્નાન મંજન તે, બળ પુષ્ટીની વૃદ્ધિ કરવાને માટે અ-

નેક જાતના જળથી મંજન કરી સંગળીક વ્યવહારીક વસ્ત્ર પેહેરીને નિધાન ફળની મુરાદ હાંસલ કરવા ઘરના વ્યવહારીક જીન દેવની પૂજા કરવા ગઈ છે. પરંતુ નાહવાના વખતમાં " કયબળીકમ્મા " ને ઠેકાણે તિર્થંકર યા અન્ય દેવની પૂજા કહે છે તે સંબંધ કેમ મળે! પૂજા કરવા ગઈ તે ઠેકાણાનો પાઠ એક ઘણી મુદતની લખાએલી જ્ઞાતાજીના મુળ પાઠમાં તો નીચે લખવા મુજબ છે.

## जिणपडिमाणंअच्चणंकरेइकरेइत्ता

એ પાઠ સિવાય મુળમાં નમોથુણં યા ચૈત્યવંદન યા પ્રદક્ષિણા યા તીખુતો ઈત્યાદિક સુરીઆભ દેવની ભલામણનો કિંચિત પાઠ નથી. કારણ કે દિલ્લી શેહેરમાં ઉદયચંદજી જતિ છે તેની પાસે છસેં વરસનું જ્ઞાતાસુત્ર લખાએલું છે. તેમજ કનૈયાલાલજી ગૃહસ્થપાસે ગણા વરસો ઊપર લખાએલી જુની જ્ઞાતાજી છે. તે બે સુત્રોનો પાઠ પરસ્પર મળતો છે, એટલુજ નહીં પણ તે સુત્રો ત્યાંજ હાજર છે. માટે આ કાંક્ષાવાળાઓએ જોઇ લેવું ત્યાર પછીની લખાવટમાં આવેલી થોડાં વરસો ઉપરની જ્ઞાતાજીની પ્રતોમાં આવડો ફેર થયો છે, તો તેમાં થએલો ફેરફાર કલ્પિત સંભવે છે. રાજપ્રશ્ની સુત્રમાં કેશી સ્વામિએ પ્રદેશી રાજાના કરેલા પ્રશ્નના જવાબમાં કઠીઆરાનો દાખલો આપ્યો છે, તે કઠીઆરે જંગલમાં આખોદીવસ કાષ્ટ કાપવાના પરિશ્રમે થાકીને રસોઈ કર્યા અગાઉ યથા

યોગ્ય રીતે સ્નાન મંજન કર્યું ત્યાં " કયબળીકમ્મા " નો પાઠ છે. હવે ત્યાં ઘરદેવ, કે પરદેવ કોણ આવીને બેઠો હતો! કે તેની તેણે પુજા કરી, આ પાઠનો ઉત્તર આશ્રવમતિ એમ આપે છે કે ત્યાં તેના માન્ય પુજ્ય દેવને પુજ્યા હશે એમાં શું આશ્ચર્ય છે ! એમ મોઢેથી વકીલાત કરી કુતર્કો વાપરવા, તે રીતસર નથી. આ સઘળું જોતાં એમ જણાય છે કે આશ્રવમતિઓએ છકાય જીવોના પ્રાણ ભેદવા માટે ભયાનક શાસ્ત્રરૂપ જુલ્મી જન્મ ધારણ કર્યો હશે. કારણ કે દરેક વાતમાં હિંસાની પુષ્ટિવાળો મત આગળને આગળ ચલાવે છે એ કાંઇ ઓછુ અચંબાભુત નથી.

## દિક્ષા મહોત્સવવિશે પ્રસ્નોતર.

કેટલાએક મતજંગી હિંસાની પુષ્ટિ ખાતર એમ બોલે છે જે પ્રાચિન કાળમાં અનેક ગૃહસ્થોએ ઘણાં દ્રવ્ય ખરચીને દિક્ષા મહોત્સવ કર્યા. ત્યાં દિક્ષા લેનારના ભાવને પુષ્ટિકારક ટેકો આપ્યો. તે લાભનું કારણ છે. માટે દરેક દિક્ષા મહોત્સવે ઘણું ધન ખરચવું ને એવા મહોત્સવથી સંજમાર્થીની ભકિત થાય એમ કહે છે, તે વૃથા છે. કારણ કે પરિગ્રહ ખરચીને ભાવની ગોત કરવા ચાહે છે; પણ એમ કાંઇ ભાવની વખારો ભરી નથી, કે આરંભથી નિરજરારૂપ ભાવનો લાભ મળી જાય !! એમ તમારી અલ્પમતિને અનુસરીને કદી સમજતા નહીં.

કારણ કે શુદ્ધ ભાવ યા શુદ્ધ ધ્યાન એ બે તો જ્ઞાનદર્શનના ઉપયોગથીજ વધવાનાં છે. માટે પરિગ્રહથી આરંભ મેળવીને સંજમાર્થીની ભકિતને માટે મજકુર ભાવની આશા રાખે છે, તે બાળ અજ્ઞાનીઓની ભુલ છે. કેમકે વ્યવહારી લોકો ગૃહસ્થાઈમાં શકિતવાન હોય તો ધારેલા વિચારની સાથે દિક્ષા મહોત્સવમાં ધન ખરચીને ગમે તેવો વ્યવહારીક લાવ લઇ શકે. તેમાં ગૃહસ્થોની સ્વઈચ્છા હોય તેમ કરે, પણ એ.કાંઈ શાસ્ત્રરિવાજ પ્રમાણે નિરજરાહેતુ ન સમજવો. વળી વૈરાગ દશાવાળા પુરૂષોને માટે દિક્ષા મહત્સવ કરે યા ન કરે તોપણ શું ! મતલબ કે જે દિક્ષાના મોટા મહત્સવ વિના સંજમ લે તેના ચરિત્રમાં શું ઘટ થાય ? અને જે મોટા મહત્સવથી દિક્ષા લે તેના ચરિત્રમાં શું વૃદ્ધિ થાય ? એમ કાંઇ છે નહીં. કેમજે સંજતિ રાજા, દસારણ ભદ્રરાજા, ગૌતમાદિક અગિયાર ગણધર ભરતેશ્વર, મરૂદેવા, રિખભદત્ત, દેવાનંદા, વિગેરે અનેક સાધ સાધવીઓ તથા અંતગડ કેવળજ્ઞાની થયા, તેના દિક્ષા મહત્સવ સિદ્ધાંતોમાં ચાલેલા નથી પણ તેમણે જ્ઞાનદર્શનના આલંબનથીજ આત્મસાધન કરેલું છે. ભગવતીજીમાં નવમા સતકના તેત્રીસમા ઉદ્દેશામાંજ માળીનો દિક્ષા મહત્સવ થએલો છે. પણ આખર પડવાઈ થયા તે સર્વ પુર્વોપારજીત કર્માધિન છે. માટે મહત્સવાદિક વ્યવહારો સંસાર વ્યવહારના લાભે વૃદ્ધિ કરતા છે. તે નિ:સંદેહ.

# શ્રાવક તિર્થંકરના દરશાન કરવા જાય ત્યારે સ્નાન કરીને જાય એમ કહેછે તે પ્રસ્નોતર.

કેટલાએક મતિભ્રમિત એમ કહે છે જે ભગવાનના દરશાન કરવા શ્રાવકો જાય. ત્યારે સ્નાનમંજન કરીનેજાય, નહી-તો જવાયનહીં. એમ કહેછે તેને કેહેવાનું કે અહો આશ્રવમતિ! જે માણસ સમકિતી યા મિથ્યાત્વી સમોશરણે જવાના વખતમાં સ્નાનાદિક શરીરની શશ્રુખા વિભુષા કરે છે, તે પોતાની ગૃહસ્થાઇના વ્યવહાર માટે છે, મતલબ કે ગૃહસ્થને સદાય વ્યવહાર શણગાર શોભામાંજ છે પરંતુ નિરજરાહેતુ નથી. કેમજે સિદ્ધાંતના અધિકારોમાં જેજે શ્રાવકોએ યથાશકિતએ વૃત લીધા, તે વખતે સંસાર વ્યવહારમાં રહેતાં ન ચાલે તેવી બાબતની છુટ રાખી છે. પણ એ રાખેલી છુટને ધર્મ ખાતે માનતા નથી, તો સ્નાન કરીને જાય તેમાં શું આશ્ચર્ય છે !! તેમજ જો બત્રિશ માંહેલી કોઇ પણ પોતા પાસે અસજાય ન હોય તો સ્નાન કર્યાવિના શું હરકત છે ? તેનો વિચારતો કરો ? વળી કહેવાનું એકે ભગવતી શતક બારમાને પેહલે ઉદ્દેશે સાવર્થી નગરીના રહિશ સંખનામે શ્રાવક પોષધશાળા માંહેથી પોષાસહિત વીર સ્વામીને સમોસરણમાં વાંદવા ગયા હતા, ત્યાં ભગવંતે સંખજીને ઉત્તમ જાગ્રકા જાગનાર કહ્યા છે. તે વખતે શંખ શ્રાવકજી સ્નાન મંજન કર્યાવિનાજ ગયા હતા, તે વિચારી જુઓ ? વિશેષ કહેવાનું કે શ્રાવક

કેમ પાળીનારા ગૃહસ્થોએ જે જે સાગારી વ્રત આદરેલાં છે, તે વ્રતોને શુદ્ધ શ્રધાથી આરાધના કરીને પછી રાખેલી છુટોના આરંભને દીન પ્રતિદિન છાંડવા વિચાર કરે. પણતે આરંભને પુષ્ટિ ન કરે. પરંતુ વિનાકારણે નિરારંભીપણે રહી શકાય તેવા વિચારો ગોઠવવા કદી ચુકે નહીં. તેમજ તે ગૃહસ્થો ઘણા વરસસુધી સામાન્ય શ્રાવકપણું પાળે, તેમ છતાં ઊત્કૃષ્ટી શ્રાવકની કર્ણી કરવા ધારે ત્યારે અગિયાર શ્રાવકની પડિમા આદરે તે વખતે વિશેષણ એ જે બારવ્રત આદરતી વખતે છ છીંડીના આગાર રાખેલા હતા તેની પણ પહેલી પડિમા આદરતાં બંધી કરીલેછે. એમ પડિમા માંહે ચડતે નિયમે ચડતાં ચડતાં છઠ્ઠી પડિમાના વખતમાં સ્નાનાદિક કેટલાક છુટા વ્યવહારોને બંધીમાં આણીને શ્રાવકપણાની કર્ણી કરેછે. એવા પડિમાધારી ગૃહસ્થોને સ્નાનાદિકની બંધી થઇ તો તમારા કહેવા પ્રમાણે તેમનું સમોસરણે જવું બંધ થઇ ગયું કે શું? આ ઠેકાણે તમારા અવળા વિચારની શ્રધાથી જણાઈ આવેછે કે એવા નિરાશ્રવી પાદના દાખલા દેવાને તમો ઘણીજ શરમથી લજ્જત પામીજતા હશો. કારણ કે જે જે ગૃહસ્થોએ વ્યવહારને અનુસરીને સંસાર ખાતે કરેલા આરંભોના રિવાજના પાઠ આગળ ધરોછો તે વેળાએતો તમારા સ્વભાવનો વિચાર એમ જણાયછે કે જાણે છકાય જીવને ઓળખતાજ નહીં હોય તો કેમ જેવખતો વખત જેમ આરંભ વધે તેમ કરવા ધારોછો. પરંતુ પ્રાચિનકાળના શ્રાવક ગૃહસ્થોએ જ્ઞા

ન વૈરાગથી કેટલીક વસ્તુઓનો કરેલો ત્યાગ તથા ધર્મ ધ્યાન સાધવાના વખતમાં દેવતાદિકના કરેલા પરિસહ સહન કર્યા. એ વિગેરે કેટલીએક રીતથી શ્રાવકપણાની ઉત્કૃષ્ટ કર્ણી કરેલી. તેમ કરવા તો કદી ધારતા નથી. ને નાચવું, ખુંદવું, ખાવું, પીવું, ગાવું, બજાવવું, શોભા શણગાર રચવો એમ કરવા સદા વિચાર રહેછે તો શું એકલા સંસારનાજ લાભની ઇચ્છાછે કે?

## દોહરો.

जबलगतेरापुन्यका, पूगेनहींकरार;
तबलगगुन्हामाफहे, अवगुणकरोहजार.

ભાવાર્થ—અરે અજ્ઞાન મિત્રો! તમારા મનમાં ખાતરી તો હશે પણ હવે વિશેષ રાખવી જોઇએ. જ્યાં સુધી પુર્વોપાર્જીત પુન્યોદયછે ત્યાંસુધી જડમતિઓ સ્વઇચ્છાએ ધર્મ વિરૂદ્ધ ચાલવા ચુકતા નથી. કેમજે કરેલા કર્મોનો ગુનો માફી થઇ ગયો એમજ ગણતા હશો. પણ જ્યારે ખરી મુદત પાકશે ત્યારે વિતરાગના અમુલ્ય દયારૂપ વાકયો યાદ દાસ્તીમાં આવશે.

## પ્રતિમા દેખવા વાંદવાથી સમકિત પ્રગટે છે તે પ્રશ્નોત્તર.

કેટલાએક વિવેકહીન મિથ્યાત્વોદયથી એમ કહેછે કે પ્રતિમા દેખવા, વાંદવા અને પુજવાથી સમકિત પ્રાપ્ત થા-

યછે. પણ એમ કહેછે તે વૃથાછે મતલબ કે સમકિત પામવાનો રસ્તો તો શાસ્ત્રોમાં જ્ઞાન ભેદથી બતાવેલોછે તે વિગત આ જુલમી જગત ઝાળમાં અનંતા અનંત કાળથી સમકિતવિના મિથ્યાત્વ ધર્મની પ્રબળતાથી જન્મ જરા ને મર્ણેકરી પરિભ્રમણ કર્યું એમ અનંત કોટી જન્માંતરમાં રટણ કરતાં અનેક જાતના કષ્ટોથી અકામ નિર્જરા કરતાં કરતાં યથા પ્રવર્તીકરણનો લાભ મળ્યો ત્યાર બાદ અનંત કોટી અશુભ કર્મોનો નાશ થતાં અપુર્વ કરણનો વખત મળ્યો. તે અપુર્વ કરણની ઉદયાર્થીમાં ગ્રંથીભેદ કરીને ત્રીજા અનિવર્તીકરણ પ્રાપ્તિના કાળમાં દ્રવ્ય ભાવ ગુરૂના આશ્રયથી સાસવાદાન સમકિત વરજીને રહેલા ચાર સમકિતોમાંથી અમુક સમકિત ઉદય થાય. પરંતુ તે વખતમાં પ્રતિમાં મળવાથી સમકિત થાય એવું તો કાંઈ જાણવામાં આવ્યું નથી.

ઉપાસક સુત્રમાં આણંદ શ્રાવકને પ્રથમ મિથ્યાત્વ વોસીરાવવાના અવસરમાં શ્રી મહાવીરનો મેળાપ થયોછે તે વખતે યથા યોગ્યરીતે પદવંદન કરી, વીકર્ણ શુધ્ધે શેવા કરીને સાગાર અણગારધર્મનો બોધ સાંભળ્યો તે પછી ઉઠીને વિનય નમ્રતાસાથે ભગવંતને કહેજે અહો ભગવાન! મેં નિગ્રંથના પ્રવચન "सद्दहामीजावरुयमि" એમ કહીને "एव्वंमेयंभंतेतहमेयंभंते" અર્થાત. અહો ભગવાન! જેમ તમે કહોછો તેમજ નિશ્રવી નિગ્રંથનો ધર્મછે. એમજ નિર્વધમાર્ગ શ્રધુંછું, એમ કહીને કહેજે "देवाणुपियाणं

अंत्तिएवहवेजावमुंडेभवित्ता,नोखलुअहंतहासंचाएमि" અર્થાત. આપની પાસે ઘણા હળુકર્મી દિક્ષાલેછે. તેમ કરવા હું અસમર્થ્યછું. માટે હું આપની પાસે શ્રાવકના બાર વ્રત આદરવા ઇચ્છુછું. એમ કહી વિધિપુર્વક સર્વવ્રત આદર્યા. પછી "आणंदसमणोवासएजाएअभिगएजीवाजीवेउवलधपुन्नपावे" અર્થાત. સમકિત સહિત બાર વ્રત આદર્યા ત્યારબાદ ભગવંત કહેછે જે આણંદ શ્રાવકનો જન્મ થયો એટલે મિથ્યાત્વમાંથી શુદ્ધ સમકિત ધર્મમાં જન્મ્યો, અને જીવાદિકના નવ પદાર્થ જાણ્યાછે. એમ સર્વ સાગાર એટલે ગૃહસ્થાશ્રમને ચલાવવાને યોગ્ય આગાર રાખીને શ્રાવક ધર્મને યોગ્યવ્રત આચરણ કર્યા તે "जाव" બારમાવ્રતમાં મુનીને અહારાદિક કલપતાદાન દેઉં એ વિગેરે સર્વ નિયમો ધારણ કર્યા. એ સિવાય આશ્રવમત સારંભ ધર્માર્થે કાંઈપણ દેરાં પ્રતિમા કરૂં યા કરાવું યા કર્ત્તાને ભલુ જાણું એવી રીતે વ્રત લેનારા આણંદ શ્રાવકે કાંઈ પણ મર્યાદા કરી નહીં, અને દ્રવ્ય તથા ભાવથી સમકિત આરાધન કર્યું.

વળી સાતમા વ્રતમાં છવીસ બોલની પ્રતિદીન મર્યાદા શ્રાવક ધર્મને ખપતી વસ્તુઓ ભોગ ઉપભોગને માટે કરી. પણ ઘરદેરાસર યા બહાર દેરાસરખાતે કાંઇપણ મર્યાદા કરીનથી કારણકે સમકિત ધર્મીઓને નિર્થક આરંભ અનર્થી દંડનો હેતુ જાણીને ન રાખી. તેમાં કોઈ વખત કુળાચારે કુળધર્મના દેવોના કારણ જાણી અવસરે ભોગ ઉ-

પભોગથી શેવા સાચવે. પરંતુ તે કુળ ધર્મના નિરાપરાધી દેવોને તમારી રીતે હરરોજ સંતાપે નહીં. માટે એ આણંદ શ્રાવક નકામો આશ્રવ યથાયોગ્ય રીતે વોસીરાવીને નિત્ય કર્મ એટલે સદાય સત્યધર્મ સામાયકાદિક પોષહ વિધીઓ એ સર્વ નિર્જરાહેતુ કરવા ચુકેલા નથી. એમજ મર્યાતે સર્વ આશ્રવ વોસીરાવી પહેલે દેવલોકે પહોંચ્યા તેમજ પછાતના નવ શ્રાવકોની વીગત જાણી વિવેકીઓએ માન્ય કરવી. કારણકે આણંદ શ્રાવકની રીતે સમકિત પ્રાપ્ત થાય.

તેમજ ભગવતી સુત્રના અઢારમા સતકના દશમા ઉદેશામાં સોમલ બ્રાહ્મણ તેમજ સાવથ્થી નગરીના રહિશ શ્રાવકો, તથા તુંગિયા નગરીના રહિશ શ્રાવકો તથારાય પસેણીમાં ચિત્તસાર્થી તથા પરદેશી રાજા, તેમજ રાજગ્રહી નગરીમાં સુદર્શનાદિક અનેક શ્રાવકો, દ્વારાવતી નગરીમાં જાદવવંશીઓ શ્રી કૃષ્ણાદિક, તેમજ વિશાળા નગરપતિ ચેડારાજા વિગેરે કાશી કોશાળાદિક અઢારદેશના રાજાઓ, એમજ જેંતી સોળસા મૃગાવતી વિગેરે અનેક શ્રાવક તથા શ્રાવિકાએ જેજે સમયે સમકિત તથા વૃતઆદર્યાતિ સર્વ-શ્રાવક શ્રાવિકાના નિયમો યા સમકિતની વિધિઓ પોતાની મેળે બોધ પામેલા ધર્માચાર્યો પાસે બોધ ઉપદેશ પામીને આચરણ કરેલી છે, અને સયંબોધી તિર્થંકરે પોતે આપે બોધ લીધોછે, અને પ્રત્યેક બોધ થયા તે ચમેશારીરી છે. માટે તેણે અમુક વસ્તુ પ્રત્યક્ષ દેખી સમકિત પા-

મીને તરતજ આશ્રવમાર્ગ છાંડીને સાધુપણું આદરી ધર્મ સાધન કર્યું છે. અને શ્રાવક શ્રાવિકાઓ સમકિત વ્રુત પામ્યાથી સદા ધર્મોપદેશ સાંભળી બનતો આશ્રવ છોડીને પોષા, પડિકમણા, ઉપવાસાદિક ઉત્તમ કર્ણી કરી મનુષ્ય જન્મનો લાભ લેવા ચુકતા નહીં. એ સર્વ જ્ઞાનની પ્રબળતાના લાભમાં સમકિત સહિત નિરાશ્રવી કર્ણી કરીને પામેલા સમકિતની મુરાદ હાંસલ કરેલી છે. પરંતુ મજકુર શ્રાવક શ્રાવિકાઓએ સમકિત પામવાના લાભથી તમો હુંડવાદીઓની રીતે આશ્રવ માર્ગની પુષ્ટિ કરેલી નહોતી. વળી તેમણે સમણોપાષક નામ ધરાવ્યું તે પ્રમાણ છે, એમતો સુત્રોમાં વિવેચન સવિસ્તારપણે છે. પરંતુ કોઈ સુત્રોના મુળમાં યા અર્થમાં યા ટીકાચુરણી, ભાષનિર્યુકિતં, ન્યાય, ભેદ, સંગિત તથા સંસ્કૃત, પાકૃતમાં એમ નથી જે મંદીરોપાષક યા પાષાણોપાષક. તો કહેવાનું એટલુંજ કે તમારી માંદગી મતિમાં શો કોપ છે કે સમણોપાષક નામ છતાં પ્રતિમા દેરાંઓના આશ્રવ સ્થાપવાને માટે સમકિતની પ્રાપ્તિ ઉલટી રીતે ઠરાવોછો.

સમકિત પામવાના સડસઠ ભેદ કહ્યા છે, તેમાંતો કાંઇ દેરાં પ્રતિમાનાં કારણ બતાવ્યાં નથી, તેમજ પૂર્વાચાર્યોના રચિત આગમ સારાદિક ગ્રંથોમાં જેટલો નિરપક્ષ બોધ સુચવ્યો છે, તેમાં સમકિતનો ઉદય કેવી રીતે કહ્યા છે? તે વિચારી જુવો? અને તેજ આચાર્યો સાવદ્યમાર્ગનું સ્થાપન કરવા તૈયાર થયા ત્યારે ભવભ્રમણના હાંસલ-

ને માટે પાષાણાદિકના સહ્ય પક્ષેપ્યા. તે વેળાએ તેઓ કેવી દશામાં આવી ગયેલા હશે? તેવિશે સિદ્ધાંત પાઠ તથા નિરપક્ષ ગ્રંથના આધારથી તથા સ્વપક્ષ એ સર્વ ખુલી રીતે બતાવવું જોઇએ.

વળી ભગવતીજીના અઢારમા સતકને સાતમે ઉદ્દેશે મદુક શ્રાવકે સમકિત આદર્યું. તેમજ ઉત્તરાધ્યયન વીશમાને મધ્યે અનાથી મુનીના બોધથી શ્રેણીક રાજાએ મિથ્યાત્વ વોસીરાવ્યો ને સમકિત આદર્યું, ત્યાંપણ શ્રેણીક રાજાએ ગુરૂ મુખના ધર્મબોધનો મહિમા કર્યો છે, તે વિચારતાં માલમ પડશે. અને તેજ રાજાએ સમકિત પામ્યા અગાઉ અનાથી ગુરૂના નાથ થવા વિગેરે જે જે વચન ભુલથી કહ્યા છે, તેના થએલા અપરાધની માફી માગી છે. મતલબ કે ત્યાગીને ભોગામંત્રણ કરવું એ સર્વ અયોગ્યજ છે. માટે ખમાવ્યાછે, એવિશે વધારે લખાણ આગળ આવશે.

વળી જ્ઞાતાસૂત્રના બારમા અધ્યયનમાં જીત શત્રૂ રાજા, સુબુદ્ધિ શ્રાવકની સહાયથી સમકિતી થયા છે. તે રાજાએ ધર્મ ઈચ્છાના વખતમાં સુબુદ્ધિ શ્રાવકને કહ્યું છે "इच्छामिणंदेवाणुपियाणंतवअंतिएजिणवएणांनिसामित्तए" અર્થાત. અહો દેવ વલ્લભ! તમારી પાસે કેવળી પરૂપ્યો. ધર્મ સાંભળવા ઈચ્છુછું. એમ રાજાના કહેવાથી હવે શ્રાવક ધર્મોપદેશ કરેછે.

तएणंसुवुद्धिअमचोजियसतुस्सरन्नोविचित्तंकेवळी,

पन्नंतंचाउजामंधम्मंपरीकहेइतंमाईखेईजहाजीवा; बुझंतिजावपंचअणुवयायंतएणंजियसतुराया, सुबुद्धिस्सअंतिएधम्मसोचाजावसेजहेयंतुभवेदह.

ભાવાર્થ—તે સુબુદ્ધિ શ્રાવકના બોધને અંતે જીતશત્રુ રાજા કહેછે. સરદહ્યા અહો શ્રાવક! તમારા વચન એ વિગેરે સર્વ સંબધ કહીને રાજાએ સુબુદ્ધિ શ્રાવકપાસે સમકિત ધર્મ પામી યથાયોગ્ય રીતે આશ્રવ માર્ગ વોસીરાવ્યો પરંતુ તામસ ગુણીઓની રીતે આશ્રવનો વધારો કર્યો નહીં.

શ્રી સુયગડીંગ સૂત્રના બીજા સુતસ ખંધના સાતમા અધ્યયનમાં શ્રાવકના ગુણવિશે મૂળ પાઠ કહ્યો છે.

अप्पारंभाअप्पिछाअप्पपरिगहाधम्मियाधम्माणुया, सामाइयंदेसावगासियंपुरथापाइणंपाडिणंदाहिणंउइणं; तावजावशव्वपाणेहंजावसव्वसतेहंदंडेनिखितेसव्व, पाणभूयजीवसतेहंखेमंकरेअहंअसि.

ભાવાર્થ—શ્રાવક જ્યારે સમકિત દશામાં આવે ત્યારે વ્રત પચખાણ આદરીને નિર્મમત્વ દશામાં સંતોષમાન થાય છે, ત્યારે અલ્પ ઇચ્છા, અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સુશિયળ, સુવર્તી, ધર્મીષ્ટ, ધર્મવર્તીય, સામાયક તથા દશમું દિશાવગાસિવૃત આદરે, ત્યારે પુર્વાદિક ચારે દિશાઓના ક્ષેત્રની મર્યાદા બાંધીને પછી ધર્મ ધ્યાન કરે

અને કોઇ પ્રાણ, ભુત, જીવ અને સત્વને પોતે હણે નહીં હણાવે નહીં ને મનવચન કાયાએકરી યથાયોગ્ય કોડીએ સર્વ જીવઉપર ક્ષમા કરે એવો સમકિત વૃતિ શ્રાવકોનો ધરમ છે એમ શ્રાવકોને વૈરાગથી ભરપુર કહ્યા છે. તેમ છતાં તમો "દેવાના પ્રિય" સ્નેહીઓતો ખટકાયના પ્રાણ હરવા માટે એટલા ઉત્સાહી થઇ પડેલા છોકે તે મજકુર ગુણના ધરનાર શ્રાવકો તમારા અઘોર કર્મની કર્ણી જોઇને મહા આશંકા પામે. કેમજે કળીકાળના જનોની કર્મકરણી આગળ તેઓની રાખેલી છુટનો આશ્રવ કોણ માત્ર છે, એ તમારા આશ્રવ સ્વભાવમાં આશ્ચર્ય કારક છે!

## સમકિતી ને મિથ્યાત્વીનું અલ્પ બહુત્વ.

કેટલાએક અજાણ નરો કહેછે કે અમારા સત્ય ધર્મના પ્રભાવથી અમારા ધર્મમાં ઘણા જણનો સમુહ છે ને ઘણાજણ ભળેછે. તેના જવાબમાં કહેવાનું કે આ એક ચોવીશી બાબત સહજ દાખલો છે તે ઉપર લક્ષ લગાડશો. પહેલા રૂષભદેવ સ્વામિથી તે મહાવીર સ્વામિ પર્યંત તથા ત્રીજા આરાથી તે પાંચમા આરાસુધીમાં સમકિતી જીવ થોડા અને મિથ્યાત્વી જીવ અનંતગણા હતા. તો સર્વ સૂત્રોની પ્રહેળીકાના મતસાથે વિચાર કરીએતો ભુત, ભવિષ્ય અને વર્તમાન કાળમાં સમકિતી જીવોથી મિથ્યાત્વી અનંતગણા માલમ પડશે. કારણકે પાંચ સ્થાવર, ત્રણ વિગળેંદ્રિ, છ મુર્છીમ પંચેંદ્રિ એ સર્વ મિથ્યાત્વી છે. પરંતુ ગર્ભજ તિર્યંચમાં સમકિતધારક થોડા અને મિથ્યાત્વી અ-

સંખ્યાતગણા. એમજ નર્કમાં તથા ચાર જાતના દેવતામાં સમકિતીથી મિથ્યાત્વી અસંખ્યાતગણા તથા એકસોને એક ક્ષેત્ર મનુષ્યનાં તેમાં છપ્પન અંતરદ્વીપના જુગલીઆ વર્જિને પછાત રહેલા અકર્મભોમી તથા કર્મભોમીમાંહે સમકિત લાભેછે. તેમાં સમકિતી કરતાં મિથ્યાત્વી સંખ્યાતગણા છે. એમ સર્વ કાળમાં મિથ્યાત્વીનો વધારો અને સમકિતીનો અલ્પ ભાગ છે. અર્થાત આશ્રવ માર્ગનોતો સદા વધારોજ હોય, દૃષ્ટાંત. નેમનાથ ભગવાનની વારે જાદવ વંશમાં છપનકોટી જાદવ અને સાડાત્રણ ક્રોડ કુમાર એ દસારોના પરિવારમાં એટલા પુરૂષો છે તો કૃષ્ણાદિક સર્વની મળીને ઘણી સ્ત્રીઓ થાય, તેમાં એ પુરૂષો અને સ્ત્રીઓમાં સમકિતના ધણી અલ્પ ને મિથ્યાત્વ રમણી સંખ્યાત ગણા છે કેમજે જાદવો મદિરાપાન કરી દ્વિપાયાણ રૂષિને સંતાપીને દ્વારકાના અંતનો વખત લાવી મુકયો.

વળી વીર પરમાત્મા કેવળજ્ઞાન સહિત નિર સંસયીક બોધના કરનાર હતા. તેના બોધની તુલ્ય બીજા છદ્મસ્તોનો બોધ કિંચિત ન આવે. એમ એમનું પ્રબળ પ્રત્યક્ષ પ્રભાવ છતાં વિરના રાગી શ્રાવક એક લાખ અને ઓગણસાઠ હજાર સમદ્રષ્ટિ થયા, અને ગોશાળાને અગિયાર લાખ શેવકો સાંભળવામાં આવ્યા છે. આહા મિથ્યાત્વની વિશેષતા કેવી છે !!! માટે વિતરાગના વચનને અનુસરીને ચાલનારા ઉત્તમ જૈન દયાધર્મીઓનો અલ્પ ભાગ પ્રત્યક્ષ દેખવામાં આવેછે. તેમજ આશ્રવનિપુણ વિકળ

સ્વભાવીક ખટકાયમર્દન કરનાર તસે સ્વભાવીઓ આવે છે; નિગોદતાઇ અનંતગણા સમજવા. મતલબ કે જે તત્વ માર્ગ છે, તેમાંતો તત્વક્રિયાનો રસ પીનારાજ પીને લીંન થઇને રહે. અને આશ્રવમતીઓના સચળ ચિત્તને ભેદનારા બાવિશ પરિસહ તેની ઝપાટોથી પાછી પાની ન ભરે. તેમજ નિર્મળ મતિપણે નિશ્ચળ ચિત્તથી, સમકિત માર્ગને અનુસરીનેજ ચાલેછે. માટે તેનો જુજ ભાગ સમજવો. હવે મિથ્યાત્વમતિઓને વધારો થવાનું કારણ એ કે દરેક કારણથી સ્વઇચ્છાએ પ્રવર્તવું, યા તે પંથમાં કોઈપણ જાતથી પરિસહનો ઉપસર્ગ નાહીં, તેમજ કલ્પિત ભોગોપભોગ લેવાની આશાએ ઘણા ભોળા પ્રાણીઓ તે માર્ગમાં અનાદિ કાળથી ફસાઇ રહેલા હતા, ને હાલપણ તેમજ જણાય છે. એમાં આશ્ચર્ય શું છે?!! દૃષ્ટાંત. જેમ ગદિયાણા સોનાના રૂપિઆ દશ, અરધા રૂપિઆ વીશ, પાવલા ચાળીસ, બેઆનીઓ એંસી અને તેના આના એકસોને સાઠ. એ રીતે જેમ નિચ વસ્તુ છે તે વૃદ્ધિ પામે એ પ્રત્યક્ષ છે. પણ સ્વાભિમાનીઓ કહેછે કે, અમારા ધર્મનો ફેલાવો ઘણો છે, માટે અમારો ધર્મ ઉત્તમ છે! એતો ફક્ત પોતાનું પોતે કહેવું એટલુંજ. પરંતુ શાસ્ત્રાધારે તો એમ છે કે દીનપ્રતિદીન સુ શાસ્ત્રો, સુ સાધુઓ તેમજ શુદ્ધ દયા ધર્મ કાળના મહાત્મ પ્રમાણે અલ્પ થતો જશે, તેમજ કુશાસ્ત્રો ફીતુરી કુસાધુઓ તથા આશ્રવ ધર્મનો વિશેષ વિસ્તાર પાંચમા આરાના બીજા પહોરસુધી રહેશે.

અને ઉત્તમ વિતરાગ પ્રણિત ધર્મના આરાધિકો ભર્તઈવર્તમાં પહેલા પોહોરમાંજ લય થઇ જશે, એમ શાસ્ત્રોક્ત રીતે સમજવું. માટે અરે ગ્રંથાવલંબિત બાળમિત્રો! નાહક ગર્વ છોડો અને સ્વકલ્યાણનો રસ્તો પકડો.

## નમોથુણંમાં ભેદ કહેછે તે પ્રશ્નોત્તર.

કેટલાએક અનાણાશ્રવી હિંસારૂઢીને સિદ્ધ કરીઆપવા માટે એમ કહેછે કે જીણપડિમાની પૂજા કરતાં દ્રૌપદીએ નમોથુણં કહ્યું છે, માટે સમકિતી હતી, ને નિર્જરાહેતુએ પૂજા કરી છે. કારણકે પરણવાના અવસરમાં સંસારીક હેતુના કારણથી પ્રતિમા પૂજીને નમોથુણં ભણી હોતતો આ રીતે પાઠ ભણત. "लछीदयाणंराजदयाणंजस्सदयाणंसुखभोगदयाणं" અર્થાત. લક્ષ્મિ, રાજ, સુજશ, તેમજ વ્યવહારી સુખને મનગમતા વિષય સુખના દાતાર છો. એવો પાઠ દ્રૌપદી ભણત, પણ એવું ન ભણી ને સમકિતી છે માટે સુબુદ્ધિએ પાઠ ભણ્યો છે.

હવે દયાધર્મીઓ કહેછે કે અરે વિકળમતિ બંધુઓ ! તમારા બોલવા પ્રમાણે એમ ઠરેછે કે, સમકિતી તથા મિથ્યાત્વી, ભવી તથા અભવિ, એ સર્વ નમોથુણંના પાઠ જુદા જુદા ભણતા હશે. પણ એમ નહીં સમજતાં સવળી દશામાં સમજો કે. તે બાબત અમો " કયબળીકમ્મા " ના ઉત્તરમાં લખી ગયા છઇએ કે, જુની પ્રતમાં દ્રૌપદીને નમોથુણં વિગેરે " જાવસુરિઆભે " એ-

કલી ભલામણ લખી છે તે બીલકુલ નથી, અને નવી પ્રતોમાં તે ભલામણ ઘોચી ઘાલી સંભવે છે. એમ તમોએ કેટલાએક મુળ સુત્રોને કલ્પિત પાઠની એબ બેસાડેલી જણાય છે. કેમજે દ્રૌપદીએ નમોથુણં વિગેરે સુરિઆભદેવની રીત પ્રમાણે કાંઇપણ કર્યું હોય એમ સંભવ થતો નથી, તો તમો સુરિઆભના ભલામણ દેતાં યા નવીન પાઠ પ્રક્ષેપનાં વિચાર કરેલો જણાતો નથી. વળી દેવકાળે સુરિઆભદેવને વિજય પોળિઆના નમોથુણં વિગેરે પાઠ ભણતા ઠરાવીને સમકિતીમાં અને મિથ્યાત્વિમાં ભેદ પાડોછો તો કેમવારૂ ? સમકિતી તથા મિથ્યાત્વીએ નમોથુણં ભણતાં તમારી રીત પ્રમાણે પાઠ ફેરવેલો છે કે જેથી વિરૂદ્ધ રીતે ભેદ પાડો છો ? પણ શાસ્ત્રરીતે એમ જાણજો જે સુરિઆભ વૈમાનમાં બાર બોલના સુરિઆભ ઉપજે છે, તે ભવિ અભવિ ઈત્યાદિક બાર બોલવાળા સરખુંજ નમોથુણં ભણે છે ને ત્યાં કાંઈપણ સમકિતી મિથ્યાત્વી માટે ભેદાભેદ નથી પણ મજકુર લખાણની રીતે જોતાંતો તમારો મત તથા તમારૂં નમોથુણં પણ જુદુ મજકુર શબ્દ પ્રમાણે જણાય છે. માટે અરે ભ્રમિત બંધુઓ ! જે કૃત્યને બીજા વિસેષ કૃત્યનીસાથે ભલામણ કરવી હોય તો તે ભલામણ કરવાની વસ્તુ સામી વસ્તુને જોગ હોયતોજ ભલામણ કરી ગણાય. કેમજે ગણધરને ઉપમા ગણધરનીજ દેવાય, સામાન્ય સાધુને ઉપમા સામાન્ય સાધુનીજ દેવાય, તિર્થંકરને તિર્થંકરનીજ દેવાય, સિદ્ધને સિ-

દ્રનીજ ઉપમા દેવાય, તેમજ ચક્રવૃત્તિને ચક્રવૃત્તિનીજ, વાસુદેવને વાસુદેવનીજ, બળદેવને બળદેવનીજ દેવાય. એ સર્વ ઉપમાના ધણીઓમાં સરખી આકૃતિ યા કૃતવ્યતા હોયતો તેમજ ઉપમા દેવાય, પણ દ્રૌપદીએ જે કૃત્ય ન કર્યું, તે સુરિઆભે કર્યુંછે એટલે તેણે બત્રિશવાનાંનું પુજન કર્યું છે અને દ્રૌપદીએ તે કર્યું નથી અને તમે કહોછો જે કર્યું એ સંબંધ કેમ મળે ? માટે ભોળા લોકોને નવા પાઠ પ્રક્ષેપવાની ખબર ન હોયતો અવશ્ય ભ્રાંતિરૂપ પાસમાં પડી જાય ને સમકિતસહિત કર્ણી કરતાં હિંસારૂપ આવરણ આવી જાય. માટે તેમ ભ્રાંતિ ન આણતાં નમોથુણં એક રીતેજ સિદ્ધ થાય છે ને સમકિતી મિથ્યાત્વીના નિયમનેમાટે કાંઈ જુદા નમોથુણં શાસ્ત્રમાં છેજ નહીં.

હવે આ પ્રશ્નોત્તરે મતિવિભ્રમિજનો અશંકા કરેછે જે, નમોથુણંનો પાઠ શું ન જોઇએ ? અને નમોથુણં કહે તે સમકિતી વિના બીજો કોણ કહે? માટે છતો પાઠછે અને કેમ ઊથાપોછો ?

અરે વિવાદી જનો ! તેના જવાબમાં એટલુંજ કહેવાનું કે યથાર્થ સદ્દહિણાવિના નમોથુણં માટે સમકિતી ન કહીએ. કેમજે સમકિત સદ્દહિણાવિના નમોથુણં ભણનારતો ઘણા દેખાયછે. માટે તેવા નમોથુણં ભણનારને તમારી શ્રધા પ્રમાણે સમકિત દૃષ્ટિ માનોછો કે? પણ એમ ન હોવું જોઈએ. મતલબ કે એકલા નમોથુણં ભણવાથી શાસ્ત્રરીતે કદી સમકિત ઠરી શકતું નથી. અનુયોગદ્વાર સૂત્રમાં એમ

કહેલું છે કે.

जेईमेसमणगुणमुक्कजोगीछकायानिरणुकंपा,
हयाईवउद्दामागयाईवानिरंकुसाघट्ठामट्ठातु;
पोट्ठापंडुरपडपाउरणाजिणाणंअणाणाएसछंद,
विहारिणोउभउकाळमावसगाउवठवंति.

ભાવાર્થ—જે કોઇ સાધુપણાના મુળને ઉત્તરગુણ મહાવૃત સુમતિ ગુપ્તિઆદિક સર્વ નિયમો આદરીને પછી પુર્વો પાર્જીત કર્મના ઉદયથી પડવાઈ થઈને મુકીદેછે, તેનું કારણ એ કે પરિસહથી હાયમાન પરિણામ કરીને સંજમથી ઉલટીરીતે વરતે, તે વેષધારીના અંતઃકરણમાંથી છકાયની દયા ગઇ. તેમજ ઘોડાની રીતે પગ પછાડતો ઇરિયા સમતિ છોડીને ચાલે, તેમજ વકહાથીની રીતે વિતરાગની આજ્ઞારૂપ અંકુશનો ડર ન રાખતાં પોતાની સ્વઇચ્છાએ વસ્ત્રાદિક શરીરની સસુકા શોભા વિગેરે માથાના કેશ સમારીને કેસુડાના ફુલની રીતે પીળે રંગે સુશોભિત રહેછે, તેઓને જીનઆજ્ઞા બહાર સમજવા.

એવા પડવાઈ બે વખત નમો કારાદિક છ આવશક કરેછે. તોપણ એ નિર્દય પુરૂષ આજ્ઞાવિરૂદ્ધ છે. તો કહેવાનું કે દ્રવ્ય આવશક કરનારનું નમોથુણં વિગેરે સર્વ કૃતવ્ય સાધુધર્મની રીતે કરતાં છતાં પણ સમદૃષ્ટિ ન કહ્યા તો એકલા નમોથુણંના શબ્દને પકડીને હિંસાનું સ્થાપન ક-

રવા ધારોછો, તે કેટલી મુર્ખાઇછે ?

વળી શ્રી નંદિસુત્રમાં કહ્યુંછે જે દસ પુર્વઆદિ ચૌદ પુર્વ ભણનારની મતિ સવળી હોય અને નવ પુર્વ ભણનારને સવળી યા અવળી બેઉ હોય. એમ કહેવાથી એમ સમજવું કે ઘણું સૂત્રજ્ઞાન વિગેરે ભણે તો પણ મિથ્યાત્વ બુદ્ધિ હોય તેમાં શું આશ્ચર્ય છે !!!

વળી દેવતાઓ જીન પડિમાની પાસે નમોથુણં વિગેરે વ્યવહાર ક્રિયા કરેછે; તેમજ દ્રૌપદીએ પણ પરણવાના ઉત્સાહમાં વ્યવહાર ક્રિયા કરી. તેનું કૃત્ય દેખીદેખીને મુગ્ધ દશાના ડોળમાં દિગમુંઢ કેમ થાઓછો ?

વળી કહેવાનું કે સમકિતી દેવતાઓ જીન પડિમાના પુજન વખતે નમોથુણં કહેછે ? અને મિથ્યાત્વી દેવો વેદ, પુરાણ, કુરાન તથા ચંડીપાઠ ભણે એમ ભેદ પરસ્પર જુદો પડેલોછે કે શું ? એમતો કોઇપણ જૈનશાસ્ત્રોમાં નથી તોપણ તમારો મત હિંસા દ્દઢ કરવાનો થાયછે. માટે અહો કર્મ ! તારા કૃતને ધીક્કાર છે.

વળી તમો અબુધજનોને કહેવાનું કે જીન પડિમાદિક નમોથુણં વિગેરે શબ્દોને દેખીને જો ભડકી જતાહો તો જૈનશાસ્ત્રમાં શબ્દ તો અનેક જાતના છે માટે ભાન ભુલ થઇને પ્રાણીઓના પ્રાણ લેવા તૈયાર થઇ જવું એ કાંઈ જૈન ધર્મીઓનું લક્ષણ નથી. કેમજે વ્યવહારીક ક્રિયામાં સિદ્ધાંતના પાઠ ઘણા લાગુ પડે છે પણ નિર્જરાહેતુતો સમકિત અવસ્થામાં કર્મ નિર્જરવા ધારે ત્યારેજ લા-

ખુ પડેછે. અને પ્રાચિનકાળમાં કોઈ ગ્રહસ્થોએ સંસારીક વ્યવહાર સાધવા માટે શાસ્ત્રના પાઠ ભણેલા છે, તેને મોક્ષ હેતે ગણી કાઢવા તે કાંઇ યોગ્ય નથી. કેમજે ભગવતીજીના બારમા સતકને પેહેલે ઉદ્દેશે શંખ શ્રાવકજીએ નિર્જરાહેતુએ પોષહ કર્યો છે, તેનો પાઠ.

जेणेवपोसहसाळातेणेवउवागछईपोसहसाळंअणुपविसंतिपोसहसाळापम्मज्जइपम्माजित्ताउच्चारपासवण भूमीओपडिलेहईरत्तादभसंथ्थारग्गंसंथ्थरईरत्ता दभसंथ्थारग्गंदुरुहईरत्तापोसहसाळाएपोसाहिए बंभयारीउमुक्कमणीसुवणेववगयमालावणगविलेवणेनिखित्तसथ्थमुसलेएगेअविएदभसंथ्थारो उवगएपखियंपोसहंपडिजागरमाणेविहरई

ભાવાર્થ — જ્યાં પોષહશાળા છે ત્યાંઆવી પોષદશાળામાં પ્રવેશ કરીને પોષદશાળા વિગેરે લગનીત, વૃધનીતની ભુમી સર્વ પુજીને દાભનો સંથારો પડી લહી પાથરીને બેઠા. તે શાળામાં બ્રહ્મચર્યસહિત પોષહ કરતી વખતે મણી સુવર્ણાદિક પુષ્પ સચેત ને અચેત અણકળપતા સર્વ સાવદ્ય શસ્ત્રાદિક તજીને એકલા નિર્ભયપણે દાભને સંથારે બેસી પક્ષ સંબંધી પોષહ પચખીને ધર્મ જાગ્રિકા જાગતા વિચરે એ સર્વ કર્મનો નિર્જરાહેતુ જાણવો. પણ એ શંખ શ્રાવકને વ્યવહાર સંબંધી કાંઇપણ કલ્પના નથી.

હવે તેજ પોષહ વિધીના પાઠને અનુસરીને કહેવાનું જે જંબુદ્વીપ પનંતી સૂત્રમાં ભરત મહારાજના આળાવામાં જોઈ લેવું કે જ્યારે માગધાદિક તિર્થોના દેવને સાધવાની ખાતર અઠ્ઠમ પોષહ કરી બેસવાની વખતે મજકુર વિધીસહીત પાઠ છે. માટે તે પાઠની વિધીનો સંકલ્પ સંસાર ખાતામાં સમજવો.

તેમજ કૃષ્ણ વાસુદેવે હરિણે ગમેષી દેવને આરાધતાં તથા ગજસુકમાળ કુમારના જન્મ અગાઉ તથા દ્રૌપદીની વારે જતાં સમુદ્રકિનારે લવણાધીપતિને સાધતાં અઠ્ઠમ, પોષહવિધી કરી છે. તે જ્ઞાતા સૂત્રમાં તથા અંતગડ સુત્રમાં જોઈ લેવું. તેમજ જ્ઞાતાજીના પહેલા અધ્યયનમાં અભય કુમારે ધારણી ચુળ માતાને મેઘનો ડોળો પુરવાની ખાતર પૂર્વ સંબંધી મિત્ર દેવને આરાધતાં અઠ્ઠમ પોષહવિધી કરી, તેપણ સર્વવિધી સંખ શ્રમણો યા સજનીક રીતે ક્રિયાસહિત પોષહ કર્યો, તે શું તમારે મતે શંખ શ્રાવકની ક્રિયા જેવા પાઠ જોઇને નિર્જરાહેતુ ઠરાવશો કે લૌકિક વ્યવહાર ખાતે ઠરાવશો? તે કહો? એમ ચક્રવૃતિ આદે પોષહ કર્યા, તે દેવોને આરાધવા ખાતર વિશેષ અભિગ્રહ સમજવા. પરંતુ વિધીની રીત એક જોઇને નિર્જરાહેતુ કેહેવાય નહીં. કેમજે તે મજકુર ચક્રવૃતિ આવે કેટલાએક ગૃહસ્થો સમકિતી છતાં સંસારીક કારણોને માટે દેવતાઓની આરાધનામાં ઘણી કષ્ટક્રિયા કરે છે. તેમજ શંખ શ્રાવકે નિર્જરાહેતુએ ઉત્તમ કર્ણી કરીછે. પરંતુ તે-

આની વિધીના પાઠ એકજરીતે ભણેલા છે. માટે એવા પાઠ જોઇને વિચાર કરતાં માલમ પડી આવશે. તેમજ દ્રૌપદી તથા સુરિઆત્માદિકની પુજા વખતે નમોથુણં પાઠ નિર્જરાહેતુએ ઠરાવીને મુગ્ધ જનોના મંડળને ભ્રમાવેલા છે. માટે અતિભ્રમિત જનોની જડતા પ્રત્યક્ષ માલમ પડે છે. તોપણ કહેવાનું જે નમોથુણં કહેવા માટે એકલા સમદ્રષ્ટી સમજવા નહીં. કારણકે ભગવતી સતક બારમે અનંત ખુતાને આળાવે સર્વજીવ ભવનપતીથકી નવગ્રહી વેગસુધી અનંતવાર ઉપજ્યા. તેમાં બારમા દેવલોકસુધી રાજનિતી સાધતાં અનેકવાર નમોથુણંના પાઠ બાર બોલના દેવપણે ભણ્યા છે, તો નમોથુણં માટે એકાંત સમકિતી ન ઠરે. વળી મનુષ્ય ભવમાં અભવિ તથા મિથ્યાત્વી બહોંતેર કળા ભણીને તથા સ્ત્રીઓ ચોસઠ કળા ભણીને જૈન શાસ્ત્રની તથા મિથ્યાત્વશાસ્ત્રની કેટલીએક રીત જાણે, તેમાં નમોથુણં આવે તે ભણે માટે સમકિતી કેમ ગણી શકાય? તથા આધુનીક જમાનાના કેટલાએક ઇંગ્રેજો જૈન શાસ્ત્રનું સોધન કરી એટલું જાણપણું મેળવેલું છે કે જૈની જનોથી ઇંગ્રેજોના કરેલા પશ્નના જવાબ દેવા મુશ્કેલ થઇ પડે. માટે એવી બારીક બુદ્ધિથી મેળવેલી વિદ્વતાવાળા તેને નમ્ર સ્વભાવિઓ સાધર્મી તરીકે ગણતા હશે કે શું? પણ દરેક જાતથી મેળવેલા સૂત્રજ્ઞાનનેમાટે સમકિતી ઠરે નહીં. તેમજ દ્રૌપદી તથા સુરિઆત્માદિક દેવો પણ નમોથુણં ભણવા માટે એકાંત સમકિતી કહી શકાય નહીં.

વળી આઠેકાણે કહેવાનું જે જ્ઞાતાજીની નવી પ્રતોમાં વાંચનાંતરે દ્રૌપદીના અધિકારે નમોથુણંનો પાઠ જોવામાં આવેછે. પરંતુ શ્રી ભરૂચ શહેરના ભંડારમાં તાડપત્ર ઉપર લખેલી જ્ઞાતાજી સવા આઠસેં વરસનીછે. તે મધ્યે પણ " કયબળીકમ્મા "ના પ્રશ્નોત્તરમાં લખ્યા પ્રમાણે પાઠછે માટે જુના પુસ્તકોના આધારથી માલમ પડેછે કે, વિશેષણ પાઠ છે તે કલ્પના કરી નાખ્યો જણાયછે. તેમજ નમોથુણંનો પાઠ ભણતાં સમકિતનો પણ નિશ્ચયાર્થ થઈ જાય તેમ છે નહીં. કેમજે દિલ્લીવાળા ઉદયચંદજી ગોરજીની પ્રત, છસેં વરસની, તેમજ કનૈયાલાલ શ્રાવકપાસે પણ તેવીજ જુની પ્રત. પણ તે બે કરતાં વધારે વરસોની તાડપત્ર ઉપર લખાએલી જ્ઞાતા ભરૂચના ભંડારનીછે. એ ત્રણ પ્રતો પુરાતનનીછે, તેમાંતો દ્રૌપદીવિષે મજકુર પાઠ છે. માટે સુરિઆભની ભલામણ કેમ સંભવે ? વળી દેવતાઓના નમોથુણં જીત વ્યવહારમાં ગણવા, તેમજ દ્રૌપદીની પુજા કુળ ધર્મમાં ગણવી. માટે શબ્દને જોઇને છળાઈ જાય તેથી અજાણ બીજો કોણ કહેવાય ? કારણ કે સંવર કર્ણીની રીતના પોષા તથા વ્યવહારના પોષા, તેમજ સંવરના નમોથુણં તથા વ્યવહારના નમોથુણંના પાઠ સરખીજ રીતે ભણાય છે. પરંતુ નિરજરાનો માર્ગ તો જુદોજ છે. એ તમારા મતને મળતો નથી. કેમજે તમારે આશ્રવથી કર્મબંધન બાંધીને નાટકશાળામાં નાટક કરવું. તેમજ નિરજરાવાળાને વ્યવહારીક કારણો સર્વ વોસીરાવીને એક આસનથી ધર્મ ધ્યાન કરવું, એ બે વિચારોમાં પરસ્પર

ભેદ છે. માટે ધર્માત્માની કર્ણી અને તસ સ્વભાવીઓની કર્ણીનો કદી મેળાપ થાયજ નહીં. સબબ દરેક બાબતમાં દ્રોપદી સુરિઆભાદિકના આધાર લઈને આરંભ સમારંભનું નિરૂપણ કરે છે પણ વિચાર તો કરો ? જે દ્રોપદીને પરણ્યા અગાઉ સમકિતી શી રીતે ઠરાવો છો? કેમજે દ્રૈપદીને પરણવા અગાઉ પુજાની વખતે સમકિત નહોતું ને આશ્રવમતીઓ કહેછે કે હતું. એ અઘટિત છે. કારણકે જ્ઞાતાસૂત્રમાં તેને શ્રાવિકાતો કહીજ નથી. કેમજે કુમારીકાપણે નામ દેતી વખતે " दोवईदारीया " એવો પાઠ છે. તેમજ પ્રતિમા પુજવાના વખતમાં તથા સ્વયંવર મંડપમાં આવી ત્યાં " दोवईरायवरकन्ना " એવો પાઠ છે. તેમજ પાંચ પાંડવોને વરી ત્યાં " दोवईदेवी " એવો પાઠ છે. ત્યારબાદ સંસાર વ્યવહારના ભોગને અંતે દિક્ષા લઇ સંસાર ત્યાગ કર્યો તે વખતે " दोवईअज्जा " એવો પાઠ છે. પરંતુ " दोवईसमणीवासीया " એવો પાઠ નથી. તે કારણથી પ્રતિમાની પુજાના વખતમાં દ્રૈપદી સમકિતી હોયતો " सावीया " એમ પાઠ જોઇએ. કેમજે પુર્વ કાળમાં જે જે સ્ત્રીઓએ ગુરૂ તથા ગુરૂણી પાસે સમકિતસહિત વ્રત આદર્યાં તે તે વખતે " सावीया " એવા પાઠ સિદ્ધાંતોમાં છે. તેમજ પુરૂષને પણ "समणोवासय" એવો પાઠ છે. તો કહેવાનું જે દ્રૈપદીની પુજા વિગેરે સર્વ વ્યવહારો લૌકિકખાતે ગણવા યોગ્ય છે. પરંતુ લોકોત્તર વ્યવહારખાતે ગણાય નહીં અને પર-

ણ્યા પછી તો સમકિતનો સંભવ છેજ. વિશેષ દ્રૌપદીની પુજામાટે તમો જે જે દાખલા આપો છો, તેમાં સુરિઆભ દેવની કલ્પિત ભલામણ આપો છો, પણ ચોવીસ તીર્થંકરના સંખ્યાતા શ્રાવક શ્રાવિકા થયાં, તેઓની ભલામણ જોગ કોઈ પણ દાખલો તમને મળ્યો જણાતો નથી કેમકે સુરિઆભ અવર્તી અપચખાણીનો દાખલો મળ્યો. માટે કહેવાનું જે આ ચોવીસમાં પ્રતિમા પુજનારી દ્રૌપદીજ તમારી નજરે આવી ચડી છે કે શું ? તે આડાં અવળાં ફાંફાં મારીને સાવદ્ય કર્મની પુષ્ટિ કરવા ધારો છો. પણ શાસ્ત્રમાં કહેછે કે હિંસા કરનારનાં કૃત્યનું ફળ ઉદે આવવાના વખતમાં મહા સોચના કરશે, એમ કહ્યું છે. એવું જાણતાં છતાં હિંસાપુષ્ટિ કરવામાં કાળાંત્તરે શું ફાયદો મળશે ? તેનો વિવેકીએએ શાસ્ત્રરીતે વિચાર કરવો જોઈએ.

## પહાડ પર્વતે જાત્રાજવી કહેછે તે પ્રશ્નોત્તર.

કેટલાએક ભાન ભુલેલા તસે સ્વભાવી સજ્જનો કહેછે કે શેત્રુંજા, ગિરનાર, આબુ, તારંગા, ગોડીચા, સમતશિખર, કેસરીઆજી, વિગેરે તિર્થોએ સંઘ કહાડીને સર્વ ભુમીએ જાત્રાની ખાતર અટન કરવું. એ મહા નિર્જરાનું કારણછે તેમજ મનુષ્ય જન્મ જીવીત્વનું સાર્થક એ જાત્રાથકી સફળ થાયછે. પણ એમ કહેછે તે વૃથા છે.

એવી ભ્રમના કરનારાઓને કહેવાનું જે, એવી મુસાફરી ફરી તિર્થે યાત્રાનું ફળ લેવાનું કહેછે, તે તો અન્ય-

દર્શનમાં છે. વળી અન્યદર્શનમાં વેદ ધર્મના શ્રુતીવાળા પંડિતો તે બાબતને નાસ્તિ પણ કહેછે. કેમજે કેટલાએક અન્યદર્શનના મુળ શાસ્ત્રોની રૂકિત જોતાં સિદ્ધ થાય છે. દ્રષ્ટાંત. પાંચ પાંડવોએ શ્રી કૃષ્ણ પાસે આદેશ માગ્યો જે રાજમાન સાહેબ શિરછત્ર આપનો હુકમ હોય તો અડસઠ તિર્થો કરવા જઈએ. એમ પુછવાના જવાબમાં શ્રી કૃષ્ણે જ્ઞાનદશાથી વિચારીને કહ્યું જે એક મારી તુંબડીને યાત્રા કરાવજો. એમ કહીને એક કડવી કાચી તુંબડી આપી. તે તુંબડી લઈને પાંડવો સર્વ તિર્થોએ રટણ કરીને પાછા શ્રી કૃષ્ણ પાસે હાજર થઈને તુંબડી આપી. તે વખતે સજજન મંડળનીસાથે સભા પુરીને બેઠેલા શ્રી કૃષ્ણજીએ પાંચ પાંડવોને બોધ આપવાની ખાતર શસ્ત્રથી મજકુર તુંબડીનું ખમણકરીને પાંડવો વિગેરે સર્વ સભાને પ્રસાદી દાખલ વહેંચી આપ્યું અને પોતે થોડુંક હથેળીમાં લઈને ન ખાતાં ગુપ્ત કર્યું. પછી પાંડવો વિગેરે સભાના સજજનોએ તુંબડીનો પ્રસાદ મુખમાં નાંખતાં કડવાશના હેતુથી થુંકી નાંખ્યું ત્યારે પાંડવોને કૃષ્ણજીએ કહ્યું કે અરે અવિવેકીઓ ! જાત્રાળુ પવિત્ર તુંબડીને થુંકો ના ? ત્યારે પાંડવો કહે જે મહારાજ ઘણી કડવાશ માટે થુંકી નાંખી છે. તે વખતે શ્રી કૃષ્ણ કહે જે તમોએ તેને જાત્રા ન કરાવી ? કે હજુસુધી કડવાશ મટી નહીં. ત્યારે પાંડવો કહે જે સાહેબ ! અમારા કરતાં તુંબડીને અનેક તિર્થોની યાત્રા, જળમંજનાદિક કરાવ્યાછતાં તેનો અભ્યંત-

રગુણ કટુ માટે કડવાશ ન ગઇ, તેમાં અમારો શો વાંક? ત્યારે શ્રીકૃષ્ણજી કહે જે તુંબડી જડ છે, તેમાંથી કડવાશ ન ગઈ તો શું તમો વિવેકીઓના અંતરમાંથી કડવાશ ગઇ કે રહી ? પણ વિચારતાં માલમ પડેછે કે તમારા અંતરની કડવાશ ગઇ જણાતી નથી. માટે અરે મુજ્ઞ પાંડવો ! કાસદી કરી અનેક ઘાટમાં અટણકરતાં યાત્રાનું ફળ પ્રગટ થતું નથી અને મુસાફરીમાં નદી, દ્રહ તથા સરોવરમાં પડીને અનેક પ્રાણીઓના નાશ કરીને પંથે ચાલવાના શ્રમથી લાગેલો થાક યા મેલ યા પરસેવા વિગરે જે જે બહારથી લાગેલી ગંદકી તેનો સુધારો થાય, પણ અભ્યંતરના ભરેલા મળ, મુત્ર, સૂક્ર, રૂધીર, રસી વિગેરે અનેક જાતની ગંદકી, તેતો તિર્થે જળમાં સોવાર યા લાખવાર મંજન કરે તોપણ ટળે નહીં. માટે શરીર સદા અશુદ્ધછે. કારણ કે તિર્થોના જળથી ગંદુ શરીર શુદ્ધ ન થયું તો અજ્ઞાન આત્મા સદા ક્રોધ, માન, માયા, લોભ રાગ, દ્વેષાદિક અનેક વિકારોના બંધનમાં સપડાઈ ગએલાછે તો જાત્રાઓ તથા તિર્થોના જળથી શુદ્ધ થાયજ કયાંથી ?

હવે પાંડવ કહે જે અહો કૃપાનાથ! યાત્રાસ્નાનનું ફળ સફળ કેમ થાય, તે કહો?

आत्मानदीसंयमतोयपूर्णासत्यावहाशळितटादयोर्मिः
तत्राभिषेकंकुरुपांडुपुत्रनवारिणाशुद्धतिचांतरात्मा. १

ભાવાર્થ—“શ્રી મહાભારતે તિર્થાધીકારે અસ્મિન શ્લોકે”

આત્મારૂપ નદીને સંજમ એટલે પાપ ટાળવાના નિયમોરૂપ જળથી ભરપુર તેમાં સત્યરૂપ પ્રવાહ ચાલેછે ને તેને શિયળરૂપ ત્રઠ એટલે બે કાંઠાછે તેમાં અહો પાંડુપુત્ર યુધિષ્ટિર ! સ્નાન કરો ! પણ પાણીના મંજનથી અંતરઆત્મા શુદ્ધ ન થાય.

चित्तमंतर्गतंदुष्टंतिर्थस्नानैर्नशुध्यति,
शतंसोपिजळेधौतंसुराभांडमिवाश्रुचि. २

ભાવાર્થ—અહો યુધિષ્ટિર ! અંતરમાં ચિત્ત દુષ્ટ છે તે તિર્થોદક એટલે તિર્થોના પાણીથી સોવાર સ્નાન કરતાં પાપરૂપ મેલથી કદી શુદ્ધ ન થાય. દૃષ્ટાંત. જેમ મદિરા એટલે દારૂના વાસણને સોવાર જળમાં ધોતાંપણ શુદ્ધ ન થાય, તેમજ તે સદા અશુદ્ધજ રહેછે.

मृदोभारसहश्रेणजलकुंभशतेनच;
नशुद्धतिदुराचारःस्नातातिर्थशतैरपि.

ભાવાર્થ—હજારભાર માટીના લેપ કરીને પછી સો ઘડા પાણી ભરી સીંચે તોપણ તે માટી પુરી ધોવાય નહીં ને પવિત્ર શરીર ન થાય, તેમજ માઠા આચારના ધણી નિર્દય સ્વભાવે સોવાર તિર્થે સ્નાન કરે પણ કદી શુદ્ધ ન થાય.

आरंभेवर्तमानस्यमैथुनाभिरतस्यच;

कुतःशोचंभवेतस्यब्राह्मणस्ययुधिष्टिर.

ભાવાર્થ—પ્રાણવધના આરંભમાં સદા પ્રવર્તે, તેમજ સદા મૈથુનના ભોગમાં તત્પર હોય, એવા બ્રાહ્મણોને અહો યુધિષ્ટિર ! કયાંથી શુદ્ધતા થાય.

कामरागमदोन्मत्तोयेचस्त्रीवशवर्त्तिनः
नतेजलेनशूध्यंतेस्नातातिर्थसतैरपि.

ભાવાર્થ--અહો યુધીષ્ટિર ! કામરાગ મદે કરીને મતગયંદ એટલે હાથીની રીતે મદોન્મત થઈ ગએલા, તેમજ સદા સ્ત્રીનેવશે વર્તીને વિષયસુખની લોલુપતાની વૃદ્ધિ કરેછે, તેવા દુષ્ટો કદાપિ સોવાર તિર્થયાત્રા યા સ્નાન કરે તોપણ શુદ્ધ ન થાય. દ્રષ્ટાંત. જેમ સોવાર ગર્ધવી એટલે ગધેડી ગંગાના જળમાં સ્નાન કરતાં ઘોડી ન થાય, તેમજ અજ્ઞાનીઓ દુષ્ટ સ્વભાવ ન છોડતાં તિર્થ વિગેરે સ્થળે રટણ કરેછે, તે ફોગટ ખેપ જેવું ગણાય.

એમ અન્યદર્શનીઓ પણ યથાયોગ્ય જ્ઞાનઅભ્યાસના લાભથી તિર્થોની કરેલી કાસદીને અમાન્ય કરેછે. તેમજ મજકુર બોધ પ્રમાણે તેઓની યથામતિએ આત્મસુધારો કરવા બતાવે છે.

વળી તેજ અન્યદર્શનીઓમાં તસે સ્વભાવીઓના મિત્ર બંધુઓ પણ છે કેમજે તે અન્યદર્શનીઓ તસે સ્વભાવીઓની પેઠે કાસીદુકરીને દુષ્ટ સ્વભાવ ન છોડતાં તિ-

ર્થ વિગેરે સર્વસ્થળે નદી નાળાંઓમાં આત્મકલ્યાણની ખાતર દોડી દોડીને ડુબકી મારી આવેછે, તેમજ ઘણા પૈસાનો ખરચપણ કરેછે. પરંતુ તેઓના મુળ જ્ઞાનધર્મમાંનો દેશાટન કરીને તિર્થ યાત્રાઓ કરવાની સખ્ત મના છે.

હવે જૈન ધર્મીઓને માટે સિદ્ધાંત શાસ્ત્રોમાં વિતરાગ દેવે નિરાપક્ષ આત્મકલ્યાણનો રસ્તો બતાવ્યો છે. તેના ઉપર આ અબોધી પુરૂશો ધ્યાન ન આપતાં અવળે માર્ગે જાય છે, તે કેવી ભુલ છે ? કેમજે જ્ઞાતાસૂત્રને પાંચમે અધ્યયને સુખદેવ સન્યાસીએ થાવચ્ચા મુનીને પ્રશ્ન કરેલું કે, સ્વામી ! તમારે યાત્રા છે ? એમ પુછવાના જવાબમાં થાવચ્ચા અણગારે કહ્યું જે, અહો સુખદેવજી ! " **जणंममनाणदंसणचरीत्ततवसंज्जममाईहिंज्जोएहिंजयणासेत्तंज्जत्ता** " ભાવાર્થ. જે શ્રમણ એટલે સર્વ પ્રાણીઓઉપર સરખું દયારૂપ મન વર્તેછે, તે સર્વ સંજતિઓને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચારમાં સંજમપણું આદરીને સદા સર્વદા યતના એટલે દયાભાવે ઉપયોગ સહિત નિશ્ચળતાપણે આત્મધર્મનું આરાધન કરે, તેજ શુદ્ધ યાત્રા છે. એમ થાવચ્ચા અણગારે નેમેશ્વર ગુરૂના બોધ પ્રમાણે સુખદેવજીને કહ્યું પણ પહાડ પર્વતોના પાપાણોસાથે શિર અફાળતાં યાત્રા સફળ થાય, એમ મુળ સૂત્રોમાંતો કોઇ સ્થળે વિવેચન આપેલું નથી.

તેમજ આવશક સૂત્રે ત્રીજા ગુરૂ વાંદણાના આવશ-

કમાં કહ્યું છે કે, "जता, मे, जणी, जंचमे." ભાવાર્થ—અહો ગુરૂ ! તમો જાત્રાસહિત છો. હે પુજ્ય ! જવણી એટલે જીત્યાછો પાંચ ઇંદ્રિઓના વિકારને. એમ શિષ્યે ગુરૂજ્ઞાનીને બહુમાન ભક્તિસાથે કરેલા ગુના ખમાવ્યા, તેમાં જાત્રા એટલે હે ગુરૂ ! તમો જ્ઞાનેકરીને સુશોભિત છો. કે તમારી કૃપાથી મને જ્ઞાનદશા પ્રગટ થઈ; તેમજ તમે દરશનના નિશ્ચળ છો, એ શુદ્ધ સદ્દહીણા આસ્થા તથા જીનઆજ્ઞામાં સ્થિર આત્માવંત છો; તેમજ મને સ્થિર કર્યો. વળી અહો ગુરૂ ! આપે ચારિત્રગુણેકરીને સાવદ્ય આશ્રવનો રૂંધ કર્યો, તેમજ મુજને આશ્રવ રૂંધવા ઉપદેશ દઈ ન્યાલ કર્યો છે; તેમજ અહો ગુરૂ ! તમો તપગુણેકરીને પુર્વોપારજીત કર્મોને પ્રજળીત કરો છો, તેમજ મને મારા પુર્વોપારજીત કર્મોને પ્રજળીત કરાવવા ઉદ્યમવંત થયા છો. તેમજ અહો ગુરૂ ! તમે પોતે પાંચ ઇંદ્રિઓના વિકારનો નિગ્રહ કર્યો છે, તેમજ મને નિગ્રહ કરવા શુદ્ધ બોધ કર્યો, એવા આપ મને ઉપગારી છો, તેમ છતાં તમારી આસાતના અભક્તિ થઈ હોય તો માગી યથાશક્તિ પ્રમાણે ક્ષમા માગું છું. હવે એવા નિરપક્ષી પાઠમાં ગુરૂગુણનો સમાવેસ છે, તેમાં જાત્રા વિગેરેની રૂક્તિ, છતાં ભાવ પ્રમાણે સંભવીત છે. તેમ છતાં અહો પહાડાવલંબીત યાત્રાળુ કાસીદો ! જાત્રાના ગુણ જાણ્યા વિના દેશાટણ કરી સ્વઈચ્છાએ છકાયનો આરંભ કરો છો, એ કયા સત્ય સિદ્ધાંતના આધાર પ્રમાણે દોડી જા-

ઓ છો ? એમજ ભગવતીજીના અઢારમા સતકમાં સોમલ બ્રાહ્મણને મહાવીરે તેવીજરીતે નિર્વદ્ય યાત્રા બતાવીછે.

તેમજ શ્રી નિરયાવળીકા સૂત્રમાં ત્રીજા વર્ગમાં સોમલ બ્રાહ્મણને શ્રી પાર્શ્વનાથજીએ તેવીજ રીતે નિર્વદ્ય યાત્રા બતાવીછે. પણ દેશાટણ કરવામાં યાત્રાનું ફળ બતાવ્યું નથી. તેમ છતાં અરે વજરકર્મી બંધુઓ ! પામર અજાણ પીળા તિલકના ટોળાઓને કાર્મીક તિર્થોના પરાક્રમ ફળ બતાવીને પહાડોમાં રખડાવોછો તો તે પરભવે અવગુણ કર્ત્તા થશે કે નહીં ? તેનો વિચારતો કરો ?

વળી એવી કાર્મીક યાત્રાને દ્રઢ કરવા માટે શેત્રુંજા પર્વતનો મહિમા વધારી શેત્રુંજા મહાત્મ નામનો ગ્રંથ રચીને ભોળા શેવકોને ભરમાવ્યા છે ને તે ગ્રંથમાં રૂષભદેવ તથા મહાવીરનાં નામ ઘાલીને કહેછે જે પુંડરિક ગણધરે શેત્રુંજાનો મહિમા પુછયો ને રૂષભદેવે ઉત્તર આપ્યો. તેમજ જાવ ચોવીશમાં મહાવીરે ગૌત્તમની આગળ શેત્રુંજા મહાત્મ કહી દેખાડયું. તે તથા રૂષભદેવે શેત્રુંજાની નવાણું યાત્રા કરી, તે તથા શેત્રુંજો પર્વત સાસવતોછે, તે તથા આખો પર્વત અનંત ગુણનોભંડાર તથા સર્વ તિર્થોનો રાજાછે. તે તથા પ્રથમ પચાશ જોજન હતો અને શિખરે દશ જોજન હતો અને છઠે આરે મુંઢાહાથ પ્રમાણે રહેશે, એ વિગેરે કેટલીક રીતે ફાવતી કલ્પના કરીને ગ્રંથ બાંધીને શેત્રુંજાની યાત્રાનો મહિમા વધાર્યોછે. તે કાંઇ મુળ સૂત્રોમાંછે નહીં. મુળ સૂત્રોમાંતો હસ્તિકલ્પ નગરથી

" अदुरसामंते " એટલે અતિ ઢુંકડો નહીં અતિ વેગળો નહીં, એવી રીતે શેત્રુંજો પર્વત વર્ણવેલોછે. ત્યાં તિર્થે યાત્રા કરવી એમતો કાંઇ કહ્યું નથી. પણ ત્યાં સાધુ મહાપુરૂષો સંથારા કરીને મોક્ષ દેવલોકે પહોંચ્યા, તે વાત કબુલછે. પરંતુ તે પર્વતે પાંચપાંડવો વીસક્રોડ સાધુસાથે સીધ્યા, એમ ઘણા રકમબંધી સિધેલા, તે તથા સર્વ સાધુ શ્રાવકો ત્યાં યાત્રા કરવા ગયા, એવી શાક્ષીઓ મુળ શાસ્ત્રના પાઠસાથે કોઈ તરફથી મળી આવતી નથી, તેમ છતાં તે સબંધી કોઇ દાખલો પુછવા ધારીએ તેના બદલામાં તમે સ્વભાવીઓ કળેશરૂપી દાખલો કરવા તૈયાર થાયછે, તે બધું અજ્ઞાનતાનો વધારોછે. વળી ઇંગ્રેજ લોકોપણ જૈન ધર્મના ઘણા પુસ્તકોનો સંગ્રહ કરીને સંસોધન કરતાં શેત્રુંજાની બાબતમાં એમ લખેછે જે તે શેત્રુંજો જૈન ધર્મીઓના પ્રાચિન કાળના મહાત્માઓનું મર્ણ સ્થાનકછે, એમ કહેલુંછે. અને જૈન શાસ્ત્રમાં જ્ઞાતાજી અંતગડ વિગેરે કેટલાએક મુળ સૂત્રોમાં અંતક્રિયાના વખતમાં "जावासि तुंज्जेसिद्धा" એટલે જે ચર્મ શરીરે મહાત્માએ સંસાર છોડયો તેથી ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન, ચારિત્ર, તપ, નિયમ, વિગેરે સર્વ આત્મિક ધર્મનું આરાધન કરીને છેવટ શરીરથી હાલતા ચાલતા પારાહ પહોંચતાં શ્વાસની ધમણ ચડે એવા અશક્તવાન શરીર થવાને વખતે સાધુઓ રાત્રે ધર્મ જાગ્રિકા કરતાં સંથારો કરવા મુકરર કરીને સવારમાં ગુરૂઆજ્ઞા લઇ શેત્રુંજા પર્વતે સંથારો કરીને અંતસમે કેવળ જ્ઞા-

નદર્શન પામી સિધ્યા, જાવ શબ્દ એટલે થાવરચ્યાવન સુખદેવજી સિદ્ધયા એમ કહેવાય. માટે અંતક્રિયાના વખતમાં શેત્રુંજે સંથારા કરવા જવાનું બતાવ્યુંછે, તે યોગ્ય છે. મતલબ કે એકાંત ભુમીવિના શુદ્ધ ધ્યાન બનીશકતું નથી. માટે વસ્તીથી અલગ જવું, એમતો શાસ્ત્રોમાંછે. પરંતુ પીળા રંગીત વસ્ત્રવાળા વેષધારીઓ ખટકાયના વાઘો પોતે પહાડે પર્વતે ભટકે ને મંદ બુદ્ધિ વાળાઓને ભટકાવે. તેવી પુર્વ કાળના મહાન પુરૂષોએ પોતાનેમાટે તથા પરનેમાટે અજ્ઞાનતા વાપરી સાવદ્ય બોધ કરેલો નથી. કેમ જે તે પુર્વ કાળના મહાત્માઓ આત્મસાધનામાં જ્ઞાન દર્શનના ઉપયોગથી સદા જાત્રાવંતજ હતા; તેમજ તેઓના ઉપયોગથી ક્ષણમાત્ર શુદ્ધ જાત્રાનો વિજોગ પડતો નહીં. એમ પુરેપુરી શાસ્ત્રોની સાક્ષીછે. તેનું કારણ એકે પુર્વે જે જે વિતરાગદેવ આદે સર્વ ધર્મધુરિંધર પુરૂષોએ આત્મકલ્યાણને માટે ઉપયોગ કરીને પોતાની અનાદિ કાળની અજ્ઞાનતા વિગેરે રાગ દ્વેષાદિક સર્વ મિથ્યાત્વ જડતા હતી, તે સર્વથી મુકત થવાને માટે એકાગ્ર ધ્યાને જ્ઞાન, દર્શન વિગેરે આત્મિક ગુણ આરાધનાની યાત્રા કરી અને તે નિર્વદ્ય યાત્રા કરતાં કોઇ પણ મર્ણાત ઉપસર્ગ આવે તો મહા સુરવીર અને સાહસિકપણું કેવળીને હાયમાન પ્રણામ ન કરતાં મેરૂની પેરે અડોલ રહેતા, એમ શાસ્ત્રોમાં કહ્યુંછે અને તમારી માન્ય કરેલી યાત્રા સાવદ્યછે અને તમારા વજર પાષાણરૂપ રાગ દ્વેષી નિર્દય સ્વભાવ અને સદા તપા

એટલે તપી ગએલા પણ ઠરેલા નહીં, એવા અનેક અવ-
ગુણોવાળા પિત સંવેગીઓની યા તેમના શેવકોની યાત્રા
અસત્યછે. કારણ કે યાત્રાના સ્થાનકો ઉપર જતાં કોઈ વ-
ખતે પરિસહ આવી ઉપજેતો તે સ્થળની જાત્રાએ જતાં
નથી. જેમ હાલ થોડીક મુદત ઉપર પાલીતાણાના રાજા
તરફથી કેટલીક જાતની હરકતો હતી, તે વખતે કેટલાએક
જણાએતો પાલીતાણાના પરગણામાં અમુક કામે જતાં ભય
પામતા તો જાત્રાએ જવાનું તો કયાંથીજ બને, તે વખતે
ન જવાય તેવુંજ કારણ હતું. તે વિવેચન આપવાની કાંઈ
જરૂર નથી. પણ એટલું તો ખરૂં જે " ખાતાં પીતાંહર
મળેતો અમારેકુ કેયો, સીરસાટે મળેતો ચુપ કર રહીયો"
અર્થાત જાત્રાનો ખરો લાભ જાણતા હોતો પરિસહના વખ-
તમાં હાયમાન પરિણામ થવું ન જોઇએ. માટે જાત્રા કર-
વાનું સ્થાનક બતાવેછે તે તથા જાત્રા જનારા વિગેરે સર્વ
શાસ્ત્રથી વિરૂદ્ધજ ગણાયછે. કેમજે સત્ય કૃત્યની જાત્રાસા-
થે સરખાવતાં પરસ્પર ભેદ પડીજાયછે. તે વિષે દૃષ્ટાંત. અં-
તગડ સૂત્રમાં કહ્યુંછે. રાજગ્રહી નગરીના રહિસ સુદર્શન
શેઠે મહાવીરનું આગમન જાણી માત પીતાદિકની આજ્ઞા
લેઈ મહાવીરને વાંદવા જતાં જક્ષાધિષ્ટિત અર્જુનમાળી
સામો આવતો દેખ્યો ને મર્ણાંત ઉપસર્ગ જાણી સાગારી
સંથારો કરી નિર્ભય વિચાર સાથે કાવસગ કર્યો, પછી શે-
ઠની પાસે અર્જુનમાળી આવી પરિસહ આપવાનો વિ-
ચાર કર્યો પણ શેઠના પુન્યોદયથી તેની કારી ન ચાલતાં

મોચ પ્રાણી જક્ષ સ્વસ્થાનકે ગયો. છેવટ શેઠે અણસણ પાળીને અર્જુનમાળીસાથે મહાવીરના ચરણમાં જઈ પહોંચ્યો. એ દૃષ્ટાંતનો મુળ હેતુ એ કે શાક્ષાતવીર ભગવાનની યાત્રાએ જતાં મર્ણાત ઉપસર્ગથી હાયમાન પરિણામ ન કર્યું, તે શાસ્ત્રોક્તરીતે સત્ય છે. હવે હઠવાદીઓની યાત્રાને મજકુર શેઠની જાત્રા સાથે સરખાવતાં તદન વિરૂદ્ધછે. કેમજે શેત્રૂંજા વિગેરે પર્વતોની કલ્પિત જાત્રા કરવાને માટે શેત્રૂંજા મહાત્મ વિગેરે નવા ગ્રંથો મુળ શાસ્ત્રોથી વિરૂદ્ધ ને આરંભના વાકયોથી ભરપુર રચીને ભોળા લોકોને ફસાવ્યાછે. તે માંહેલો થોડોભાગ અહિંઆ લખવાની જરૂરછે, તે વાંચી જોતાં વિવેકીઓને માલમ પડીઆવશે.

सेतुंज्जेपुंडरीओसिद्धोमुणिंकोडिपंचसंज्जूतो;
चितस्सपुणीमाएसोभन्नईतेणपुंडरीओ.

ભાવાર્થ—શેત્રૂંજા પર્વત ઉપર રૂષભદેવના પહેલાં પુંડરીક નામે ગણધર પાંચક્રોડ મુનીસાથે સિદ્ધિ પામ્યા, ને ચૈતરશુદ પુનમને દીવસે, તે માટે શેત્રૂંજાનું નામ પુંડરીકગિરિ કહીએ.

नमिविनमिरायाणोसिद्धाकोडीहिदोहिंसाहुणं;
तहदविडवाल्लीखिल्लांनिव्वुआदसयकौडीओ.

ભાવાર્થ—નમિ વિનમિ બે ભાઈ વિદ્યાધરના રાજા ને સિદ્ધ થયા. બે ક્રોડ મુનીસહિત. તેમજ દ્રાવીડ ને વાળી

ખિલ્લ બે ભાઇ મુની સિદ્ધ થયા. દશક્રોડ સાધુ સાથે.

पज्जुन्नसंबपमुहाअधुठाओकुमारकोडीओ;
तहपंडवाविपंचयसिद्धिगयानारयरिसिय.

ભાવાર્થ—પ્રદુમનકુમાર સાંબકુમાર પ્રમુખ સાડાસાડ કરોડ કૃષ્ણ પુત્ર કુમરસહિત સિધ્યા, તેમજ પાંચ પાંડવ પણ વીસકરોડસાથે સિધ્યા, તેમજ સિદ્ધિ પામ્યા નારદરૂષિ એકાણું લાખસાથે.

थावच्चासुयसेलंगायमुणिणोवितहराममुणि;
भरहोदशरहपुत्तोसिद्धावंदामिसेतुंजे.

ભાવાર્થ—થાવચ્ચા મુની એક હજારથી. શુકમુની એકહજારથી, પાંચસેંથી સેલંમુની પ્રમુખ, મુનીઓ સિધ્યા. તેમજ રામચંદ્રમુનીને ભરતજી એ બે દસરથ રાજાના પુત્ર ત્રણકરોડ સાધુસહિત સિદ્ધિ વર્યા તેમને વાંદું શેત્રુંજા ઉપર.

अन्नेविखावियमोहाउसभाइविसालवंससंभुआ;
जेसिद्धासेत्तुंजेतंनमइमुणिअसंखिज्जा.

ભાવાર્થ—એ આદી બીજા ઘણા મુનીરાજ મોહનો ક્ષયકરી રૂષભાદિકના મોટા વંશમાંહે ઉત્પન્ન થયા તે સિદ્ધપદ પામ્યા શેત્રુંજાઉપર તે મુની અસંખ્યાતા પ્રત્યે હું વાંદું છું.

पनासजोयणाइंआसिसेतुंजेविथ्थडोमूले;
दसजोयणसिहरतलेउच्चत्तंजोयणाअठ.

ભાવાર્થ—પચાસ જોજન પ્રમાણે મુળમાં શેત્રુંજો પહોળપણે હતો ને દસ જોજન શિખરે પહોળો હતો અને આઠ જોજન ઉંચપણે હતો.

जंलहइअन्नतिथ्थेउग्गेणतवेणबंभचेरेण;
तंलहइपयत्तेणसेत्तुंजगिरिम्मीनीवसंतो.

ભાવાર્થ—જે ફળ અન્યતિર્થે આકરાતપે તથા ઉત્કૃષ્ટ શિયળવૃતે કરીને પામીએ, તેજ ફળ ઉદ્યમે કરીને તત્કાળ વિમળગિરીમાં વસ્યાથી પણ પ્રાપ્ત થાય છે.

जंकोडीएपुन्नंकामियआहारभोइआजेउ;
जंलहइतथ्थपुन्नंएगोवासेणसेत्तुंजे.

ભાવાર્થ—જે કોઇ કરોડ જણને વંચ્છિત ભોજન જમાડી પુન્ય ઉપરાજે તે સર્વ પુન્ય શેત્રુંજે એક ઉપવાસ કરતાં મળે છે.

जंकिंचीनामतिथ्थंसग्गेपायालेमाणुसेलोए;
तंसव्वमेवदिठंपुंडरिएवंदिएसंत्ते.

ભાવાર્થ—જે કોઇપણ નામ માત્ર તિર્થ, સ્વર્ગ, પાતાળ ને મનુષ્યલોકે તે સર્વ તિર્થોને દીઠા ફળ પામે, તે

એક પુંડરિક તિર્થ વાંદતાંજ ફળ મળે.

पडिलाभंतेसंघंदिठनदिठेयसाहूसेत्तुंजे;
कोडीगुणंचअदिठेदिठेयअणंतएहोइ.

ભાવાર્થ—શેત્રૂંજાની સામે ચાલતાં શેત્રૂંજે દીઠે અણદીઠે કરોડ ગુણ ફળ થાય, તેમજ શેત્રૂંજાને દેખતાં તો અનંત ગુણ ફળ થાય.

केवळनाणुप्पत्तीनिव्वाणंआसिजथ्थसाहूणं;
पुंडरिएवंदित्तासव्वेतेवंदियातथ्थ.

ભાવાર્થ—જયાં કેવળજ્ઞાનની ઉત્પતી થઇ તથા જયાં મુનીઓને નિવારણ મોક્ષની પ્રાપ્તિ થઇ છે, તે સર્વને વાંદવાનું ફળ એક પુંડરીક તિર્થ વાંદેથકે પુર્વોક્ત સર્વ મુનીને વાંદવાનું ફળ મળે.

अठावयंसमेएपावाचंपाइंउज्जंतनगेय;
वंदितापुन्नफलंसयगुणंतंपिपुडरीए.

ભાવાર્થ—અષ્ટાપદ પર્વતઉપર રૂષભદેવ મોક્ષે પધાર્યા સમેતશિખર તિર્થ વીસજીનનું સિદ્ધક્ષેત્ર છે. પાવાપુરીએ વીરનું મોક્ષ ઠામ, ચંપાનગરી એ વાસુપુજયનું સિદ્ધક્ષેત્ર ને ગિરનાર તિર્થ નેમનાથનું મોક્ષ ઠામ એ તિર્થોને વાંદે જેટલું પુન્ય થાય તે કરતાં સોગણું ફળ પુંડરીક તિર્થે ભેટતાં થાય.

पुयाकरणेपुन्नंएगगुणंसयगुणंचपडिमाए;
जिणभवणेणसहस्संणंतगुणंपालणेहोइ.

ભાવાર્થ--પુજા કીધે જે એકગણું પુન્ય થાય તેથી સોગણું પુન્ય પ્રતિમા ભરાવે તથા પુજે થાય. તે કરતાં પણ જીનભુવન કરાવે હજારગણું પુન્ય. પણ અનંતગણું પુન્ય શેતરૂંજાનું રક્ષણ કરવાથી થાય.

पडिमंचेइहरंवासितुंजागिरीस्समथ्थएकुणइ;
मुत्तुणभरहवासंवसईसग्गेणनिरुवसग्गे.

ભાવાર્થ—શેતરૂંજા પર્વતઉપર પ્રતિમા યા દેરાસર કરે અથવા કરાવે તે પુરૂષ ભરતક્ષેત્રનું રાજ ભોગવીને ચક્રવૃતિપણું મુકી સ્વર્ગલોકે તથા મોક્ષે જાય.

નોકારસિ, પોરસિ, પુરીમઢ્ઢ, એકાસણું અને આંબેલ એટલા પચખાણ કરતાં પુંડરીક તિર્થ સંભારે તો જે ફળ પામે તે કહે છે. નોકારસી એ છઠ્ઠનું ફળ. પોરસિ એ અઠ્ઠમનું ફળ, પુરીમઢ્ઢે ચાર ઉપવાસનું ફળ, એકાસણે પાંચ ઉપવાસનું ફળ, આંબેલે પંદર ઉપવાસનું ફળ અને ઉપવાસે માસ ખમણનું ફળ. એમ મન, વચન ને કાયાના શુદ્ધજોગે આરાધે. તે ફળ પામે. તે ફળ એક શેતરૂંજાનું ધ્યાન, સ્મરણ કરતાંજ પામે. ચઉવી આહારના પચખાણ કરીને સાત યાત્રા શેતરૂંજાની કરે તે ત્રીજે ભવે મોક્ષે જાય.

अज्जविदीसइलोएभत्तंचईउणपुंडरीयनगे;
सग्गेसुहेणवच्चइसीलविहूणोविहोऊणं.

ભાવાર્થ—આજપણ દેખાય છે કે, લોકમાં અહાર પાણી તજી પુંડરીક પર્વતે સંથારો કરે ને સીલવૃત વિગેરે શુદ્ધ આચારરહિત હોય તોપણ સુખેકરીને સ્વર્ગે જાય.

चरणरहीयाइंसंजइविमलगीरीगोयमस्सगणीओ;
पडिलाभेयमेगसाहुणोअड्ढीदीवसाहुपडीलभइ.

ભાવાર્થ—જેને સાધુપણાનો વેશ છે પરંતુ સર્વ ચારિત્ર રહિત છે, તે શેત્રૂંજા પર્વતઉપર ચડે તો તેને ગૌતમ સરીખા જાણવા અને તેજ વખતે તેને અહાર પાણી આપે તો અઢી દ્વીપના સાધુઓને દાન દીએ તેટલું ફળ થાય. ધનેશ્વર સુરીજીએ પણ એજ રીતે કહ્યું છે.

मेगसावयपुंडरीयोपाणभोयणाईभुज्जसी;
आणंदकामदेवायअड्ढीदीवंसव्वसावगाणंभुजंसी.

ભાવાર્થ—એક શ્રાવકને વિમળગિરીઉપર જમાડે તો આણંદ કામદેવ આદિ અઢ્ઢી દ્વીપના શ્રાવકોને જમાડયાનું ફળ થાય.

छत्तंझ्झयपडागंचामरभिंगारथालदाणेण;
विज्जाहरोअहवइतहचक्कीहोईरहदाणा.

ભાવાર્થ—છત્રદાને, ધજાદાને ને પતાકા વાલઝરી ચ- ઢાવે તે વિદ્યાધરની પદવી પામે, તેમજ રથદાનથી ચક્રવૃ- તિની પદવી પામે.

दसवीसतीसचत्तालख्खपन्नासापुप्फदामदाणेण;
लहईचउथछटठमदसदुवालसपलाइं.

ભાવાર્થ—દસલાખ, વીસલાખ, ત્રીશલાખ, ચાળી- સલાખ, ને પચાસલાખ. એટલા ફુલની માળા ચડાવવાથી ફળ થાય તે કહેછે. દશલાખે એક ઉપવાસનું ફળ, વીસ લાખે છઠ્ઠનું ફળ, ત્રીશલાખે અઠ્ઠમનું, ચાળીશલાખે ચાર ઉપવાસનું, ને પચાશલાખે પાંચ ઉપવાસનું ફળ થાય.

તે તિર્થે કૃષ્ણાગરઆદિ ઉત્તમ ધુપ દે તેને પંદર ઉ- પવાસનું ફળ થાય. કપુર અને બ્રાસનો ધુપ દે તેને માસ- ખમણનું ફળ થાય.

બીજા તિર્થોએ સોનાનું તથા આભુષણનું તથા રો- કડનાણાનું તથા ભુમીનું દાન દેવેકરી જેટલું ફળ પામે, તે કરતાંપણ શેત્રુંજા ઉપર પુજા, નાવણ કરવાથી વિશેષ ફળ મળે, તેમજ તે પર્વતને ભેટતાં આઠ ભયથી મુકાય. એ સર્વ સંબંધ લઘુ શેત્રુંજા કલ્પમાં છે. પરંતુ તે કરતાં પણ ઘણાજ વિસ્તારની સાથે જાત્રા જવાવિષે તથા દેરાં, પ્રતિમા કરાવવાવિષે તથા સંવેગીઓ તથા તેમના શેવ- કોને જમાડવાવિશે તથા નાણા વિગેરેનું અર્પણ કરવા- વિષે તથા અસંજતિઓનું માન વધારવાવિષેના ફળના

ગ્રંથો એટલા મોટા બાંધેલા છે કે વાંચનાર યા સાંભળનાર મહા મોટા આરંભમાં ભરાઈ જઈને બિચારા લાભ લેવાની આશાએ છકાયનો કુટો કરતાંજ ધરાય નહીં. એવા આરંભી પુસ્તકોના આધારથી જાત્રાઓના ફળ લેવા ધારેછે, તેમજ સર્વ પ્રાણીના પ્રાણ હણીને મોક્ષફળ ઇચ્છેછે. તેને સમજાવવાનું એટલુંજ કે જુલમી ગ્રંથના આધાર પ્રમાણે ચાલનારા અજ્ઞાન પ્રાણીનો ભવસત્તાનો નિચ્છેદ કેવીરીતે થશે એ આશ્ચર્યકારક છે! કારણ કે જગત વ્યવહારના સુખ, વિષય વિગેરે આડંબરમાં લુબ્ધ થઈ ગએલા અબોધ પ્રાણિઓ, તેને જ્ઞાન, બોધ, ત્યાગ, વૈરાગ પમાડવો ને તેનું ભલુ ઈચ્છવું તેતો એક તરફ રહ્યું, પરંતુ બિચારા પશુ સમાન જડબુદ્ધિવાળા પુરૂષોને શાસ્ત્રથી તદન ઉલટી રીતે ગ્રંથોના નિબંધ રચી લાભ બતાવી મહા મોટા જંજાળમાં ધકેલી મુકયા, તે પીળા વસ્ત્ર ધરનાર "દેવાનાં પ્રિયનો" છુટકો થવો મુશ્કેલ છે. હવે આ પ્રસંગે સર્વ જૈન દયાધર્મી બંધુઓને કહેવાનું જે મજકુર ગ્રંથકર્ત્તા જાત્રાળુ કાસિદોના કૃત્ય કર્મના રિવાજ પ્રમાણે ન ચાલતાં એક વિતરાગ દેવે જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, નિયમ, ઇંદ્રિઓનો નિગ્રહ§ કરવાથી આત્મસાધન કરવાની શુદ્ધ યાત્રા બતાવી છે. તો તે ઉપર શુદ્ધ ધ્યાન આપી જ્ઞાનદર્શનના ઉપયોગસાથે જગત ઝાળના મમત્વ ઉપરથી યથાશક્તિ મનસા ખેંચી લઈને સર્વ આશ્રવ છાંડી તિકર્ણશુ-

§ વશકરવું.

છપે અશુદ્ધ વ્યવહારમાંથી શુદ્ધ વ્યવહારમાં સ્થિર થઈને નિર્વદ્ય સ્વભાવે નિર્બંધક યાત્રા કરો. એવી યાત્રાથી સર્વ કાર્ય સિદ્ધ થશે. અનંત ભવભ્રમણમાં અશુદ્ધ વ્યવહારના યોગ્યથી અનંત કર્મની વર્ગણાઓ ખીર નીરની પેરે લોલીભુત થએલી છે, તે સર્વ પરોકતભાવે જાણી સ્વપરની વહેંચણ કરીને સ્વસ્વરૂપની રમણતાનો લાભ મેળવવો, તે શુદ્ધ નિર્વદ્ય યાત્રાથી થશે.

## પ્રતિમાપુજનથી મોક્ષફળ કહેછે, તે પ્રશ્નોત્તર.

કેટલાએક મતિવિકળ પુરૂષો એમ કહેછે જે, પાષાણાદિકની પ્રતિમા શ્રાવકો પુજેતો તિર્થંકર ગોત્ર બાંધે તથા ત્રીજે ભવે મોક્ષ જાય. એમ પ્રતિમાની પુજાનો લાભ બતાવે છે તથા કહેછે જે, તિર્થંકરોનેવારે શ્રાવકોએ પ્રતિમા પુજીને મનુષ્યજન્મ સફળ કરેલો છે. એમ બોલનારનું વચન વૃથા છે.

શ્રી ઉપાસગ દશાંગ સૂત્રમાં વાણીજ ગામના રહિસ આણંદ શ્રાવક "महीढीएअपरीभुया" એવો ગૃહસ્થ, તે શ્રી મહાવીરનું પધારવું જાણી વાંદવા ગયો. ત્યારબાદ ધર્મોપદેશ સાંભળીને મિથ્યાત્વ વોસીરાવી સમકિત સહિત બારવ્રત આદર્યા. તે અગાઉ મિથ્યાત્વદશામાં જે ગૃહસ્થાઈ હતી તેટલી મોકળ રાખીને નવી સમૃધી મેળવવાની બંધી કરી ત્યાં "खेतवथुनुंपरीमाणांवीहिंकरेई" એટલે ખેતર તે ઉઘાડી જમીન તથા વથુ એટલે ઢાંકી જમીન તે ઘ-

રાદિક વખારે પ્રમુખ ઘરખાતે વાવરવાને મોકળા રાખી-
ને બકાતના રહેલા આરંભના પચખાણ કર્યા. એ પાંચ-
મું વૃત વિધીસહિત આદરીને એમજ છઠા વૃતમાં છ
દિશાએ વેપારાદિકે જવાનું પ્રમાણ કર્યું. એમજ સાતમા
વૃતમાં છવીસ બોલ વિગેરે નિત્ય નિયમનીસાથે પંદર ક-
ર્માદાનનો વેપાર પચખે એમજ " જાવ " સંથારાસુધી
વિધીગ્રહણકરી તેમાં જેટલા સંસારીક વ્યવહાર ખાતા મો-
કળા રાખ્યા, તેટલાજ ખપે એમ પોતે બોલતા ગયા. તે
સિવાયના વીર પરમાત્માની પાસે પચખાણ કર્યા હવે આ-
શ્રવ રૂંધીને સંવરકર્ણી કરવા માટે નવમું દશમું ને અ-
ગિયારમું વૃત આદરવાની વિધી ધારીને એ ત્રણ વૃતોમાં
સર્વ આરંભનો નિસેદ કરવા મનસા બતાવી છે. ત્યારબા-
દ બારમા વૃતની વિધીમાં શ્રમણ નિગ્રંથને " फासुएस
णीजेणंअसणंप्पाणंखाईम्मंसाईम्मंवथ्थपडीगहकंबलपा
यपुछणेणं "

ભાવાર્થ-ફ્રાસુ સુજતો આહાર સાધુઓને લેવાજોગ, તેમજ
મારે પ્રતિલાભવા જોગ તે અન્નની જાત, પાણીની જાત,
સુખડીની જાત, મુખવાસની જાત, વસ્ત્રની જાત, પાત્રપ્ર-
મુખ કામ્બળ તથા પથરણું તથા રજત્રાણ વિગેરે દઈને
પાછી લેવાય નહીં એવી વસ્તુઓ તથા " पीढफलगसे
ज्जासंथारयेणंजसहभेसहजेणंपडीलाभेमाणेवीहरामी "

ભાવાર્થ. પાટપ્રમુખ બાજોઠ દેવાનું પાટીયું તથા બાજોઠ

તથા સ્થાનક તેમજ પાંચ જાતના પરાળના સંથારામાંથી અમુક સંથરો તથા એક ચીજથી નીપજ્યું તે ઓષડ તથા ઘણાં દ્રવ્ય મળીને નીપજ્યું તે ભેષદ એટલે ચુરણ તે સાધુઓને પ્રતિ લાભીને કાળાંતરે પાછી લેવાય એમ પ્રતિ લાભતો થકો રહું, એમ સર્વ જાતના દાનાદિકની માપણી વિધીપુર્વક ગ્રહી છે. એવી રીતે શ્રાવક ધર્મની આરાધના કરવાવિષે સૂત્રોમાં વિવેચન આપેલુંછે. પરંતુ જૈન પ્રતિમાના પુજનનીવિધી શ્રાવકોએ કોઈ મુળસૂત્રોમાં પુછી નથી તો વિધી પુછયાવિના પુજન શેનુ કરે ! વળી તે શ્રાવકો વૃત લીધા સિવાય તિર્થંકરની સમક્ષ એમ બોલેલાછે જે, અન્યદર્શની તથા અન્યદર્શનીના દેવને તથા અન્યદર્શનીએ ગ્રહણ કરેલા જૈનના દ્રવ્યલીંગ એ સર્વને વાંદવા તથા નમસ્કાર કરવાના નીમ કરૂંછું, તેમજ તે બોલ્યા અગાઉ મારે બોલાવવા યા વિશેષે બોલાવવા યા તેઓને ગુરૂ તથા ધર્મ બુદ્ધિથી આહારાદિક દેવો યા દેવરાવવો, એ સર્વ આજપછી હું આણંદ શ્રાવકને ન કળપે. વિશેષ અન્ય તિર્થીઓના વેષ તે સાકયાદિક તથા અન્ય તિર્થીઓના દેવ તે હરીહરાદિક પ્રત્યક્ષ વરતેછે. તેને તથા જૈનના પડવાઈ વેષધારીઓ સ્વધર્મથી નીકળીજઇને અન્ય દર્શનીમાં મળી ગએલાછે. તે ત્રણ અસ્નાદિકના ભોગીછે. માટે તેઓને ગુરૂદેવને, ધર્મની, બુદ્ધિએ અસ્નાદિક આપુ નહીં, અને નિગ્રંથ ગુરૂને ધર્મની ઇચ્છાએ ચૌદ પ્રકારનું દાન આપુ. એ નિગ્રંથ સાધુઓ અસ્નાદિક વસ્તુના છ કારણથી

ભુકતાછે. તો આણંદ શ્રાવકે આપવા કબુલ રાખેલુંછે. અને મિથ્યાત્વીના ગ્રહેલા વેષધારી વિગેરે પડવાઈ "चइत" એટલે દ્રવ્ય જ્ઞાન સંયુકતા જૈનસાધુ એ ત્રણેજણ પણ કહેલી વસ્તુના ભોગીછે. માટે તેઓને નિરજરાહેતુએ ન આપું એમ કહ્યુંછે. એમ પાઠની રૂકિત જાણતાં છતાં તમો ચૈત એટલે પ્રતિમા કરો છો તો પુછવાનું કે મજકુર કહેલી વસ્તુઓ ખાવા પીવાવિગેરે તેને ભોગવવા જોગ નથી. કેમજે એ એક ઇંદ્રીદળ મજકુર વસ્તુ જોગ નથી. એમ છતાં અનેક જાતના કુતર્કો કરો છો, તે કાંઈ સુજ્ઞતાને યોગ્ય નથી. વળી ચૈત શબ્દને માટે આણંદ શ્રાવકની ઉત્તમ કર્ણીને સાવદ્ય કરાવવા ધારો છો. પણ તે ઉત્તમ શ્રાવકો વોસીરાવેલા આશ્રવોને આચરણ કરે નહીં.

વળી જેસલમીરના ભંડારમાં તાડપત્ર ઉપર લખેલી ઉપાસગની પ્રત છે. તે સંવત ૧૧૮૬ ની સાલમાં લખાએલી છે. તે પ્રતમાં " अणउत्थियपरिग्गहीयाइंचेइयाइं " એટલોજ પાઠ છે. પણ " अणउत्थियपरिग्गहीयाइंअरिहंतचेइयाइं " એવો પાઠ તો મુદ્દલ નથી. અને ત્યાર પછીની ઉપાસગની પ્રતોના ઉતારા થયા છે. તેમાં અરિહંત શબ્દ નવો પ્રક્ષેપ્યો એમ સંભવે છે. માટે કલ્પિત કળાને દૈવ પણ ન પોહોંચે. કેમજે શાસ્ત્રઅનુસારે શાસ્ત્રનો મુળ જવાબ માગે તો મળે પણ કપોળ કલ્પિત શબ્દનો મેળ શાસ્ત્રઆધાર પ્રમાણે કયાંથી મળે ? ને પોતાનો મ-

ત દૃઢ કરવા માટે નવા શબ્દો ઘાલેલા, તે પ્રાચિનકાળના તાડપત્ર ઉપર લખેલા સૂત્રઉપરથી સાબિત થઇ આવે છે. તો કહેવાનું કે અરે અજ્ઞાન સાહેબો ! ખાતરીથી સમજો કે, આણંદ શ્રાવકે જેટલો આશ્રવ છોડીને જે જે વ્રત ધર્યા છે તે નિર્વધ કર્ણીને માટે સમજવાં. પણ તે વખતે તેણે પ્રતિમાપુજન વિશેમો કાંઇપણ અર્થ પુછયો નથી. તેમજ તમારી રીતે આણંદ શ્રાવકે શેતરૂંજા મહાત્મનો આધાર ન રાખતાં એક વીર પરમાત્માના વચન ઉપર આધાર રાખીને કલ્યાણીક જીવ દયા ધર્મ આરાધન કર્યું છે. એમજ સર્વ સાવકો એક વિધીએ ધર્મ આરાધી દેવ લોકે પહોંચ્યા પણ પ્રતિમા પુજનના આધારથી મોક્ષ ઇચ્છા કરી નથી.

શ્રી પ્રશ્ન વ્યાકરણના છઠ્ઠા અધ્યયનમાં દયાના સાઠ નામ ચાલ્યા છે. તેમાં દયાને પુજા કહી છે તે સત્ય છે. ને તેજ અધ્યયનમાં દયાને યજ્ઞ કહેલ છે. તે પણ બરાબર છે. એ દયાની પુજા તથા દયારૂપી યજ્ઞ એ બે અમારે આદરવા યોગ્યછે. મતલબ કે ધર્મદેવ તથા દેવાધીદેવનું પુજન નિર્વદ્ય એટલે હિંસા કર્યાવિનાજ થાય છે. ને એકાંઇ તમારી માન્ય કરેલી પ્રતિમાની રીતે એક ઇંદ્રી નથી કે છકાયનો ભોગ માગે ! કેમજે એતો સ્વશરીરે પંચેંદ્રી છે; તેમજ નિર્વધ કર્ણીથી નિરારંભે વરતે છે. તેથી તે નિરારંભી દેવની આજ્ઞાએ ચાલનારા સર્વ સાધુઓ કરૂણારસથી ભરપુર છે. તેથી તે દેવના યથાયોગ્ય ગુણ સ-

મૃતિમાં લાવી વચનવિલાસે સ્તવના કરીને તેમજ નિરા-ભિમાનથી કાયા તથા આત્માને નમાડી ભાવપુજા કરીને જન્મ સફળ કરવો, એવી રીતે તિર્થંકર વિગેરે ચારે તિર્થોએ કરેલું છે, તે સત્ય છે કારણ કે જે કાષ્ટ તથા તુંબડું તરે તે તારે. એ દ્દષ્ટાંતે જે તિર્થંકર જે કૃત્યથી તર્યા, તેજ કૃત્ય તેના સાસનમાં ચાલનારને પણ બતાવે છે. વળી જે વસ્તુનો આરંભ પોતે ત્યાગ કર્યોછે, તેમજ ચારે તિર્થેને દયા સ્થાપન કરી આરંભ ત્યાગ કરવાની ભલામણ આપીછે. એ ઉત્તમપક્ષ અખિલ જગત કબુલ કરેછે.

વળી કહેવાનું કે પથ્થરનું નાવ બુડે છે. તો તેમાં બેસનાર પણ બુડે છે. તેમજ જે દેવને તથા ગુરૂને વ્યવહારીક ભોગ વલ્લભ છે તો તેઓનો આશરો લઈ ચાલનારા શેવકોને પણ ભોગનોજ બોધ કરશે. જેમ આરંભ કરનારની સોબતે આરંભ વધે, તેમજ દુરાચારીની સોબતે દુરાચાર વધે એમાં કાંઈ નવાઇ નથી. તો અરે અજ્ઞાનનરો ! વિતરાગ દેવે દયાસ્વરૂપ જાણ્યા બાદ છકાયનો બચાવ થવા માટે એમ કહ્યું જે "**महणोमहणोमहणो**" એ શબ્દ સર્વ શ્રોતાજનોના હિતવંચ્છક થઈને કરેલો છે. તે તો સત્ય છે. પણ એજ તિર્થંકરદેવ કોઇ વખતે એમ ન કહેજે અહો ભવ્ય પ્રાણીઓ ! તમારા કલ્યાણાર્થે તિર્થંકર ગોત્ર બાંધવા માટે મુર્તી સ્થાપી છકાય જીવને હણીને મારી શેવાપુજા કરજે એટલે તમોને અનંતો લાભ મળશે. ને ત્રીજે ભવે મોક્ષ જશો. એમ કોઈપણ દીવસે

વિતરાગનું સાવદ્ય વાક્ય હોય નહીં ને એવી હિંસાથી પોતાની પુજા મનાવતા નથી. તેમજ મુળ સૂત્રોમાં આરંભથી પુજન કરી મોક્ષ લાભ લેવાને સમકિતીને કહ્યું નથી. એવી રીતે જાણતાં છતાં તસ્ે સ્વભાવીઓ કલ્પિત પુજા અન્ય દર્શનીઓની દેખાદેખી લઈબેઠા છે તેમાં એમ ખાતરી થાયછે કે, સ્વામીનારાયણના મતની રીતેજ તે ધર્મ ચલાવે છે. જેમ સ્વામીનારાયણના ભગતો તેમનાં દેવળમાં બેઠેલા પાષાણોના નામથી એક ઇંદ્રીઆદિ પંચેંદ્રિસુધી જીવોના પ્રાણ લઈ પછી સાંજે તથા સવારે તે લાગેલું પાપ સ્વામીને ચરણે અર્પણ કરે છે ને એમ કલ્પે છે કે એ સર્વ કાર્ય મહારાજનેઅર્થે કરીએ છીએ તેમાં અમને રતિ પાપ ન લાગે વળી જે વધારે નાણા ખરચી મહારાજના ધામની તથા શેવાપુજાની સમૃધી વધારે તેને મહારાજના વૈમાન તેડવા આવે, તેમજ મહારાજના ધામમાં સોનાના મહેલ મળે એમ લાભ બતાવે એટલે ભોળા પ્રાણીઓ જુલમ મહેનત કરી મરે છે. તેજ દૃષ્ટાંતે પીળા વસ્ત્રવાળા વેષધારીઓએ નવા ગ્રંથો જોડીને આરસ પહાડની મુર્તીઓનો મહિમા વધારવા માટે પુજા, દરશન, તથા દેરાં ચણાવવાનાં, ફળ તથા ફુલ ચુંટી ચડાવવાના તથા જમાડવાના તથા સંવેગીઓને બહુમાન આપવાના ફળ, એમ અનેક દાખલાઓ સંચીને કરેલા ગ્રંથોની ભાક્ષી તે પીળા ચાંદલાવાળા ભોળા વણિકોને સમજાવીને તેઓના પોલા પેટોને ફુલાવી આરંભરૂપ રેતમાં દોડાવી-

માર્યા છે, તે કેવી જુલમની વાત છે !! વળી એવા ગ્રંથોનું માન વધારવા માટે એવા કુભંડ રચે છે કે જે મુળશાસ્ત્રથી વૈરાગ થાય તેવા મુળસૂત્રોથી શેવકોને અજાણ રાખીને કુતર્ક કરેછે કે શ્રાવકને મુળસૂત્ર વંચાય નહીં. માટે ગુરૂની તથા દેવની ભકિત વિશેના ગ્રંથ વાંચીને તે પ્રમાણે ચાલતા શ્રાવકોને અનંતો લાભ મળશે, એમ કહીને પીળા વસ્ત્રવાળે પોતાનો લાભ સુધાર્યો ને શેવકોને સાવદ્ય પુજામાં ફસાવ્યા છે, તે શાસ્ત્રથી વિરૂદ્ધ છે અને નિર્વદ્ય પુજા કહી તે સત્ય છે. તો એવાં વિતરાગનાં નિર્વદ્ય વચનને અનુસરીને પુજા નહીંમાનો અને સાવદ્ય પુજાને માન્ય કરશો તો તે પ્રશ્ન વ્યાકરણને છઠે અધ્યયને દયાના નામમાં યજ્ઞ કરવો કહયો, તે કેવી રીતે માન્ય કરશો ? તમારા કૃત્યની પુજામાં આરંભ કરશો પણ યજ્ઞવિધીતો અન્ય ધર્મીઓના શાસ્ત્રોને માન્ય કરનારને માટે છે ને તેમાં અજામેધ, અશ્વમેધ ગોમેધ, ગજમેધ, ને નરમેધ યજ્ઞ સાવદ્યછે તો તેના ધર્મના આચરણની રીતે તેને પણ તમારે દયામાં પ્રમાણ કરવું પડશે અને તે તમારી સાવદ્ય પુજાની રીતે કરવું પડશે અને તે યજ્ઞાધીકારે ભાવ યજ્ઞનો મેળ લઈને નિર્વદ્ય વાણીમાં ગણશો તો પુજા પણ નિર્વદ્ય કરવી પડશે. માટે અરે અજ્ઞાનવ્યાપક અજાણ નરો ! એમ જાણો કે જે દયા એજ પુજા છે, તેમજ દયારૂપ યજ્ઞ સૂત્રોમાં તથા અન્ય ધર્મીઓના શાસ્ત્રોથી સિદ્ધ થાય છે તે વિષે વિવેચન નિચે મુજબ.

———oOo———

ઉત્તરાધ્યયન બારમે હરકેશી અણગારે યજ્ઞ પાડાના વિપ્રોને બોધ કરીને કહ્યું જે અરે મુર્ખ વિપ્રો! અગ્નિહોત્ર તથા જળ સ્નાનકરીને આત્મકલ્યાણના વંચ્છક થાઓછો, તે સર્વ જડતાછે. ત્યારે બ્રાહ્મણ કહેજે સ્વામિ! કયે યજ્ઞે તથા કયે સ્નાને કલ્યાણ થાયછે ને તમે કયો યજ્ઞ માન્ય કરેલોછે? ત્યારે મુની કહેછે. અરે મહાનુભાવો! પંચ આશ્રવને પંચખીને ઇંદ્રિ દમન કરતોથકો સંવર ગુણ સહિત એટલે મનુષ્યાદિક વ્યવહારી સુખ અસંજમથી નિરવંચ્છકપણે શરિરઆદિ મમત્વભાવ છાંડી મોટા કર્મ શત્રુઓથી જય પામવાને હું મોટા યજ્ઞ કરૂંછું.

તેમાં મારા જીવનો શુદ્ધ ઉપયોગ તે કુંડ તેમાં નિર્વચ તપરૂપ અગ્નિ, તેને દીપ્ત કરવા માટે શરીર તેજ ગોર ઉરકેરણી કરીને કર્મરૂપ કષ્ટોને સળગાવીને પછી શુદ્ધ ભી વિધી જોગ રૂપ ચાટવે કરી વિષઆદિક વિકારોને હોમુંછું અને તે વખત સતર સંજમને આરાધવાવિષે આત્માને જોડવો તેજ સ્વાંતી પાઠ ભણુંછું એમ સર્વ રૂષીશ્વરોને ભલુંછે, એ નિર્વદ્ય આત્મયજ્ઞ.

હવે વિપ્ર પુછેછે કે અહો દેવ પુજનીક! એવા નિર્વદ્ય યજ્ઞને આદે કેવું સ્નાન કરોછો? મુની કહે અહો વિપ્રો! શુદ્ધ દયારૂપ અપુર્વ દ્રહછે, તેમાં નિર્મળ આત્માની સુકળ લેસારૂપ જળ ભરેલુંછે. તેમાં સ્નાન કરીને ત્યારબાદ નવવાડ શુદ્ધ બ્રહ્મચર્યરૂપ તિર્થ કરીને કર્મરૂપ મેલ હરીને અતિશિતળીભુત થઇ ટાળુંછું સર્વ કર્મોને. એ

વું ઉત્તમ નિર્વદ્ય સ્નાન, યાત્રા તથા યજ્ઞ તિર્થંકર દેવે ક-ર્યા, તે કર્મ મળરહિત થઇને શીવપદ પામ્યા તેમજ હુ કરૂં છું.

એમ જૈન શાસ્ત્રોમાં નિર્વદ્ય દ્રહમાં મંજન કરી દયા-રૂપ યજ્ઞ કરવા તિર્થંકરે ઉપદેશ બતાવેલોછે. વળી તેમજ ઉત્તરાધ્યયનના પચવીસમે અધ્યયને જયઘોષ નામે સાધુ ભાવયજ્ઞનો કરનાર થયો તેણે વિજય ઘોષનામના બ્રાહ્મ-ણને નિર્વદ્ય યજ્ઞ કરવાનો બોધ કર્યોછે. એબે અધ્યયનનો પાઠ અહિંઆં લખ્યો નથી. પણ વિવેકિઓને ઉપયોગથી વાંચી માહેતગાર થતાં માલમ પડશે. એમ જૈન માર્ગમાં પુજા તથા યજ્ઞ એ બે ભાવ નિર્વદ્યછે, તેમછતાં ઉલટીરીતે સાવદ્ય તથા અઘોર આરંભ કરીને પુજા તથા યજ્ઞ સ્થા-પન કરેછે તેઓને અજ્ઞાનતાથી બાંધેલા કર્મના બં-ધનોથી મુકત થવું મુશ્કેલછે. કારણ કે જાણકાર થવાના વ-ખતમાં અજાણપણાનો દેખાવ બહાર પાડવો, એવા મુર્ખો-થી બીજો કોણ જગતમાં શ્રેષ્ટ મુર્ખ હોય ! તે મુર્ખપણાનો ગુણતો તસે સ્વભાવીઓનેજ ઘટેછે વળી આ ઠેકાણે નિ-ર્વદ્ય યજ્ઞનેમાટે અન્ય દર્શનીઓના શાસ્ત્રનો દાખલો શા-ક્ષિરૂપે લેવા જોગછે તે નીચે મુજબ.

श्रीमहाभारतेकृष्णोवाच.

ध्रुवंप्राणवधोयज्ञेनास्तियज्ञस्त्वहिंसकः
ततोऽहिंसात्मकोकार्यसदायज्ञोयुधिष्टिर.

ભાવાર્થ—જે માણસ યજ્ઞ કરવા ઈચ્છેછે પણ તેમાં પ્રાણવધવિના યજ્ઞ થાયજ નહીં. વળી યજ્ઞના કારણથી પ્રથમજ પરપ્રાણ નાશ થાયછે. તે માટે અહિંસારૂપ આત્મયજ્ઞ કરવો સદા અહો યુધિષ્ટિર !

इंद्रियाणिपशुन्कत्वावेद्यंकत्वातपोर्मायं;
अहिंसासामाहुतिंकत्वाआत्मयज्ञंयजाम्यहं.

ભાવાર્થ—અહો યુધીષ્ટિર પંચેંદ્રિરૂપ પશુ કરવા અને તપરૂપ ગુણો વિગેરેની વેદીકા કરવી અને દયારૂપ આહુતી દેવી એ પ્રમાણે આત્મયજ્ઞ કરવો.

ध्यानाग्नौजीवकुंडस्थेज्ञानमारूतदीपित;
असत्कर्मधनंक्षिप्पेअग्निहोत्रंकुरूत्तमं.

ભાવાર્થ—અહો યુધીષ્ટિર ! ધ્યાનરૂપ અગ્નિ કરવી અને જીવરૂપ કુંડ કરવો, તે માંહે અસત્ય કર્મોરૂપ કાષ્ટોને પ્રજવળીત કરવા, તેજ અગ્નિહોત્ર સર્વોપરી જાણવો.

એમ અન્ય દર્શનીઓનાં શાસ્ત્રોમાં વિભંગાનાણી યથાસ્થિત દયારૂપ યજ્ઞ સ્થાપન કરેછે તો તમસ્વભાવીજનોને કહેવાનું કે અરે હિંસામાન પુજનકારકો ! તમારા અંતરની દિવ્ય ચક્ષુતળે નિરાપક્ષ પુજનયજ્ઞ કેમ આવતો નથી ! એ આશ્ચર્યછે. જેમ ગર્ધવ ઉપર અમુલ્ય વસ્તુ ભરે તોપણ તેનો ગુણ ન જાણે, તેમજ ભેંસ આગળ ભારત ને પાડાને પાનનાં બીડાંદેવાં એ વૃથા શેવા ભકિતમાં

ગણાયછે, કારણે મહિષ, મહિષી ખોળ ખાવામાંતો ઘણાંજ તત્પર રહે તેમજ અજ્ઞાન સ્વભાવીઓ પણ આત્મજ્ઞાન ન જાણતાં અજ્ઞાનતામાંજ તત્પર રહેછે અને આ નિર્વદ્ય જ્ઞાનનો બોધતો વેદ્યક હોય તે વેદ્યક જ્ઞાનને અમૃતતુલ્ય માન્ય કરીને અનુભવરસ પીએછે.

વળી ઉત્તમ ધર્મીઓ દયાયજ્ઞને, માન્ય કરેછે, તે વિષે જૈનધર્મી ધનપાળ પંડિતના વાક્ય નીચે મુજબ.

એક વખતે શ્રી ભોજરાજા શિકાર કરવા ગયા તે વખતે કેટલાએક કવિઓ રાજાના બળની પ્રસંસા કરતા હતા, તે વખતે ધનપાળ પંડિતે નિરાપક્ષપણે રાજાને બોધની ખાતર દયાની ઉન્નતિ કરવા કહ્યું હતું કે,

रसांतलंयातुतदत्रपौरुषंकुनीतिरेषाशरणोह्यदोषवान्;
प्रहन्यतेयद्बळिनातिदुरबलोहाहामहाकष्टम
राजकंजगत.

ભાવાર્થ—અહો ભોજ! તમારૂં પુરૂષાર્થપણું રસાતળ જાઓ, આતો મોટી કુનીતિ છે. મતલબ કે આ અનાથ પ્રાણીઓને કોઇ શરણજ નથી તેમ તેનો કાંઈ દોષપણ નથી અને તમારા જેવા બળવાન પુરૂષ અતિ દુર્બળ પ્રાણીઓને મારી નાખેછે, તેથી આ જુલમી જગત અહો કષ્ટથી ભરેલું અને રાજા વિનાનું છે! કેમજે જંગલવાસી પ્રાણીઓ તમારા વિકટ બળના ભયથી ત્રાસ પામીને મો-

દાંમાં તરણાં લેછે તોપણ તમને મહેર આવતી નથી એ આશ્ચર્ય છે!

वैरिणोपिहिमुच्यंतेप्राणान्तेतृणभक्षणात्
तृणाहारासदैवैतेहन्यंतेपशवःकथम्

ભાવાર્થ—પ્રાણાંતે ઘાસનું તરણું મોઢામાં લેતાં વેરીને પણ સતવાદી પુરૂષો છોડી દેછે તો જે અનાથ પ્રાણીઓ જંગલમાં રહી સદા ઘાસનોજ આહાર કરેછે, તેવા પશુઓને ન્યાયી પુરૂષ કેમ હણી નાખે?

એમ ધનપાળ પંડિતનાં અમુલ્ય વચન સાંભળીને રાજા ભોજને કુરૂણારસ ઉત્પન્ન થયો ને તેજ વખતે શિકાર કરવાનો નિગ્રહ કર્યો અને સ્વારી લઇ પાછા નગરમાં આવતાં એક યજ્ઞ કરનારના યજ્ઞ સ્થાનકનેવિષે ભોજ રાજાએ એક બકરાને બાંધેલો દીઠો, તે વખતે તે બકરાનું મોહું ઘણું દિન અને દિલગીરીરૂપ જોઇને તેમજ તેનો શોકથી ભરપુર પોકાર સાંભળીને ધનપાળ પંડિતને રાજાએ પુછયું જે, અરે પંડિત! આ બકરો શું કહેછે? ત્યારે ધનપાળ પંડિતે કહ્યુંકે "હે સ્વામિન! મર્ણના ભયથી એ બકરો લાચારી કરી કહેછે કે"

शार्दुलविक्रिडितवृतम्
नाहंस्वर्गफलोपभोगतृषितोनाभ्यर्थितस्त्वंमया
संतुष्टस्तृणभक्षेणनसततंसाधोनयुक्तंतव

स्वर्गेयान्तियदित्वयाविनिहतायज्ञेध्रुवंप्राणीनो
यज्ञंकिंनकरोषिमातृपितृभिःपुत्रैस्तथाबांधवैः

ભાવાર્થ—મારે સ્વર્ગના ફળનો ઉપભોગ કરવાની બીલકુલ તૃષ્ણા નથી તેમજ મેં કાંઈ તે સંબંધી તમારી પાસે માગણી પણ કરી નથી. પણ મને સદા તૃણ ભક્ષથી સંતોષ છે. અહો સત્ય પુરૂષ! એમ મને બાળવો તે તને યોગ્ય નથી. જો યજ્ઞની અંદર હોમેલા પ્રાણીઓ સ્વર્ગમાંજ જતા હોયતો તમારા માતાપિતા ને પુત્ર તથા બાંધવોનો યજ્ઞ કેમ કરતા નથી.

વળી ધનપાળ પંડિત કહેછે કે અહો મહારાજા! એ યજ્ઞ કરનાર અજાણપણાના લાભમાં શાસ્ત્રથી ઉલટી રીતે અનાથ પ્રાણીઓના પ્રાણ હણી યજ્ઞ કરેછે. એ સાંભળી ભોજ રાજા પુછેછે કે, અહો પંડિત! તેનું ફળ શું થશે?

युपंछित्वापशूनहत्वाकृत्वारुधिरकर्दमम्
यद्येवंगम्यतेस्वर्गेनरकेकेनगम्यते

ભાવાર્થ—અહો મહારાજા! યજ્ઞસ્થંભને છેદીને તેમજ પશુઓને હણી રૂધીરનો કાદવ કરીને જો સ્વર્ગેજ જવાતું હોયતો પછી નર્કમાં કોણ જશે?

એમ ધનપાળના મુખથી સાંભળી રાજા ભોજ કહેછે અહો પંડિત! શાસ્ત્રરીતથી કલ્યાણીક યજ્ઞનો ભેદ કહો! ત્યારે ધનપાળ પંડિત કહેછે.

सत्यंयुपंतपोह्यग्निःप्राणाश्वसमिधोमम्
अहिंसामाहुतिंदद्यात्एषोयज्ञःसनातनः

ભાવાર્થ—અહો મહારાજા! સત્ય બોલવું એજ મોટો યજ્ઞ સ્થંભ છે તપ કરવો એજ અગ્નિ છે. પોતાના પ્રાણ તેજ કાષ્ટ છે અને દયારૂપી આહુતી આપવી તેનેજ ખરો યજ્ઞ જાણવો. એવા યજ્ઞોને શાસ્ત્રો પ્રમાણિક કરેછે. એમ એ સઘળું ભોજ રાજાએ માન્ય કર્યું.

એમજ હર્ષ નામના કવિએ નૈશધ નામના મહાકાવ્યના બાવીસમા સર્ગના છોતેરમા શ્લોકમાં યજ્ઞવિષે હિંસાના દોષહેતુ બતાવ્યા છે, તે જાણી મોક્ષાભિલાષી સત્યગ્રહી પુરૂષોએ હિંસારૂપી યજ્ઞનો ત્યાગ કરવો એમ કહ્યુંછે.

વળી વેદાંત શાસ્ત્રોમાં એમ બતાવ્યું છે કે અહો મમુક્ષો! જે તત્વજ્ઞ થઈ સ્વસ્વરૂપનું અવલોકન કરે, તેમજ દેહઆદિ સારી જગતને વૃથા સમજે તેને જ્ઞાની કહીએ.

श्लोक—अहंसाक्षीतियोविद्याद्विविच्यैवंपुनःपुनः
सएवमुक्तःसोविद्वानितिवेदांतडिंडिमः

ભાવાર્થ—ત્રણ દેહ તથા ત્રણ અવસ્થા પંચકોશ ભોકતા ભોગ્યઆદિ સર્વનું વારંવાર વિવેચન કરીને તે સર્વ દેહાદિક દ્રશ્ય છે અને હું તો તેનો દ્રષ્ટ શાક્ષિ આત્મા છું. એમ જે પુરૂષ નિશ્ચયથી જાણેછે, તેજ પુરૂષ મુકત છે. અને તેજ વિદ્વાન છે. એમ કહીએ એવું વેદાંતશાસ્ત્રનું ન-

ગારૂં છે, તે ખુલ્લી રીતે કહેછે.

હવે આ પ્રસંગે દિર્ઘાશ્રવીઓને કહેવાનું જે અન્યદર્શનીઓ સર્વ પ્રાણ, ભુત, જીવ, સત્વને ન જાણતાં મજકુર રીતે નિશપક્ષ યજ્ઞ બતાવેછે. તે સત્ય ધર્મના પક્ષને પરસ્પર મળતો જાણી નિર્વંધ સ્વભાવી દયાધર્મીઓને માન્ય કરવા યોગ્ય છે. તેમજ જૈન શાસ્ત્રોમાં તેવા સદયા કૃત્યથી પુજા, યજ્ઞો કરવાવિષે વિવેચન આપવા કાંઈ ખામી રાખેલી નથી. પરંતુ તમો કલ્પિત ગ્રંથોના આધારથી ને હિંસાબુદ્ધિના વધારાથી સાવદ્ય પુજા કરોછો પણ સાવદ્ય યજ્ઞ કરતા નથી. કારણ જે સાવદ્ય યજ્ઞને હિંસામાં ગણતા હશો અને સાવદ્ય પુજાને દયામાં ગણતા હશો પણ દયાધર્મીઓને પુજા તથા યજ્ઞ નિર્વંધવર્તીમાંજ છે. તેમણે તો તેમજ ગ્રહણ કરેલું છે. પરંતુ તમે પુજાયજ્ઞમાં પરસ્પર વૃથા કલ્પના કરી છે. તે છોડવાથીજ મોક્ષ માર્ગ પ્રાપ્ત થવાનો છે. પણ હિંસાપુજન કરવાથી કાંઇ શાસ્ત્રઅનુસારે માન્ય કહેવાય નહીં કેમજે પ્રતિમાપુજન કરનારાને ચોથા ગુણસ્થાનનો સંભવ નથી. મતલબ કે ચોથા ગુણસ્થાનનો અધીકારી સમકિતની પ્રાપ્તીના વખતમાં નિરાશ્રવી થવા ઉપયોગ કરેછે પણ નવો આશ્રવ વધારવા તત્પર ન થાય, તેથી પ્રતિમાપુજન છે તે સમકિતી જીવોનું કૃતવ્ય નથી. તેવિષે સંવેગી હુકમ મુનીઅધ્યાત્મ પ્રકરણ નામનું પુસ્તક તેમાં તત્વ સારોદ્ધાર ગ્રંથ છે. તેને ચારસેં એકતાળીશમેં પાને લખેલું છે કે સ્થાવર તિર્થની જાત્રા જઇને પ્ર-

તિમાપુજન કરવું એ કાંઈ સમકિત ધર્મમાં નથી. મતલબ કે તે પ્રતિમા તથા તિર્થોમાં ઉત્તમ ગુણસ્થાનોની કોઇપણ અપેક્ષાથી કર્ણી થતી નથી. એમ ગુરૂએ શિષ્યોને ઉપદેશ દીધો ત્યારે શિષ્ય કહે સ્વામી! તિર્થ, યાત્રા, પુજન એ ચોથા ગુણસ્થાનની કર્ણી છે અને તમો સમ્યક્ત દ્વારગ્રંથમાં તથા મંદિર સ્વામિની ઢાળો પ્રમુખ ઘણા ગ્રંથોમાં પ્રતિપાદન કરેલું છે અને તમો અહીંયા ના કેમ કહોછો?

ગુરૂ કહે મહાનુભાવ! અમો તે સ્થળે લાવ્યા તે યોગ્યછે. એકતો કહેર વ્યવહારે. આવર્તમાન કાળના ઘણા લોકોએ માન્ય કરેલુંછે. તેથી તથા જૈન લોકો નિરજરા હેતુમાં પ્રતિમા અપ્રમાણ કરી બેઠાછે. માટે આપણા પક્ષને માન, પુષ્ટિ દેખાડવાની ખાતર તથા ત્રીજું કારણ એ છેકે, આપણો શાસન સારો દીપે ને જગતમાં આપણી પ્રખ્યાતિ થાય. એવા હેતુથી અમોએ તે ગ્રંથમાં દાખલ કરેલું છે.

હવે અમે ચોથા ગુણસ્થાનની કર્ણીમાં સ્થાવર તિર્થ અમાન્ય કર્યું તેનો હેતુ એછે જે લોકોને સુરિઆભ દેવનો તથા દ્રોપદી પ્રમુખનો અધીકાર દેખાડીએ છીએ. પણ તે કર્ણીમાં વિચાર ઘણોછે કારણ કે વિજય દેવતા વિગેરે ઘણા દેવતાઓએ ઉપજતી વખતે પુજા કરીછે. પણ તે પુજાના કૃત્યમાં તેમ ભગવાને તેને સમકિતી કહ્યા નથી. માટે મિથ્યાત્વીજ હોય. મતલબ કે તે દેવતાઓ નવા ઉપજીને પુજા કરેછે. પણ કલ્યાણઅર્થ હોય તો મનુષ્ય લોકો

ભ્રમણાથી ફરી ફરી કરેછે, તેમ હોવું જોઇએ ને તેમ નહીં તો સૂત્રજોતાં તે સમકિત ઠરતાંજ નથી. પરંતુ કાંઇ સમકિતી મિથ્યાત્વીનો નિયમ નથી. તો ફરી પુજા કરવાના હક કોઇને છે નહીં માટે આજ કાળમાં વિવેક વિકળનરો જુલમ આશ્રવ કરેછે, એ આશ્ચર્યછે. વળી તેજ પુસ્તકને પાંચસેં ને પાંચમેં પાને કહ્યુંછે જે સાતમી આશ્રવ ભાવના કેને કહીએ ? એમ શિષ્ય કહેથકે.

ગુરૂ કહે કાયા તે આશ્રવરૂપ સરોવરછે. તેમાં ઇંદ્રિઓને મનરૂપી મચ્છ કચ્છ રમેછે તેમાં વિષયરૂપી કિલોલ ઉપડી રહ્યા છે. પાપરૂપ જળથી ભરપુર છે. તેના પ્રાણાતિ પાતાદિક પાંચ ગરનાળાં છે. તેમાં પહેલું જીવહિંસા તે ત્રસ સ્થાવરનો નાશ કરે, તે ધર્માર્થે યા સંસારાર્થે તે આશ્રવ કહીએ. અહીં કોઈ વાદી શંકા કરે જે ધર્માર્થે હિંસા થાય તે પાપમાં ગણાય નહીં? તેના જવાબમાં પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં ધર્માર્થે હિંસા કર્ત્તાને મહામંદ બુદ્ધિને દુષ્ટ કહ્યા છે. અને દશાવીકાળીક વિગેરે સર્વ મુળ સૂત્રોમાં જયણા એટલે દયા પાળવી, તેજ ધર્મ કહયો છે. અને જે અજ્ઞાની ધર્મને અધર્મની હાલતમાં કરી ધર્મપોકારે છે ને હિંસા કરે છે, તે સત્ય શાસ્ત્ર જોતાં તો અધોગતગામી થશે એમ સિદ્ધાંતોમાં પ્રત્યક્ષ છે. કારણ કે જે ધનના લાભની આશાએ પુજા, પ્રતિષ્ટા સ્નાત્રે વૃત પચખાણ કરાવે છે તે સર્વ પાષાણના નાવ સરખા છે. તે બુડે ને બુડાડે છે. અર્થાત. તે અજ્ઞાની પોતાના પેટ ગુજા-

રાના બંદોબસ્ત આગળ ધર્મ તથા પાપ આશ્રવ સંવરાદિકની ઓળખાણ ન છતાં હિંસાબોધ કરે છે અને કદાપિ કોઈ બે શાસ્ત્ર વાંચેલ હોય તો તેઓને પોતાના બંધન વ્યવહારના અર્થ સારવા આગળ શાસ્ત્રને પણ એક તરફ રાખે છે તો બુડે યા બુડાડે એમાં શું અચંબો છે! તેથી હિંસાત્યાં આશ્રવ છે. અર્થાત બાર અવ્રત કહ્યાછે. ત્યાં છકાયનું અવ્રત એટલે હિંસા કહી છે. ત્યાં કાંઇ એમ નથી. જે ધર્માર્થે હિંસા તે પાપમાં નહીં. કારણ કે જાણતાં યા અજાણતાં સોમલાદિક ઝેર ખાય તે સર્વ દુઃખ પાંમે. એમજ ધર્માર્થે યા સંસારાર્થે હિંસા કરે તે સર્વ ભારે કર્મનું કૃત્ય છે. પરંતુ નહીં ધર્માર્થી. વળી કોઇ પ્રાણી એમ ન કહેજે અરે ધર્માર્થીઓ ! તમો તમારા કલ્યાણની ખાતર અમારા પ્રાણ હરીને તિર્થંકર ગોત્ર બાંધો. એમ કોણે તમોને આદેશ કરેલો છે ? તે જુલમ ગુજારવા ઓસરતા નથી ! અને ફોગટ ગાલ વગાડો છો. પણ એમ જાણો કે સર્વને સુખ અને જીવવું વલ્લભ છે ને મર્ણ તથા દુઃખ અનિષ્ટ છે. માટે અરે ચૈતન ! ત્રસસ્થાવરના પ્રાણનું રક્ષણ કરતાં અનંત શીવ સુખ થશે. અને હિંસા કરનાર પંચાવન દુઃખ વિપા કિયાવત ભ્રમણ કરશે એ પ્રથમ આશ્રવ થયો. તેમજ એ પુસ્તકમાં આશ્રવ ભાવના અધીકારે બીજો મૃષાવાદ એટલે જુઠો વિવાદ તેનું વિવેચન આપેલું છે. તેમાં કેટલાએક અજ્ઞાની એમ કહે છે જે ધર્મઅર્થે જુઠું બોલતાં પાપ નહીં. એ અસત્ય ક-

લ્પના છે. તેજ પુસ્તકને ચાર્સેં ને સાઠમેં પાને શિષ્ય પુછેછે. સ્વામી જમાળી વિગેરે જેણે જીનવચન ઉથાપ્યા હોય તે રખડે પરંતુ આપણે તો હાલમાં કોઈ જીનવચન ઉથાપક નથી તો તેનો પરિસહ ધર્મમાં કેમ ન ગવેખ્યો ?

ગુરૂ કહે અહો ભદ્ર તરણાના ચોરને શુળીનો હુકમ થયો તો કરોડો રૂપિઆનો ચોર થાય તેને શું દંડ દેવાય? વિચાર કરો ? કેમજે તેનો દંડ તો હવે સંભવતો નથી. મતલબ તરણાસાથે શુળી થઇ તો શુળીથી અધીક બીજું શું છે ? તેમજ અહો શિષ્ય ! જમાળી તો માત્ર ચોર છે. ભગવાને કહ્યું જે " જે કરવા માંડયું તે કર્યું કહીએ " એટલુંજ પ્રથમથી વચન ફેરવ્યું તેથી ઘણો સંસાર વધાર્યો અને હાલનેસમે સર્વ મુળસૂત્રો ઉથાપ્યા છે. કેમજે મોઢાથી એવું કહેવું છે કે કાનો માત્ર વિગેરે ઉથાપવો નહીં. એનું વધારે વિવેચન સિદ્ધાંત સારોદ્ધારમાંથી જાણવું ને હાલમાં અહિંઆં પ્રવર્તન છે તે ઘણું કરીને આવશકની ટીકાથી છે. પરંતુ સૂત્રને મળતું કોઇક વચન છે તે સુજ્ઞ વિચારીજોશો. પણ પ્રત્યક્ષ સર્વ મુળ સૂત્રનો લોપ કરીને આવશકની ટીકા માનીએ છીએ તે વિચારવા જેવું છે. તેમજ હાલના કરેલા સ્તવન, સજાઈઓનો આધાર રાખીને સૂત્રને ઉથાપી નાખીએ છીએ, તેને હવે શો દંડ ઠરશે ? કેમજે ઘણો સંસાર તો જમાળીને ઠરાવ્યો છે. ને અહીંઆં તો ઉત્થાપન્નનું પરિમાણ રહ્યું નથી. તો ઉત્થાપકમાં જ્ઞાનીપણું શું જાણવું ? તે જ્ઞા-

ન દૃષ્ટિએ વિચારતાં માલમ પડશે.

તેજ ગ્રંથને પાંચસેં ને ચોપનમેં પાને કહ્યું છે જે આત્મધર્મના દ્વેષી છે તેને હુજી સમકિત ગુણસ્થાન આવ્યું ન કહીએ એમ કહ્યું છે. તો હાલમાં તમે સ્વઇચ્છાએ ગમે તેમ કરો ! પણ એમ કહેવું છે કે જેમ કાષ્ટની પુતળીને વર બનાવી જાન જોડી માંડવે જાય પણ તેને કન્યા પરણાવે નહીં અને પુતળું લઈ જનારા લાજ ગુમાવે તેમજ આત્મજ્ઞાનહિણ પણ અનંતો સંસાર રખડશે. ને તેઓના ઉપદેશ સાંભળનારા પણ અનંતો સંસાર રખડશે. ત્યારે બહાજ આડંબરી બોલ્યા કે તમારા ઘણા કઠોર વચન છે પણ અમે તો બહુ પંડિતના વચન કહ્યા છે તે આધારે ચાલીએ છીએ તો અમારે રખડવાપણું કયાંથી હોય ?

ઉત્તર. અરે ! જો તમે પંડિતના વચન પ્રમાણે ચાલીએ છીએ એમ કહો છો તો કહેવાનું કે કોઈ આત્માર્થી પડિતના વચન બંધનકારક ને આશ્રવી નહોય. મતલબ કે જે ખાતામાં બાહ્યજ ક્રિયાનો ઉપદેસ છે તથા કર્મ બંધનનો ઉપદેશ કરનાર પંડિત છે પણ ધર્મ ઉપદેશક પંડિત નથી ને પંડિત હોય ત્યાં આત્મસ્વરૂપ ગ્રહીને સંવર ભાવની પરૂપણા કરે એવા પંડિત તો મુળ શાસ્ત્રોમાં અનેક ઠેકાણે માલમ પડે છે. તે શાસ્ત્રના નામ અમે પુર્વે કહ્યાં છે.

પ્રશ્ન. તે શાસ્ત્રના બાંધનાર પંડિત સત્ય અને બીજા શાસ્ત્રના બાંધનાર પંડિત અસત્ય છે?

ઉત્તર. જે તેં કહ્યા તે પંડિત પ્રત્યક્ષ અસત્ય છે કારણ કે આચાર દિનકરણ ગ્રંથમાં એમ કહ્યું છે કે ગૃહસ્થનાં છોકરાંને સાધુ પરણાવવા જાય એવા વચન કહેનારને પંડિત કેમ કહીએ ? પણ એવા વાકયોથી એમ જણાય છે કે પ્રત્યક્ષ પોતા વિગેરે પરિવારને માટે અજીવીકા બાંધી છે તે પ્રત્યક્ષ ઉઘાડું છે. વળી તપ ઉજવવાના ગ્રંથ બાંધનારને પુછવાનું કે. એકાવળ, કનકાવળ વિગેરે તપ મુળ સૂત્રમાં છે. તેના તો કોઈ સૂત્રમાં ઉજમણાં કરવા કહ્યાં નથી. અને તમોએ જે નવા તપ ઉત્પન્ન કર્યા તે તપ સૂત્રમાં ન છતાં ઉજમણાનો નિયમ બાંધી ઉદર પુર્ણા પુષ્ટિ કરી કે બીજુ કર્યું. તથા એવા પ્રકરણ ગ્રંથો બાંધ્યા છે કે શ્રાવકને ઉપધ્યાન વહ્યા સિવાય નોકાર ગણવા તે ગુણકારક ન થાય, એવા વાકયો કયા શાસ્ત્રના આધારપરથી મેળવો છો ? સબબ કે ઉપાસક દશાંગનેવિશે આણંદ શ્રાવકઆદિ દશ શ્રાવકનો અધીકાર છે. તેમણે અપ્રમાદીપણે તુરત ધર્મ સાંભળી સમકિત મુળ બારવૃત ઉચર્યા, તેમજ અગિયાર પડિમાં શ્રાવકની વહી તે સમોવેશામાં ઉપધ્યાન વહ્યા એમતો શાક્ષી નથી. એમજ સર્વ શ્રાવકોને આણંદનીજ ભલામણ છે તે અધીકાર વિચારી જોતાં માલમ પડશે.

વળી તમો કહોછો કે સાધુઓને જોગ વહ્યા સિવાય સૂત્ર વંચાય નહીં તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવતીજીમાં ખંધક તાપસે સંજમ લઈ તરત અગિયાર અંગ ભણ્યા

એમ અનેક ગૃહસ્થો દિક્ષા લઈ કોઈ અગિયાર અંગ યા દ્વાદશાંગી ભણ્યા. વળી અનુતરોવવાઈ સૂત્રમાં ધના અણગારે નવ માસનો સંજમ પાળ્યો તેમાં આઠ માસ તપના અને એક માસ અંતક્રિયા સંથારામાં રહ્યા ને તે અગિયાર અંગ ભણેલા છે. તો તેમણે જોગ કયે દીવસ વહયો? મતલબ કે એક ભગવતીજીનો જોગ વહેતાં છ માસ જાય એમ કહોછો તો આંડલીઆ તથા આચારના તથા અંગના જોગ વહેતાં કેટલાં વરસ જોઇએ? તેનો વિચાર કરો? પણ ખાતરી થાયછે કે એ ગ્રંથના રચનાર આ જીવિકા સિવાય ધર્મ માર્ગમાં સમજતા નહોતા એમ સંભવે છે. તથા શ્રાદવિધી વિગેરે ગ્રંથોમાં કેટલોએક વખત લઈને આચાર્યોએ શરીર સંબંધી વ્યવહારોના બાંધા બાંધેલા છે. તેમાં વડીનીત, લઘુનીત તથા દાતણ, નાવણ, ધોવણ, ખાવા, પીવા વિગેરેના આચાર બાંધેલા છે તેને શું આત્મધર્મ કહીએ કે પાપોપાર્જિત કહીએ? હવે આ બાબતમાં જ્ઞાનચક્ષુથી વિચારતાં એમ સમજાય છે કે તેવા ગ્રંથકારોને પંડિત કહેતાં વિદ્વાનોની સુમતિને એબ લાગેછે.

વળી હુકમ મુનીકૃત્ય તેજ પુસ્તકને ચારસેં સીતેરમે પાને નંદિસૂત્રની શાખે એમ કહ્યુંછે કે દશપુર્વ ધરનારના બોધવચન તથા તેના બાંધેલા શાસ્ત્રસૂત્રની રીતે પ્રમાણિક કહિએ અને તેથી અધુરા ભણનારના વચન સિદ્ધાંતને અનુસારે હોયતો સર્વ માન્ય છે. અને સૂત્રવિરૂદ્ધ હોયતો અનંતસંસારી થાય. ત્યાં એમ કહ્યુંછે. માટે દશપુર્વથી ઓ-

છા ભણતરવાળાના વાક્ય યા રચેલા ગ્રંથોને સૂત્ર ન કહેતાં ગ્રંથોજ કહેવા. પરંતુ તેમાં નિર્વદ્ય રીત હોય તો મનાય તેમ નહીં તો તે ગ્રંથનો ત્યાગ કરવો. આ પ્રસંગમાં કેટલાએક કહેછે કે પંચાંગી પ્રમાણ કરવી. ને કેટલાએક કહેછે જે પાંચ ગાથાનું સ્તવન સજાય હોય તેને પ્રમાણ ગણવું તેમ બોલવું મિથ્યાત્વોદય છે. મતલબ કે સિદ્ધાંતથી વિરૂદ્ધ વાક્યના પ્રકરણો માનતા શુદ્ધ સંવરમાર્ગ લોપ થાય ને તે કૃત્યમાં થતા આશ્રવના વધારાથી જીનઆજ્ઞા રહેતી નથી સબબ કે સર્વજ્ઞ પુરૂષોએ ભગવતીજી તથા ઉવવાઇ વિગેરે મુળ સૂત્રોમાં એમ કહ્યુંછે કે "असहेजदेवा" (ધર્માર્થી શ્રાવક કોઈ દેવતાની સહાય ન વંચ્છે.) તેમજ આવતા ભવના સુખની ચાહના ન કરે તે શ્રી ઠાણાયંગજી વિગેરે સૂત્રોથી જાણવું પણ હાલમાં તો શેવા, પુજા, જાત્રા, તપ વિગેરે કરો યા કરાવો છો તેમાં તો ભવોભવની માગણી કરોછો માટે તમારા માગવા પ્રમાણે ઘણાભવ મળી શકે એમ સંભવ થાયછે. વળી કેટલાએક દ્રવ્ય વેષધારીઓ તથા તેમના બોધ સાંભળનારા શેવકો પ્રતિક્રમણાદિક કરતાં દેવોની સહાય માગેછે. એમજ વેષધારીઓ દેવી દેવલાઓની સામે હાથ જોડી નમન કરેછે. તે કેવું અચંબ છે! મતલબ કે સિદ્ધાંતોમાં શ્રાવકોને તો અવર્તીઓને નમવાની ના પાડી છે. તો સાધુઓએ અવર્તીઓને વંદન કરવું એમ હોયજ કયાંથી? સબબ કે સાધુ મુનીતો પંચ પરમેષ્ટી નોકારમાં છે ને પોતાના નામનું પાંચમુ પદ છે જે-

થી અવતીર્ દેવી દેવો સાધુનેજ વંદન કરેછે તેથી મુની અવતીર્ઓને નમસ્કાર ન કરે. પણ હાલમાં દ્રવ્ય વેષ ધરનારા દેવદેવીને વંદન કરેછે. તે શાસ્ત્ર રીતે દેખીતુંજ અઘટિત છે. તેનો હેતુ એજે સૂત્રકારે સાધુને ગુણવંત ભગવંત કહીને બોલાવ્યા છે. તેમછતાં અવતીર્ઓની ગુલામી કરવાનું શું કારણ છે? વળી સૂત્રમાં એમપણ કહ્યુંછે કે સાધુઓએ ગૃહસ્થની સંગત ન કરવી. તેમછતાં હાલમાં ગૃહસ્થોના અંગરક્ષક થઇને પોતાના હક સુધારવા ગ્રંથોપરૂપી તથા અનેક કપોલકલ્પિત વારતાઓ કહી પેટ ગુજારો કરેછે. તો શું એ શાસ્ત્રમાન્ય સાધુ ગણાય?

વળી પુછવાનું કે અજકુર વ્યવહારી ગ્રંથો રચનારા પુરૂષો કેટલા પુર્વ ભણેલા હતા? તેમજ હાલમાં કેટલા પુર્વ ભણેલાછે? તેના જવાબમાં કળેશી મિત્રો એમ કહેછે કે પુર્વતો ભણેલા નહોતા પણ તમો તેમનું અપમાન કરોછો તો કહેવાનું કે શું તમજેટલું એ નહોતા ભણ્યા? વળી કોઈ શાસ્ત્રમાં મજકુર વ્યવહાર દીઠેલો હશે ત્યારે લાવેલા હશે એમ ઉત્તર આપીને કલેશ કરવા ધારે પણ રીત સરન્યાયે ઉત્તર ન આપે ને ઉલટી રીતે કહે જે તમે અલ્પ જ્ઞાની શું જાણો? એવું બોલનારને માટે કહેવાનું એકે દ્રવ્ય વેષધારી તથા તેના શેવકો અસંજતની હાલતમાં રહી મહા આરંભ અને પરિગ્રહના લોભથી તેમજ કુશિયળ આદિ દુરગુણોથી ભરપુર સૂન્સ ઉપયોગી તેઓના કરેલા સ્તવન સજાય વિગેરે ગ્રંથો તેને સિદ્ધાંતની રીતે કેમ

મનાય? ને માનેતો આજ્ઞા અસત્ય કેમ ન થાય?

પ્રશ્ન. અહીંઆ કોઇ કહેજે મજકુર ગ્રંથ કર્ત્તાઓમાં અસંજતીપણું યા અવર્તીપણું હોયતો તેઓના કર્મ તેને સ-ર. પરંતુ તેઓએ સાસ્ત્રતો નિરાપક્ષને નિર્વદ્ય વાક્યથી રચેલાછે. ના?

ઉત્તર. અહો વાદી એ મૃષા વચનછે. સબબ કે જેમ વેશ્યાઓ જારી કર્મ કરેતો તે તેની સંગત કરનાર સખીઓ-ને શિયળ પાળવાનો બોધ ક્યાંથીજ કરે? વળી ચોરીનો કરનાર પોતાના સંઘાતીને અદત્તાદાનનો નિગ્રહ ક્યાંથી કરાવે? તેજ દ્રષ્ટાંતે ગ્રંથકર્ત્તાની કલ્પિત બુદ્ધિથી સત્ય માર્ગને મુળ સૂત્રાર્થનો બોધ નિરાપક્ષપણે કરેતો તેઓથી મિષ્ટાન ભોજન વિગેરે લક્ષ્મિ મેળવવી એ કેમ મેળવી શકાય? પણ એમ જાણો કે જ્યાં ઘણો પરિગ્રહ મેળવેલો હોય ત્યાં મૃષાવાદતો અવશ્ય હોયછેજ. તો એવા બોધીક ગ્રંથકારોને ઉત્તમ પંડિત કેમ મનાય? વળી સૂત્રમાં નિગ્રંથના વચન માન્ય કરવા કહ્યાછે. પરંતુ ધન હરનારાના વચન માન્ય કરવા કહ્યા નથી.

નિગ્રંથના વચન માન્ય કરવા માટે શાક્ષિ. ભગવતીજી તથા જ્ઞાતાજી વિગેરે સૂત્રોમાં જેજે શ્રોતા જનોએ સ્વ-ગુરૂપાસે ધર્મ ઉપદેશ સાંભળ્યો ;ત્યાં ત્યાં એ ગૃહસ્થોનું એમ બોલવું થયુંછે. જે અહોભંતે! એટલે હે પુજ્ય! હવે એ ભગવાન! પદની આગળ સર્વ પદ જોડવાજે હવે મને શ્રધાછે એક નિગ્રંથના વચન ઉપર, તેજ નિગ્રંથના વચ-

નની પ્રતિતછે ને તેજ નિગ્રંથનાં, વચન મને રૂચ્યછે. તેજ વચન કાયાએ કરીને ફરશુંછું. તેજ નિગ્રંથના વચન પ્રમાણ કરવાને ઉદ્યમવંત થયોછું વળી તેજ નિગ્રંથ વચન નિશ્ચયછે. એ કોઈ કાળે જુઠા ન પડે, તેજ નિગ્રંથ વચન ઈષ્ટ એટલે વલ્લભછે. તેનેજ ઇચ્છું પડી ઈચ્છુંછું એ નિગ્રંથ વચન સિવાય સર્વ અનર્થ મુળછે તે હું જાવપડી ઈચ્છુ એવી રીતે સાધુ તથા શ્રાવકધર્મના પાઠછે. તેમાંતો નિગ્રંથ સિવાયના વચન અમાન્યને તેમજ અનર્થ મુળ કહ્યા છે. તો દુરબુદ્ધિવાળાઓને કહેવાનું કે એવા નિગ્રંથ સિવાયના વચનોને તમે સત્યપરૂપક ઠરાવીને તે પ્રમાણે માન્ય કરી ચાલોછો તે શું તમારા ઘણા ભવની પરંપરા વૃદ્ધિ કરવાની ખાતર છેકે બીજું કાંઈછે ? પણ ખરેખર સુજ્ઞજન હોય તેને એમ સમજવું કે આત્માર્થી પુરૂષોએ નિર્વદ્ય વાકયોથી રચેલા સિદ્ધાંતો તેનેજ સૂત્ર કહીએ અને તેજ નિર્વદ્ય સૂત્રોના શુદ્ધ ઉપદેશથી આત્મ ઉપયોગી પુરૂષોએ મિથ્યાત્વ વોસીરાવવાના વખતમાં સમકિત સહિત જ્ઞાનક્રિયા ધારણ કરીને દયારૂપ નિર્વદ્ય પુજાને દયારૂપ નિર્વદ્ય યજ્ઞ કરેલાંછે. તે સિવાય સારંભી પુજન યજ્ઞ જ્ઞાનીઓના ધર્મ વિરૂદ્ધ છે.

## પ્રતિમામતિ પ્રતિમાને શુભાશુભ કહેછે તે પ્રશ્નોત્તર.

મતાવલંબિતજનોએ પોતાના માન્ય કરેલા દેવોનું સ્થાપન કરતાં તે પ્રતિમાઓમાં શુભ તથા અશુભ કરતા

એમ કલ્પના કરેછે તે વિષે વિવેચન નીચે મુજબ.

મુળ શાસ્ત્રોથી વિરૂદ્ધ એક પ્રતિમાની સ્થાપના ખાતર જીતકલ્પ નામનો ગ્રંથ તેમાં કેટલીએક જાતના શુભાશુભ દાખલાઓ મેળવી વિવેકગત શેવકોને અંધ કુપમાં ઉતારી મુકેલાછે. સબબ કે તે બિચારા લખપતિ થવાને તથા પુત્ર પુત્રાદિકથી વંશ વધારવાની ખાતર વ્યવહારિક સુખથી નિરવિઘ્ન પામવાની આકાંક્ષાએ આરસપહાણના કન્ડારેલા પુતળાઓને શુભાશુભ સંકલ્પિને દેવળોમાં તથા ઘરોમાં બેસાડેલાંછે ને તેમાંજ પોતાનું આત્મકલ્યાણ ઈચ્છેલુંછે તે કેવું આશ્ચર્યછે ! તે ગ્રંથમાં એમ કહ્યુંછે જે મલીનાથ, નેમનાથ, તથા મહાવીરજી, એ ત્રણ તિર્થંકરોની પ્રતિમા ગૃહસ્થો પોતાના ઘરમાં બેસાડેતો કુળની તથા ધનની હાણી પામે અર્થાત. ભીખારી થઇ જાય તથા સર્વદાકાળ કંગાળ અવસ્થામાં આવી જાય માટે તે પ્રતિમાને શેવકોએ ઘરમાં મંડન કરી પુજવી નહીં. હવે બકાતના એકવીસ તિર્થંકરોની પ્રતિમા કુળ તથા ધનની વૃદ્ધિ કરતાછે. તેથી શેવકોએ ઘરમાં મંડન કરી પુજવી એમ એક વેષધારી જોત્સી ભાખી ગયોછે.

વળી તે ગ્રંથમાં પ્રતિમાની અવગાહનાનું પરિમાણ કરેલું છે કે, એક, ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર, એટલા આંગળની આરસપહાણની પ્રતિમા શુભકારક છે. ને બે, ચાર, છ, આઠ, દશ આંગળની પ્રતિમા અશુભ અને નાશકારક છે. એ વિગેરે તે ગ્રંથમાં ઘણુંજ વિવેચન છે.

હવે એવી કલ્પના કરનારા ઢક્ષોને કહેવાનું કે અરે જો તમે પરમેશ્વરના નામને શુભાશુભ માનોછો તો શું તમારા મતમાં આત્મ ધર્મસાધન કરવાની કોઈ પ્રતિમા ગુપ્ત રાખીછે કે શું? સબબ કે તમારી સભાસદની કલ્પના ઉપરથી એક તર્ક થાયછે કે એકી આંગળનાં પ્રતિમા પુજવાના લાભમાં તો સર્વ જાતના દ્રવ્યની વૃદ્ધિ થાય તો મહા આરંભ કર્યાવિના ધન પ્રાપ્ત ન થાય તેથી તે આરંભફળનેજ આપનારી છે તેમજ તે પ્રતિમાઓની પુજા કુળવૃદ્ધિ કરનારી છે. અર્થાત કુળવૃદ્ધિનું કારણ તો શિયળવ્રતના ત્યાગથી નીપજે છે. માટે કુશિયળરૂપ ગુણની આપનારી થઈ. કેમજે તમારી ધનવિષેની તથા કુળવિશેની કલ્પના ઉપર એવોજ અર્થ લાગુ થાયછે. તેથી કહેવાનું કે સિદ્ધાંતવિરૂદ્ધ ચાલવાથી સંસાર તો વધેલોજ હતો અને તેમાં મજકુર જાતના બે ફળની પુર્ણી મળી તો કાંઇ ખામીજ ન રહી!!!

વળી તમારા ગ્રંથમાં એમ કહ્યુંછે કે મજકુર ત્રણ પ્રતિમા ઘરમાં પુજવાથી તથા મજકુર કહેલી બેકી આંગળની પ્રતિમા સ્થાપિ પુજન કરવાથી ધન તથા કુળનો નાશ થાયછે. હવે આ પ્રસંગે કહેવાનું કે એવી પ્રતિમા પુજનથી નિર્ધન થઈ જવાય તો ઠીક છે એટલે નિગ્રંથપણું ઉદ્દ આવે ને શુદ્ધ કર્ણીથી કર્મ ખપે. વળી તે પ્રતિમાપુજનથી કુળક્ષય થાય તેપણ ફાયદાકારક વાતછે. મતલબ કે કુળ ક્ષય થવામાં તો નવા કુળ ઉપારજવા ન પડે ને

તેજ ભવે સિદ્ધપદ પામી જવાય. માટે એ નિર્ધનપણું તથા કુળક્ષયપણું જ્ઞાન, દર્શન અને ચારિત્રના આધારથીજ થાયછે. પણ તેવી રીતના શાસ્ત્રબોધ ઉપદેશ ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વિગેરે આરાધના વિધી તો તમારા હિંસા મૃષાના આચરણથી ઉદય થવી મુશ્કેલ છે. પરંતુ નાશકારક પ્રતિમાપુજનથી નિર્ધનપણું તથા કુળક્ષયપણું થઈ જવાથી પરાધીનપણામાં અકાંમ નિર્જરા થશે ને તે અકાંમ નિર્જરાના હાંસલમાં અનેરી જાતના વાણવંતર દેવનો ભય પ્રગટ થશે. માટે અશુભ પ્રતિમાપુજનનું એ ફળ મળનારૂં છે અને શુભ પ્રતિમાપુજનથી સંસાર વૃદ્ધિ થશે. વળી કહેવાનું જે કેવળજ્ઞાનીએ મુળ શાસ્ત્રોમાં સંસાર ઘટવાનો હેતુતો જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપથીજ બતાવેલો છે પણ બીજી બહાજ ક્રિયાથી શુદ્ધ નિર્જરારૂપ કાંઇ ગુણ પ્રગટે યા કર્મ ખપે તેમ કહ્યું નથી. માટે અરે અવિવેકી મિત્રો! ખોટી કલ્પનાથી ભુલ ખાઇને પાપે પિંડ ન ભરતાં જ્ઞાન આરાધના કરવા ઉત્સાહ કરો કે, જેથી તમારા કરેલા આશ્રવના બંધનનો નાશ થાય. પણ જીતકલ્પ, મહાકલ્પ તથા વિવેકવિલાસ વિગેરે ગ્રંથોની રૂઢીરૂપ ખરપુંછ ગ્રહણ કરીને પ્રતિમાના મંડનવિષે ગૃહસ્થોને શુભાશુભ બતાવીને આશારૂપ પાસલામાં નાંખોછો તે કાંઇ પંચેંદ્રિપણાનો ગુણ સંભવતો નથી.

વળી કેટલેએક ઠેકાણે એમપણ કહોછો કે, ચોવીસ તિર્થંકર મોક્ષહેતુ છે. પણ મુર્તીમંડનની ખાતર કોઈ અપે-

ક્ષાનો ગોટો ઘાલીને જવાબ આપોછો તે ગેરવાજબી જણાય છે. કેમજે ત્રણ પ્રતિમાની તથા એકી આંગળની પ્રતિમાની પુજા કરવાથી ધન તથા કુળનો ક્ષય થઇ જવાનો ડર છે. તે મુળ વિચાર પ્રસિદ્ધ ન બોલતાં ઉલટી રીતના જવાબ આપવા તે કાંઇ સત્યધર્મની રીતમાં નથી પણ ખરેખર એમ ધારો કે મોક્ષના કારણ સિદ્ધાંતમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપને ભળાવ્યાં છે. પણ શુભાશુભ પ્રતિમાપુજન ભળાવ્યું નથી. તોપણ તમારી મતિ ભ્રમનાને લીધે હિંસાપુષ્ટી કરવાની ખાતર મજકુર ત્રણ પ્રતિમા અમંગળીક ઠરાવો છો ને બકાતની એકવીશાને મંગળીક ઠરાવો છો, એ પરસ્પર કલ્પના ભેદ કરી જે તિર્થંકર નિર્વાણ પહોંચ્યા તેના નામને દરેક રીતના કુવિચારોથી એબ લગાડો છો. કારણે નેમેશ્વર બાળ બ્રહ્મચારી કુમાર અવસ્થામાં જોગ સાધન કરી મોક્ષ પધાર્યા. તે સર્વ નર, દેવ તથા મુની જનોના વંદનીક છે, તે સત્ય છે. અને તમારી કલ્પનામાં તો એમ છે જે વ્યવહારીક ભોગના અસંભવથી પુત્ર નથી માટે અમંગળીક ગણોછો. તો તમારા વિચાર પ્રમાણે હવે સપુત્રપણે કયાંથી થાય? હવે તેમ નહીં છતાં તે વંદનીક સિદ્ધની કુયુક્તિથી આસાતના કરોછો. તેથી એમ જણાયછે કે નિર્લજ અને બેશરમા જેવા જણાઇ આવોછો. વળી તેમજ મલીનાથ તથા મહાવીરને અમંગળિક ઠરાવવાનો મુળ હેતુ પોતાના મનમાં અવળીજ રીતે સંભવેછે. અને તેવિષેના સામા ઉત્તર આગનારને જવાબ આપો તે

જુદીજ રીતના છે. માટે કુડી કલ્પનાથી કત્તરીમ પ્રતિમાના આધાર લઇને સત્યપુરૂષો શિવગતની હાંસી કરવા ધારોછો. તેથી તમારો કુલ વ્યવહાર કલ્પિત છે. વળી છળભેદથી એમ કહોછો જે એતો વિદ્વજનોને સમજવા યોગ્ય છે. એમ કહેવું તેપણ કલ્પનાથીજ કહો છો.

## દિગંબર, વીસપંથી, તેરાપંથી તથા સેતાંબરને પરસ્પર વિરૂદ્ધ તે પ્રસ્નોત્તર.

પ્રતિમાગ્રાહી દિગંબરના બે પક્ષ ખુલ્લા જણાય છે. તે વીસપંથી અને તેરાપંથી એ બે છે. તેમાં વીસપંથીવાળાએ પ્રતિમા પુજનમાં પાન, ફળ, ફુલ, બીજ, હરીકાય વિગેરે તથા કેશર, ચંદન, ધુપ, દીપ, આર્તી વિગેરે ઘણા છકાયના આરંભ કરી પુજા કબુલ રાખેલી છે. અને તેરાપંથી દિગંબર કહે છે કે, મજકુર રીતે આરંભ કરીને પુજા માન્ય કરનાર વીસપંથીઓ મિથ્યાત્વ દૃષ્ટિઓના આચરણ કરે છે. માટે તે પ્રતિમા પણ કુલિંગમાં ગણવીને તે કુલિંગની પ્રતિમા જાણી અમોએ ત્યાગ કરેલો છે. મતલબ કે તિર્થંકર મહારાજ આપ સ્વશરીરે સંજમ સહિત વિચરતા તે વખતે ફળ, ફુલ, ધુપ, દીપ વિગેરે વ્યવહારીક ભક્તિના ભોગી નહોતા. તેમજ આરંભના યોગ્યથી પુજા એમને યોગ્ય નહોતી તેમ છતાં તેઓના નામની પ્રતિમાને વીસપંથીઓ અનેક આરંભ કરી પુજા કરે છે, તે શાસ્ત્ર વિરૂદ્ધ છે.

વળી અમો તેરાપંથી સત્ત શાસ્ત્રોના આધારથી પ્રતિમા પુજન કરીએ છીએ કે જેમ ભગવંત નિર્વદ્ય પુજા સન્માન સહિત હતા અને દયા માર્ગનો બોધ કરતા હતા તે આધાર રાખી અમોએ તે તિર્થંકરના નામથી પ્રતિમા કરી પુજીએ છીએ અને તે તિર્થંકરો નિર્વદ્ય પુજાથી પુજ્યમાન હતા, તેમજ તેની પ્રતિમાને નિર્વદ્યથી પુજા કરીએ છીએ. સબબ કે સંજમ આરાધનાના વખતમાં તે તિર્થંકરે સર્વ સાવદ્ય કૃત્ય વોસીરાવેલો હતો તે નિરારંભી થઈ વિચરતા હતા તેવીજ રીતે પ્રતિમા પુજનની સ્થિતીમાં પણ નિરારંભીપણું કળાવું જોઈએ ને તે પ્રમાણે નિર્વદ્ય પુજા કરતાં ભવ ભ્રમણા મટે છે. એમ તેરાપંથી પ્રતિમાનતિઓ માન્ય કરે છે અને પ્રથમની રીતે વીસપંથી માન્ય કરે છે. તો કેહેવાનું કે એ બેઉનો મત પ્રતિમા માનવાનો છે. તેમ છતાં પરસ્પર ભેદમાં રમે છે. ને સાવદ્ય નિર્વદ્ય પુજાપરૂપે છે. હવે મજકુર વિવાદીઓને સુચના આપવાની કે વિતરાગ ભાષિત જૈન શાસ્ત્રોમાં દેશવૃતિ શ્રાવકોને એક ઇંદ્રીદળની પ્રતિમાના પુજનવિશે કાંઇપણ વિવેચન આપેલું નથી. તેમ છતાં વિરૂદ્ધ રીતે: પ્રતિમા સ્થાપી સાવદ્ય નિર્વદ્ય પુજાની કલ્પના કરો છો. તે તદન હાંસી ભરેલું છે.

હવે વિતરાગની આજ્ઞા પ્રમાણે ચાલનારા જૈન દયાધર્મીઓ સત્ય શાસ્ત્રના આધારથી પ્રતિમાનો તથા આરંભ સમારંભનો ત્યાગ કરી નિરાપક્ષપણે આર્યધર્મનું આ-

રાધન કરી સંવર નિર્જરારૂપ કર્ણી કરેછે. તો એ પુરૂષો મજકુર વિવાદીઓના સારંભી કૃત્યનો નિચ્છેદ કરેછે. તે સત્ય શાસ્ત્રના આધારથીજ સમજવું.

વળી વિશેષ કે વીસપંથી, તેરાપંથી અને સેતાંબર મુર્તીમાન એ ત્રણ મતવાળાઓના શાસ્ત્રમાં એમ લખે છે કે પ્રતિમા દેરામાં યા ઘરમાં બેસાડવાને માટે પડતે ભાવે ખરીદ એટલે વેચાતી લીધી. પણ તે જ્યાં સુધી પડતર રહે ને પ્રતિષ્ટા તથા હોમ સ્નાન વિગેરે સર્વ પુજાવિધી મહુર્ત્ત ન જોયા ને તે પ્રતિમાના કાનમાં મંત્ર ન સંભળાવ્યા હોય ત્યાં સૂધી તેનામાં તિર્થંકરપણાનો ગુણ નથી. તેમજ અવંદનીક છે. અને મજકુર વિધી કરીને પછી કાનમાં મંત્ર સંભળાવે ત્યાર પછી તિર્થંકર ગુણસંયુકત પૂજન વંદનમાન્ય કરવા યોગ્ય છે. એમ કહે છે તે વિકળોને જૈન દયાધર્મી પૂછે છે કે અરે પ્યારા અજ્ઞાન સાહેબો ! તમારી માન્ય કરેલી પ્રતિમાના કાનમાં તમોએ ગુરૂ મંત્ર સંભળાવ્યો માટે તે તમારા શિષ્ય તરીકે ગણાય છે. ને ત્યાં તમોએ તિર્થંકરના ગુણ યોગ્ય કરી છે તેથી તમારી શકિતએ તે તિર્થંકર પદ પામી છે માટે તે કરતાં તમારી શકિત વધારે જણાય છે !!! કે એક ઇંદ્રીઓના કાનમાં મંત્ર સંભળાવી તિર્થંકર આપવાની જ્યારે તમારામાં શકિત વધી ત્યારે બિચારા તમોપંચેંદ્રીઓ પણ તમારા પિતાંબરી ગુરૂઓ તથા તમો સર્વ અન્યોઅન્ય કાનમાં મંત્ર ભણી ભણીને સંભળાવો અને સાંભળો કે જેથી તમોપણ

એ મિથ્યાત્વ ગુણઠાણાના એક ઇંદ્રીપાસાણ પ્રતિમાની રીતે તિર્થંકર થઈ જાવો ! એટલે કોઇની પુજાની દરકારજ રહે નહીં. અરે વિકળનરો ! મુર્તીના માનનારાઓમાં પણ અનેક વિરૂદ્ધતા પ્રત્યક્ષ દેખાઈ આવે છે. માટે સત્ય સિદ્ધાંત સિવાય કલ્પિત ગ્રંથકારોના એક મત કયાંથી હોય ? વળી મંત્ર ભણવાથી તે પ્રતિમામાં શું ગુણ પ્રગટ થયા તે કહો ?

## ભાદરવા શુદ પાંચમવિરૂધી ચોથ માને છે, તે પ્રસ્નોત્તર.

પાષાણમતિઓ પંચમકાળમાં સાવદ્યાચાર્યોના કરેલ ગ્રંથોના આધારથી એમ કહેછે જે ભાદરવાશુદ ચોથ પડીકમે તે સત્ય ધર્મના આધાર પ્રમાણે ચાલનારા સમજવા આ બોલવું તે કેવળ અસત્ય છે.

તેના જવાબમાં એટલુંજ કહેવાનું કે અનાદી કાળથી મુળ સૂત્રોના આધાર પ્રમાણે ખાતરી થાય છે કે ભાદરવાશુદ પાંચમે સાધુ તથા શ્રાવક સંવત્સરી પડીકમે છે. એમ સિદ્ધાંતોમાં પ્રત્યક્ષ છે તેમ છતાં પાષાણપંથી પાંચમ વિરૂધી ચોથ માન્ય કરે છે, તે મુળ શાસ્ત્રોથી તો વિરૂદ્ધ છે પણ અખિલ જગતથી પણ વિરૂદ્ધ છે. સબબ કે અગિયાર મહિનાની સર્વ પાંચમોને લોક લજ્જાથી માનેછે અને તે એકજ પાંચમ તેઓને દ્વેષકારક થઈ પડેલી છે. એવા કારણથી એમ ખાતરી થાયછે કે અનંતજ્ઞાની તિ-

ર્થંકરના વાક્યથી મુળસૂત્રો રચાયા છે તે કરતાં પણ વિશેષ કાળકાચાર્ય વિગેરેના રચિત ગ્રંથો પ્રમાણ કરે છે ! કદાપિ જો સૂત્રોનો આધાર રાખતા હોય તો પાંચમની ચોથ કેમ થાય ? વળી પાંચમની ચોથ થઈ તો થઇ પણ એકજ પાંચમ જેકે સર્વથી મોટી પાંચમ જેને તમામ હિંદુવર્ણ પણ રૂષીપંચમી કહેછે તે પાંચમ વિરૂધી ચોથ માનીને ત્રેવીસ પાંચમો પ્રમાણિક રહી. વળી એક ચોથ પડીકમે છે તેમજ કુલ ચોથ પડિકમી હોત તો એમ કહેવાનું થાત કે પીળા વસ્ત્રધારી ચોથીઆ મતવાળાજ છે એમ એક જુદો વર્ગ ગણી શકાત પણ તેમ ન થતાં એક રૂષિ પંચમીનો વિરૂદ્ધ કરીને પોતે ચોથપાળે તેમજ અન્યદર્શનીઓને પળાવવા મહેનત લે છે. તે મિથ્યા કુકર્મ છે. અને વિતરાગ ભાષિત મુળ સૂત્રોમાં તો પાંચમનો પ્રગટ મહિમા છે. માટે જૈન દયાધર્મીઓને અવશ્ય પાંચમ પડીકમવી માન્ય છે.

હવે મિથ્યા, સ્વાભિમાની ચોથ ધર્મવાળાઓને કહેવાનું કે વિતરાગના અમુલ્ય વચનને ઉલંઘન કરી કાળકાચાર્યના ગ્રંથોને માન આપી સૂત્ર વિરૂદ્ધ ચાલો છો તો એમ ખાતરી થાય છે કે તમારો મત સૂત્રાધારે તો નથીજ ને એમ જણાય છે કે કોઇ સિદ્ધાંતદ્વેષી બાળ તપ કરતો કરતો તપાગચ્છનું સ્થાપન કરી ઉત્સૂત્ર પરૂપેલાછે. કેમકે પાંચમ પડીકમવાને માટે શ્રી સમવાયંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે અષાડશુદ્દ પુનમની સંધ્યાના પડીકમણા-

થી માંડીને પચાશમે દીવસે સંવત્સરી એટલે ભાદરવાશુદ પંચમી પડીકમવી વળી જો તીથી ઘટી હોય તો ઓગણપચાશમે દીવસે પડીકમવી પણ એકાવનમે દીવસે તો નહીંજ. વળી કલ્પસૂત્રકર્ત્તાએ પણ સમવાયંગ સૂત્રની અપેક્ષા લઇ સંવત્સરી પડીક્મણું કરવું માન્ય કરેલું છે તે પાઠ " यतःआषाढचतुमासकप्रतिपदिनारभ्यसविंसंतिरात्रेमासेव्यतिक्रांतेभगवानपर्युषणामकार्षितत्तथैवगणद्धराप्पडकार्षुरित्यादि.

ભાવાર્થ—વીસદીન સહિત એકમાસે પડિકમણું કરવું ઇતિભાવ.

વળી મુળ સુત્રોમાં પુનમને પાખી કહેછે. તે માટે પડવાઈ આપખા કહ્યાછે. તેથી ઓગણપચાશ તથા પચાશમે દીને પંચમી પડિકમવિ સત્યછે. તેમજ કોઈ વખતે પડિકમણા વેળાએ તથા સંપુર્ણ પંચમી હોયતો પડિકમવી એમ કહેછે તેનો ઉત્તર. સવાયંગ સૂત્રમાં ઘડીનો મેળતો ભગવંતે સૂચવ્યો નથી પણ ઓગણપચાશ તથા પચાશમે દીન પડિકમવા માટે કહેલુંછે.

હવે આ પ્રશ્નમાં કોઈ તર્ક સ્વભાવી કોઇક યુક્તિ કરી. કહે કે બે શ્રાવણ આવે ત્યારે બીજા શ્રાવણ માસમાં પર્યુષણ કરવાં; સબબ કે, ભાદરવા માસનો મેળ કરી સંવત્સરી પડિકમવી એમ કહે તેને કહેવાનું કે, શ્રી જૈન શાસ્ત્રને હિસાબે બે શ્રાવણમાસ કદી આવતા નથી.

तत्रयुगमध्येपौषःयुगांतेचाषाढएववर्द्धतेनान्ये मासास्तच्चिंदानिनतत्सम्यग्ज्ञायतेअतोदिनपं- चाशतैवपर्यूषणासंगतेतिवृद्धाः એટલે સિદ્ધાંતને ન્યાયે પોષને અષાઢ એ બે માસ અધિક આવેછે. પણ તે- ની ગણતરીને માટે જૈન ટીપણું વર્તમાનમાં છે નહીં. તો પણ સિદ્ધાંતને આધારે ઓગણપચાશ તથા પચાશમેદીને પાંચમ પડિકમવી એ સૂત્રનો ન્યાય સત્યછે.

વળી સંવત્સરી પછી દીન સીતેરમે કાર્તીક ચોમાસા- ની પાખી પડિકમણું કરવું એ સત્યછે. કારણ કે જૈન શા સ્ત્રોમાં બે અધીકમાસ કહ્યોછે અને સિતેર દીનતો પ્રાઇ- ક વચન કહ્યાંછે તેમાં એક તિથીતો અવશ્ય ઘટે; તથા પ્રસ્તાવે બે પણ ઘટે; તેથી સીતેર દિનછે તે વ્યવહાર વ- ચન સત્યછે પરંતુ તથી ઘટવાના યોગ્યે ઉગણોતેર અથવા અડસઠ દિવસ પણ થાયછે. માટે સૂત્રન્યાયે વર્તવું એ યો ગ્યછે. વળી સીતેર દીવસ સંવત્સરીનાછે તે વર્ષાતી સામા ચારીને માટે કહ્યાછે તેમજ પ્રથમના ઓગણપચાશ તથા પચાશ દીવસ કહ્યાછે તે ચતુરમાસ સ્થાપવાને અવગ્રહ યા- ચીને કહ્યાછે તે સંવત્સરીની અગાઉ પચાસમે દિને એટલે અષાઢ શુદ પુર્ણીમાસીને દિને અવશ્ય અવગ્રહ યાચવો. પણ ઉલંઘન કરવું ન કળપે. વળી ચોમાસામાં બે શ્રાવ- ણ માસ આવે તે જગત વ્યવહારીક ટીપણામાંછે માટે બી-

જા શ્રાવણ શુદ પાંચમે સંવત્સરી પડિક્કમવી એ સિદ્ધાંતને હિસાબે ભાદરવાજ ગણાયછે. અને વચલા અધીક માસના કારણથી સંવત્સરી પછી સોદીવસે કાર્તીક શુદ પુનમ આવેછે. એ લૌકીક ટીપણાને હિસાબેછે. પણ આસો શુદ પુનમ તેજ જૈન ટીપણાને અનુસારે કાર્તીક શુદ પુનમ જાણીને પડિક્કમણું કરવું.

પ્રથમના બે અષાઢ આવે ત્યાં પ્રથમ અષાઢ વ્યતિક્રાંતે બીજા અષાડ શુદ પુનમે ચાતુરમાસ નિરૂપણ કરવું ત્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઇ સિદ્ધાંતાનુસારે વર્તવું. ઉદાસ જેઠમાસ તથા પ્રથમ અષાઢ માસમાં વૃષા રૂતુના કારણથી રસ્તામાં અયત્ના હોયતો શાસ્ત્રાનુસારે સ્થિર વાસ કરવો યોગ્યછે. એ સિદ્ધાંત પ્રવચનનો આસ્તિક સમજવો કેમકે અયત્ના પંથને ટાળવામાટે તો દરમાસનો નિયમ નથી તેથી ઉપયોગે ચારિત્રના નિર્વાહની ખાતર વિચરવા વિતરાગની આજ્ઞાછે. તોપણ પિતવસ્ત્રધારી કુલિંગો પોતાના મસ્તાની મદના પરાધીનપણામાં પ્રાચિન કાળના સાવદ્યાચાર્યોને યુગ પ્રધાનો તરીકે ગણી તેના કરેલા પ્રકરણોની ભ્રમજાળ કુયુકિતઓથી ભરપુર બનાવટોનુ મહાત્મ વધારવામાટે મોટી પાંચમ વિરૂદ્ધ કરેછે. એ કાંઈ થોડો જુલમ નથી.

વળી એ કાળકાચાર્યે પાંચમને બદલે ચોથ પડિક્કમી તે જૈનશાસ્ત્રથી તો વિરૂદ્ધ છે. સબબ એ કહા સમયનેવિષે સાધ્વીની સહાય કરવાની ખાતર કાળકાચાર્યે રા-

જ વિગ્રહનો પરિસહ ઉત્પન્ન થયો જાણી પોતાના વિચારમાં થયું જે આ પાંચમને બદલે ચોથનું પડિક્રમણું કરવું તે કાંઈ વિતરાગની આજ્ઞા તો છે નહીં પરંતુ કાર્યાકારણને યોગે ચોથ પડિક્રમુ છું પણ આવતી સાલમાં પાંચમ પડિક્રમશું એવા ઈરાદાની સાથે ચોથ પડિક્રમીને અન્યદેશે વિહાર કરી ગયા એમ તપામતીના ગ્રંથો જોતાં માલમ પડેછે. વળી તે ચોથ પડિક્રમવાની અગાઉ પાંચમ પડિક્રમતા હતા તેમજ આવતે વરસે પણ પાંચમ પડિક્રમવી હતી પણ આવતી સાલમાં મરણ પામવાથી ધારેલો વિચાર મનમાં રહયો ને તેના પછાત રહેલા શિષ્યોએ ગુરૂનું માહાત્મ વધારવા માટે ચોથનું પુંછડુ યા નાકુ પકડી રાખ્યું છે ને તેમજ તેઓને કોઈ પુછે ત્યારે ક્રોધાકુળ થઇ કહેજે અમારા વડિલોએ શાસ્ત્રાનુસારે વાજબી ચોથ પડિક્રમી છે. માટે તેમજ અમો વરતીએ છીએ. એમ કહીને ચોથ ધર્મી પીળા વસ્ત્રધારીઓ કુયુક્તિઓ મેળવી ગ્રંથોની શાક્ષીઓ આપેછે. તેથી ઓછી સંજ્ઞાવાળા અજાણ માણસો તે વેષધારીઓનું માન વધારવાની ખાતર અંધ થઇને તેના કહેવા પ્રમાણે ચાલેછે. પરંતુ વિતરાગની આજ્ઞા પ્રમાણે ચાલનારા જૈન દયાધર્મીઓ શાસ્ત્રાનુસારે પાંચમ પડિક્રમે છે. ને દ્રવ્યલીંગીઆઓની કુયુકિતનો શ્રમ વૃથા ગણેછે.

## ચૈત્યશબ્દે પ્રતિમા કહેછે તે અસત્ય છે પણ ચૈત્યશબ્દે જ્ઞાન છે.

કેટલાએક જડમતિઓ તમે સ્વભાવથી એમ કહેછે

જે સિદ્ધાંતોમાં ચૈત્યશબ્દ છે. માટે ચૈત્ય એટલે તિર્થંકરોની પ્રતિમા છે. એમ કહેનારાનું વચન વ્યર્થ છે. સબબ કે ચૈત્યશબ્દે જ્ઞાનધર સાધુઓનું નામ દરશાવેલું છે. અર્થાત ચૈત્ય એટલે આત્મજ્ઞાન છે. તેવિશે વધારે વિવેચન સમકિતસાર ભાગ પ્રથમમાં આપેલું છે. તોપણ વિશેષાર્થે કહેવાનું કે સિદ્ધાંતઅનુસારે ચૈત્ય એટલે જ્ઞાનને પુષ્ટિ કરવાની ખાતર સારસ્વતનાસૂત્રોથી તથા કવિકલ્પદ્રુમના ધાતુ પાઠની સાક્ષિ સહિત તેમજ હેમ વ્યાકરણના પંચમા અધ્યાયના પ્રથમ પદની રીતે ચૈત્ય શબ્દે જ્ઞાન એમ સિદ્ધ કરેલું છે. તે નીચે મજબ.

ज्ञानार्थस्यचैत्यशब्दस्यव्युत्पातिर्वंभण्यते
चितीज्ञानेअयंधातुःकविकल्पद्रुमधातुपाठे
तकारांतचकारधधिकारेऽस्तितथ्याहि
चतेञ्यूचेचितीज्ञानेचितङ्क्चितीकिं
स्मृतौइत्यादिःईकारानुबंधःत्वाक्ययोरिण्निषेधार्थः
पश्चात्चित्इतिस्थितेततोनाम्युपधात्कःइति
सारस्वतोक्तसूत्रेणकःप्रत्ययः
तथाहेमव्याकरणपंचमाऽध्यायस्यप्रथमपादोक्त
नाम्युपांत्यप्रीकृग्ज्ञःकःअनेनापिसूत्रेणकः
प्रत्ययःस्यात्ककारोगुणप्रतिषेधार्थःपश्चातचेतती

जानातिइतिचितःज्ञानवानित्यर्थःतस्यभाव
चैत्यंज्ञानमित्यर्थःभावतद्दितोक्तयणप्रत्ययः

એમ તેમના માન્ય કરેલા હેમાચાર્ય કૃત વ્યાકરણમાં શાસ્ત્રોકત રીતે ચૈત્ય શબ્દને જ્ઞાન કહીએ એમ સિદ્ધ કરી આપેલું છે.

વળી મુળ સિદ્ધાંતોમાંતો ચૈત્યશબ્દે જ્ઞાનધર, સંજતિ એમ ખુલ્લીરીતે માલમ પડેછે તેથી જ્ઞાન સહિત સાધુઓને વંદન નમન વિગેરે "જાવ પુજવા સ્વામિ" કહેવાય તે નિર્બાદક વચનછે એમ છતાંપણ પાષાણમતિ પ્રતિમાને ચૈત્ય કહેછે. તે કેવી જડતાછે ! કેમજે તે એકેંદ્રિ પાષાણમાં પહેલા મિથ્યાત્વ ગુણઠાણાની પ્રબળતાને લીધે જ્ઞાનનો તો અવશ્ય અસંભવછે પણ એની સત્તામાં બે અજ્ઞાન રહેલા છે. તે અપેક્ષાએ તો એનો સર્વમુળ ગુણ મિથ્યાત્વ સ્થાનકમાં પ્રવર્ત્તેછે. હવે તેવા એકેંદ્રિપાષાણને સલાટે ટાંકણે કંડારીને પાંચ ઇંદ્રીઓના આકારમાં મનુષ્ય જેવું રૂપ બનાવ્યું છે. અને તેનો જન્મદાતાર સલાટ છે તેણે પોતાની બુદ્ધિ વાપરીને એકેંદ્રિપણામાંથી પાંચ ઇંદ્રીઓસહિત મનુષ્યના જેવું સ્થુળ કરી આપ્યું તો તે (સલાટ)ને મોટી શકિતનો ધણી ગણવો જોઇએ? હવે એવી મુર્તીઓને વેચાણ લઇને મોક્ષ ગએલા જ્ઞાનધર તિર્થંકરોના નામથી મંડન કરેછે. માટે તે મુર્તીઓ જ્ઞાની પુરૂષ નહીં પણ તેમના નામના આધારે સબ (કળેવર) તો ખરૂં. સ-

અમ કે જ્ઞાની તિર્થંકરોની સાકાર અવસ્થામાં ચૈત્ય એટલે જ્ઞાન હતું, તેતો તેમના આત્મગુણની સાથે લઇને સિદ્ધપદ પામ્યા. હવે પછાત રહેલું શરીર તો જ્ઞાનરહિત પડેલું હતું તે જ્ઞાનરહિતનો અર્થ તો અજ્ઞાનસહિત હોય એમ સંભવે છે. પણ અજીવમાં અજ્ઞાનપણું નથી. પરંતુ પાષાણની મુર્તીમાં અજ્ઞાન તો છે. તેથી કરીને જ્ઞાનચૈત્ય ન કહેવાય પણ અજ્ઞાન ચૈત્ય કહેવાય. સબબ કે જેનામાં જેવો મુળ ગુણ હોય તેમાં તેવીજ રીતે સરધે તેને સમકિત દ્રષ્ટી કહીએ. દ્રષ્ટાંત જેમ સલાટે તે એકેંદ્રિને પંચેંદ્રિના રૂપમાં ઘડીને તૈયાર કર્યો પણ તેમાં પંચેંદ્રિનો ગુણ નહીં તોપણ સ્થુળ ગણાય. તેથી કાંઈ આત્માનો કલ્યાણઅર્થ સરે નહીં. ને પહેલા મિથ્યાત્વ ગુણઠાણાની અપેક્ષાએ અજ્ઞાન ચૈત્ય એમ સિદ્ધ થાયછે. તેથી વિતરાગની આજ્ઞા પ્રમાણે ચાલનારા સમકિત પુરૂષો તેને "ગેય" એટલે જાણીને, "હેય" એટલે છાંડીને "ઉપાદાન" એટલે આદરવાયોગ્ય પંચપરમેષ્ટિ ચૈત્ય એટલે જ્ઞાનચૈત્ય તેને ગુણકારક જાણીને વંદન પુજન નિર્વધ રીતે કરતાં મહા નિર્જરા ઉપારજે એમ જૈન શાસ્ત્રમાં કહેછે.

હવે એવા અમુલ્ય વાકયોથી ભરપુર મુળસૂત્રોના ઉપર આધાર ન રાખતાં ઉલટી રીતે ચાલનારા મંદ બુદ્ધિવાળાને કહેવાનું કે નિર્ગુણી ગુરૂ તથા દેવનો ત્યાગ કરી સદગુણી ગુરૂ તથા દેવ તથા ધર્મ તેને ઉપાદન એટલે ગ્રહણ કરીને ભવભ્રમણાના ફેરાથી છુટી જવાને સકામ નિ-

જેરામાં બળ, વિર્ય, પુરૂષાર્થ વાપરશે? કે જેથી સર્વ સુકૃત્યોની મુરાદ હાંસલ થાય.

વિશેષાર્થ. પન્નવણાજી સૂત્રના ત્રેવીસમા પદમાં કહ્યું છે કે તિર્થંકરનામ કર્મ ઉપાર્જવાની સત્તા એકેંદ્રિ તિર્યંચને ન હોય. સબબ કે તિર્થંકર નામ કર્મ ઉપાર્જવાનાં વીસ સ્થાનક આર્યમનુષ્યગતિ સિવાય બીજી ગતિમાં નથી ને પ્રતિમા તો આરસપાહાણ એકેંદ્રિતિર્યંચ છે તો તેને આઠ બોલ ઉપાર્જણા કરવાની શક્તિ ક્યાંથી હોય તે-વિષે ભગવંતે કહ્યુંછે તે પાઠ નીચે મુજબ.

नेरइआउएदेवाउएनेरइगईनामेदेवगइनामे
वेउव्वियसरीरनामेआहारगसरीरनामे
नेरइआणुपुव्विनामेतिथ्थयरनामंएयाणि
पयाणिनबंधइ.

ભાવાર્થ—એકેંદ્રિ જીવ નાર્કીનું આયુષ્ય ન બાંધે તેમજ દેવતાનું આયુષ્ય ન બાંધે. વળી નર્કગતિનામ તથા દેવગતિનામ ન બાંધે. તેમજ વૈક્રય શરીરનામ આહારક શરીરનામ ન બાંધે તેમજ નર્કમાં જવાને માટે નર્કાનું પુર્વીનામ તથા તિર્થંકરનામ કર્મ એટલા પદ એકેંદ્રિ જાતીના જીવ ન બાંધે.

એ પાઠમાં તથા તેની વૃતિમાંપણ એકેંદ્રિ તિર્યંચને તિર્થંકરનામ કર્મ ઉપારજવાની નાસ્તિ બતાવીછે. સબબ કે તે એકેંદ્રિ પોતાના કર્મની બહુળતા કાપી તિર્થંકરપદ ઉપા

જન કરવાતો શકિતવાન ન થયા તોપણ તમે તેના કાનમાં ગુરૂમંત્ર ભણી ફુંક મારીને તમારી શકિતએ તેમાં તિર્થંકર ગુણ પ્રગટ કરવા ધારોછો એ કેવી મુર્ખાઇ છે !! વળી કોઇ કોઇના કૃત્યોથી કોઈ જગત વંદનીક થઈ જાય તેમ કાંઇ શાસ્ત્રમાં છે નહીં.

વળી ચૈત્યશબ્દ દેખીને અહો ભોળા મિત્રો ! મોટી ભ્રમના સાથે એકેંદ્રિમાં તિર્થંકરપદ સંકલ્પિ બેસોમાં. ચૈત્ય એટલે જ્ઞાનાશ્રીત નિગ્રંથોને કહ્યાછે, તે પાઠ. "चेईअ ट्ठेनिज्जरट्ठिवियावच्चंअणिस्सियंदसविहंवहुविहंकरइ "

ભાવાર્થ—ચૈત્યસબ્દે જ્ઞાનધર સાધુની વયાવચ્ચ નિરજરા હેતુએ કરવી કહીછે તેની વિગત કુળ, ગણ ને સંઘ. કુળ એટલે એક ગુરૂના દિક્ષિત સાધુઓ, ગણ એટલે એક મંડળમાં જુદાજુદા ગુરૂના શિષ્યો મળીને એક સમુદયમાં રહી વીચરે તે અને સંઘ એટલે સર્વ સાધુઓ વિતરાગઆજ્ઞાએ વર્તનારાસરખી સામચારીએ વરતેછે તે. એ સર્વને ચૈત્ય કહીએ. વળી રાયપ્રશેણી સુત્રની વૃતિ કરનારે પણ ચૈત્ય શબ્દનો ભેદ એમજ બોલવેલો છે. " चैत्यंतुप्रशस्तमनोहेतुत्वात " ભાવાર્થ. જેમ ભગવંત મહાવીરને દીઠે મન પ્રશસ્ત થાય તેમજ કુળ, ગણને સંઘને દેખતાંજ મન પ્રશસ્ત થાય.

પ્રશ્ન વ્યાકરણની વૃતિ મધ્યે ચૈત્યશબ્દે પ્રતિમા લખીછે. તે વૃતિ કરનારે પોતાની સ્વઈચ્છાએ પ્રતિમા ઠર-

વી એમ સિદ્ધ થાયછે. મતલબ કે પ્રશ્ન વ્યાકરણમાં ત્રીજા સંવરદ્વારના મુળ પાઠમાં કહ્યુંછે જે નિરજરાનો અર્થી કર્મક્ષય થવાની અભિલાષ ધરતો છતો જ્ઞાન ધરનાર મુનીની વયાવચ દસ પ્રકારે કરે. પરંતુ તે ઠેકાણે ચૈત્યશબ્દે પ્રતીમાનો કાંઇપણ દેખાવ દર્શાવેલો નથી. તો પ્રતિમા ઠરાવવા માટે વૃથા શ્રમ ન કરતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપ ધરનાર ચૈત્યનું આરાધન કરો એમ જ્ઞાનીઓની ભલામણછે. કારણકે જ્ઞાની સાધુઓની સંગત કરવાથી મહા નિરજરા તે કર્મક્ષય થાયછે એમ ભગવતીજીને સતક બીજે ઉદ્દેશે પાંચમે અધીકારછે. તે વિચાર કરીને ઉપયોગ કરતાં સમજણ પડશે તે પાઠ નીચે મુજબ.

तहारुवाणंभंतेसमणंवामाहणंवापज्जुव्वा
समाणस्सकिंफलापज्जुवासणागोसवण
फलासेणंभंतेसवणेकिंफलेनाणफलेनाणे
विन्नाणफलेविन्नाणेपच्चरवाणफलेपच्चरवाणे
संजमफलेसंजमेअणण्हयफलेअ॰तवफले
त॰वोदाणफलेवो॰अकिरियाअ॰सिद्धि
फलपज्जवसाणपन्नत्ता

ભાવાર્થ—યથારૂપ અહો ભગવાન ! શ્રમણ માહણ એટલે સમભાવી બ્રહ્મચારી સાધુની પ્રયુપાસના શેવા યથાસ્થિત કરેતો શું ફળ ઉપજે, અહો ગૌતમ ! જ્ઞાનબો

ધ સાંભળવા પામે અને સાંભળતાં જ્ઞાન વૃદ્ધિનું ફળ અને જ્ઞાન વૃદ્ધિથી વિજ્ઞાન એટલે જાણવા જોગ, આદરવા જોગ અને છાંડવા જોગ એ ગુણ પ્રગટે અને તેનું ફળ તપ ગુણ પ્રગટે અને તેનું ફળ વોદાણ એટલે પુર્વના કર્મોને ખપાવે અને તેનું ફળ જીવનમુક્ત અક્રિયો એટલે ચોદમું ગુણસ્થાન પ્રગટે અને તેનું ફળસિદ્ધ એટલે વિદેહમુક્ત તે પાંચ શરીરક્ષય થાય અને અક્ષય સ્થિતપદ પ્રગટે. એમ અનેક ગુણ પ્રગટ થવાનો હેતુ ચૈત્ય એટલે જ્ઞાની, સદગુણી ને સંજમી સાધુઓની શેવામાં મહા નિરજરા અને મહા કર્મક્ષય થવાનો અવશ્ય સંભવ છે. માટે ચૈત્ય શબ્દે જ્ઞાન સિદ્ધ થાય છે. આ મજકુર દસ ફળની ગાથા દયા ધર્મના બોધમાં કહી છે તે વેષધારીની સોબત તજવા માટે કહી છે. તેજ દસગુણનો પાઠ અહીંઆં ચૈત્ય એટલે જ્ઞાનધર સાધુની ઉપાસના કરવા માટે તથા પાષાણ પડિમાની સંગતથી દુર થવા માટે કહ્યું છે. પરંતુ ચૈત્ય શબ્દે પ્રતિમા કરો છો તો તેની સંગતે પ્રથમ કાંઇ જ્ઞાન બોધ સાંભળવાપણું તો પ્રગટે નહીં તો તે જ્ઞાન ગુણ પ્રગટયા સિવાય પછાત રહેલા ગુણોનું ફળ કયાંથી પ્રગટ થાય ? ને તે નહીં તો મહા નિરજરાહેતુ શા આધારથી ગણાય ? માટે વિવેકીજનો હશે તે વિચાર કરીને તેનો સારાંશ સમજશે. વળી ચૈત્યજ્ઞાની સાધુઓની સોબતથી સર્વ આરંભ ઘટવાનો સંભવ થયો પરંતુ ચૈત્ય શબ્દને પ્રતિમા માનો છો તો તેની સંગત કરતાં અજ્ઞાન-

ના વધારાથી મહા આરંભ, મહા પરિગ્રહ ને દિર્ધાશ્રવનું ફળ મળ્યું છે. એમ સિદ્ધ થાય છે.

વળી મજકુર કહેલા સદગુણ ચૈત્ય જ્ઞાનધર સાધુ સદા વંદનીક પુજનીક છે. કારણ કે જેજે આત્મિક વસ્તુમાં જે જે મુળ ગુણ છે તે તે સર્વ નિરજરા ફળની વૃદ્ધિ કરતા છે. જેમ તપનો ગુણ નિરજરા હેતુ છે તો તેનો જેમ જેમ વધારો વધે તેમ તેમ વધારે નિરજરા ગુણ કરે છે. સબબ તે તપનો મુળ ગુણ કર્મ બાળવાનોજ છે તે ભગવતીજી સોળમા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે એક ઉપવાસથી બીજે ઉપવાસે સોગણું નિરજરા ફળ છે તેમજ ત્રણ ચાર પાંચ વિગેરે ચડતાં ચડતાં નિરજરા વૃદ્ધિ થતી જાય છે. એમજ આશ્રવ હિંસા ઘટતી જાય છે. તેજ ન્યાયે ચૈત્યજ્ઞાનથી જ્ઞાનાદિક ગુણ વૃદ્ધિ પામતા જાય છે. એમ સિદ્ધાંત વચન છે. પરંતુ કોઈ સ્થળે સિદ્ધાંતોમાં મુળ પાઠમાં એમ નથી જે પ્રતિમાને વંદન કરતાં અનંત ભવની ફાંસી કપાય અને મહા નિરજરા ઉપરાજે. એવી રીતે ન છતાં પાષાણમતીઓ પ્રતિમા વંદનમાં નિરજરા કળપે છે ને તે કલ્પનાને દૃઢ કરવાની ખાતર ગ્રંથોની મેળવણી કરી મોટા લાભ બતાવી વજર શલ્ય પ્રક્ષેપ કરેલા છે ને તેના આધારથી તન, મન ને ધનને અર્પણ કરી નિર્થક શ્રમ લે છે તો કહેવાનું કે તેવીજ રીતે નિરારંભમાં મન, વચન અને કાયાના અશુભ જોગને રૂંધી સ્થિરતાભાવ પામ્યા હોત તો તેઓના વાંછીતાર્થ સફળ થવાને વાં-

થો કદી ન રહેત. પણ અજ્ઞાની મુર્ખનરો સિદ્ધાંતોના આધારથી વિરૂદ્ધ રીતે કુતર્કોના આધાર લઈ ચૈત્ય, ચૈત્ય, ચૈત્ય એટલે પ્રતીમાને અર્થે જેજે સારંભથી કૃત્ય કરીએ તે સર્વ નિરજરા હેતુ છે એમ કહે છે તેમાં પુછવાનું કે તે સાવદ્યનું કર્મ તમને ન લાગે તો શું તે બાંધેલા કર્મનો બોદલો પ્રતિમા ભોગવશે કે કેમ ? પણ સિદ્ધાંતની રીતે તો એમ છે કે જે કરતા તેજ ભુકતા એમ જાણીને સુજ્ઞ જનોએ ચૈત્ય એટલે જ્ઞાન આધારથી નિર્વદ્ય કૃત્યમાં ઉપયોગે ચાલવું.

## સાવદ્યાચાર્યોના કૃત્ય ગ્રંથોને સિદ્ધાંતરીતે માની પ્રતિમા પુજે તે પ્રસ્નોત્તર.

સાવદ્યાશ્રવી કુબોધજનો એમ કહે છે કે પ્રાચીનકાળમાં મોટા આચાર્યો થયા તેમણે કળીકાળના સ્વભાવે મત્તીવીસરજન થઇ જવાના ભયથી સર્વ શાસ્ત્રો કાગળ તથા તાડપત્રોમાં લખ્યા તે વખતે પ્રતીમા પુજન વીધીના શાસ્ત્રો વીતરાગના બોધ કરેલા તે પણ મુળ સૂત્રોને અનુસરીને લખેલાછે. તે શાસ્ત્રોના આધારથી અમો પ્રતિમા પુજનવિધી કરીએ છીએ એમ કહેછે તે તદન વૃથાછે.

પણ તેના જવાબમાં કહેવાનું કે જેજે વિતરાગભાષિત મુળ સૂત્રોછે તેમાંતો દેવતાઓના જીત વ્યવહારની પુજાવિધી કહેલીછે. વળી સાધુ તથા શ્રાવકોની વૈરાગદશાથી કરેલી જ્ઞાન સમકિત સહિત નિરારંભી ક્રિયાની

વિધીઓ કહેલીછે. પણ મનુષ્યશ્રાવકોને પ્રતિમાપુજન વીષે કાંઇ વિવેચન આપેલું નથી. તે અવશ્ય છે.

પણ પંચમ કાળના સાવદ્યાચાર્યોએ પોતાના પેટ ગુજારાની ખાતર પ્રતિમા પુજનની વિધીના ગ્રંથો રચ્યાછે. તેમાં એવો ઠાઠ મેળવ્યોછે કે જે વખતે તિર્થંકર મહારાજ નિરાગતાપણે સમોસરણમાં હયાત બિરાજમાન હતા તેની સમક્ષમાં યથાયોગ્યરીતે ભવ જીવોએ વિનયમાર્ગ સાચવ્યો હતો. તેવીજ રીતે હાલના પાષાણમતિઓ પ્રતિમાની આગળ કલ્પિત વિધી કરેછે તે વૃથાછે. સબબ કે તે પ્રતિમા એકેંદ્રિમાં તિર્થંકરની રીતે ગુણ ન છતાં તેની પુજા કરનારાઓજ સંકલ્પેછે તો તે ગુણકર્ત્તા કેમ થાય ? કેમકે જો તિર્થંકરના સમોસરણમાં બનેલી હકીકત રીતે કરતા હોયતો કહેવાનું કે જે દીવસ તિર્થંકર મહારાજ આપ બિરાજતા તે તિર્થંકરના સર્વ ગુણેકરીને શુશોભિત હતા ને તેમજ તેઓને વંદન કરનાર ભવ્યજીવોની શ્રધામાં પણ તિર્થંકરના છતાં ગુણ સ્તવવાની વિશુદ્ધતા હતી તેથી સ્તુતિ કરનારાના તથા તિર્થંકરના છતાગુણ પ્રત્યક્ષ મળી આવેછે. તેતો ઘટિતછે. પરંતુ તેજ આધાર પ્રમાણે પ્રતિમાઆગળ વિધી કરવા ધારેછે તેમાં નિર્ગુણછતાં સદ્‌ગુણથી કેવીરીતે સ્તવી શકાય ? માટે એ સર્વ કલ્પિતછે.

હવે આઠેકાણે ગ્રંથકર્ત્તાએ પ્રતિમા પુજનની વિધીના ફળની વિગત બતાવીછે, તે સુજ્ઞજનો વાંચીને મુળ શાસ્ત્રોનીસાથે સરખાવશોતો પરસ્પર ભેદ માલમ પડશે તે

નીચેની હકીકતથી જાણવું.

પ્રવચન સારોદ્ધાર વિગેરે ગ્રંથોમાં સાવદ્યાચાર્યો કહી ગયાછે કે જે માણસ પ્રથમ દેરે જવાનું મનકરે ત્યાં એક ઉપવાસનું ફળ થાય, દર્શને જવાને ઊઠેતો છઠનું ફળ થાય, તેમજ ચાલવા માટે પગ ઉપાડે ત્યાં અઠ્ઠમનું ફળ થાય ને ડગલું ભરે ત્યાં ચાર ઉપવાસનું ફળ થાય અને માર્ગે ચાલે ત્યાં પાંચ ઉપવાસનું ફળ થાય અને અર્ધેપંથે પહોંચે ત્યાં પંદર ઉપવાસનું ફળ થાય અને દેરાને દેખે ત્યાં માસ ખમણનું ફળ થાય, ને દેરાની નજદીક પહોંચે ત્યાં છ માસી ઉપવાસનું ફળ થાય તેમજ દેરાના પહેલા દ્વારમાં પેસે ત્યાં વર્ષિતપનું ફળ થાય અને પ્રદક્ષિણા દેતાં સો વર્ષિઉપવાસનું ફળ થાય, તેમજ પ્રતિમાને દેખતાં હજાર વર્ષના ઉપવાસનું ફળ થાય અને પ્રતિમા ઉપર ભાવ રાખી વંદન કરેતો અપાર ફળ થાય, અને પ્રતિમાનું પુજન કરતાં તો તેથી ચોગણું ફળ થાય, તે કરતાં પ્રતિમાને ફુલની માળા પહેરાવતાં ઘણુંજ ફળ થાય એમ વિધી કરતાં દેવળમાં વાજાં, વાજીંત્ર, નાટક, ગીત, ગાયન, દીપમાળ વિગેરે કરતાં અનંત ફળ થાય છે. એમ એક જસોવિજય નામનો કુકવિ કહેછે કે મારી એક જીભે તે ફળના લાભનું વર્ણન કરી શકાતું નથી. એમ પ્રતિમાના આરંભ કારણમાં અનંતા તપનો લાભ બતાવ્યો છે. હવે એવી શ્રધાવાળા મુર્ખ મિત્રોને પુછવાનું કે અરે કલ્પિત ગ્રંથ ફળના લેનારાઓ! તમારી કલ્પિત કલ્પનાના વિચાર

પ્રમાણે એમ ઠરેછે કે પીળા વસ્ત્રવાળા વેષધારીઓને તો એક ઉપવાસથી માંડીને પાષાણને દંડવ્રત કરતાં ફળ કહ્યું તેટલુંજ. એમ સંભવ થાયછે પણ તે કરતાં પીળા તીલ્લકવાળા ગૃહસ્થોને અનંતો લાભ થયો જણાયછે. સબબ કે તે શેવકો વંદન કરતાં પુજા વિગેરે નાયકાની પેઠે નાચ કરી સર્વ આશ્રવ કરેછે. માટે તે પીળા ચાંદલાવાળા પીળા વેષધારી કરતાં મોટા ભોગના ધણી સમજાય છે. અને સંવેગી પુજા વિગેરે નથી કરતા તો નીચ પક્ષને જુજ લાભ પામશે એમ સંભવ થાયછે. તો વેષધારી કરતાં વધ્યા તો ખરા!! આ ઠેકાણે કહેવાનું કે પીળા વસ્ત્રવાળા તે મુર્ખ શેવકોને આરંભનો અનંતો લાભ ન બતાવે તો પોતાની આ જીવીકામાં દરેક બાબતની હરકતો આવે માટે શેવકોનાં મન પ્રસન્ન કરવાની ખાતર મહા આરંભનું ફળ તેમને ભળાવ્યું પરંતુ જન્મઅંધાઓની આંખ ઉઘડેજ કયાંથી?

વળી દેરામાં પેસતાંજ ત્રણ વખત નિસ્સહી કહેછે.

તેમાં પહેલી નિસ્સહી તો દેરાને પહેલેદ્વારે ગ્રહ સંબંધી કાર્ય ત્યાગ કરવા નીમિત્તે કહેછે.

બીજી નિસ્સહી દેરાને મધ્યદ્વારે રંગમંડપમાં પ્રવેસ કરતાં પ્રતિમાના દર્શન માટે કહેછે.

ત્રીજી નિસ્સહી પ્રતિમાપુજનને માટે સર્વ અન્યકાર્ય ત્યાગ કરવાની કહેછે.

તેમાં પહેલી નિસ્સહી કહી દેરામાં પેસી મુળ પડિ-

માના દર્શન કરવાની વિધીમાં ત્રણ પ્રદક્ષિણા કરી જીવરક્ષાને માટે નીચી દ્રષ્ટી રાખીને પ્રણામ કરવા કહેછે. હવે તે પ્રણામના ત્રણ ભેદ છે. બે હાથ સંપૂટ કરી નમસ્કાર કરવો તે અંજળીબંધ પ્રણામ, અર્ધશરીર નમાવી કરે તે અર્ધાવૃતન પ્રણામ. બે હસ્ત, બે ઢીચણ ને મુસ્તક એ પંચાંગભુમીએ લગાવી વંદન કરે તે પંચાંગપ્રણામ કહેવાય. એ ત્રણ પ્રદક્ષિણા જ્ઞાન, દર્શન ને ચારિત્રની સૂચવના કરાવનારી છે. અને પ્રતિમાની પ્રદક્ષિણા લેતાં રત્નત્રયનો લાભ વધેછે. અને પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણારૂપ ભ્રમણ કરતાં સંસાર ભ્રમણ નાશ પામેછે. અને તે પ્રમાણે પ્રદક્ષિણા દેવાથી ચારે બાજુનો સ્થાપિત પ્રતિમાનું દર્શન થાયછે તે સર્વ સફળ છે એમ કહેછે.

વળી મુળ પ્રતિમાના સન્મુખ દ્વારથી નિસ્સહી કહીને પ્રતિમા સામી દ્રષ્ટી મેળવી એક સાડી ઉત્તરાસન કરી, બે હાથ માથે લગાડીને અંજળીબંધ પ્રણામ કરી હૃદયમાં પડિમાના ગુણનું સ્મરણ કરતાં એકાગ્રચિત્તે રંગમંડપમાં પ્રવેશ કરવો તેમાં પુરૂષવર્ગે પ્રતિમાની દક્ષિણ દિશા તરફ રહીને અને સ્ત્રી વર્ગે ઉત્તર દિશા એટલે ડાબી બાજુએ ઉભા રહીને દર્શન કરવા એ પ્રમાણે પ્રવચન સારોદ્ધાર તથા શ્રાદ્ધવિધી વિગેરે ગ્રંથોમાં સાવધાચાર્યો કથન કરીગયા છે.

વળી ત્યાં દર્શન કરવાની ક્ષેત્રમર્યાદા બાંધી છે તેમાં જઘન, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ અવગ્રહ ઠરાવ્યા છે

જઘન અવગ્રહ નવ હાથ, ઉત્કૃષ્ટ સાઠ હાથ ને દસથી ઓગણસાઠસુધીનો મધ્યમ અવગ્રહ ઠરાવેલો છે. હવે આ ત્રણ અવગ્રહ ઠરાવવાની મતલબ એમ સંભવેછે કે પ્રતિમા વંદન કરવા આવનાર સ્ત્રીપુરૂષોએ પ્રતિમાથી ઓછામાં ઓછા નવ હાથ દુરથી તે છેવટ સાઠસુધી, દુરથી વંદન કરવું એમ કહેલુ છે.

હવે દેરાના આધિકારમાં પ્રવેશ કરતાંજ પાંચ અભિગમન સાચવવા કહેછે. તેમાં પહેલા બીજા અભિગમનમાં સચિત દ્રવ્ય બાહાર મુકવું તેમાં પોતાને વાપરવાની વસ્તુ, પાન, ફળ, ફુલ વિગેરે તેમજ અસનાદિક, ચાર અહાર અંદર લઈ જવા નહીં પરંતુ પ્રતિમાની પુજા નિમિતના પાન, ફળ, ફુલ તથા નૈવેદ્યાદિક સર્વ સચિત લઈ જવામાં જરાપણ બાધ નથી એમ કહેછે. વળી અચિત દ્રવ્ય બાહાર ન મુકવું કહેછે.

હવે સચિત અચિત એ બે અભિગમન સિવાય પછાતના ત્રણ અભિગમન તેમાં એક સાડી, ઉત્તરાસન તથા એકાગ્ર ચિત્ત તથા અંજળી બદ્ધપ્રણામ એ ત્રણ રંગમંડપમાં પ્રવેશ કરતીવેળા કહેલા છે. એ પાંચ અભિગમન સામાન્ય ગૃહસ્થ પુરૂષોને સાચવવા ઠરાવ્યા છે. અને જો કોઈ રાજા પડિમાના દર્શન કરવા આવે ત્યારે તે પોતાના ખડગ, છત્ર, ઉપાંનઃ, મુગટ, ચમ્મર, એ પાંચ રાજચિન્હ બહાર મુકીને દેરે દર્શન કરવા પ્રવેશ કરેછે. વળી મુખ્ય દર્શન કરતા પ્રતિમા સામે નજર રાખી એકાગ્રચિતે દરા-

જ કરવા. પછી જગા પાછા હઠીને ચૈત્યવંદન કરવાને સ્થાનકે બેસી અક્ષતનો સ્વસ્તિક યા નંદાવૃત કરીને ઉપર ફળ તથા નૈવેદ મુકી અગ્રપુજા કરવી કહેછે. ત્યારપછી પોતાને પગ મુકવાની જમીનને ત્રણ વખત પુંજીને ત્રણ ખમાસમણા દઈ ત્રીજી નિસ્સહી કહીને આલંબન ત્રિક સાચવતા ચૈત્યવંદન કરવું. તે ત્રણ આલંબન સાચવવાની વિગત.

વર્ણનું આલંબન, અર્થનું આલંબન ને પ્રતિમાનું આલંબન એ ત્રણ આલંબન કહ્યા છે. તેમાં વર્ણનું આલંબન એટલે ચૈત્યવંદનના નમોથુણં વિગેરે શુદ્ધ બોલવા. અર્થાલંબન એટલે કથિત સૂત્રોનો અર્થ હૃદયમાં ચિંત્તવન કરતા જવું. પ્રતિમા આલંબન તે પ્રતિમા સામેજ જોઇને સ્તવનો વિગેરે કહેવા એમ પ્રતિમાપુજન વિધીવાર કરતાં મોક્ષનો લાભ ઉપાર્જે છે એમ તે ગ્રંથોમાં પ્રતિમાની શોભાભકિતમાટે ગલંદર ચલવેલા છે. વળી તે ભકિતનેમાટે નાવણ ધોવણ પુજનવિધીમાં તથા પાન, ફળ, ફુલ, ધુપ, દીપ. નૈવેદાદિક કરવું તથા સવાલખી, નવલખી પુષ્પોની વિધીસહિત આંગી રચવી વિગેરે સચિતાદિકનો આરંભ થાયછે. તેને પ્રતિમાની પુજામાં મહા નિર્જરાહેતુ ગણવું કહેછે. એમ સર્વ વિધાનનું પ્રવચન સારોદ્ધાર વિગેરે ગ્રંથોમાં કથન કરેલું છે. વળી તે ગ્રંથોમાં પ્રતિમાપુજન વિગેરે આરંભો કરવાની એટલી કુયુકિત મેળવેલી છે કે તે આ સ્થળે દાખલ ન કરતાં થોડાસાંજ સૂચના આપવામાં આવેછે. જે પાષાણોપાશક પીળા વસ્ત્રવાળા વેષધારીઓએ

સંસારમાં લાંબો વખત રહેવાની ખાતર દેવળમાં બેસારેલ એકેંદ્રિ ચાર પ્રાણધારકની બહુમાનવિધીપુર્વક નમન, વંદન ને પુજનના મોટા ગ્રંથો બાંધેલાછે. અને તેમાં થતા આરંભનું અધીકારીપણું પોતે માથે ન ધરાવતાં મોટા લાભની ભ્રમણા બતાવીને અમારા પુર્વ સંબંધી અજ્ઞાન મિત્રોને ફસાવીમાર્યા છે. અર્થાત. સુદ્રષ્ટિથી ચુકવી હિંસામતથી આશારૂપ પાસમાં ગુંચવીને કહે જે દેખીતી હિંસા દેખાય પણ અનુંબંધે દયા થાયછે. એમ અવળ ચક્રમાં ચડાવ્યા છે. પરંતુ તે અવિવેકીઓને પ્રાણઘાતના ફળ તો બીલકુલ બતાવ્યાજ નથી. અફસોસ! અફસોસ! તે બિચારા પામરની શી ગતી થશે!

હવે મજકુર ગ્રંથકર્ત્તાઓની પ્રતિમાપુજનની વિધીને મુળશાસ્ત્રની સાથે સરખાવતાં પરસ્પર ભેદ પડેછે તે નીચે મુજબ.

## સત્ય વિનયની વિગત.

કોઈપણ ગૃહસ્થ હયાતી તિર્થંકર મહારાજના સમોસરણમાં વંદન કરવાની ખાતર ગયો ત્યાં કોઇ પણ ઠેકાણે એક ઉપવાસથી માંડી હજાર વર્ષની તપશ્યાનું ફળ બતાવ્યું નથી. તેથી એમ સમજાયછે કે ગ્રંથકર્ત્તાએ ભોળા પ્રાણીઓને પ્રતિમા વાંદવાના લાભમાં દોડાવીમાર્યાછે.

વળી તિર્થંકર તથા આચાર્ય તથા ઉપાધ્યાય તથા ગુરૂના ચરણમાંથી વિનિત શિષ્યો અમુક કાર્યનેમાટે ગમન કરેછે, ત્યારે

એમ કહે જે અહો ગુરૂ ! "આવસહી" એટલે અવશ્ય કાર્યનેમાટે જાઉંછું. એમ કહી અગત્યના કાર્યો ગુરૂની આજ્ઞાએ કરી પાછો હજુરમાં આવે ત્યારે કરેલાં કાર્યની સૂચના આપવામાટે કહે જે અહો ગુરૂ ! "નિસ્સહી" એટલે કાર્ય કરી તમારા ચરણમાં આવ્યો છું એમતો સિદ્ધાંતોમાંછે. પરંતુ પાષાણ પ્રાતમા આગળ નિસ્સહી કહે છે જે ગ્રહસબંધી કાર્ય મુકી આવ્યોછું એમ સંભવે છે. તેમાં પુછવાનું કે દેરાસાંથી ઘેર ગયા ત્યારે આવસહી કહી પ્રતિમાની આજ્ઞામાગીને સંસાર વ્યવહાર કરવા ગયા હતા કે શું ? કે આસ્થળે નિસ્સહી કહીને પ્રતિમાને ચેતવણી આપો છો.

વળી બીજી નિસ્સહી પ્રતિમા દર્શનનેમાટે કહેછે. તેમાં એમ થયું કે હે દેવ ! તમારા માટે સર્વ બીજા વેપાર તજુંછું એમ પ્રતિમાને સંભળાવેછે તો પુછવાનું કે બીજી નિસ્સહીનો સ્વીકાર કોણ કરેછે ? વળી ત્રીજી નિસ્સહીમાં પુજા નિમિત્તે ઘરના કાર્ય તજુંછું એમ કહે છે. તો શું તે પ્રતિમાએ એમ જાણ્યું જે આ બિચારો સેવક હું એકેંદ્રિ પાષાણનેમાટે સર્વ ઘર તજીબેઠો છે. એમતો એ અસંજ્ઞીછે માટે કદી સ્વીકારતી નથી તો એ ત્રણ નિસ્સહી પોતે બોલીને પોતે સ્વીકાર કરોછો તો કહેવાનું કે પોતે એકાંત સ્થળે બેસીને પોતાનીમળે નિસ્સહી કાં ન કહે ? ને પોતે બોલતો અબોલનો આદેશ માગેછે તો એ કલ્પના કેવી અસંભવીતછે ?

તિર્થંકરના સમોસરણમાં ભવજીવો તિર્થંકરની સન્મુખ વિનયપુર્વક ત્રણ પ્રદક્ષિણા દઈને વંદન કરતી વખતે જીવરક્ષાનેમાટે જમીન ઉપર દ્રષ્ટી રાખતા ને તે સમોસણમાં દયાધર્મનોજ બોધ થતો એમ તો મુળસૂત્રોમાં છે તે સત્ય છે. પણ પ્રતિમાવંદનમાટે પહેલી નિસ્સહીની વખતે ત્રણ પ્રદક્ષિણા દઇને જીવરક્ષાની ખાતર જમીન ઉપર દ્રષ્ટિ રાખવી કબુલ કરેછે. અને કોઈ પુછે તેને એમ કહેછે જે પુજા તથા દર્શનનિમિત્તે પ્રાણી હણાય તે હિંસામાં ન ગણાય એવી અવળી શ્રધા છે તો દયાની ખાતર નીચી દ્રષ્ટી રાખવી તેપણ દેરાંનીજ અંદર રાખવી. તે તમારો માન્ય કરેલો નિરાશ્રવ તેમાં આશ્રવ ક્યાંથી થઈ પડ્યો? માટે તદન અસત્ય કલ્પના જણાયછે.

વળી ત્રણ જાતના પ્રણામછે. તે વિધી તો તિર્થંકરાદિક સર્વ સંજતિઓનેમાટે છે. મતલબ કે તેઓમાં છતા ગુણ છે અને તેઓને વંદન કરવા આવનાર ભવજીવો નમ્રતાપુર્વક તેઓના નેત્રો આગળ કરી બતાવેછે. તે વખતે તે જ્ઞાની પુરૂષો સમભાવમાં રહેછે. પણ વિનય કરનારને એમ સંકલ્પે છે જે એ ભવીઆત્મા વનિત અને શ્રધાવાન છે એમ તો સંભવેછે. પણ અરે મુર્ખ જનો! પ્રતિમામાં તેટલા ગુણ ન છતાં તિર્થંકરાદિકની રીતે ત્રિવિધ વંદન કરવા ધારોછો ને સ્વીકારનાર પણ તમોછો વળી તે પ્રતિમાને તમે નમસ્કાર કરતાં તમારા ઉપર પુર્વોક્ત કલ્પના કરવા અશક્ત છે. તેથી તમારી કલ્પના નાહકછે.

તિર્થંકરના સમોસરણમાં ભવજીવો તિર્થંકરાદિક સર્વ સંજતિઓને ત્રણ પ્રદક્ષિણા કરતાં રત્નત્રય પ્રગટ થાય છે. તે ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે એ વાત તો સત્ય છે. સબબ કે તેઓની સગતથી જ્ઞાનાદિક દશ બોલની સિદ્ધિ થાય છે. પરંતુ પ્રતિમાની પ્રદક્ષિણા કરતાં રત્નત્રય કેવીરીતે પ્રગટે ? તે અસંભવીત વાત છે. વળી રંગમંડપમાં પુરૂષવર્ગે પ્રતિમાની જમણી બાજુ રહીને તેમજ સ્ત્રીવર્ગે ડાબી બાજુ રહીને દરશન કરવાં તેમાં નવ હાથથી સાઠ હાથસુધી દુર રહેવું બતાવ્યું છે. તો કહેવાનું જે ભગવંતને સમોસરણમાં વંદન કરવા જનારા ભાગવંતથી " अहुरसामंते " એટલે અતિ વેગળા નહીં તેમ અતિ ઢુકડા નહીં એમ રહીને વંદન કરે છે. માટે નવ તથા સાઠ હાથની કલ્પિત ગણતરી છે. કેમજે સાક્ષાત તિર્થંકરાદિક શ્રમણોને વંદનવિધી મજકુર પાઠનીરીતે છે. વળી સાધ્વીથી સાડાત્રણ હસ્ત દુર રહી પુરૂષવર્ગે વંદન કરવું અને સ્ત્રીઓએ સાધ્વીને સ્પર્શ રહિત યથાયોગ્ય સ્થળે રહી દરશન કરવું મતલબ કે તિર્થંકરાદિક સાધુ સાધ્વીઓને ગૃહસ્થોએ સંગટો ન કરવો, એમ તો મુળસુત્રમાં પ્રત્યક્ષ છે. પરંતુ તમો પ્રતિમામતિએ પ્રતિમાથી નવ તથા સાઠ હાથસુધી દુર રહી સ્ત્રી પુરૂષોએ વંદન કબુલ રાખ્યું છે. સબબ કે પ્રતિમાને સંગટો ન થવા માટે એમ ઠર્યું. તેમાં પુછવાનું કે તમો તે પ્રતિમાને નવરાવવા વિગેરે પુજાવિધી કરતાં આંગળીથી પ્રતિમાના કપાળમાં

ચાંદલો કરવાને મસે ઘોંકો મારીલોકો તે તમારા કહેલા પ્રમાણે તમને મોટી અસાતના ને ઘણા ભાવનો લાભ મળે તેવું થયું ! તેમજ સ્ત્રીઓએ હયાત તિર્થંકરાદિકને સ્પર્શવંદન કરેલા નથી. તેમજ પ્રતિમાનો સ્પર્શ ન થવાના હેતુએ નવ હસ્તાદિક ક્ષેત્ર કળપ્યું છે, એમ સિદ્ધ થયુ. તેમાં પુછવાનું કે દ્રૌપદીની પુજાની વિધીમાં સર્વાંગે સ્પર્શ કરી પુજા ભળાવો છો તે તમારા ક્ષેત્ર કળપવા પ્રમાણે તો એમ ન થવું જોઈએ એમ સિદ્ધ થાય છે. વળી તમે પ્રતિમાને તિર્થંકરની રીતેજ માન્ય કરતા હો, તો તે પ્રતિમાથી સ્ત્રી પુરૂષે દુર રહીને વંદન કરવું જોઈએ. પણ પુજા વિગેરે ન કરવું જોઈએ. વળી જો સંગટો કરવા ધારો છો તો તે પ્રતિમા કોઇ વ્યવહારી ભોગી દેવોની છે. એમ શાસ્ત્રોકતરીતે ખરેખર સમજાય છે તેથી તમારે સ્પર્શ કરવાપણું રહેછે.

વળી દેરામાં પ્રતિમા આગળ જતી વખતે પાંચ અભિગમન સાચવે છે તે સર્વ વૃથા છે. મતલબ કે હયાતી તિર્થંકરાદિક સર્વ સંજતીઓ સચિવ દ્રવ્યના ત્યાગી હતા તેથી ગૃહસ્થો વંદન કરવા જતાં કોઇ પણ સચિવ દ્રવ્ય સમોસરણમાં લઈ જતા નહીં, વળી સમોસરણમાં ત્યાગી પુરૂષો ગૃહસ્થો પાસેથી અચિત દ્રવ્ય યાચીને લેતા એમ પણ નહોતું.

વળી તિર્થંકરાદિક સર્વ સંજતીઓનેઅર્થે ભોગોપભોગાદિકની વસ્તુ કોઈ પણ ગૃહસ્થ તેના કલ્પસ્થળે લ-

ઇ જતા નહીં એ સત્ય છે. વળી સમોસરણાદિક ગૃહસ્થો વાંદવા જતાં સચિતાદિક પોતાના ભોગોપભોગની વસ્તુઓ લઇ જતા હતા તેતો સમોસરણની બહાર યથાયોગ્ય રીતે મુકીને પછી સમોસરણમાં જતા. પણ તિર્થંકરાદિકની ભક્તિમાટે કોઈ પુજાઆદિક નૈવેદ કાંઈપણ લઈ જતા નહીં સબબ કે તે મહાન પુરૂષો ગૃહસ્થની આણેલી વસ્તુના ત્યાગી હતા. અચિત વસ્તુઓ સામી લાવેલી ન કળપે તો સચિત વસ્તુ ખપેજ શાની? તેવા હેતુથી ત્યાં પાંચ અભિગમન ગૃહસ્થો યોગ્ય રીતે સાચવીને વંદન કરી બોધનો લાભ લેતા. એવી રીતે પ્રત્યક્ષ છતાં પાષાણ મતિઓ દેરામાં જતાં પ્રથમ પોતાના ઉપભોગના સચિતદ્રવ્ય, પાન, ફુળ, વિગેરે સર્વ દેવળ બહાર મુકે છે તેને સચિત જાણીને મુકતા હશે કે શું ? તેમજ પ્રતિમાની ખાતર કરવાને અનેક જાતીના પાન, ફુળ, નૈવેદ વિગેરે સચિત ને અચિત વસ્તુઓ પ્રતિમાને ચડાવવા યા મુખ આગળ ધરવા લઇ જાય છે, તે અચિત જાણીને લઇ જતા હશે કે શું ? પણ કહેવાનું કે સચિત ચિતનું કારણ જણાતું નથી પણ દેરામાં બેઠેલા ભોગી દેવની પ્રતિમાને કોઈ વસ્તુનો ત્યાગ નથી એતો જેમ “બાવો બેઠો જપે ને જે આવે તે ખપે” સબબ કે પુર્વોક્તરીતે તિર્થંકરના સમોસરણમાં કરેલાં કૃત્યો તથા દેરામાં કરેલા કૃત્યોને પરસ્પર સરખાવતાં ત્યાગી ભોગીનો પટાંતરો પ્રત્યક્ષ જણાય છે.

વળી દેરાપંથીઓ પ્રથમ દરશાન કરતાં પ્રતિમા સા-

મે એકાગ્રભાવે દરશન કરીને પછી ચૈત્યવંદનને ઠામે જ- ઈ સાથીઓ કરી તે ઉપર ફુળ તથા નૈવેદ્ય ધરે છે, તે સ- ર્વ કલ્પના અસત્ય છે. મતલબ કે સમોસરણમાં તિર્થંકરા- દિક શ્રમણને વંદનવિધીએ એકાગ્રભાવ રાખવો તેતો ઠી- ક છે પરંતુ સાથીઆ, ફુળ વિગેરે નૈવેદ્ય કોઇએ ધર્યાં ન- થી ને તે ભગવાન નૈવેદ્યાદિકના ભોગી નથી તો આ ત- મારા કલ્પિત દેવોની આગળ નૈવેદ્ય ધરો છો તેવા ભોગના અર્થીતો અન્યધર્મીઓના દેવ છે યા કુળ દેવાદિકનો વિ- વરો શાસ્ત્રોમાં છે. માટે એ ભોગી દેવોના ભોગને જુલમ આરંભ સસાર વ્યવહારનો હતો. તે તમોએ પ્રતિમાને વિતરાગ ઠરાવાને વિતરાગની રીતે ભક્તિ ન કરતાં ઉલ- ટી રીતે તમારા ઠાકોરજીના ભોગ મેળવ્યા માટે એ ભો- ગીદેવોને અને તમો ભક્તોને ઘટે તેવોજ પીળા વસ્ત્રધારી વેરાગીઓએ સર્વે મળી માન્ય પુજ્ય કરેલું છે. પણ તે વિતરાગના નામથી પ્રતિમા કરીને ભોગાદિક ધરો છો તે કદી ન મળે એ સર્વ અયોગ્ય છે પરંતુ એ પ્રતિમા આ- ગળ નૈવેદ્યાદિક ધરી પછી આરંભની પુજા કરો છો તે પ- ણ વિરૂદ્ધ છે. અને ત્યાર પછી પગ મુકવાની ભુમી ત્રણ વખત જીવ ઉગારવા માટે પુંજો છો તેતો બહુ સારૂં છે. કેમકે એમ કુરૂણા રાખશો તો તમને કોઇ વખતે સમકિત નો લાભ મળશે પણ તમો પ્રતિમા કારણે કોઇ પ્રાણી હ- ણો ત્યાં નિરજરા બતાવો છો અને અહીંઆ પુંજવા તૈ- યાર થયા માટે તમારા પેટમાંતો દયાજ જણાય છે. પરંતુ

મોઢ પોક જુઠી મુકો છો એ આશ્ચર્ય ભરેલુ છે! હવે ત્રણ ખમાસમણ દઈને ત્રીજી નિસ્સહી કહેછે તે અણમળતુ છે સબબ કે મુર્ત્તીમાં તેવા ગુણનો સંભવ નથી. અને ખમાસમણા એટલે અહો ક્ષમાવંત! શ્રમણ એટલે સંભાવી રૂડા મનના ધરનાર સાધુ!! હું ઈચ્છું છું તમને વંદન કરવા. એમ ખમાસમણનો અર્થ છે. પણ અહીંઆંતો તેઓ પ્રતિમાને વંદન કરે છે. અને સાધુના નામનો પાઠ ભણીને અપરાધ માફ માગે એ કેવી ભુલ છે? કારણ કે સાધુ આગળ માફ માગવી એતો પાપોનિવારણ કરવાનો રસ્તો બતાવી વિનયમાર્ગ શીખવે પણ પડિમા આગળ માફી કબુલ કરાવે છે. તે શું માફી શબ્દ બોલશે?

વળી ખમાસમણને અંતે ત્રણ આલંબન સાચવવા ચૈત્યવંદન કરેછે. તે વૃથા છે કારણકે પ્રતિમાને ચૈત્ય ઠરાવીને અછતાગુણ સ્થાપવા નમોથુણં ભણેછે. તેમાં નિર્વદ્ય કર્ણીવાળાને સંભારેછે, ને માન કલ્પેછે એકેંદ્રિને એ કેનો ન્યાયછે? એ પ્રતિમાનીમાંહે નમોથુણંની સ્તુતિગુણ માંહેલો એકે ગુણ લાગુ પડતો નથી. માટે આ સ્થળે સૂચવવાનું કે દ્રૌપદી, સુરિઆભ, ગોશાળમતિ, જમાળમતિ, અભવી અને દ્રવ્યવેષધારી પાષાણમતિઓ એ સર્વ લૌકિક નમોથુણં ભણનારનો મત બરાબર આવી મળ્યો એ અવશ્ય છે. વળી તેઓ કહેછે જે પડિમાની માંહે તે ગુણ નથી. પણ અમારા ભાવમાં સદ્દગુણનાજ ગુણ સ્તવીએ છીએ એમ કબુલછે. તો અરે અવિવેકીઓ! આ નિર્ગુણની

સામે નાહક નમોથુણં વિગેરે દ્રવ્ય કલ્પના કરોછો તે અ-
યોગ્યછે. અને ત્રીજું પ્રતિમાનું આલંબન લેવા કહેછે તે
વૃથાછે. મતલબ કે એને આલંબને આત્મ સિદ્ધતા કહી
નથી. પણ આત્માના આલંબનથી સિદ્ધ સ્વરૂપ પ્રગટ થ-
વાનુંછે. તે પ્રતિમાતારક તથા તરવાની પણ નથી. વળી
પાષાણમતિઓ કહેછે જે એ સવિધીએ પ્રતિમાનું પુજન
કરતાં આત્માને મોક્ષ ફળ મળે છે. એમ કહે તે વૃથા છે.
મતલબકે વિતરાગ સાક્ષાતને તો પાન, ફળ, ફુલ, નૈવેદ્યા-
દિક પૂજન કાંઈ ખપે નહીં તેથી તેવા કૃત્યારંભ કરનારને
મંદબુદ્ધિવાળા ઠરાવ્યા છે. માટે એવી પૂજાથી તેમણે તો
મોક્ષ ફળ નિષેધ કરેલુંછેજ અને આ બિચારા જુલમી ક-
ળીકાળમાં ઉત્પન્ન થએલ સાવદ્યાચાર્યો ઉદરપુર્ણાનીખાતર
અવિવેકીઓને બંધનમાં ફસાવવા માટે વિવેક વિલાસ યોગ્ય-
શાસ્ત્ર પ્રવચન સારોદ્ધાર, જીતકલ્પ, મહાકલ્પ, વાસ્તુકશા-
સ્ત્ર, શેતરૂંજા કલ્પ, ઇત્યાદિક અનેક ગ્રંથો બાંધીને તેમાં ગુરૂ
ભક્તિ ને દેવ ભક્તિના અનંતા લાભ બતાવી છકાયના
પ્રાણનો નાશ કરાવે છે તેથી દક્ષિણ દિશાના પાતાળ સિ-
વાય બીજું સ્થાનક મળવું મુશ્કેલ છે. હવે કહેવાનું કે
પ્રતિમા મંડનની ખાતર મુળ શાસ્ત્રોથી વિરૂદ્ધ રીતે અ-
નેક નવીન ગ્રંથોના પ્રબંધ બાંધીને સાવદ્ય ધર્મ ચલાવ્યો
છે. ને તે ગ્રંથોને સૂત્ર કરી માને છે તેમજ સાવદ્યાચાર્યો-
ને ગણધર તુલ્ય માને છે. એ મિથ્યાત્વ રૂઢી સમકિતજ-
નોને છાંડવાજોગ છે અને વિતરાગના નિર્વદ્ય વચનને અ-

નુસારે ગણધર મહારાજે રચેલા મુળ સૂત્રો આદરવા યોગ્ય છે. સબબ કે તે મુળ સિદ્ધાંતોમાં છકાયની રક્ષા કરવાને મુખ્યધર્મ. નિર્વદ્યપુજન, નિર્વદ્યયજ્ઞ, નિર્વદ્યયાત્રા, નિર્વદ્ય તિર્થો તથા નિર્વદ્યચૈત્ય તેમજ નિર્વદ્ય ને સદગુણી સર્વજ્ઞ તિર્થંકરાદિક શ્રમણ એટલે સંપ્રણામી વિતરાગની આજ્ઞાએ દયાધર્મની ઉન્નતી કરનાર સાધુઓ તેમની ક્રિયા તથા તેમના ઉત્કૃષ્ટ વૃતનો અધીકાર એ સર્વ નિરાશ્રવી એટલે આશ્રવરહિત કરવાને મુળશાસ્ત્રોમાં ભગવંતે સૂચવ્યું છે. તેજ પ્રમાણે ભવ્યજીવો જ્ઞાન, દર્શન, ચારિત્ર ધર્મની આરાધના કરી સિદ્ધિપદ પામ્યા હાલમાં મહાવિદેહ આશ્રી પામેછે. તેમજ અનાગતકાળે પામશે એમ મુળસૂત્રોમાં કહેલું છે. હવે તે સિવાય પુર્વાચાર્યોએ રચેલા ગ્રંથોમાં જેટલા નિર્વદ્ય વાક્ય છે તેનું ગ્રહણ કરી સાવદ્ય વાક્યનો ત્યાગ કરવો એ સમકિતી જનોનો વિવેક છે. દ્રષ્ટાંત. જેમ ડાંગર ખાંડીને ચોખા કાઢી લઇ ફોતરાંનો ત્યાગ કરીએ છીએ તેમજ સદગુણ ગ્રહણ કરીને દુરગુણી કૃત્યનો ત્યાગ કરવો. સબબકે ચોખાનું ભોજન કરનાર મનુષ્ય છે ને ફોતરાંનું ભક્ષ કરનાર પ્રાણીઓ મનુષ્યના ઉત્તમ વર્ગથી જુદા તિર્યંચછે. તેવીજ રીતે ચોખારૂપ નિર્વદ્ય સિદ્ધાંત તથા દરેક ગ્રંથના નીર્વદ્ય વાક્ય તે સર્વ ઉત્તમ ભવજીવોને આદરવા યોગ્યછે. ને સાવદ્ય વાક્યથી ભરપુર પ્રકરણ ગ્રંથો ફોતરાંરૂપ છે. તેને માન્ય કરનાર અવીવેકીઓને તીર્યંચ ગતીના પ્રાણીઓના સાધર્મી ગણવામાં આવેછે. વળી કેટ-

લોએક સાવદ્યાચાર્યોએ ભોળા મૃગસ્વભાવી શેવકોને ભ્રમણામાં ફસાવવામાટે એમ બોધ કરેછે કે અરે શ્રોતાજનો! સંવેગી સાધુએ તો વૈરાગદશાથી સંજમ લઇને નવકોટી છકાયના આરંભનો ત્યાગ કર્યોછે. તેથી છકાયના આરંભસહીત પુજન કરતાં સંજમમાર્ગનો લોપ થાય તેવા હેતુથી અમારે સંમભેગીનામ ધરાવનારને આરંભથી પુજા ન કરવી મતલબ કે સીદ્ધાંતોમાં ના કહીછે. પણ સાધુઓને આત્માનું સાધન કરવામાટે ભાવપુજા તો કહી છે તે અમે કરીએ છીએ.

વળી શ્રાવકોએ દ્રવ્યપુજા કરવી અને દ્રવ્યપુજા કરતાં અનેક રીતથી છકાયનો આરંભ થાયછે. તે દેખીતી જુજ હિંસા સમજવી પણ અનુબંધ મહાદયાનું ફળછે. માટે શ્તી સંશય ન કરવો, તે સારંભીપુજાથી તમો ગૃહસ્થોને મહા નિરજરા ને મહા લાભ થશે. તેમજ ઉત્કૃષ્ટરસે તિર્થંકરગોત્ર પણ બાંધશો. એમ શાસ્ત્રોમાં કહેલુંછે. એવી રીતે છકાયનો કુટો કરવાની ગૃહસ્થોને ઉશ્કેરણી કરીછે, એવા સાવદ્ય વાકયથી કુયુકિતકરી સિદ્ધાંતોને કલંક ચડાવેછે. તે મોટી વિચારવાજેવી વાતછે. પણ એવા અસત્ય વાદીઓને પુછવાનું એટલુંજ કે તે સાવદ્યપુજા કરતાં સંવેગીઓને સંસારમાં બુડી જવાનો ભયછે તો તેવીજ હીંસારૂપ પુજાથી તેના શેવકોને સંસાર તરવાનું બતાવ્યું છે. એ કેવું હાંસી ભરેલું છે!! તેનો વીચાર કરતાંજ માલમ પડી આવશે.

વળી કહેવાનું કે પીળા વેષધારીઓએ નવકોટીએ પાંચ આશ્રવ કરવાના પચખાણ કર્યા હોયતો તેમણે શેવકોને હીંસાપુજનનો બોધ કરવો કદી કલ્પે નહીં. મતલબ કે નવકોટીમાં તો એવા નીયમ આવ્યાછે કે પાંચ આશ્રવ શેવું નહીં, તેમજ પરપાસે શેવરાવું નહીં, તેમજ કોઇ અજાણ શેવતો હોય તેને ભલુંપણ ન જાણું. હવે એવા નવ કોટીના નિયમનો દરજ્જો લઇને પાંચ આશ્રવ પોતે શેવે, શેવરાવે ને શેવતાને ભલુ જાણેછે, એમ ખુલ્લું માલુમ પડેછે. માટે તે પાષાણપંથી ગ્રંથધારી ગર્થલોભીના બોધનો ત્યાગ કરી વિતરાગના નિર્વદ્ય બોધના આધારથી આત્મકલ્યાણ કરવા વિવેકીઓએ જરૂર રાખવી.

## કવિત.

નિતિકો પઢકે અનિતિકો ઉપદેશ કરે
નિતિછાંડ અનિતિ ગ્રહીહે
અતિ અક્કલ આપકી ઠાનત
અક્કલ છાંડબે અક્કલ બોત લહીહે
સતસંગતી છાંડ કુસંગત ઠાનત
સંગત સાચકી બાત નહીહે
કવીચંદ કહે ઉન્નકો મુખ દેખત
દોષ લગે તજીએ જુ અહીહે.

## મુળસુત્રોથી ગ્રંથોમાં કેટલીએક વિરૂદ્ધતાછે તે પ્રશ્નોત્તર.

કેટલાએક ભ્રમિત મિત્રો એમ કહેછે જે તમોએ થો-

ડાંજ સૂત્ર માન્ય કરેલાંછે. તેથી ટીકા, ચુરણ, ભાષ, નિર્યુક્તિ, વૃતિના ભેદની સમજણવિના મોક્ષ માર્ગની તથા સત્ય આચારની ખબર કયાંથી પડે ? વળી પંચાંગી જાણ્યાવિના વિતરાગના વચનની શૈલી તમો જાણતા નથી અને અમેતો પંચાંગી વિગેરે સર્વ ગ્રંથો માન્ય કરીએ છીએ. તેથી અમે ખરેખરો દયાધર્મ સમજીને સારી જગતમાં પ્રસિદ્ધ થએલા છીએ.

હવે એવા મિથ્યાભિમાન કરનારા જનોને કહેવાનું એટલુંજ કે મુળસૂત્રો તથા પંચાંગી તથા ગ્રંથ કોષ વિગેરે સર્વ માન્ય કરવાનો ખુલાસો પ્રથમ દયાધર્મનું વિવેચન આપેલુંછે તેમાંજ કરી ગએલા છીએ તેથી વધારે લખવા જરૂર નથી. પણ અમોએ સર્વને ન્યાય રીતે સાદૃશ્ય કરેલું છે કે મુળસૂત્રોનો લોપ ન થાય. તેમજ આત્મકલ્યાણનો રસ્તો નિર્બંધનપણે પ્રગટ થાય તેવું હોય, તે પુસ્તક સર્વને માનવું.

પરંતુ પંચમ કાળના આચાર્યોએ પોતાના મતની પુષ્ટિ કરવા માટે મુળસૂત્રોથી ઉલટી રીતે ઉતરી પડીને ટીકા, ચુરણ, ભાષ, નિર્યુક્તિમાં સાવદ્ય વાકયની રચના કરી હિંસા સ્થાપન કરેલું, તે મિશ્ર ગ્રંથોને અમે સાવદ્યકર્ણીરૂપજ જાણીએ છીએ. વળી તે ગ્રંથોમાં કેટલીક જાણવા જોગ બાબતો જાણીને છાંડીએ છીએ અને આદરવા યોગ્ય નિર્વદ્ય જાણીને આદરીએ છીએ. માટે તેમાં જેટલી સત્યતા હોયછે તેનું અપમાન કરતા નથી. પરંતુ અસત્ય-

નાનુંજ અપમાન કરીએ છીએ એ ખાતરીપુર્વક સમજવું.

વળી અમો બત્રિશ સૂત્રનો ખરો આધાર રાખી આજ્ઞાએ દયાધર્મનો નિશ્ચય કર્યોછે. સબબ કે તેમાં અન્ય આચાર્યનું મતઝંગ નથી તે સત્યરીતે નિરાપક્ષીને નિર્મળછે. પરંતુ તે મુળસૂત્રના પાઠમાં કોઇ એક ઠેકાણે મત પક્ષવાળાએ પોતાના મતને પુષ્ટિ કરવાની ખાતર સાસવતી પ્રતિમા તથા જક્ષોની પ્રતિમાના અધીકારમાં સાવદ્ય લખાણનો પાઠ પ્રક્ષેપ્યો હોય તથા અર્થમાં લખાણ કરી ગયા હોયતો તેનો નિશ્ચય કરવા માટે મુળશાસ્ત્રના પુરાતનીક પ્રતોનો પાઠ સરખાવીએ છીએ, તે વખતે લખનારની કુયુક્તિ દ્રષ્ટિએ માલમ પડી આવેછે. તે પણ યથા યોગ્યરીતે નિરાકરણ કરવા યોગ્યછે. સબબ કે વિતરાગ ભાષિત મુળસુત્રોમાં જે જે નિર્વદ્ય વાકયછે, તે વચનને અનુસરીને કરેલા ગ્રંથોમાં પણ એકજરૂપે દેખાવમાં આવે છે. તે સત્યશાસ્ત્રનીરીતે સત્યછે.

વળી મતભેદથી સાવદ્યરીતે કલ્પિત વચન પ્રક્ષેપ્યા હોય તેનો આદ્ય મધ્ય ને અંતે જુદો જુદો અર્થ દેખાઈ આવેછે. તેને બત્રિશ સૂત્રની સાથે સરખાવતાં કેટલા એક ગ્રંથોમાં ભેંસાડોળ કરેલા માલમ પડેછે. તેનું દ્રષ્ટાંત નીચે મુજબ.

કોઇ સરોવરમાં જળ થોડું અને કાદવ ઘણોછે. તે વખતે મોટા રાનમાંથી એક બકરાનું ટોળું ઘણા તાપથી પરિશ્રમ પામીને જળ પીયાશાથી વિટંબના પામતું તે અલ્પ

જળના સરોવરે જઈ પહોંચ્યું અને તે બકરાં તે સરોવર-ને કિનારે ઢીંચણ ઢાળીને ચાતુરીથી જળપાન કરવા લાગ્યાં તેવાજ વખતમાં એક તૃષ્ણા પરાભવથી વિટંબના પામેલો પાડો તેજ સરોવરને કિનારે આવીને જળ પીનારા બકરા-ના જુથની વચોવચ થઈ ધોથાં મારી મળમુત્ર કરતો કર-તો સરોવરના આસરેલા પાણીમાં પ્રવેશ કરીને કાદવથી આસરેલા જળને ડોળી નાંખ્યું વળી પોતે જળ ન પી-તાં બકરાંના જુથને પણ જળથી નિરાશ કર્યું તેમજ પોતે તે જળકાદવમાં આળોટવા લાગ્યો. આ દ્રષ્ટાંતની રીતે આ જુલમી કળીકાળમાં શુદ્ધ જૈન ધર્મરૂપ સરોવરમાં મુ-ળશાસ્ત્રરૂપ અલ્પજળ તેનો અનુભવ લેનારા ભવીમંડળ સદા ઉત્સાહ સાથે જ્ઞાન જળનું પાન કરતા હતા તે સમે ભસ્મ ગ્રહરૂપ જંગલમાં બાર તથા સાત દુકાળીરૂપ તાપ-થી વિટંબના પામનારા સાવદ્યાચાર્યરૂપ પાડાપટેલ જૈન દયાધર્મરૂપ સરોવરને કિનારે આવી પહોચ્યા. તે વખત-માં શુદ્ધ આહાર પાણીનો જોગ ન મળતાં પરિસહના ભ-યથી મુળસૂત્રરૂપ જળને ગુપ્ત કરીને કાદવરૂપ ગ્રંથોનો પ્ર-બંધ રચતાં રચતાં મળમુત્રરૂપ સાવદ્ય વાકય વાપરીને ગ્રં-થોના પ્રબંધ બાંધ્યા. પછી પેટ ગુજારાને માટે પ્રતિમા સ્થાપી હિંસા મૃષારૂપ કાદવમાં આળોટી પડ્યા. વળી પોતે જૈનધર્મી એવું નામ રાખીને ભોળા પ્રાણીના મંડ-ળના સરદાર થઈ અહંપદમાં સદા મગ્ન થયા. હવે બાળ બુદ્ધીજનોને કહેવાનું કે તેવા વેષધારીઓએ ભેંસાડોળ

કરી સાવદ્ય વાકયથી રચીત ગ્રંથો અનેક કર્યાછે, તેને મુળ શાસ્ત્રની રીતે કેમ મનાય ?

## શુદ્ધ સિદ્ધાંતનો બોધ.

નિર્વદ્ય તથા સાવદ્ય બોધની સૂચના નીચે મુજબછે. તે મુળસુત્રો તથા ગ્રંથોની સાક્ષિ સાથેછે. આવશક સૂત્રમાં એમ કહ્યુંછે કે સાધુ આહારાદિક નિમિત્તે ગૃહસ્થનેઘેર જાય ત્યાં અસ્નાદિક ચાર જાતનો આહાર જાચના કરવાના વખતમાં નિર્દોષ ભોજન જાચે અને સદોષ ભોજન ન વંછે તે ન્યાયધર્મની રીતછે.

संकीएसहसागारेअणेसणाएपाणेसणाए
पाणभोयणाएवियभोयणाएहरियभोयणाए
पछाकमियाएपुराकमियाएअदिट्ठहडाए
दगसंसट्ठहडाएरयसंसट्ठहडाएपारिसाड
णियाएपारिठावणियाएउहासणभिखाएजं
उगमेणंउपाणेसणाएअपडिसुद्धंपडिगाहीयं
परिभूत्तंवाजंनपरिठ्ठवियतस्समिछामिदक्कडं

ભાવાર્થ—સં. ગ્રહસ્થને તથા સંજતિ પોતાને અકલ્પનીક આહારાદીકની શંકા પડતાં છતાં લોલપી થકો બળાત્કારે લીધું હોય. અ. એખણાકરી ન હોય. પા. વિશેષે એખણા કરી ન હોય. પા. જીવહિંસા સહિત ભો-

જન લીધું હોય. બી. સચિત બીજ સહિત ભોજન લીધું હોય. હ. લીલોતરી સહીત ભોજન લીધું હોય. પ. અહાર વોહોર્યા પછી કોઇ દોષ લગાડયો હોય પુ. અહાર વોહોર્યા પહેલા કાંઇ દોષ લગાડયો હોય. અ. નજરે નથી દેખાતું ત્યાંથી આણી આપે તે લીધું હોય. દ. કાચા પાણીનો સ્પર્શ કરીને આપે તે લીધું હોય. ર. સચિત રજનો સ્પર્શ થએલ લીધું હોય. પા. વેરાતું આપે તે લીધું હોય. પા. ઝાઝો અહાર લાવીને નાંખી દીધો હોય. ઉ. ખાવું થોડું ને નાખી દેવું ઘણું એવો અહાર લીધો હોય. જં. જે ઉદગમનના દોષ તે જેજે ગૃહુસ્થોથી લાગે છે તે. ઉ. ઉત્પાદનના દોષ સહિત ભોજન લીધું હોય તથા વારે વારે ગૃહસ્થ પાસેથી વસ્તુ માગી લીધી હોય. અ. તે જેજે પોતાથકી દોષ લાગેલા હોય તે એવા અકલ્પિત અહાર પાણી. પ. લીધા હોય. પ. તેજ ભોગવ્યા હોય. જ. જે નાખી દેવા જોગ હોય તે નાખી ન દીધા હોય. ત. તે પાપ મારે નિષ્ફળ થજો.

એમ સિદ્ધાંતોમાં ભગવંતે આરાધીક સાધુઓને સંજમ જીવતવ્ય રાખવાની ખાતર અકલ્પનિક આહારાદિકની સખ્ત મનાઇ કરેલી છે સબબ કે સચિત આહાર પાણી, પાન, ફળ, ફુલ વિગેરે અને અકલ્પનીક વસ્તુ સર્વે ત્યાગવી કહી છે. તેમજ સચિત વસ્તુનો સંગટો કરીને કોઇ ગૃહસ્થ વોહોરાવે તે વસ્તુ ન લેવી તો સચિતાદિક વસ્તુ તો કયાંથીજ ભોગવે ? એમ આવસગ સૂત્રમાંકહ્યુંછે.

હવે સાધુ ધર્મના રક્ષણને માટે સદોષ ભોજન મુનીજનોને ત્યાગવું કહ્યુંછે. તેમજ બાર વ્રતધારી શ્રાવકને પણ અહારાદિક પડી લાભવાની વિધી વિવેકસહિત ધારવા બતાવી છે. જ્યારે શ્રાવક બારમું વ્રત આદરે ત્યારે સચિતાદિક અકલ્પનીક અહાર પાણી અફાસૂક, ગુણવંત મુનીઓને વહોરાવવાના પચખાણ કર્યા છે.

બારમાવ્રતની વિધી ધાર્યાપછી તેના પાંચ અતિસાર જાણે પણ આદરે નહીં તે નિચે મુજબ.

सचितनीखेवणियासचितपेहणिया, कालाइकम्मे परोवएसेमच्छरियाएतस्समिच्छामिदुक्कडं

ભાવાર્થ—સચિત વસ્તુ ઉપર સાધુને કલ્પે એવી વસ્તુ મુકી હોય અથવા સચિત વસ્તુએ કરીને અચિત વસ્તુ ઢાંકી હોય તથા સાધુને પ્રતિ લાભવાની વસ્તુનો કાળ વહી ગયો હોય તેવી વસ્તુ તથા કોહાઇ ગએલી વસ્તુ તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરી જવાથી ખોરી થઈ ગએલી વસ્તુ વહોરાવી હોય, પોતે આહારાદિક વહોરાવવા યોગ્ય સુઝતો હોય તેમ છતાં પરમાદે કરીને બીજાને હુકમ કરે જે તમે વહોરાવો એમ કહ્યું હોય તથા સાધુજીને પ્રતિલાભીને અહંકાર કર્યો હોય તેસર્વ મારે નિષ્ફળ થજો.

એવી રીતે આવસગસૂત્રમાં બારવ્રતધારી શ્રાવકો નિર્વદ્ય આહારાદિક પ્રતિલાભવા ઉત્સાહ ધરીને સાવદ્ય અહારાદિક રૂડાવ્રત ધરનાર મુનીને વહોરાવવાના નિયમ કરેલા છે.

વળી ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામીએ કરેલા પ્રશ્નના જવાબમાં વીર ભગવાને કહ્યુંછે જે અહો ગૌત્તમ! સંજમ માર્ગની આરાધના કરનાર ઉત્તમ સંજતીને વિવેકી ગૃહસ્થે પ્રાસુક એષ્ણીક સુઝતા આહારાદિક વસ્તુ પ્રતિલાભતોથકો સંજમ જીવતવ્યનો દાતાર સમજવો.

વળી દશવીકાળીક સૂત્રના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશાની ચૌદમી ગાથા થકી ચોવીશમી ગાથા સૂધીમાં ભગવંતે એમ કહયુંછે કે જે સાધુ આત્માર્થી હોય તે છ કારણે ભિક્ષાનેઅર્થે ગૃસ્થને ઘેર ગયો તે વખતે કોઇ અવિવેકી ગૃહસ્થ મુનીના આચારનો અજાણછે તેમ છતાં મુનીને આવતા દેખી ભિક્ષા આપવા ઉઠવા ધારે છે તે વખતે તેના હાથમાં નીલા, રાતા કમળ યા કમુદ જાતીના કમળ, મગદંતી કમળ એ વિગેરે અનેક જાતીના ફુલોને તોડતો થકો ઉઠીને સાધુને આહારાદિક આપવા ઇચ્છે તો તે વખતે તેને સાધુ એમ કહેજે અહો ગૃહુસ્થ! નકળપે મુજને એવા અકલ્પનીક હાથે અહાર લેવો.

તેમજ મજકુર કહેલા ફુલોને કોઈ અવિવેકી ગૃહસ્થ પગે કચરીને ગુણવાન સાધુને આહારાદિક દેવા ધારે તેનેપણ સાધુ એમ કહે જે અહો ગૃહસ્થ! નકળપે મુજને અકલ્પનીકના હાથનો આહાર.

વળી ઉત્પલ્લ કમળાદિકની નાળ યા કંદ પળાશનો કંદ તથા ચંદ્રવિકાશી કમળની નાળ એટલે દાંડલી એ વિગેરે ફુલ જાતીના કંદ તથા દાંડલીઓને તથા શેરડીના

કાચા કટકા તથા વનસ્પતિમાં પલ્લવ એટલે કુંપળ તથા ટીસીઓ તથા દરેક જાતના વૃક્ષાદિકના પાન, તૃણ, કાચી હરિકાય, કુંણી ચોળાદિકની કાચી ફળીઓ શેક્યા વગરની, અનેક જાતના સચેત કાચા ફળ તથા કાચી તલપાપડી તેમજ ચોખાનું પીઠું તથા નિર્મળ, અન્ય સ્પર્શરહિત કાચુ પાણી તથા નવશેકુ એટલે કાંઈક તાતુ અને કાંઇક ઠંડુ પણ બરાબર અચિત નથયું હોયતો મિશ્રપાણી તથા તલવટ તથા રસચળિત કોહાઈ ગએલી વસ્તુ એટલાવાનાં કાચાં લેવાનો સાધુ ત્યાગ કરે છે તથા કોઠ, બિજોરાદિકના ફળ તથા પાંદડાસહિત મુળા યા તેની કાચી દાંડલી તેમાં અન્ય શસ્ત્ર પ્રગમ્યું નથી તેવી વસ્તુ મુનીને ત્રીકર્ણે વાંચ્છતા કરવી નકલ્પે તેમજ ફળનું ચુરણ યા કોઇ જાતના સચિત બીજનુ ચુરણ તથા બેડાંનાં ફળ તથા રાયણનાં ફળ એ વિગેરે અનેક જાતની સચિત વસ્તુ અફાસુક અણેસણીક ગૃહસ્થ આપે તોપણ જેનામાં મુનીના ગુણ હોય તેને ન કળપે, વળી પોતે સાધુ મહા ક્ષુધા વેદનાના પરાભવથી પણ કોઇ વખત અકલ્પનીક વસ્તુ આયુષ્યપર્યંતસુધી ત્રીવિધે ત્રીવિધે ન વાંચ્છે. એમ સિદ્ધાંતોમાં ભગવંતે કહયું છે એ વિગેરે સાધુ ધર્મના પ્રયત્નને માટે વિતરાગભાષિત મુળસૂત્રોમાં અનેક ભેદ, યુક્તિ, ન્યાય, હેતુ દ્રષ્ટાંત બતાવેલા છે. પણ કોઈ ઠેકાણે મુળસૂત્રોના પાઠોમાં મજકુર કહેલી અકલ્પનીક વસ્તુઓનો ભોગી આત્માર્થી ભાવી અરૂપા ને ઠરાવેલો નથી.

હવે પાષાણમતિઓને કહેવાનું કે તમારા કળીકાળના સાવદ્યાચાર્યોએ પરિસહુથી હાયમાન પ્રણામ કરીને જેજે ગ્રંથોનું પ્રબંધ બાંધ્યું છે તેમાંતો દેહ રખતો ધર્મ બતાવ્યો છે એમ સિદ્ધ થાયછે. સબબકે તે ગ્રંથોમાં કાર્યાકારણોના ગોટા ઘાલીને અનેક જાતના સાવદ્ય વાક્યોથી સાધુઓના વ્રતોમાં આહારાદિકની છુટ મેલી જણાય છે તે દાખલા નીચે મુજબ.

નીસીથસૂત્રની ચુરણીમાં લખ્યુંછે કે સાધુઓને રસ્તે ચાલતાં ક્ષુધાનો પરાભવ થયો હોય અથવા ગૃહસ્થને ઘેરથી આહારાદિકનો યોગ ન મળ્યો તેથી ક્ષુધાનો મહદ પરિસહ થયો જાણી કેળ ઉપરથી કેળાં ઉતારી અવસર જોઇને જતના સહિત ભોગ લે તેનું કારણ એકે સાધપણું રાખવાની ખાતર કાર્યાકારણે કલ્પે છે. એમ કહે છે તે કેવું અચંભ છે ?

વળી સાધુને કોઈ વખતે ગૃહસ્થને ઘેરથી ફાસુક પાણી જાચતાં ન મળે તે વખતે તથા દુજે ગામે વિહાર કરતાં તૃષાનો પરિસહ ઉપજયો હોયતો સંજમમાં થતી અબાધા એટલે સંજમમાં પહોંચતી હરકતોનું નિવારણ કરવાને માટે રસ્તામાં આવેલું સચિત પાણીનું સ્થળ તે માંહેથી પોતાનું પાત્ર ભરીને રક્ષા વિગેરે અમુક વસ્તુથી મિશ્રિત કરીને જતના સહિત તે પાણી પીએ તો સંજમ જાય નહીં.

એવી રીતે ક્ષુધાના પરાભવથી સચિત ફળ, ફુલ, પત્રાદિક બીજ હરિકાયનું ભોજન કરવાની છુટ મુકી તેમજ

નષાના પરાભવથી સ્વ તથા પર હસ્તે ફાસુક કરીને જળ પીવાની છુટ મુકી. એ વિગેરે સાવદ્યાચાર્યના રચેલા ગ્રંથોમાં અનેક વૃતોની વિધીમાં છુટ મુકેલીછે. તેથી વિતરાગભાષિત મુળસૂત્રોની સાથે તે ગ્રંથોના વાકયને સરખાવતાં કોઇ વાતે સંબંધ મળતો નથી. હવે તે વિષે વધારે વિવેચનતો પ્રથમ ભાગમાં આપેલું છે. તેમાંથી જોઇ લેવું. પણ જે ગ્રંથોમાં સાધુના આચાર સંબંધી છુટો રાખી કાર્યાકારણ બતાવેછે તે તદન શાસ્ત્રોક્ત રીતે વિરૂદ્ધ છે. સબબ કે સૂયગડંગ સૂત્રના સાતમા અધ્યયનની બીજી કાવ્યમાં કહ્યું છે તે નીચે મુજબ.

एयाइंकायाइंपवेदिताइंएएसुजाणेपडिलेहसायं
एएणकाएणयआयदंडेएएसुयाविप्परियासुविंति २

ભાવાર્થ—એ એ પુર્વોક્ત પ્રથિવ્યાદિક છજીવની કાય શ્રી તિર્થંકરદેવે કહીછે. એ. એ છજીવની કાયછે. તે શાતા સુખને વાંચ્છે છે. એટલે સર્વ જીવ સુખાભિલાષી છે. એ. એ છકાય પ્રાણીઓને જે અજ્ઞાન પ્રાણીઓ દંડે છે તથા ઘાત કરેછે. તથા દિર્ઘકાળ પીડા આપે તેને જે ફળ થાય ને કહેછે. એ. તે હિંસા કરનારો, જીવ એજ છકાયને વિષે ફરી ફરી ઉપજીને વિનાશ પામી પરીભ્રમણ કરે એમ કહ્યું છે.

વળી તેજ અધ્યયનની નવમી કાવ્યમાં કહ્યુંછે તે નીચે મુજબ.

जाइंचवुड्ढिंचविणासयंतेबीयाइअसंजयआयदंडे
अहाहुसेलोएअणजधम्मेबीयाइजेहिंसइआयसाए ९

ભાવાર્થ. જા. ઉત્પતિ એટલે મુળાદિક કોમળ તથા વુ. વૃદ્ધિ એટલે શાખા પ્રતિશાખાદિક જે વનસ્પતિ તેનો વિ. વિનાશ કરતો હોય તથા. બી. બીજાદિક એટલે તેના ફળનો વિનાશ કરતો હોય તેને અ. અસંજત એટલે ગૃહસ્થ અથવા પરિવ્રાજક અન્યલિંગી અથવા દ્રવ્યસલિંગી આત્માના દંડનાર કહીએ સબબકે પોતાનું શરીર રાખવામાટે પરપ્રાણીને હણેછે તેથી પોતાના આત્માનો પણ ઉપઘાત કરેછે. અ. વળી જે આત્મસુખને હેતે હરીકાયને છેદે તેને લોકમાંહે અનાર્ય, અધર્મી શ્રી તિર્થંકર ગણધર કહેછે. બી. વળી જે પ્રાણીઓ પોતાના આત્મધર્મને અર્થે બીજ આદે દઈ, વનસ્પતિ કાયનેછેદે, છેદાવે ને અનુમોદે એવો બોધ કરે તેને અનાર્ય પાખંડી જાણવો.

વળી જેવી અવસ્થાએ વર્તતી વનસ્પતિને છેદે તેવીજ અવસ્થામાં છેદનારો પોતે મર્ણપામે. તે દશમી કાવ્યથી જાણવું.

गभाइमिझंतिबुयाबुयाणानरापरेपंचसिहाकुमारा
जुवाणगामझिमथेरगाय,चयंतितेआउखएपलीणा १०

ચોથા પદમાં પાઠાંતરે "पौरसाय" એમ પણ કહેવાયછે. ભાવાર્થ. ગ. વનસ્પતિકાયના વિનાશ કરનારા પ્રાણીઓ ઘણા જન્મસુધી ગર્ભાદિક અવસ્થાનેવિષે વર્ત-

તાંજ મર્ણ પામશે એટલે કેટલાએક ગર્ભમાં ઉપજ્યાપછી થોડાક દીવસે મર્ણ પામશે, કેટલાએક જન્મ્યાપછી મર્ણ પામશે. બુ. કેટલાએક બોલતા, બુ. ને કેટલાએક અણબોલતા મર્ણ પામશે. ન. અન્ય મનુષ્ય સિ. એટલે નાની ચોટલીના ધણી કુમારાવસ્થાએ સ્થિતથકા મરે. તથા જુ. જુવાનવય તથા મ. મધ્યમવય થ. એટલે વૃદ્ધાવસ્થાએ ચ. મર્ણ પામે. આ. આયુષ્યના ક્ષયનેવિષે. પ. એટલે સ્વકર્મ ભોગવતા દીન, દુખી, ભુખ, તૃષાદિક સહન કરતાં તે હિંસા કરનાર જીવો શરીર ત્યાગકરે ને જેવું પાપ કરે તેવું ભોગવે.

હવે ક્ષુધા તૃષાદિકના પરિસહથી ડરી ચાલનારા પાષાણમતિઓને કહેવાનું જે તમારા ગ્રંથોમાં કાર્યા કારણે ક્ષુધા તૃષાદિક પરિસહ ટાળવાને અકલ્પનીક વસ્તુનું આચરણ કરવા કહોછો. પણ મુળસુત્રમાં વિરૂદ્ધ કાર્ય કરનારને અનાર્ય ઠરાવ્યા છે. વળી તેને ઘણા જન્મ મર્ણનો લાભ બતાવ્યો છે. તેથી તમારા હેતની ખાતર સૂચવવાનું કે વિતરાગના મુળશાસ્ત્રને અનુસારે ચાલીને આત્માસાધકને માટે અકલ્પનીક કાર્યોથી દુર થવું એ શ્રેષ્ટ છે. વળી ભગવંતે કહ્યુંછે જે પાંચ આશ્રવ છાંડે ત્યારે મુળ ચારિત્રના પાંચ સંવર પ્રગટ થાય છે. તે પાંચ સંવરથી નવા કર્મ રૂંધન કરીને પુરાતન કર્મોને તપ કર્ણીથી ખપાવવાનો નિરજરા ગુણ પ્રગટ થાય છે. કેમજે નવ કોટીએ પાંચ મહાવ્રત આદરવાના વખતમાં " सव्वाउप्पाणाइवाइयाओवेरमणंजावपरीग्गहाओवेरमणं " અર્થાત.

સર્વથા પ્રાણાતી પાતાદીક છઠ્ઠા રાત્રી ભોજનના વેરમણાં એટલે છાંડવાસુધી આદરે છે. ત્યારે ચારિત્રિયાનો મુળગુણ પ્રગટ થાય છે. એમ વિતરાગ ધર્મની આજ્ઞા પાળનાર જૈન મુનીઓ તો એજ પ્રમાણે પ્રાણાંતસુધી પાળતા વિચરેછે.

પરંતુ તમો પીળાવસ્ત્રવાળા વેષધારીઓ છ મુળ વૃતમાં કાર્યાકારણ કલ્પીને પ્રાણવધ વિગેરે રાત્રિ ભોજન સુધીની છુટ રાખી છે. તો શું દેશવૃત આદરવાપણું થયું છે કે કેમ ? વળી સાધુઓના સર્વ મુળવૃતમાં કોઇ કાર્યાકારણથી છુટ ઠરાવશો તો " सव्वाउपाणाइवाइयाउ वेरमणं " વિગેરેના પાઠમાં " थुलाउपा० " એમ સંભવ થશે તેથી સાધુ શ્રાવકપણાના વૃતોમાં નિરવિશેષ ગણાશે માટે તમારા વાસ્તે તેમ સિદ્ધ થાયજ છે. તેવા કાર્યાકારણો બતાવવાથી સાધુ કોણ કહેછે ને કોણ કહેશે તેનો જરા વિચાર તો કરો ? વળી કહેવાનું કે કવીજનોના કરેલા ગ્રંથોના આધારપરથી સ્પષ્ટ ખાતરી થાય છે કે પીળા વસ્ત્રના વેષધરનારાઓએ જેજે મુળવ્રતો લીધા છે, તેમાં દરેક રીતે કાર્યાકારણથી છુટ બતાવે છે. માટે તેમના મતથી એમજ જણાય છે. વળી દેશવૃતી શ્રાવકના વ્રતોમાં જેમ અણછુટકે છ છીંડીનો આગાર રાખેલો છે, તે તો ગૃહસ્થાશ્રમમાં રહી બનતો લાભ મેળવી શકાય તેમ કરવા ધારેલું છે. પરંતુ સાધુપણાનું નામ પાડી વ્રત લીધા કહે છે તેમજ અણછુટકે આગાર બતાવે છે તેથી એમ સંભવે છે કે સાધુ ક્રિયાના અનુસારે તેને સાધુ ન કહેવા

જોઇએ, તેમજ શ્રાવકપણામાંતો તે છે નહીં. માટે તેને પહેલા ગુણસ્થાનના ધણી ઉત્કૃષ્ટ રીતે પુરેપુરા કહી શકાય.

વળી કવી કલ્પનાના ગ્રંથાધારથી કેટલાએક ભ્રમિત જનો કહે છે કે વૃદ્ધ, તપસી તથા રોગીને માટે તેમજ નવ દિક્ષિત શિષ્યને માટે તથા આચાર્ય ઉપાધ્યાય તથા ગચ્છને માટે કોઇ કાર્યાકારણે અકલ્પનીક એટલે સાધુઓને ન ખપે એવી વસ્તુ અવસર જોઇને લેવાયતો વિતરાગની આજ્ઞા ઉલંઘી ન કહેવાય. એમ તમારા ગ્રંથો શાક્ષી પુરે છે પણ એ તદન મુળસુત્રોથી વિરૂદ્ધ સમજવું. કારણ કે જે અકલ્પનીક વસ્તુથી સંજમ સહિત પોતાનો આત્મધર્મ નાશ પામી જાય. માટે મુળ વ્રત આદરવામાં કોઈ કારણની ભગવંતે છુટ બતાવી નથી. પરંતુ શરીર ધર્મના રાગીઓને છુટ વગર છુટ કાંઇ કહી શકાય નહીં.

વિતરાગદેવે આત્મિક ધર્મસાધન કરનારા મુનીજનોને અઢાર બોલ અખંડ પાળવાની આજ્ઞા બતાવી છે. તે દશવિકાળીક સુત્રના છઠ્ઠા અધ્યયનની પહેલી ગાથાથી સાતમી ગાથાસુધીમાં એમ કહ્યુંછે જે કોઈ રાજા ઈશ્વર સેનાધીપતિઆદિ પ્રધાન તથા બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય વિગેરે કેટલાએક પુરૂષો ગામ, નગર, પુર, પાટણ વિગેરેના રહેનારા છે. તેઓના નગરના પરિશ્રમમાં કોઇવખતે વિતરાગ આજ્ઞાના પાળનાર મહાવ્રતધારી આચાર્યો પધાર્યા તે વખતે મજકુર જણાએ પુછા કરેલી કે અહો ભિખુ! તમારા સાધપણાના આચારનો કેવો સમોહ છે? વળી તમો સર્વ

સાધુઓનેમાટે તમારા ધર્મોમાં વ્રતો પાળવાની એક રીત છે કે કાંઇ પરસ્પર ભેદ છે ?

હવે મજકુર રીતે પુછનાર રાજાદિક ગૃહસ્થોના જવાબમાં. નિશ્ચળ ચિત્તના ધણી સાધુ દમત ઇંદ્રિ સર્વ પ્રાણીને સુખનો કરનાર આશેવણ ગ્રહણ શિક્ષાએ કરીને ન્યાયધર્મની રીતે ઉત્તર આપેછે.

અહો રાજાદિક ગૃહસ્થો ! અમારા સર્વ સાધુઓનો આચાર વિચાર તો પુર્વના લાગેલા કર્મ વેરીનો નાશ કરનાર છે તેમજ સર્વ પ્રાણીઓની રક્ષા કરનાર છે તેવો આચાર અન્યધર્મમાં નથી. વળી એ આચાર કાયર ને રાંક પુરૂષોને આચરતાં દુષ્કરછે. એવો આચાર અમારા ધર્મની શુદ્ધ સમાચારીના સર્વ સાધુઓને સરખો ગ્રહણ કરવા યોગ્ય છે. તે નવ વર્ષની ઉમ્મરે દિક્ષિત આદે ક્રોડ પુર્વના દિક્ષિત સુધીને, તેમજ વૃદ્ધ અવસ્થાના ધણીને તથા ગિલાન એટલે રોગી સાધુને તેમજ તપસી સાધુને તે સર્વને દેશથી તથા સર્વથી અતિચાર રહિત પાળવું. એમ છઠ્ઠા અધ્યયનની સાતમી ગાથાસુધી સુચના આપીછે તે આચાર પાળવાની વિધીના અઢાર બોલની આઠમી ગાથાનીચેમુજબ.

वयछक्ककायछक्कंअकप्पोगिहिभायणं
पलियंकनिसिझाएसिणाणंसोभवज्जणं ८

ભાવાર્થ—વ. જીવહિંસા ૧, મૃષાવાદ ૨, અદત્તાદાન ૩, મૈથુન ૪, પરિગ્રહ ૫, રાત્રીભોજન ૬. એ છ બોલ

જાવ જીવસુધી ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરે તેમજ કા. પૃથ્વી ૧, પાણી ૨, તેઉ ૩, વાઉ ૪, વનસ્પતિ ૫, તૃષ ૬, એ છકાયના પ્રાણને પોતાના પ્રાણસમાન જાણી જાવ જીવસુધી ન હણે, ન હણાવે ને હણતાને રૂડું ન જાણે એ બાર ગુણ થયા. અ. તેરમા બોલમાં સર્વથા અકલ્પનીક એટલે સાધુઓને ન ખપે એવી આહારાદિક કોઇ પણ ચીજ મર્ણાતસુધી ન લે ૧૩. ગી. ગૃહસ્થોના વાસણમાં ભોજન કરવું ન કળપે ૧૪, ૫. ગૃહસ્થને સુવા બેસવાના પલંગ, ઢોલીઆ વિગેરે તે સર્વ સાધુઓને વાવરવા ન કળપે. ૧૫. નિ. ગૃહસ્થને આગણે યથા શકિતએ કહી સાધુ બેસે નહીં ૧૬ સિ. સર્વ સાધુઓએ શરીરની સસુકા માટે સ્નાન મંજન ન કરવું ૧૭. સો. સર્વ સાધુઓએ શરીરઉપર કોઇ જાતે મમત્વ ધરીને શોભા શણગાર ન કરવો ૧૮.

એ અઢાર અવગુણ છાંડે ત્યારે અઢાર ગુણ પ્રગટ થાય છે. ને સર્વ સાધુઓને સરખીજ રીતે પાળવા કહ્યા છે. પરંતુ તેમાં લઘુ યા વૃદ્ધને માટે કાર્યાકારણ બતાવેલું નથી. માટે એવા નિરપક્ષ શાસ્ત્રો આત્મ કલ્યાણ હિત કારકના વાક્યોને એક તરફ રાખીને ગ્રંથાધારથી બધી બાબતોની છુટ રાખી બતાવો છો તો તેને મુળ શાસ્ત્રોની રીતે કેમ મનાય ? વળી જૈન ધર્મમાં પુરવાપરથી અયોગ્ય રીતે વિરૂદ્ધતા ચાલેલી નથી. તેમજ ચાલશે પણ નહીં. તે સબબથી તમારા કૃત્યથી એમ સંભવે છે કે તમે ખરે-

ખર જૈન મુનીના પ્રતિપક્ષી છો ને વિતરાગ ભાષિત મુળ શાસ્ત્રોથી વિરૂદ્ધ ગ્રંથાધારી ગ્રથલ પ્રાણી ઉત્પન્ન થયા છો. સબબ કે જ્યાં ત્યાગ વૈરાગ વિગેરે આકરી ક્રિયાનો બોધ આવે ત્યાં મૌન થઈ રહોછો. અને ભવાઈ સંગ્રહ ગ્રંથના આધારથી દાંડીઆરસ વિગેરે નાટક કરવાનો બોધ દેવામાં સાહસિકપણું ધરાવો છો, તે કાંઈ થોડી હાંસીની વાત નથી. મતલબ કે ધર્મથી ઉલટા તેઅજ અધર્મના સાગ્રીતોને માટે સુયગડાંગ સૂત્રે પ્રથમ અધ્યયનના બીજા ઉદ્દેશાની અગિયારમી કાવ્યમાં કહ્યુંછે કે.

धम्मपनवणाजासातंतुसंकिंतिमुढगा
आरंभाइंनसंकिंतिअविअत्ताअकोविआ ११

ભાવાર્થ—ધ. જે ક્ષાતાદિક દશવિધ ધર્મની પરૂપણા છે. તં. તેથી તે અજ્ઞાની શંકા પામી જાય છે ને કહે છે કે એ અધર્મની પરૂપણા છે, વળી આ. આરંભાદિક પાપના કારણોથી, ન. ન શંકાય ને તેનેજ ધર્મ કરી દેખાડે છે માટે તે કેવા છે ? અ. અવ્યક્ત, મુગ્ધ વિવેકવિકળ તથા અ. અપંડિત છે.

હવે સત્ય ધર્મની રીતે ન ચાલનારને અધર્મ કૃત્યના પંડિત કીધા પણ સત્ય કૃત્યના પંડિત ન ગણ્યા. માટે મુળ સુત્રના આધારથી નિરાપક્ષ રીતે ન્યાય માર્ગનું આચરણ કરીને ઘણા ગ્રંથોના સાવદ્ય વાક્યોને નિરાકરણ કર્યો છે. તે ન્યાય ધર્મની વૃદ્ધિનીજ ખાતર છે.

## મુગ્ધ જનો કહેછે કે તમે સ્થાપના નક્ષેપો નથી માનતા તે પ્રસ્નોત્તર.

અમારા પુર્વ ભવાંતરના કેટલાએક બાળ મિત્રોનું બોલવું એમ થાય છે જે તમો સ્થાપના નક્ષેપો માનતા નથી માટે તમો શાસ્ત્રોથી વિરૂદ્ધ ચાલો છો એમ કહેનારાને નીચે મુજબ ઉત્તર.

અરે મારા અવિવેકી વહાલા મિત્રો ! ધીક્કાર છે તમારી અજાણતારૂપ બુદ્ધિને કે અમો ચાર નક્ષેપા માન્ય કરનારને શિર અભ્યાખ્યાન ચડાવવા ધારો છો ! અને તમારા પાષાણરૂપી હૃદયમાં જેટલી સુરખાઇ છે તેટલી બહાર ન પડતાં નીચેની હકીકત ધ્યાનમાં લેશો.

શ્રી જીનરાજદેવે મોક્ષ સાધન કરવાને માટે નવ પદાર્થ જાણવાનું વિવેચન સમકિતીજનોને આપેલું છે તેમાં "हयगेय,उपादान" એ ત્રણ ભેદનો વિવરો વિસ્તાર રૂચીથી જાણવો. તે વિષેની વધારે હકીકત ઉત્તરાધ્યયનને અઠ્ઠાવીસમે અધ્યયને છે. તેમજ ભગવતીજી તથા અનુયોગ્યદ્વારસૂત્ર વિગેરે ઘણા સૂત્રમાં કહ્યુંછે. પણ આ સ્થળે તેનું ઘણું વિવેચન આપતાં ગ્રંથનું વધારાપણું થઇ જવાના સંભવથી અહીંઆં નામનીજ માત્ર સૂચના આપીએ છીએ.

શ્રી વિતરાગદેવે વિવેકી સમકિતધારી ઉત્તમ જનોને મોક્ષનું આરાધન કરવા માટે જીવાદિક નવ પદાર્થનો

બોધ કર્યો તેમાં જાણવા જોગ, આદરવા જોગ, છાંડવા જો-ગ, ભેદ બતાવ્યા, તે નવ પદાર્થોમાં જાણવા, આદરવા, યા છાંડવા, જોગ તે સર્વને પચવીસ બોલીની સાથે ચિંતવ્યાથી વિસ્તાર રૂચીની રૂકિત પ્રમાણે સદહિણા થઇ ગણાય. તે-મજ નિઃશ્ચે ને વ્યવહાર એ બેનું પરિમાણ થાય અને તેવીજ રીતે સમકિત ગણી શકાય. તે સમકિત વિષે વિ-વેચન નીચે મુજબ.

## दोहरा.

देवधर्मअरुआसता, तजेकुदेवकुधर्म;
एव्यवहारसम्यक्तकही, बाह्यधर्मनोमर्म. १
निःश्चेसम्यक्तनोसही, कारणछेव्यवहार;
एसम्यक्तआराधतां, निःश्चेपणअवधार. २
निःश्चेसम्यक्तजीवने, परपरिणतिरसत्याग;
निजस्वभावमेरमणता, शिवसुखनोएभाग. ३
एबेहुसम्यक्ततद्‌लहे, समजेनवतत्वज्ञान;
नयनिक्षेपपरमाणसुं, श्यादवादपरमाण. ४
द्रव्यक्षेत्रइणहितणा, काळभावविज्ञान;
सामान्यविशेषसमजतें, होयनआत्मज्ञान. ५

હવે એવી રીતે આત્મજ્ઞાનની વિશુદ્ધતા કરવા

માટે સમકિત જનો જીવ ૧, અજીવ ૨, પુન્ય ૩, પાપ ૪, આશ્રવ ૫, સંવર ૬, નિર્જરા ૭, બંધ ૮, મોક્ષ એ નવ પદાર્થનું જાણપણું કરે. વળી શ્રી ઠાણાયંગ સૂત્રના બીજા ઠાણામાં નવતત્વની અવિશેષપણે એક જીવરાશી અને બીજી અજીવરાશી એ બે રાશી કહી એટલે મુળ જીવ અજીવના બે ભેદ કહ્યા. તે નવ પદાર્થનું વધારે વિવેચન ન આપતાં તે નવ પદાર્થ ઉપર પચીશ બોલ લગાડવા કહે છે તે નીચે મુજબ.

નિઃશ્ચેથી ૧, વ્યવહારથી ૨, દ્રવ્યથી ૩, ભાવથી ૪, સમાન્યથી ૫, વિશેષથી ૬, નામ નીક્ષેપાથી ૭, સ્થાપના નીક્ષેપાથી ૮, દ્રવ્ય નીક્ષેપાથી ૯, ભાવ નીક્ષેપાથી ૧૦, દ્રવ્યથી ૧૧, ક્ષેત્રથી ૧૨, કાળથી ૧૩, ભાવથી ૧૪, તથા ચાર પ્રમાણથી, પ્રત્યક્ષ પ્રમાણથી ૧૫, અનુમાન પ્રમાણથી ૧૬, આગમ પ્રમાણથી ૧૭, ઉપમા પ્રમાણી ૧૮. હવે સાત નયથી. નયગમ નયથી ૧૯, સંગ્રહ નયથી ૨૦, વ્યવહાર નયથી ૨૧, રૂજુસુત્ર નયથી ૨૨, શબ્દ નયથી ૨૩, સમભીરૂઢ નયથી ૨૪, એવંભુત નયથી ૨૫, એ પચીશ બોલ અકેકા તત્વઉપર સંજોગવાને ખટ દ્રવ્યના ગુણ પરયાય આદિ સર્વ જાણી સ્વસ્વરૂપની તથા પર પરીણીતીની પહેચાણ કરીને સ્વસ્વરૂપનો નિશ્ચાર્થ સાધી સકાયછે. એમ સિદ્ધાંતોના નિર્વદ્ય વાકયથી પ્રત્યક્ષ જણાયછે. તેમાં આ, જગતમાં જીવ અજીવની સર્વ વસ્તુ ઉપર ચારેનીક્ષેપા લાગુછે. એ વિતરાગનું વચન સત્યછે.

હવે સુમતગત મિત્રોને કહેવાનું કે મુળસૂત્રોની રૂકિત પ્રમાણે અમો ચારે નીક્ષેપાને માનતાંછતાં આપણી સર્વ અજ્ઞાનતા બહાર પાડીને કહોછો જે સ્થાપના નીક્ષેપો નથી માનતા એ સર્વ તમારૂં બોલવું વ્યર્થછે. કેમજે દરેક સ્વરૂપ અરૂપ વસ્તુમાં મજકુર કહેલા પચીશ બોલ અવશ્ય સંભવેછે. તેમાંથી એકપણ બોલ ઓછો અધીકો ને વિપરીત શ્રધે તેને મિથ્યાદ્રષ્ટિ કહેવો એ સુત્રનો ન્યાયછે. માટે સર્વ જૈન દયાધર્મીઓને પચીશ બોલની રૂકિત પ્રમાણે શ્રધા સહિત ચારે નીક્ષેપા માન્યછે. વળી એ ચાર નિક્ષેપા તમારી કલ્પિત મતિને અનુસરીને બનાવેલી પાષાણ મુર્ત્તીનેજ માટે કહેલા સમજવા નહીં. સબબ કે આ લોક જીવ દ્રવ્ય અને અજીવદ્રવ્યે પરિપુરણ ભરેલોછે. તે સર્વને માટે ચારે નિક્ષેપા કહ્યાછે. તેમાં જેજે વસ્તુમાં નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિરૂપણ કર્યાપછી છેવટનો ચોથો ભાવ નીક્ષેપો તે તે વસ્તુઓનો મુળગુણ સમજવો તેની ખુલ્લી હકીકત નીચે મુજબ.

જેમ સોમલના ચાર નીક્ષેપા તેના નામ, નામ સોમલ સ્થાપના સોમલ, દ્રવ્ય સોમલને ભાવ સોમલ હવે સોમલનો ભાવ નીક્ષેપો તેજ મુળ ગુણછે. તે મહા આતસ કે જેને ખાધાથી સર્વ પ્રાણનો અંત લાવીઆપે એવો એનો ભાવગુણછે. ને જે માણસ તેને નજરે દેખે ત્યાંથી ખાતરી થાયછે જે સોમલથી પ્રાણ ત્યાગ થાયછે.

વળી સાકરના ચાર નીક્ષેપા તેમાં મુળ ભાવ ગુણ.

મધુરતા એટલે મીઠાશ, તે જેને અનુકુળ પડે તેના શરીર-
ને તે પુષ્ટિ કર્ત્તાછે. એવો તેનો મુળગુણછે. એમ સર્વ વસ્તુ
ઉંચ નીચ મધ્યમમાં ચારે નિક્ષેપાછે. અને તેઓના જેજે
મુળ ગુણ હોય તે તે ભાવ નીક્ષેપા સમજવા. તેમજ એ-
કેંદ્રિ આદિપંચેંદ્રિપર્યંતસર્વમાં ચારેનીક્ષેપાગણવા. તેમાં અ-
સત્ય કૃત્યની વસ્તુમાં અસત્ય કૃત્યરૂપ ભાવ નીક્ષેપા અવગુણ
કરતા સોમલની રીતે સમજવો. અને સત્ય કૃત્યની વસ્તુમાં
સત્યકૃત્યરૂપ ભાવ નીક્ષેપો ગુણ કરતા સમજવો. તે જે-
મ અરીહંત તથા સાધુમાં ચારે નીક્ષેપા લાભેછે તેમાં તે-
મનો જે મુળજ્ઞાન દર્શનનો ગુણ સ્વભાવછે યા મુળ આત્મિ-
ક દશાછે તેજ ભાવ નીક્ષેપોછે. વળી તે ગુણથીજ તેઓ
પોતાના જન્માંતરોના બાંધેલા કર્મોના બંધનથી છુટેલાછે
માટે તેજ તેમના ભાવ નીક્ષેપારૂપ ભાવ ગુણને બહુ મા-
ને સ્વીકારી ત્રિવિધે ત્રિવિધે વંદન કરવું. વળી તેમના
ભાવ નીક્ષેપાનું કૃત્ય આપણા કર્મો નિરજરવા માટે યથા-
સ્થિત આદરીને તેમનુંપદ પામવા એટલે સિદ્ધપદ પામવા
ઉદ્યમી થઈ જવું એ ભાવ નીક્ષેપાનો ગુણછે. વળી બકા-
તના રહેલા ત્રણ નીક્ષેપા તે જાણવા રૂપછે પણ વંદનરૂપ
નથી એમ સમજવું. સબબ કે પ્રથમના ત્રણ નીક્ષેપા તે
પુદગળીક વસ્તુછે. તેતો મુળજ્ઞાન દર્શનના સ્વભાવથી વિ
રૂદ્ધછે ને સમેસમે ક્ષિણવૃદ્ધિ દશાને પામેછે. માટે અવંદ-
નીકને એક ભાવ નીક્ષેપો રુપદ સ્વભાવીછે. તેજ વંદનીક
છે. માટે એ ભેદ જ્ઞાનતો સુપાત્ર લક્ષગ્રહી હોય તેનેજ

આદરવા યોગ્યછે.

વળી પ્રતિમાની માંહે ચાર નીક્ષેપા લાભે તેપણ મુળ ધર્મનીરીતે સત્ય છે. કેમજે તેના પ્રથમના ત્રણ નીક્ષેપા તો તેમજ છે. પરંતુ ચોથો તેનો મુળગુણરૂપી ભાવ નીક્ષેપો અજ્ઞાન ને મિથ્યાત્વ છે. સબબ કે તે એકેંદ્રિ પાષાણમાં મિથ્યાત્વગુણ ઠાણું છે. તેથી તેનો મુળ ગુણ છે તેજ આપણા ઉપયોગ્યમાં આવી રહેછે. કેમજે પાષાણનો પ્રત્યક્ષ એવો ગુણ છે કે જેના ઉપર તેનો પ્રહાર થાય તેના શરીરને નુકશાન થાય યા પ્રાણ ત્યાગ થાય તેનું દ્રષ્ટાંત નિચે મુજબ.

ખંભાત શહેરમાં એક જીલાર પાડા નામના મહેલામાં તપે સ્વભાવીઓનું એક દેવળ છે. તેમાં પુજારા વિગેરે માણસો હતા તે દેવળ સમારવાની ખટપટમાં રહ્યા હતા તે વખતે બે ચાર છોકરાઓ રમતા રમતા તે દેરામાં આવી પહોંચ્યા અને તે દેવળમાં બેહેલી પ્રતિમાઓને પુષ્પાદિકના હાર ગજરા વિગેરેથી સુશોભિત દીઠી તે વખતે એક છોકરાએ ફુલના હાર કાઢી લેવાની ખાતર પુજારાને ગફલતમાં જાણી એકદમ મુર્તી ઉપર હાથ નાંખી હાર ખેંચ્યા, તે ફુલનો હાર ખેંચતાંજ આરસપહાણેશ્વર મહાકોપ કરીને એકદમ લોઢાના ખીલા ઉપરથી લાગલાજ અપરાધી છોકરા ઉપર કુદી પડયા અને તે છોકરાની છાતીમાં મહા જુસ્સાથી ઘેટાની રીતે એવી ધીક મારી કે છોકરાની છાતીનાં પાટીઆંજ તોડી નાંખ્યાં ને તે છોકરા-

ને શુક રૂધીરનો આહાર કરાવવા માટે બીજી જણેતાને પેટ પહોંચતો કીધો. તેમજ બીજા ઉભેલા છોકરાઓને પણ ગુસ્સાના આવેશમાં ઘાયલ કરી નાખ્યા હતા એવી રીતનું છોકરા અને પહાણેશ્વર વચ્ચે યુદ્ધ થઇ પડયું હતું. વળી તે પહાણેશ્વર એટલા તો નિર્દય થઈ ગયા હતા કે તે છોકરાનો પ્રાણ જવાનો વખત આવ્યો ત્યાંસુધી ખસવા ઇરાદો કરેલોજ નહીં. તે વખતે બકાતના છોકરાના બુમરાણથી પુજારા વિગેરે આવી પહોંચ્યા ને ઘણા શ્રમથી જુદા પાડી પાણેશ્વરને ઠેકાણે બેસાડયા. આ ઠેકાણે કહેવાનું કે બરાબર લોહના ખીલાની સાથે સજ્જડ ન કરવાથી તેને પંચેંદ્રિ જીવનો પ્રાણ લેતાં વાર ન લાગી તો તે પાહાણેશ્વરની ભકિતમાં એકેંદ્રિ બેઇંદ્રિ આદિક ખટકાયના પ્રાણનો નાશ થાય તેમાં શું આશ્ચર્ય છે!! એમ એકેંદ્રિ પાષાણાદિકનો મુળ ગુણ તો સર્વ આશ્રવ ભરેલોજ છે તેથી તેમાં વંદનગુણની વસ્તુ તો સ્પષ્ટ રીતે કાંઇપણ જણાતી નથી વળી તેના ચાર નીક્ષેપાનો વિચાર પણ તેના ગુણ ઉપરજ ઉતારી શકાય છે. એમ છતાં પણ તમો સદગુણના નામથી ચાર નીક્ષેપા નિર્ગુણ એકેંદ્રિમાં નીરૂપણ કરીને મહા આરંભ લઈ બેસો છો, તેમાં સદગુણી શિરોમણી તિર્થંકરોને તો કલંક નથી પરંતુ તમો તમારા અવિવેકી વિચારને વશ પડીને તમારા કસાય આત્માને પુષ્ટિની ખાતર હિંસારૂપ જળ સિંચન કરોછો. તેના બદલાનો જવાબ અધોગતના સ્વામિઓની આગળ આપવો મુશ્કેલ થઈ પડશે.

दोहरो.—निक्षेपासबद्रव्यना, कह्याचारनाचार;
निजआत्मचिन्याविना, समजेकीसुगमार ?

## પ્રતિમામતિને પુછવાના પ્રશ્ન.

૧ અહો બાળમિત્રો! મુળ સૂત્રમાં કહ્યુંછે જે દયાધર્મરૂપ ભાવદ્રહ ત્યાં સત્યરૂપ ભાવસ્નાન કરવાનું કહ્યુંછે અને વ્યવહારી લોકોને સંસાર કારણ માટે સચિત પાણીથી દ્રવ્યસ્નાન કરનારા કહ્યા છે. એ બે જાતના સ્નાનોમાંથી કયે સ્નાને સાધુ અને ગૃહસ્થો નિર્મળ થઇને તરેછે?

૨ સિદ્ધાંતોમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંજમ, જતના. શિયળ, ઇંદ્રિ નિગ્રહરૂપ, ભાવ, તિર્થ તથા જાત્રા કહીછે અને સંસાર વ્યવહારીઓ ગંગા, ગોદાવરી, હરદ્વાર વિગેરે અનેક સ્થળે તથા મુસલમાનો મક્કા, મદિના વિગેરે સ્થળે તથા તપા જનો આબુ, તારંગો, શેત્રુંજો, વિગેરે દ્રવ્ય તિર્થોએ જાયછે. એ દ્રવ્યભાવ તિર્થોમાંથી કયે તિર્થે સાધુ તથા ગૃહસ્થો સંસારમુકત થાયછે?

૩ સિદ્ધાંતોમાં યજ્ઞ, હવન કરવાનું વિવેચન છે તેમાં તપરૂપ અગ્નિ જીવરૂપ કુંડ અને ભલામન, વચન, ને કાયાના જોગરૂપ ઘૃત સિંચવાના ચાટવા, શરીરરૂપ સંદુકણ કર્મરૂપ ઇંધણાં એવા કૃત્યનું નામ ભાવયજ્ઞ કહીએ. વળી કેટલાએક અજાણ પુરૂષો અશ્વમેધ, ગજમેધ, અજામેધ, વિગેરે અનેક જાતના દ્રવ્યયજ્ઞ કરેછે તેમાં સાધુને તથા ગૃહસ્થોને કયો યજ્ઞ કરતાં કર્મોથી મુકત થવાપણું છે?

૪ સિદ્ધાંતોમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપને ભાવનિધાન કહ્યા છે અને સંસાર વ્યવહારીઓને સોનું, રૂપું, રત્ન, ધાન્ય, રત્ન, હીરા, માણેક, ઝવેર, પાના, પરવાળાં વિગેરે અનેક ધનના નિધાન છે, તે દ્રવ્ય નિધાન છે એ બેઉમાં સાધુ તથા ગૃહસ્થોને કયા નિધાનનું રક્ષણ કરતાં સંસારથી મુક્ત થવાપણું છે?

૫. સિદ્ધાંતોમાં કહ્યુંછે જે ક્રોધાદિક રાગ, દ્વેષરૂપ અગ્નિનો દાવાનળ સળગતો બુઝાવે તેને ભાવ અગ્નિ બુઝાવી સમજવી. અને છાણા ઈંધણા દિકને બાળનાર અગ્નિ તે દ્રવ્ય દાવાનળછે. એ બે માંહે સાધુ તથા ગ્રહસ્થો. કયો દાવાનળ સળગતો બુઝાવે તો કર્મોથી મુક્ત થાય ?

૬ સિદ્ધાંતોમાં વિતરાગના દયાધર્મનું આરાધન કરવા માટે આજ્ઞા સહિત દયા પાળે તે ભાવદેવની પુજા કરી કહેવાય છે. અને સંસાર વ્યવહારીઓથી પાષાણાદિકની મુર્તીને નાવણ ધોવણ, પાન, ફળ, ફુલ, નૈવેદાદિક આરંભ કરીને તથા ધુપ, દીપ, કેશર ચડાવી તથા વાજાં ગાડી એમ અનેક જાતની સાવદ્ય ક્રિયાથી પુજે છે, તે દ્રવ્ય પુજા કહેવાય છે એ બે પુજામાંથી સાધુ તથા ગૃહસ્થો કઈ પુજા કરવાથી મુક્ત થાયછે ?

૭ સિદ્ધાંતોમાં કહ્યુંછે જે આ સંસારમાં અનેક નાસ્તિક વસ્તુની મમતા વધારવી, તેનું નામ તૃષ્ણારૂપ ભાવવેલડીકહીછે અને વૃષારૂતુમાં પ્રગટથએલી વનસ્પતિ જાતીમાં ચીભડાં, કારેલાં વિગેરેની દ્રવ્ય વેલડીઓ કહેવાય છે.

તે બે જાતીની વેલડીઓમાં કઈ વેલડીનું નિર્મળ કરતાં સાધુ તથા તથા ગૃહસ્થ કર્મથી મુક્ત થાય છે.

૮ સિદ્ધાંતોમાં જ્ઞાન, દરશન, ચારિત્ર ને તપના કૃત્યને ભાવ વેપાર કહેછે અને સંસારીઓ આ જીવીકાની ખાતર અનેક સાવદ્ય કૃત્ય કરે છે તેને દ્રવ્ય વેપાર કહે છે. એ બે જાતના વેપારમાં સાધુ તથા ગૃહસ્થ કયા વેપારથી મુક્ત થાય છે.

૯ સિદ્ધાંતોમાં કહ્યુંછે જે શુદ્ધ શ્રધારૂપ નગર તેને ક્ષમારૂપ ગઢ ને તપ. સંજમરૂપ દરવાજાના કમાડ છે. તે ભાવગઢ કહેવાય છે. અને કોઈ સંસારી રાજા પોતાના શહેરની રક્ષાને માટે પાષાણાદિકનો ગઢ કરાવે છે. તે દ્રવ્યગઢ કહેવાય છે. એ બે ગઢમાંથી સાધુ તથા ગૃહસ્થો કયો ગઢ ચણાવે તો કર્મોથી નિરભય થાય ?

૧૦સિદ્ધાંતોમાં મોક્ષાભિલાષીને યુદ્ધ કરવું કહ્યુંછે. તેમાં પરાક્રમરૂપ ધનુષ લઈ તેને ઈરિઆ સુમતિરૂપ પણચ ચડાવીને તપરૂપ બાણથી કર્મરૂપ વેરીનું છેદન કરવું તે ભાવયુદ્ધ કહેવાય છે, અને રાજા વિગેરે માંહો માંહે કળેશ કરી યુદ્ધ કરે છે તે દ્રવ્યયુદ્ધ કહેવાય છે. તે બે યુદ્ધમાંથી સાધુ તથા ગૃહસ્થ કયુ યુદ્ધ કરે તો કર્મથી મુકત થાય ?

૧૧ સિદ્ધાંતોમાં નિર્વદ્ય મનરૂપ ભાવ અશ્વ એટલે ઘોડે ચડવું કહ્યુંછે અને સંસારી લોકોને તિર્યંચ જાતી દ્રવ્ય ઘોડે ચડનારા કહ્યા છે. એ બેમાં કયે અશ્વે ચડતાં સાધુ તથા ગૃહસ્થો મોક્ષ પહોંચે. ?

૧૨ સિદ્ધાંતોમાં કહ્યુંછે જે વર્તમાન કાળે સંસાર બંધન છોડીને સર્વ વ્રતપણે ચોત્રીશ અતિશય અને પાંત્રીશ સતવચન વાણી સહીત બોધ કરતાં હયાત વિચરે તે ભાવ તિર્થંકર છે. અને તિર્થંકર આયુષ્ય સ્થિતિ પુરણ થએથી પછાત રહેલું શરીર તે દ્રવ્ય તિર્થંકર કહેવાય છે. વળી કોઈક આવતે કાળે તિર્થંકર થવાના છે તેને ભવિયે દ્રવ્ય તિર્થંકર કહીએ. પરંતુ તિર્થંકર સંબંધી ભાવગુણ પ્રગટ થયા નથી એ બેમાં સાધુ તથા ગૃહસ્થો કયા તિર્થંકરને વંદન નમન કરતાં કર્મ નિરજરે ?

૧૩ સિદ્ધાંતોમાં કહ્યુંછે જે, કોઈ પુરૂષ સંસાર છોડી પંચ મહાવ્રતાદિક સતાવીશ ગુણ સહિત નિર્વદ્ય કરણી કરે છે. તે ( ભાવી અપા ) એટલે ભાવીત આત્મા ભાવસાધુ કહેવાય છે. અને દ્રવ્ય સાધુ તે આવતે કાળે સંજમ લેવાનો છે. એટલે આવતે ભવે યા તેજ ભવે પણ હજુ લીધો નથી ને સર્વ આશ્રવ સેવે છે. તે તથા કોઈ સાધુ મરણ પામ્યાબાદ બકાત રહેલું શરીર તે મડું નિર્ગુણ છે. તે દ્રવ્ય સાધુ કહેવાય છે. એ બેમાં કયા તિર્થંકરને તથા કયા સાધુને ગૃહસ્થો તથા સાધુઓ સેવા ભક્તિ, વિનય, વયાવચ્ચ, આહારાદિકથી સંતોષ આપેતો મહા નિરજરા કરીને કર્મોથી મુકત થાય ?

૧૪ સિદ્ધાંતોમાં દયા, સત્ય તથા જ્ઞાનાદિક ચાર એ સર્વની આરાધના કરે તેને સર્વોપરી ભાવ મંડળીક કહ્યા છે યા ભાવ કલ્યાણીક કહ્યાછે અને દિવાળી શંક્રાંત, શિ-

વરાત, અખાત્રીજ, ગણેશચોથ વળી બળેવ, દસરા વિગેરે પરૂબો તથા પુત્રજન્મ તથા સગાઇ પરણેતર વિગરે અને ક જાતીમાં સંસારી લોકોનાં પ્રમોદ મહોત્સવ તે સર્વ સાવદ્ય દ્રવ્યમંગળીક છે તેમાં સાધુ તથા ગૃહસ્થોને કયું મંગળીક કરતાં સર્વ કર્મો ક્ષય થાયછે ?

૧૫ સિદ્ધાંતોમાં કહ્યુંછે જે સર્વ કર્મોક્ષય કરીને સિદ્ધ સ્થાનકે પહોચવું એને ભાવઘર કહ્યુંછે. અને દ્રવ્ય ઘરને સંસાર વ્યવહારીઓને રહેવાના તે પ્રત્યક્ષછે. તે બેમાં સાધુ તથા ગૃહસ્થો કયા ઘરની ઇચ્છા કરતાં કર્મ બંધનથી મુકત થાય ?

૧૬ અપાર સંસાર સમુદ્રને તરે તે પુરૂષ ભાવ સમુદ્ર તર્યો કહેવાય. અને લવણ સમુદ્રતરે તે દ્રવ્યસમુદ્ર તર્યો કહેવાય એ બેમાં સાધુ તથા ગૃહસ્થોએ કયો સમુદ્ર તરવાનો ઉદ્યમ કરવો ? વળી કેવે પ્રકારે તથા શાને તરતાં મુકત થાય ?

૧૮ તિર્થંકર તથા સાધુઓ ઉપર ચાર નિક્ષેપાનું વિવેચન નામ ભગવંત ૧, સ્થાપના ભગવંત ૨, દ્રવ્ય ભગવંત ૩, ભાવ ભગવંત ૪, તેમજ નામ સાધુ ૧, સ્થાપના સાધુ ૨, દ્રવ્યસાધુ ૩, ને ભાવસાધુ ૪, એબે ચોકમળીને આઠ થયા તેમાં સાધુ કેટલા અને ગૃહસ્થ કેટલા ? શુદ્ધ કેટલાને અશુદ્ધ કેટલા ? ત્યાગી કેટલા ને ભોગી કેટલા ? તથા શુદ્ધ જોગવાળા કેટલા અને અશુદ્ધ જોગવાળા કેટલા? તથા તેમાં જીવ કયારે કહેવાય અને અજીવ કયારે કહેવા

ય ! તથા નમોથુણં સંબંધી ગુણવાળા કેટલા અને નિ ર્ગુણી કેટલા ! તથા એ આઠના શરીર, વર્ણ, ગંધ, રસ, ને આકાર વંદનિકછે કે તેના ગુણ વંદનીકછે ! તથા તેમાં કોના આકાર વંદનીકછે અને કોના ગુણ વંદનીકછે ! તથા એમાં નવકાર ગણતાં નમસ્કાર કોને થયો અને કેને ન થ- યો ! તથા એમાં સાધુ તથા શ્રાવકને વંદનિક કેટલા અ- ને અવંદનિક કેટલા ! તથા એ આઠમા સ્નાન, આભ્રણ, ધુપ, દીપ, લાડવા, લાપસી વિગેરે નૈવેદ તથા ચોખાના સાથીઆ, ફળ, ફુલ, પત્ર વિગેરે ચડાવવું તથા વાજીંત્ર બજાવી નાચવું એ વિગેરે દ્રવ્યપુજા સાવદ્ય કૃત્યથી કરવી તે તથા તેઓનેઅર્થે મહા આરંભથી દેરા બાંધવા તથા સોનું રૂપું વિગેરે નાણું અર્પણ કરવું એ સર્વ મજકુર ક- હેલી વસ્તુઓના ભોગી કેટલા અને ત્યાગી કેટલા ! તથા એમાં સંજતિ કેટલા અને અસંજતિ કેટલા ? તથા સંસા રી ભોગવાળા ક્યારે કહેવાય અને બ્રહ્મચારી ક્યારે કહે- વાય ! આ પ્રશ્નોના જવાબમાં તમારાં પુતળાં ઊપર નજ ર ન રાખતાં જે વિતરાગે સત્યમાર્ગ નિરૂપણ કરેલોછે તેજ પ્રમાણે યથાસ્થિત જાણતા હોતો બતાવવું જોઈએ.

૧૮ તમે ચારે નિક્ષેપા વંદનિક કહોછો તેમાં પુછવા- નું કે તિર્થંકર, સાધુ તથા ગણધર દ્રવ્યગુણ અને ભાવગુણ સહિત હોય તેતો વાંદવા પુજવા યોગ્યછે. પરંતુ તેજ તિ- ર્થંકરાદિક સંસાર વ્યવહારમાં દ્રવ્ય નીક્ષેપે ખટકાયને આ- રંભે વર્તતા હોય તે વખતે સાધુઓ તથા વ્રતધારી શ્રાવકો

તેને વંદન પુજન કેમ કરે ? મતલબ કે હજુ તેઓમાં ત્યાગ અવસ્થાના છતાં ગુણ સર્વથા પ્રગટ થએલા નથી. માટે અવંદનીકછે. તો જે દ્રવ્ય એકેંદ્રિમાંહે જ્ઞાન, દર્શનાદિક કોઈપણ ગુણ નહી છતાં તેમાં ચાર નીક્ષેપાથી કેવી રીતે વંદન કરાય ?

૧૯ હયાતિ તિર્થંકર, ગણધર તથા સાધુઓ નવ કોટીએ આરંભ સમારંભથી નિવર્તી પામેલાછે. તેમજ સરણાંગત શ્રોતાઓને આરંભથી નિવર્તવાનો બોધ કરેછે. વળી આરંભના ભયાનક કર્મોના બંધન જાણી પોતે આરંભથી થએલી ભકિતને અમાન્ય કરેલીછે. તો એકેંદ્રિમાં તેઓના નામની સંકલ્પના કરી સર્વ આશ્રવનું શેવન કરવું તે મુળશાસ્ત્રોના ન્યાયની સાથે સુચવું જોઇએ.

૨૦ ગુણ વંદનીકછે કે આકાર વંદનીકછે ? જો ગુણ વંદનીક હોય તો એકેંદ્રિની મુળજાતમાં તિર્થંકર વિષેનો કયો ગુણછે ? અને આકાર વંદનીક હોયતો તે જગત શિરોમણી સદગુણી પુરૂષો વંદનિક નહીં કે શું ?

૨૧ પાષાણાદિકના કલ્પિત દેવ મોટા કે ગુરૂ મોટા? જો દેવ મોટાઈપણું તથા વિતરાગીને ત્યાગીપણું જાણીને ફુલ ચડાવોછો તો તમારા સાવદ્યાચાર્યને પણ ત્યાગી અને વેરાગી કહોછો તો તેને પુષ્પાદિક કેમ ચડાવતા નથી ? વળી જો ગુરૂને પાંચ મહા વ્રતધારી જાણીને સચેતનો સ્પર્શ ન કરાવતાં હો તો શું તમારા દેવને અવ્રતિ ગણોછો કે કેમ ?

૨૨ તમો પ્રતિમામાંહે કેવી અવસ્થા નિરૂપણ કરો છો ? જો ગૃહસ્થ અવસ્થા નિરૂપણ કરતા હો તો પીળા વસ્ત્રવાળાઓએ તેને વંદન નમન કરવું અયોગ્યછે. સબબ કે પીળા વસ્ત્રવાળા સંવેગપણાનો ડોળ બતાવેછે, માટે ન ઘટે અને પ્રતિમામાંહે સંજમ અવસ્થા નિરૂપણ કરતા હોતો તેમાં ચારિત્રાદિકનો ડોળ નથી. અને ચારિત્ર અવસ્થામાં સર્વ સચિત અચિત ભોગાદિક અર્પણ કરોછો તો તેમજ હયાત તિર્થંકરની સમાચારીમાં સાવદ્ય કૃત્યના ભોગી હતા કે શું ?

૨૩ સાધુના દર્શનની ખાતર શ્રાવક આવે ત્યારે સચિતાદિક ભોગોપભોગની વસ્તુ બહાર મુકીને પછી પદવંદન કરેછે. સબબ કે સાધુઓ સચિત વસ્તુના ત્યાગીછે તો શું હયાત તિર્થંકરાદિકે સચિતાદિક વસ્તુઓનો ત્યાગ કરેલો નહોતો કે ભક્તિને માટે સચેત વસ્તુનો આરંભ કરો છો ?

૨૪ તમો તમારા શેવકોપાસે પ્રતિમાનું મહા આરંભથી પુજન કરાવો છો તેમજ પુજનારાઓ મહા નિર્જરા અને મોક્ષનું ખાતુ તથા તિર્થંકર ગોત્રની લાલચથી પુજન કરે છે. એવી રીતે મહદ્ફળ બતાવી અંધ કુપમાં ધકેલી મારો છો તો પીળાવસ્ત્રવાળાઓને પુછવાનું કે તમારે પ્રતિમા પુજનમાં નિર્જરા, મોક્ષ અને તિર્થંકર ગોત્રની આશા ભંગ છેકે શું ? વળી પુજન કરતાં તિર્થંકર ગોત્ર તથા સર્વ કર્મ શેવકના ખપે એમ કહો છો તો શું

તેઓની રીતે કરતાં તમારે ભારે કર્મી થઈ જવાનો સંભવ છેકે શું ? વળી તમારામાં વ્રત, નિયમ ન છતાં તમો વ્રતધારીનું નામ રાખવાની કલ્પનાએ પુષ્પાદિક અનેક જાતીને સચિત સમજો છો તો શું તમારા શેવકોને સચિત વસ્તુમાં જીવનું જાણપણું ન કરાવતાં અજીવ ઠરાવી આપ્યા છે કે શું ? કે તે આરંભથી પાછા હઠતા નથી.

૨૫ તમો પ્રતિમાવંદનમાં અવસરમાં કેને વંદન કરો છો ? જો પ્રતિમાને વંદન કરતા હોતો તે વખતે વિતરાગવંદન ન થયા અને જો વિતરાગને વંદન કરીએ છીએ એમ કહેતો પ્રતિમા વંદન ન થઈ. વળી કહો જે વિતરાગ તેજ પ્રતિમા અને પ્રતિમા તેજ વિતરાગ તો પંચેંદ્રિવિના એકેંદ્રિ અજ્ઞાનમાં વિતરાગ દશા કયાંથી આવી ? અને એક સમે બે ક્રિયા કેમ વેદે ?

૨૬ તમારા પ્રમિમામતના ધર્મમાં કેટલાએક દિગંબરો પ્રતિમા તથા ગુરૂની ભકિતમાટે સાવદ્યપુજા વિગેરે કરતા નથી તે શું જાણી નહી કરતા હોય? અને તમો દેવગુરૂની ભકિત માટે શું જાણીને મહા આરંભ કરોછો? વળી તેઓએ તથા તમોએ કયા ગ્રંથને આધારે પ્રતિમા મંડન કરેલું છે? વળી તેઓની પ્રતિમાને આંખો કરતાં ભુલી ગયા છે અને તમોએ પ્રતિમાને આંખો કરી છે તો પુછવાનું કે તેઓએ ચાર ઇંદ્રિ માન્ય કરી અને તમોએ પાંચ ઇંદ્રિ માન્ય કરી અને પ્રતિમાનો આરસપહાણ સરખોજ છે તેમાં આટલો બધો વિધીફેર કેમ કરોછો ?

૨૭ સમકિત એટલે શું ?

૨૮ મોક્ષકાર્ય છે કે કારણ છે કે સ્વતઃસિદ્ધ ? તે કારણસહિત કહો ?

૨૯ મોક્ષમાર્ગ કેને કહીએ ?

૩૦ મોક્ષ માર્ગની આરાધનામાં શું હેય છે ને શું ઉપાદેય છે ?

૩૧ જૈન ધર્મનું મુળ સિદ્ધાંત શું છે ?

૩૨ ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા કરોછો તો તે શબ્દનો અર્થ સર્વ ઠેકાણે તેમજ કરોછો કે કેમ ?

૩૩ ચૈત્ય શબ્દના મુળધાતુ કયા કયાછે? અને તે ધાતુના અર્થ શું શું થાયછે ?

૩૪ જૈન ધર્મના બોધ કરનારે જેવો બોધ કરેલોછે તેવીજ રીતે હાલ નિર્વદ્ય બોધ થાયછે કે કેમ ?

૩૫ મોક્ષ માર્ગની કર્ણી કરતાં સાવદ્યનો ત્યાગ કરવો કહયોછે તે સાવદ્ય કોને કહોછો ?

૩૬ જૈન ધર્મ દયામય કહયોછે તો કયા કયા જીવની દયા પાળવી અને કયા કયાની ન પાળવી ? વળી સ્થાવર જંગમ પ્રાણીઓને અભયદાન દેવું, તે કેવી રીતે દેવું? અને કેટલા ગુણ ધરનાર અભયદાન દેછે ?

૩૭ તિર્થંકરના નામથી મુર્તી મંડન કરી પુજોછો તે મુર્તીને લક્ષણ અતિશય સત્યવચન વાણી તથા ઈંદ્ર આદિક સેવીત તથા છ ગુણ એ વિગેરે તિર્થંકર સંબંધી સર્વ મુર્તીમાં છે કે નહીં ?

૩૮ સિદ્ધ નિરંજન નિરાકારછે. તેની સાકાર મુર્તી કરોછો તેમાં નિરંજનના આઠ ગુણમાંહેલા કેટલા ગુણછે? વળી તિર્થંકરના નામની પ્રતિમા તથા સિદ્ધના નામની પ્રતિમા એ બંનેના નામનો પટાંતરો કેવી રીતે કરોછો? વળી તે બેની પુજાવિધી સરખી રીતે કરોછો કે જુદી રીતે? વળી તે પુજાઓમાં છકાયના જીવ હણાછે કે નથી હણાતા? ને હણાયછે તો કેટલા હણાય ને ન હણાય તો તેનુ થતું રક્ષણ બતાવો?

૩૯ તમોએ માન્ય કરેલી પ્રતિમાઓને છકાયમાંથી કઈ કાયમાં ગણોછો?

૪૦ એ પ્રતિમાઓમાં ગુણ ઠાણા કેટલાછે તથા વ્રત કેટલાછે તથા દ્રષ્ટિ કેટલીછે તથા જોગ, ઉપયોગ, લેશા, સંજ્ઞા, કસાય, હેતુ, વિષય, જ્ઞાન, અજ્ઞાન, શરીર, સંઘયણ, સંઠાણ, ઇંદ્રિ, સમુદઘાત, પ્રજા, પ્રાણ, જોણી, કુળકોડી, વેદ, અહાર વિગેરે કેટલા બોલ લાભેછે?

૪૧ ચાર જાતીના દેવના ભુવન તથા વૈમાન વિગેરે ત્રિછા લોકમાં સાસવતી જીન પડિમાઓછે, તે સર્વના ચારજ નામછે તે સર્વને સમકિતી તથા મિથ્યાત્વી બંને પુજેછે કે એકલા સમકિતીજ પુજેછે? વળી અહીંઆ કોઈ મિથ્યાત્વી મૃત્યુ પામી દેવ લોકે ઉપજયો ત્યાં તેનો મિથ્યાત્વ ધર્મછે તો તેના વૈમાનમાં હરી, હર, બ્રહ્મા, વિશ્નુ, વિગેરે દેવોની પ્રતિમા હશે? વળી અસુર દેવના વૈમાનમાં કબ્બર વિગેરે એમ જુદાજુદા ધર્મના દેવસ્થાનની તે

દેવો પુજા કરેછે કે સાસવતા ચારનામની પ્રતિમાની પુજા કરેછે ? વળી મિથ્યાત્વીઓના વૈમાનમાં તેમની શ્રધાના દેવસ્થાન હોયતો બતાવો ? વળી તમારા કહેવા પ્રમાણે મિથ્યાત્વી દેવો સાસવતી ચાર પ્રતિમાને પુજે નહીં સબબ કે મૃત્યુલોકના અન્ય દર્શનીઓ તમારી પ્રતિમાનું આખા ભવમાં એકવાર પણ પુજન કરતા નથી. તેવીજ રીતે મિથ્યાત્વી દેવો પણ સ્વમિથ્યાત્વ ધર્મમાં ગાઢા થએલા તે ચાર પ્રતિમાને કેમ પુજશે ? વળી કહો જે સમકિતીદેવ પુજે પણ મિથ્યાત્વી દેવ ન પુજે. તો મિથ્યાત્વી દેવ શું પુજે છે ? વળી કહો જે બેઉ પુજે તોએ એમના જીત વ્યવહારમાં ઠરે કે બીજુ ?

૪૨ તમે કહોછો જે અસંખ્યાતા કાળની પ્રતિમાઓ આજસુધી છે. અને ભગવંતે મુળ સૂત્રોમાં એમ કહ્યુંછે જે કર્ત્તરીમ વસ્તુ સંખ્યાતો કાળ રહે, તો તમે અસંખ્યાતો કાળ ક્યાંથી ઠરાવ્યો છે? વળી કહોછો જે દેવતાઓની સહાયતા રહેછે તો પુછવાનું કે પાલીતાણાના ડુંગર ઉપર જેને તમે મુળ નાયક ઠરાવ્યા છે તે પ્રતિમા ઉપર વીજળી પડી તેનું ઠાસુકું નાકજ બાળી નાંખ્યું તે વખતે પાલીતાણા ઉપર કોઇ દેવ હતો કે નહીં? વળી અજેપાળે તથા અલાઉદ્દીન બાદશાહે તમામ દેરાઓ ખોદી નખાવ્યા તથા પ્રતિમાઓ ખંડન કરી નાખી તે પ્રતિમાની શેવામાં કોઇ દેવ હશે કે નહીં? આ ઉપરથી ખાતરી થાયછે કે તમો ગપોડાથી ધરાતાજ નથી.

૪૩ તમારા દેવળમાં પ્રતિમા બેસાડતી વખતે કેટલાએક કારણે જન્મ મહોત્સવના તથા પરણેતરની વિધીના કરે છે તે વખતે કેટલાએક ગૃહસ્થ પ્રતિમાઓના માતપીતા બને છે તે પુછવાનું કે તેમને પેટ પંચેંદ્રી જીવ પુત્ર પુત્રીનું ઉપજવું નથી થયું કે પાષાણની પ્રતિમાથી ઈચ્છા પુરી કરે છે ? વળી તે પ્રતીમાઓને કયા કાળની સ્થાપન કરીને જન્મ આપો છો ? વળી તેના ચાર નામ ન રાખતાં ચોવીશ નામો આપો છો ? તે શા આધારથી ?

૪૪ તમો પ્રતિમાને સાક્ષાત દેવ કહો છો તેમાં પુછવાનું કે જ્યારે તે પ્રતિમાઓને એના કર્મના ઉદયે કોઈએ ગએલા વખતમાં કોઈ કારણથી જમીનમાં ડાટી દીધી હોય, તેના નિકળવાના વખતમાં તમે કહો છો કે અમારા સ્વપ્નામાં આવીને પ્રતિમાઓ કહેછે કે " મને કાઢારે કાઢો " જો એમ તમારા સ્વપ્નાસુધી કહેવા આવવાની હિમ્મત ચાલી તો પોતાની મેળે બહાર નીકળીને તમારી પ્રત્યક્ષ થવાની શકિત ન થઈ કે તમારે મહા મહેનતથી ખાડો ખોદી કાઢવી પડે છે. વળી કહો જે પ્રતિમાની રક્ષા કરનાર દેવ કહીજાયછે તેના જવાબમાં કહેવાનું જે તે દેવતાને બહાર કાઢવાની સત્તા નથી કે શું? વળી તે પ્રતિમાની ભક્તિનો લાભ તે દેવને લેવો નથી કે તમને ભળાવીદછે ?.

૪૫ પીળાવસ્ત્રવાળાઓ ! તમે પ્રતિમાપુજનના આરંભથી ડરોછો ! અને તમારા બોધથી પીળા ચાંદલાવાળા તમારા યજમાનો પુજનના આરંભમાં સાહસિકપણું ધરા-

ને છે. વળી તે પુજનમાં તમને મહા પાપ લાગે અને શેવકોને તે પુજનથી મોક્ષ થાય તેમાં પુછવાનું કે તે પુજા કરતાં તમને કેટલા કર્મ બંધાય અને કેટલો કાળ ભવાંતરનો લાભ લઈ શકો ?

૪૬ કેટલાએક પીળા તીલકવાળા મૃત્યુ પામી અવગતિઆ થાય છે તે પછાત રહેલા ઘરના અમુક માણસને બુલાવીને કહેજે મારી પ્રતિમા પ્રતિષ્ઠિને દેરામાં બેસાડો ? ત્યારે તેના સંબંધીઓ તેના કહેવા પ્રમાણે દેરામાં વેચાતી જગો લઈ બેસાડે છે તેમાં પુછવાનું કે તે પ્રતીમાની પ્રતિષ્ઠા પુજા તમારા દેવની રીતે કરો છો કે બીજી રીતે ? વળી તે પ્રતિમાનું નામ અવગતીઓ પાડોછો કે તિર્થંકર ? વળી પ્રતિમા બેસાડનારનેનામે પ્રતિમાનું નામ રાખો છો તો તેને તમે તિર્થંકરદેવ શીરીતે માનોછો ? કેમજે ત્રિખંડા, નવખંડા, નાકોડા, અમીજરા, ગોડીજી, હઠીજી, ગુલાબ વાગડીઆજી જાવડજી, ભાવડજી, એ વિગેરે અનેકનામની પ્રતિમા બેસાડો છો તો આ ઠેકાણે એ શંકા થાય છે કે જેમ અવગતિઆઓ સુરધન થઇ ઘરમાં બેસવાનું માગી લે છે. તેમજ તમારા સૂરધનોએ દેરામાં બેસાડવાનું માગી લીધેલું છે, ને તેમજ તમે પ્રતિષ્ટા કરી દેરામાં બેસાડો છો. એમ દરેક વખતે સાંભળવા તથા જોવામાં આવે છે તેમાં પુછવાનું કે લાખો રૂપિઆ ખરચીને દેરાં કરાવી પ્રતિમા બેસાડો છો તે તમારી નામદારીને માટે કરો છો કે આત્મકલ્યાણનેમાટે કરો છો ? વળી ગૃહસ્થોના નામની પ્ર-

તિમા બેસાડો છો તેમજ પીળા પુજ્યોની પ્રતિમાઓની પ્રતિષ્ટા કરીને બેસાડો છો કે નહીં ?

૪૭ વિતરાગભાષિત મુળ સિદ્ધાંતોમાં કહ્યું છે જે પહેલા તથા છેલા તિર્થંકરના સાસનમાં સાધ સાધ્વીઓને ધોળાં વસ્ત્ર પહેરનારા કહ્યાછે અને વચ્ચેના બાવીશ તિર્થંકરના સાસનમાં સાધ સાધ્વીઓને પંચરંગાવસ્ત્ર પહેરનારા કહ્યાછે. પણ હાલના જમાનામાં સંવેગીઓ આવળના ફુલ જેવા પીળા વસ્ત્ર પહેરેછે. તેઓને પુછવાનું કે તમે કોના સાસન પ્રમાણે પ્રવર્ત્તોછો ? વળી આચારંગસૂત્રમાં તથા નિસિથ સુત્રમાં ભગવંતે કહ્યુંછે "नोरंगेवा,नोधोएवा,नोपासेजा" અર્થાત રંગવાની તથા ધોવાની તથા અમુક દ્રવ્યનો પાસ દેવાની સર્વથા ના કહીછે. વળી અચેત અને પ્રાસુક જળમાં એકવાર તથા બે વારપણ ન બોળવું એમ કહ્યુંછે તો આવા પીળા વસ્ત્ર રંગવાની તો રજા કયાંથીજ હોય ? એમ છતાં પણ પીતાંબરધારીઓ કોઈ એક તેમના આચાર્યના કરેલા ગ્રંથના આધારથી પોતાના વસ્ત્રને લોદર કાથો અને દાડમના છોડીઆ પલાળી તેમાંજ બોળેછે. પણ પુછવાનું કે ગ્રંથ ઉપર આધાર ન રાખતાં સુત્રમાં કેવી રીતે કહેલુંછે ? તે પુર્વ, પાશ્ચમ અને મધ્યમ એ ત્રણ પાઠની સાંધ મેળવીને શાસ્ત્રરીત પ્રમાણે બતાવવું જોઇએ.

૪૮ વિતરાગભાષિત મુળ સિદ્ધાંતોમાં સર્વ સાધસાધ્વીઓને મસ્તકનો લોચ કરવાનો કહ્યોછે. તેમછતાં મસ્ત

કનો લોચ ન કરેતો સાધુઓની સમાચારીથી દુર કરવોપડે છે એમ સિદ્ધાંતોમાં સ્પષ્ટ રીતે કહેલુંછે. તેમ છતાં પીળા વસ્ત્ર ધરનારાઓમાં કેટલાએક લોચ કરેછે અને કેટલાએક હજામ પાસે મુડાવેછે યા કતરાવેછે. એવો વ્યવહાર સાધુઓને માટે કયા મુળસૂત્રથી કહોછો. વળી તમે કહોછો કે સાધુઓને માટે સૂત્રમાં લોચ કરવાને અધીકારે "लोवा, मुंडवा,कत्तोवा" એટલે સ્થિર સંઘેણ વાળાને લોચ કરવો તે સિવાયના સાધુઓને સજાએ મુંડાવવું તથા કતરાવવું કહોછો. પણ શાસ્ત્રરીતે તમારૂં બોલવું વૃથાછે. સબબ કે મજકુર પાઠની ક્રિયાતો શ્રાવકનીજછે. જ્યારે શ્રાવક ઉત્કૃષ્ટ પડિમાઓ આદરેછે ત્યારે મજકુર પાઠની રીતે કરેછે પણ સાધુઓને માટે તો લોચ કરવાનીજ ભળામણછે. પણ તેમને પુછવાનું કે શ્રાવકની ક્રિયાનો પાઠ તમોએ લીધો તો તમારામાં બારવ્રત માંહેલાં કેટલાં વ્રત છે અને શ્રાવકની કેટલી પડિમા આદરેલીછે ? વળી તમે કહોછો જે વૃદ્ધ. રોગી, તપસ્વી તથા બાળને માટે આગારછે. તેમાં પુછવાનું કે મોટા હાથી ચાલ્યા જાય એવા આગારતો તમારા સર્વે વ્રતોમાં પ્રત્યક્ષ માલમ પડેછે. સબબ કે તમારા પુર્વાચાર્યના કરેલા ગ્રંથોમાં કહેલુંછે કે સ્વધર્મની સ્થિતિ વધારવાના કારણથી જીવહિંસા ૧ તથા જુઠું બોલવું ૨ તથા અદત્ત દાન દેવું ૩ તથા કુશિયળ શેવવું ૪, તથા પરિગ્રહ રાખવો ૫, તથા રાત્રી ભોજન કરવું ૬, એ વિગેરે કેટલીએક બાબતોના આગાર કહેલાછે. તો પુછવાનું

કે સાધુને માટે એવી સાગારી ક્રિયા કયા સુત્રમાં કહીછે ? વળી સાધુપણાના મુળવ્રતો વિગેરેમાં કોઇ કારણથી આગાર હોયતો તમારા શેવકોમાં તથા તમારામાં કાંઇ તફાવત જણાતો નથી અને બેઉનો સાગાર ધર્મજ માલમ પડે છે. તો પુછવાનું કે તમારા ધર્મના અણગાર સાધુઓ કઇ તરફ ગએલાછે ?

૪૯ સિદ્ધાંતોમાં સાધુઓને ભગવંતે વરસતા વર્षાદમાં આહારાદિક ભોગોપભોગની વસ્તુ લેવાજવાની મના કરેલીછે. વળી કદાચિત વર્ષાદ વરસવાની અગાઉ ગોચરીએ ગયા અને પછી વર્ષાદ વરસે તો સાધુઓ ગૃહસ્થને ઘેર ન રહેતાં સ્વસ્થાનકે આવે. વળી લગનીત, વૃદ્ધનીતના, કારણથી વર્ષાદમાં સંજતિઓ જાયછે તેમાં થએલી અજતનાનું પ્રાયછિત લેવાના કામીછે. એતો ન્યાય માર્ગછે. પરંતુ તમો ક્ષુધા, તૃષા વિગેરે પરિસહોથી હાયમાન પ્રણામ કરીને વરસતા વર્ષાદમાં આહારાદિક લેવા જાઓછો તે વખતે ગૃહસ્થો માથે છત્ર ધરી રાખેછે. જેમ એકતાળીશના ભાદરવા માસમાં ત્રણ દીવસની વર્ષાદની એલી મંડાણી તે વખતે ભાવનગરમાં વરધીચંદ્રના શિષ્યો જાતા દીઠા તેમજ તેઓમાં સર્વ ઠેકાણે હશે. વળી તે વખતમાં સિદ્ધાંતાધારી જૈન મુનીઓને ત્રણ ત્રણ ઉપવાસ થએલા સબબકે સિદ્ધાંતોમાં કહ્યુંછે જે માસખમણને પારણે જરાપણ દ્રષ્ટિગતે વર્ષાદના છાંટા માલમ પડે ત્યાંસુધી આહારાદિકનેમાટે સાધુ હોય તે ન જાય. તેતો સત્યછે. પણ તેથી વિરૂદ્ધ રીતે થઇને જાઓછો

તે કયા સૂત્રના આધારથી ?

૫૦ સિદ્ધાંતોમાં કહયુંછે જે દરરોજ એક ઘરેથી આહારપાણી ન વોરવું તેમજ સાધુનીને સગકલ્પિને કોઇ ગ્રૂહસ્થ આહારપાણી નીપજાવે તે સર્વ વસ્તુ સાધુઓને લેવી ન કળપે તેતો ન્યાય માર્ગ છે. પણ હાલના પીળા વસ્ત્ર ધરનાર જનોને માટે કેટલાક ડહાપણદાર ભગતો તેમના ગુરૂની ખાતર અહારાદિક વિગેરે રંધાવેછે ને દરરોજ સીરા બનાવીને વોહોરાવેછે ને કોઈ વખતે કાચો સીરો અપાયો હોયતો પાછો લેવા જવું પડેછે. તેમજ દુધ ઉકાળીને વોહોરાવતાં વધારે પડી ગયું હોયતો બીજે ભાવીક શેવક પીઇ જાયછે તેવી રીતે ભાવનગરમાં મહર્ધિક શેવકને ઘરે રીવાજ છે. તથા બે હાંડા પાણી ઉકાળી વહોરાવેછે. તે છેવટ અણ કળપતા મુખવાસ સહિત આપેછે ને તે લેછેતો પુછવાનું કે મજકુર દાતાર તથા મજકુર લેનારને સિદ્ધાંતોની રૂકિત જોતાં કેટલો લાભ મળ્યો હશે ?

૫૧ ઉત્તરાધ્યયન સૂત્રના સોળમા અધ્યયનમાં નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળવું કહ્યુંછે. તેમાં નવમી વાડમાં શરીરની શશ્રુકા, શોભા, શણગાર, અતર, તેલ, ફુલેલ વિગેરે સુગંધ દ્રવ્યથી વસ્ત્ર તથા શરીરવાસીત બ્રહ્મચારી પુરૂષોને ન કરવું કહ્યુંછે તેતો સત્ય છે. તેથી ઉલટીરીતે ગ્રંથ માન્ય કરનાર આત્મારામજી વિગેરે એકતાળીશની સાલમાં લીંબડીએ ગયા ત્યારે તેમના શેવકોએ ઘણી ધામધુમથી સામૈયું કરીને શાહેરમાં લઈ જતાં મધ્ય બજારમાં અતરની

સીસીઓ તેમના મસ્તક ઉપર ઢોળી હતી. તે સુગંધની બહારથી તેમનો આત્મા ઘણો સંતોષ પામ્યો હશે. પણ એ કૃત્ય જૈન મુનીઓની રીતમાંછે કે ઉલટી રીતેછે ?

પર સિદ્ધાંતોમાં વિતરાગે જૈન મુનીઓને કહ્યું છે કે પાંચ પ્રકારની સઝાય કરવી તેમાં પાંચમી સઝાયનું નામ ધર્મકથા કહેવાય છે તે કથાના ચાર પ્રકાર છે. તે શ્રોતાજનોને સંભળાવતાં સુલભબોધી જીવ વૈરાગ પામી ગુરૂપાસે સંજમ લેવા મનસા બતાવે પણ તેના વારસદારોની આજ્ઞા સિવાય ચારિત્ર આપે નહીં, એતો ન્યાય માર્ગછે પણ તેથી ઉલટી રીતે આધુનીક જમાનામાં ગ્રંથ પરૂપક આત્મારામજી વિગેરે કેટલાએક વેષધારી ગૃહસ્થોના બેટાબેટીઓને તેઓના વારસદારોની રજા સિવાય બીજે દેશાવર મોકલી દઈ ભેખ પહેરાવીદેછે. પછી તે ભેખ પહેરનારાના વારસદારો ત્યાં જઇને જુલમ ટંટાથી ન્યાય કોરટની દ્રષ્ટિએકરી કેટલાએકને ભેખ ઉતરાવી ઘેર લઇ જાયછે. તે જૈન શાસ્ત્રોના આધાર પ્રમાણે જોતાંતો ઉલટી રીત ગણાયકે બીજું કાંઇ?

પ૩ સિદ્ધાંતોમાં જૈન મુનીઓને ભગવંતે કહ્યુંછે કે અહો મુનીશ્વર પરદેશે વિહાર કરતાં યા પરદેશથી આવતાં ગૃહસ્થો સ્વઇચ્છાએ વાજાં વિગેરે ઘણા આરંભની ધામધુમથી તમને સામા તેડવા આવે તથા વળાવા જાયતો તેઓના મંડળમાં આત્માર્થી મુનીઓએ ચાલવું નહીં ને ચાલેતો સાધુ ધર્મથી ઉલટી રીતે સમજવું, એતો ન્યાય માર્ગ છે પણ તેથી ઉલટી રીતે હાલ આત્મારામજી વિગેરે ગુરૂ

ભક્તિને માટે સામૈયાના મોટા લાભ બતાવી અનેક આરંભ સહિત ગૃહસ્થોના મંડળમાં માથે સાલ યા ચંદની ધરાવી ચાલોછો તથા ચાલવાને રસ્તે જળ છાંટણાં તથા વજાગરાઓ વિગેરેની શોભા લેતાં સ્ત્રી મંડળના સંગરાથી નિઃશંકપણે ચાલતા તેમજ મોઢા આગળ દાંડીઆરસની રમત જોતાં સંતોષ માનેછે. તેમાં પુછવાનું કે અસલ જૈન ધર્મમાં હાલની રીતે અંધારૂં ચાલતું ?

૫૪ સિદ્ધાંતોમાં જૈન મુનીઓને ભગવંતે કહ્યુંછે કે અહો મુનીશ્વર ! તમારા ધર્મોપગરણ વિગેરે આહારાદિક ગૃહસ્થને ઉપાડવા ન દેવું તેમજ કોઈ વાહન ઉપર ન મુકવું. એમ કહ્યું તે તો ન્યાયમાર્ગ છે. પણ તેથી ઉલટી રીતે થઈ પરદેશ જતાં આવતાં વેઠીઆ કરી ભાર ઉપડાવવો અથવા તેમ નહીં તો ગાડી, ઘોડા, પોઠીઆ ઉપર ભાર ભરવો. વળી લાગ પડે તો તેઓ ઉપર ચડી પણ બેસવું તે જૈન ધર્મના મુની કહેવાય કે નહીં ? વળી ભિક્ષા લેવા જાઓ છો તે વખતે ગૃહસ્થને ઉદકની મટકી ઉપાડવાને આપો છો તે સાધુધર્મની રીત છે ?

૫૫ સિદ્ધાંતોમાં જૈન મુનીઓને ભગવંતે કહ્યુંછે કે અહો મુનીશ્વર ! ગૃહસ્થને ઘરે ગૌચર્યે મૌનપણે જજે ! સબબ કે સુઝતું કળપતું લેવાનો કામી છો માટે. કદાચ બોલતા જશો તો તમારૂં આવવું જાણીને કોઈ અવિવેકી ગૃહસ્થ સચિતાદિક વસ્તુઓનો સ્પર્શ કરી અજતના કરશે તો દોષ છે. એતો ન્યાય માર્ગ છે. પણ હાલમાં આ-

રમારામજી વિગેરેના શિષ્યો નોતરવા આવેલા શેવકોના મંડળસાથે બજારોમાં ખેંચાતાણ કરતા પહેલી સુમતિને ટાળો કરી મન ગમતા શેવકને ઘેર જાય છે. તે વખતે, બે ચાર શેવક આગળથી જઈ પહોંચીને વહોરાવનારને જાણ કરી દાણા લીલોતરી, કાચું પાણી વિગેરે આધું પાછું કરાવે છે. એ વિગેરે કેટલીએક બાબતો જોવામાં આવે છે. તે કૃત્ય સાધુ ધર્મથી ઉલટી રીતે છે કે નહીં ?

૫૬ ઠાણાયંગ સૂત્રમાં શસ્ત્રને એકધારૂં ખડગ કહ્યું-છે અને દીવાને દશ ધારૂં ખડગ કહ્યુંછે. માટે જૈન મુનીઓ તે આરંભમાં ત્રીકર્ણ શુધ્ધે ચિત્ત આપતા નથી તેતો ન્યાય માર્ગછે પણ હાલમાં વરધીચંદજી વિગેરે પોતાના મકાનોમાં રાત્રે કાયમ ફાનસમાં દીવા બળાવેછે ને કહેછે જે પ્રતિક્રમણની વખતે ન જોઇએ પણ પછી બાદ નહીં. વળી તે ફાનસમાં દીવો કરાવ્યા પછી ખાનગી સભા ભરી દેશાવરના પ્રપંચી પત્રો વાંચવા યા લખાવવા યા પાલીતાણાના ડુંગર ઉપરનાં દેરાંઓના રક્ષણની ગોઠવણ કરવી તથા ગુરૂપણાના નામ સાથે ખાનગી વકીલાત કરવી. તે કૃત્ય સાધુ ધર્મની રૂકિતથી ઉલટી રીતે છેકે કેમ ?

૫૭ ભગવતીજીમાં તુગીઆનગરીના શ્રાવકો " महीढीएअपरिभुया " કહ્યાછે. વળી તેઓની ગૃહસ્થાઈ પ્રમાણે ઘણું અનુકંપા નિમિત્તે દાન આપનાર કહ્યા છે તથા અભંગ દ્વાર એટલે તેઓના આંગણેથી અન્ન વસ્ત્રાદિકના અર્થીઓ નિરાશ થઈને પાછા વળતા નથી એવા દાતાર

કહ્યાછે. એવો ગૃહસ્થ વ્યવહાર સાચવતાં અનુકંપા દાનની બુદ્ધિ કહીછે. વળી નિર્જરા ને મોક્ષ કલ્પના તો નિગ્રંથ મુનીશ્વરોને પ્રતિલાભતાં કહીછે, એવો ધર્મ વ્યવહાર તથા ગૃહસ્થ વ્યવહાર ચલાવનારા કહ્યા છે. તેમાં ધર્મ વ્યવહાર એ ગુરૂ ઉપદેશ છે, અને ગૃહસ્થ વ્યવહાર એ તેઓની સ્વઈચ્છામાંછે, તેતો નિર્બાધકછે. પણ હાલના વખતમાં પિળા તિલકવાળા શેવકોને પીળાં વસ્ત્રધારી મહાત્માઓ પચખાણ એટલે બંધી કરાવેછે કે પીળાં વસ્ત્ર પહેરનાર સંવેગી સિવાય બીજાકોઇને ભાત, પાણી, વસ્ત્ર, પાત્ર કાંઈપણ દેવું નહીં ને દેતો સંસારમાં રખડે, એ વિગેરે ઘણીક અવિવેકતાનો બોધ કરતી વખતે કેટલાએક અવિવેકીઓ નિયમ લઇલેછે ને કેટલાએકતો લેતા નથી. પણ પુછવાનું કે એવા નીમ કરાવવાની રીત કયા જૈનશાસ્ત્રમાં છે ? પણ કહેવાનું જે શ્રાવકના બારવ્રત તથા સંથારાના પાઠ સહિતના નવાણું અતિચાર કહ્યાછે. તે તમામ જાણવા યોગ્ય છે. તેમાં પહેલા વ્રતના પાંચ અતિચાર જાણે ને " बंधे१वहे२छवीसये३,अइभारे४भतपाणवोछेए५ "

અર્થ—કોઇ ત્રસ જીવને બંધને બાંધ્યો હોય ૧, કોઈ ત્રસ જીવને વધ કર્યો હોય ૨, કોઇ ત્રસ જીવના અવયવ છેદ્યા હોય ૩, કોઇ ત્રસ જીવઉપર અતિ ભાર ભર્યો હોય ૪, તથા કોઈ જીવોને અન્ન પાણી ભોગવતાં અટકાવ્યાં હોય ૫, એ પાંચ કૃત્ય માંથી કોઈ કૃત્ય મારાથી જાણપણે અજાણ પણે બન્યું હોયતો નિષ્ફળ થાઓ. એમ ગૃહસ્થો સર્વ જીવ ઉપર દયા ભાવ રાખી

કોઈ પ્રાણીની અજીવીકાનો ભંગ કરતા નથી ને સુપાત્ર, કુપાત્રનો ભેદ પુરેપુરો સમજી દાતારગુણ યથાયોગ્ય રીતે સાચવેછે. પણ તમો મહાત્મા ધર્માધીકારીનું નામ ધરાવીને તમારૂંજ પંડ પોષણ ને પરપ્રાણ સોસનનો ધંધો લઇ બેઠા એમ ખાતરી થાયછે. પણ પુછવાનું કે આઠમું કર્મ બાંધવાના પાંચ પ્રકારછે તે દાનાંતરાય ૧, લાભાંતરાય ૨, ભોગાંતરાય ૩, ઉપભોગાંતરાય ૪, ને વિરીયાંતરાય ૫, એ પાંચ શબ્દના અર્થ તમો જાણતા હોતો શાસ્ત્રોકત રીતે બતાવવા જોઇએ.

૫૮ સિદ્ધાંતોમાં કહ્યુંછે જે પાંચમી સૂમતિમાં ઉચ્ચાર પાસવણ, ખેળ, જળ, સંધાણ, વિગેરે પુદ્ગળ પરિઠવતાં સાધુઓ પાંચમી સમતિમાં ઉપયોગ કરે અને જતના સ્થાનક પરીઠવે. તે તો ન્યાય માર્ગછે. પણ હાલમાં કેટલાએક પીળા વસ્ત્ર ધારણ કરનાર આત્માઓ પાયખાનામાં બંધાવીને લગનીત વૃદ્ધનીતની અબાધા ટાળવા જાયછે. તેમાં પુછવાનું કે સમુર્છીમ પ્રાણીની ઉત્પતિના ઠેકાણાં જાણતા હોતો શાસ્ત્રરીતે બતાવવું જોઇએ. વળી કહેવાનું કે કેટલાએક દુરસ્તી રાખનાર ગૃહસ્થો પાયખાનાની ગંદકીથી કંટાળીને બહાર ખુલ્લા મેદાનમાં જાયછે અને સાધુઓ પાયખાનામાં સમુર્છીમની ઉત્પતિ જાણીને દુર જંગલમાં જાયછે. તેતો વાજબીછે. પરંતુ પાયખાનું બંધાવવું તે જૈન ધર્મના સાધુઓને અણઘટતું છેકે નહીં ?

૫૯ સિદ્ધાંતોમાં એવા પાઠ છેકે હયાત તિર્થંકર જ્યાં

બિરાજ્યા ત્યાં ઇંદ્રાદિક દેવતાએ પોતાની ઇચ્છાથી સમોસરણ રચ્યું એમાં ભગવંતનો ઉપદેશ તથા આદેશ નથી એતો ન્યાય માર્ગછે. પણ આધુનીક જમાનામાં પીળા વેષ ધરનાર મહાત્માઓ એકેંદ્રિ પ્રતિમાઓના સમોસરણ રચવાના મોટા આરંભનો બોધ કરીને મોટા વરઘોડા ચડાવેછે ને તે વચ્ચે પોતે ચાલેછે તથા પોતાના મકાન છોડીને વરઘોડા જોવાની ખાતર વેપારીની દુકાનપર કિનખાબના રેજા પથરાવીને વરધીચંદજીની રીતે સર્વ જણાઓ બેસતા હશે ? તેવી રીતે વર્તનારાઓને જૈન ધર્મના આરાધક સાધુ કહેવાય ?

૬૦ સિદ્ધાંત બોધમાં સાધુ ધર્મની આદિમાં પાંચ મહાવ્રત પરૂપ્યાછે. તેના રક્ષણ માટે ભગવંતે ઘણો બોધ કરેલોછે તેતો સત્યછે પણ પુછવાનું કે તે મહાવ્રતનો ભાંગો કેટલોછે ? ને તે મહાવ્રત કેટલી કોટીએ આદરીસકાયછે ? તથા તમો સાવદ્ય ધર્મનો ઉપદેશ કરોછો તે પાંચ મહાવ્રતના કયા ભાંગોના આધારથી કરોછો ? વળી સર્વથી મહાવ્રત આદર્યા તેની કોટીમાંથી એક કોટી વિરાધે તેને સાધપણામાં ગણવો કે ગૃહસ્થપણામાં ગણવો ? એ સર્વ પ્રશ્નના ઉત્તર સત્ય સુત્રના આધાર પ્રમાણે બતાવવા જોઇએ.

૬૧ સમકિતી ગૃહસ્થ ગુરૂમુખથી ધર્મઉપદેશ સાંભળીને યથાશકિત વૈરાગ પામીને પોતાના ઘરમાં બાર પરબી લીલોતરી વિગેરે છકાયનો આરંભ તથા કુશિયળ શેવવા વિગેરે અનેક વિધીના પચખાણો કરેછે. એતો પો-

ગ્ય રીતે લાભનુંજ કારણછે વળી દર માહનાના બાર દી- વસ કળપીને આશ્રવ ત્યાગવામાં ચુકતા નથી. વળી જ્યા- રે પજુસણ પર્બ આવે ત્યારે ઘણીજ રીતથી આરંભ સ- મારંભની બંધીઓ કરીને ધર્મ ધ્યાન, સંવર, સામાયક, પોષા, પ્રતિક્રમણ વિગેરે સંવરકર્ણી કરવા ચુકે નહીં. વ- ળી ધર્માચાર્યોને પણ તેઓની અનાશ્રવ કર્ણીને પુષ્ટિ ક- રાવવા માટે નિર્વધ ભાષાથી વૈરાગદશા પામે તેઓ ઉપ- દેશ કરવો જોઇએ. પણ તે ગૃહસ્થોને નિરાશ્રવી ધર્મ ધ્યા- નના વખતમાં વૈરાગ વૃદ્ધિનો ઉપદેશ ન દેતાં ઉલટી રીતે દેરાંમાં બેહેલી પ્રતિમાની ખાતર ધુપ, દીપ, ફુલ, ફળ, વ- નસ્પતિ નૈવેદ વિગેરે છકાયના આરંભમાં સહિત પુજા કરવાનો ઉપદેશ કરોછો તો પુછવાનું કે તે ગૃહસ્થો ઘર કા- ર્યના આરંભથી છુટીને ધર્મસ્થાનકે આવ્યા, તેને પ્રતિમા પુજનના આરંભનો લાભ બતાવોછો, પણ ઘરના કરેલા આરંભનું નિવારણ ધર્મસ્થાનકમાં ધર્મધ્યાન કરતાં મટે પણ ધર્મ સ્થાનકમાં કરેલાં આરંભનું નિવારણ કરવાને બીજું કયું સ્થાનકછે ?

૬૨ સિદ્ધાંતોમાં તિર્થંકરાદિક સર્વ સાધ સાધ્વીઓએ ભવ્ય પ્રાણીને નિર્વધ ભાષાથી સાગાર અણગાર ધર્મના વ્ર- તનો બોધ કર્યો ને યથાશકિત પ્રમાણે ભવ્ય જીવોએ સાગાર અણગારનાં વ્રત આચરણ કર્યાં, તેજ વ્રતોને નિર અતિચારપણે પાળવાનો આદેશ કર્યો તેતો ન્યાય માર્ગ છે. પરંતુ ગ્રંથકરનારે નિર્યુગતીમાં ગ્રસ્થોને પુજાના આરં-

મના આદેશ આપ્યો તે કેવો જુલમછે! માટે તે સિદ્ધાંતની રૂકિતથી યોગ્ય રીતે બતાવવું જોઈએ.

૬૩ સમવાયંગ સુત્રના તેત્રીશમે સમવાગે ધર્માચાર્યોની તેત્રીશ આશાતના ટાળવી કહીછે. અને ગ્રંથકર્ત્તા પ્રતિમાની ચોરાશી આશાતના કહેછે. તે સિદ્ધાંતના મુળ સાથે લખવી જોઇએ.

૬૪ દશાસુત ખંધસૂત્રમાં શ્રાવકની અગિયાર પડિમાનો અધીકારછે તેમાં પહેલી દર્શન પડિમા આદરતાં શ્રાવક એમ ચિંતવેજે હું ઉત્કૃષ્ટ રીતે શ્રાવકના સર્વ ધર્મની આરાધના કરૂંછું. તે વિરૂચીએ સર્ધા આણુંછું, પ્રતિત આણું. રૂચવુંછું. વળી બારવ્રુત આદરતાં છ પ્રકારના આગાર રાખ્યા હતા તે આગારથી પણ નિવર્તુછું. એમ ઘણી બંધીઓની સાથે પહેલી પડિમા જાણવી. “જાવ” અગિયારમી પડિમાસુધી ઘણી જાતની બંધીઓ કરતા જાયછે. વળી અગિયારમી પડિમા આદરતાં સાધુ તો નહીં પરંતુ સાધુની રીતેજ તપને પારણે અસનાદિક ગ્રહુણ કરનારો કહ્યોછે. તેતો શ્રાવક ધર્મની રીતછે પણ હાલના વખતમાં શરીર ધર્મના મોહીત પ્રાણીઓ નિરાશ્રવી શ્રાવકની કર્ણીથી કંપાયમાન થઇને ઉત્તમ કર્ણી ન કરતાં પોતા ગુરૂના નામ પાડી ત્રણ કાળ પાષાણ પ્રતિમાને વંદન પુજન કરેછે તો પુછવાનું કે સમકિતી શ્રાવકોની કર્ણીથી ભિન્નછે કે કેમ ?

૬૫ પ્રતિમા, દેરાં, દંડ અને ધજા પ્રતિષ્ટવાની વિધી

કયા સિદ્ધાંતના આધારથી કરો છો ? વળી તે પ્રતિષ્ઠા ગૃહસ્થોને કરાવો છો કે તમો આત્મા કરો છો ? વળી તમારા ધર્મી આંચળગચ્છવાળા કહેછે જે ગૃહસ્થ પ્રતિષ્ટા કરે અને તમે કહોછો જે સાધુ પ્રતિષ્ટા કરે એ બેના તકરારની સમાધાની વિતરાગના મુળશાસ્ત્રોના આધારથી બતાવવી જોઈએ.

૬૬ દિગંબર મતવાળા કહેછે કે નગ્ન પ્રતિમા પુજવી અને તમો કહોછો જે નગ્ન ન પુજવી એમ તમારે પ્રતિમામતછતાં નાહુક વિવાદ કરી ભેદ પાડો છો તેનું શું કારણ ?

૬૭ સિદ્ધાંતોમાં કહ્યુંછે કે તિર્થંકરાદિક ચર્મ શરીરા સાધુઓ અંતક્રિયાના વખતમાં કેટલાએક પદ્માસનથી સિજયા તથા કેટલાએક એક આસનથી સુતા સિજયા તથા કેટલાએક ઉભાથકા સિજયા તેમતો મુળ શાસ્ત્રમાં છે. પરંતુ તમો પ્રતિમાની સ્થાપના બેઠા, સુતા અને ઉભાની કરોછો કે બેસારી રાખવામાં સમજો છો ? તે સિદ્ધાંતમાં હોયતો બતાવવું જોઈએ.

૬૮ પ્રતિમા ઉપર યક્ષની પ્રતિમા કરોછો. તે યક્ષ પ્રતિમાને નવરાવતાં તેના મેલનું પાણી નિચેની પ્રતિમા ઉપર પડે છે તેમાં પુછવાનું કે તમોને તથા યક્ષને આશાતના થઈ કે નહીં? ને થઇ હોય તો તે ચોરાશી માંહેલી કઇ આશાતના છે ? ને તમારા માનવા પરમાણે તેને શું ફળ મળશે ?

૬૯ પ્રતિષ્ઠાવિધી કરતાં તમો પીળા વસ્ત્રવાળા આ-માને તથા તમારા શેવક શેવકીને તથા તે પ્રતિમાને કયો ચંદ્ર પહોંચતાં તથા કેવે લગને પ્રતિષ્ઠા કરો છો ? વળી પ્રતિષ્ઠા કરતાં એકસો આઠ કુવાના પાણી તથા ઘણા સ્થળના પાણી તથા ગોરૂં ચંદન તથા પ્રતિમાને માથે કસુંબાનું રંગીત વસ્ત્ર તથા ગળે અરીઠાનો કાંઠલો તથા હાથે મિંડોળ તથા મરડાશીંગી તથા શ્રીવાએ સુતરનો દોરો બાંધવો તે તથા પ્રતિમાની આંખે આંજણ આંજવું તે વિગેરે અનેક કારણો કરી બેસાડો છો તેમાં પુછવાનું કે એ સર્વ બાળલીલાની વીધી કરો છો તો અચંભ થાય છે કે એથી તમારી વધ અવસ્થાનું સુંરક્ષણ થવાનું છે તે એના ઉપરથી આટલી મનવાર પુર્ણ કરો છો. વળી તેમાં બેસારવાનો અર્થતો બેસવું થાય છે પરંતુ ભરાવવાનો અર્થ શું ? એ વિગેરે હકીકત વિતરાગના વચનના આધાર પ્રમાણે બતાવવી જોઇએ. વળી પુછવાનું કે એકસો અને આઠ કુવાના પાણીમાં બીજાં અનેક દ્રવ્ય ભેળાં કરાવોછો ને સાધુના સતાવીસ ગુણ માંહેલો કયો ગુણ છે ?

૭૦ ચોવીશ પ્રતિમા માંહે એક મુળ નાયક કરીને આભ્રણાદિક અલંકાર સહિત સુખડ, કેશર, વિગેરે અત્યંત ભોગોપભોગ ચડાવીને ઉચિત સ્થાનકે બેસાડો છો અને પછાતની ત્રેવીશ પ્રતિમાને નાની કરીને થોડાક ભોગોપભોગથી સમજાવીને શેવક દરજ્જે નીચે આસને બેસાડો છો તેમાં પુછવાનું કે તિર્થંકરોના નામથી તમે બેસાડવા

ધારતા હોતો તે મોક્ષ ગએલા તિર્થંકર પદમાં તથા જ્ઞાન દરશનાદિક ચારિત્ર ગુણમાં ઘટવવે હતા નહીં. માટે આ તમારૂં કૃત્ય તેઓની રીતે સંભવતુ નથી. પરંતુ ચાકર ઠાકરના દરજજાની રીતે તો ચાર જાતના દેવતાઓમાં સુરધનની રીતે સંભવે છે તો આવો પ્રપંચ કયા કર્મના આધારથી કરવો પડેછે ?

૭૧ તમે પ્રતિમાની નીચે નવગ્રહની પ્રતિમા કરોછો તથા દેરામાં પેસતાં ક્ષેત્રપાળની પ્રતિમા કરો છો તો પુછવાનું કે તે દેવ તરીકે બેહેલી પ્રતિમાના પરણેતરમાં વિઘ્ન થઈ જવાનો સંભવ છે કે ? લોકોત્તર મિથ્યાત્વથી સંતોષ ન પામતાં લૌકિક મિથ્યાત્વમાં પ્રશ્ન થયા તેનું વિતરાગ ભાષીત શાસ્ત્રમાં કેવી રીતે છે ?

૭૨ તમો પ્રતિમા આગળ પાન, ફળ, ફુલ, બળ, બાકળા, પકવાન, ધાન્ય, નૈવેદ તથા સોનું, રૂપું, વસ્ત્ર વિગેરે અનેક વસ્તુઓ ધરો છો તેમાં તમારૂં બોલવુ એમ થાયછે કે દેવને ચડાવેલી વસ્તુ સંવેગી વિગેરે ગૃહસ્થો ખાય તો નર્કાદિક સંસારમાં ભ્રમણ કરે. વળી મજકુર પ્રતિમાને ચડાવેલી ચીજોમાંથી એક ચોખાનો દાણો પણ ચકલા સરખું ચણે તો તે પણ નર્કાદિકમાં જાય એમ કહો છો માટે નર્કાદિકમાં જવાના ભયથી તમો તો લેતાજ નહીં હો. અને તે વસ્તુઓતાંથી કેટલીએક ખાવા પીવાની ગોઠીને તથા માળીને આપો છો તે સર્વ વસ્તુ દેવકીજ છે. તો પુછવાનું કે તે માળી તથા ગોઠીને તમો સર્વ જેઠા ભગતો-

ની તરફથી બિચારા અજાણને સ્વ કુટુંબસાથે નર્કાદિક ગતિઓમાં રઝળાવવા ધારેલું છે ? વળી દેવને ચડાવેલું રોકડનાણું ભંડારમાં મુકો છો તથા વસ્ત્ર ધાન્ય વિગેરે વેચી નાણા કરીને ભંડારમાં મુકો છો તો તે વેચાતુ લેનારને પણ તમોએ સંસારમાં રઝળાવવા ધારેલું હશે. વળી દેવકા નાણાથી દેરાં પ્રતિમા સમરાવો છો તેમાં કડિઆ, દાડિઆ, સ્લાટ, ચુનાવાળા તથા સુતાર વિગેરેની રોજી દેવકા નાણાથી ચુકવો છો તેનું પણ તમોએ ભલું ન ઇચ્છું તથા હજારો માણસની સાધારણના નાણાથી ભંડાર ભર્યા તે નાણાની ખાવકીથી અમદાવાદ, મુંબાઈ, ભાવનગર, પાલીતાણા વિગેરેના ગૃહસ્થો મોટા વેપારી થઇ પડયા છે, તે પ્રખ્યાત છે. તેને તો કોણ જાણે તમારા કહેવા પ્રમાણે કેટલોએ કાળ રખડવા ધારેલું હશે ? પણ તમોએ તમારા સાધર્મી ભાઈઓનું પણ ભલું ઇચ્છેલું નથી. મતલબ કે તમે નાણું ભેળું કર્યું તો તેઓને ખાઈ જવાનો વિચાર થયો ને તમારા કહેવા પ્રમાણે તેઓ સર્વ ધર્મ હારી જઇને નર્કાદિકનું ટાંકુ પણ પાડી દીધું હશે. માટે છેવટ કેહેવાનું એટલુંજ કે સર્વ જણાને સંસાર ભ્રમણ કરાવવાની ખાતર દેરામાં બેહેલી પ્રતિમાઓજ કાર્ણીક ભુત છે. માટે અમારા પુર્વ સંબંધી અજાણ મિત્રોને સુહિત શિક્ષા આપવા ઇચ્છીએ છીએ કે સિદ્ધાંતના આધાર ઉપર ઉપયોગ કરી પ્રતિમા મંડન ન કરતાહો તો નાણા વિગેરેની ખાવકી પણ ન થાત ને દુરગતિમાં પણ જવાનું કારણ ન રહેત

પણ પુછવાનું કે અનંત સંસાર વધારવાનાં કારણ તમોએ કયા મુળસૂત્રથી સ્થાપન કર્યા છે ?

૭૩ તમોએ અહોતરી સનાતરની વિધી તથા આરતી મંગળ તથા પેહેરામણીની વિધી તથા લુણ પાણીની વિધી તથા સચિત મીઠું અગ્નિ માંહે હોમીને દેરે હવન કરો છો ( જેમ હાલમાં મહુવામાં સંવેગીએ કરાવ્યું હતું તેમ ) એ વિગેરે મહા આરંભના કારણો જૈનને એબરૂપ કેના ઉપદેશથી તથા કયા સત્ય સિદ્ધાંતના આધારથી કરોછો ?

૭૪ સિઝમભવ સુરીએ દેવ ઉપાસનાથી યજ્ઞ કુંડમાંથી થંભણા પારશ્વનાથની મુર્તી કાઢી. ઉજજન નગરીએ શંકરના દેવળમાં શિવલીંગમાંથી સિદ્ધસેન દીવાકરે મહાકાળકાને પસાએ એવંતી પારશ્વનાથની મુર્તી કાઢી. વળી તેનું મહાત્મ વધારવા માટે તેઓએ મોટા ગ્રંથ બાંધી આરંભોપદેશ કર્યા તે કળીનું પ્રવર્તમાન છે. પરંતુ તે માંહેલો સિદ્ધાંતોમાં પ્રતિમાનો મહિમા વાનકી તરીકે કાંઈ પણ ન મળે તેનું શું કારણ ? વળી જયારે કોઇ તમોને પુછનાર મળે ત્યારે ઘણો તકરાર કરવા તૈયાર થાઓ છો. તેમજ ફાંફાં મારતાં કાંઇ ન સૂઝે ત્યારે સાસવતી તથા દ્રૌપદીની પ્રતિમાની બાથ ભરવા દોડી જાઓ છો. પણ કાર્મીક પ્રતિમાનો મહિમા સિદ્ધાંતાધાર પ્રમાણે બતાવવો જોઇએ.

૭૫ સાડાપાંચ વરસસુધી અજવાળી પાંચમના ઉપવાસ કરાવી જ્ઞાનપંચમી સ્થાપોછો ને તેની પુર્ણાવતીએ ઉજમણા કરાવો તેમાં પાંચ સોનાના તથા પાંચ રૂપાના

ટકા વિગેરે ધન ધાન્ય પકવાન સહિત દ્રવ્ય પુસ્તકોની આગળ મુકાવોછો તેમાં પુછવાનું કે મજકુર પાંચમની વિધીનો મહિમા સિદ્ધાંતોમાં કેવી રીતેછે ? તે બતાવવું જોઇએ. વળી એમ સમજવામાં આવ્યુંછે કે મજકુર પાંચમની વિધી તમારા સાધર્મી આંચળગચ્છાવાળા માન્ય કરતા નથી તેનું શું કારણ છે ?

## પુતળી દેખી રાગ ને પ્રતિમા દેખી વૈરાગ ઉપજે, તે પ્રશ્નોત્તર.

કેટલાએક મતિ ભ્રાંતી લોકો કહેછે જે અમોએ પ્રતિમા સ્થાપન કરેલીછે, તે અમારે વૈરાગનુંજ કારણછે દ્રષ્ટાંત. જેમ ચિતારાની ચીતરેલી પુતળીને દેખતાં કામીજનોના મનમાં વિષયાદિક રાગ ઉપજેછે તેમજ પ્રતિમા દીઠે વૈરાગ ઉપજેછે. એમ કહેનારાની શ્રધામાં કલંક સંભવેછે. કારણ કે ચિતારાની ચીતરેલી પુતળીમાંતો વિષય ઉપજવાના અવયવો પ્રત્યક્ષછે. માટે વિષય પ્રગટ થાયજ. દ્રષ્ટાંત. જેમ કોઈ પુરૂષ નિદ્રાને આધીન થએલો હોય તે વખતે સ્વપ્નાંતરમાં કોઈ સ્ત્રીનો વિભવ કરેછે ત્યારે તે પુરૂષનો મદ પાતન થઈ જાયછે ને તેને શિયળ ખંડનનું કર્મ લાગવાનો સંભવછે. સબબ કે અનાદિ કાળથી મિથ્યાત્વને ઉદેરે બાર જાતના અવ્રતથી કર્મબંધનની ક્રિયા સદાકાળ લાગુજ પડેલીછે. માટે ચિત્રની પુતળી દેખતાંજ વિષયાદિક કર્મો બંધાય તેમાં શું આશ્ચર્ય છે ! વળી તે

પુતળી વિગેરે કેટલીએક બાબતો જોવાની પ્રશ્ન વ્યાકરણ સુત્રમાં તથા દશવીકાળીક સૂત્રમાં ભગવંતે સાધુ સાધ્વીઓને મના કરેલીછે. તેતો ન્યાય માર્ગછે. પણ તમો પ્રતિમા જોવામાં વૈરાગ પ્રગટ થવાનો કહોછો, તે કદી મળતું આવતું નથી. દ્રષ્ટાંત જેમ કોઇ અનાર્ય પુરૂષ ઉપર દ્વેષ કરીને લાકડી પ્રમુખનો પ્રહાર કરે તો અવશ્ય કર્મ બંધાય પણ તે અનાર્ય પુરૂષને સાધુ મુનીરાજની કલ્પના કરીને વાંદે, પુજે યા આહારાદિક ચૌદ પ્રકારનું દાન દેતો સાધુ ગુણનીરીતે શુદ્ધ નિર્જરા ન થાય. વળી કોઈ સમકિતી ગૃહસ્થ પોતાના આયુષ્યને અંતે ઘર, બાર ધન ધાન્ય વિગેરે સ્થાવર જંગમ મિલ્કત તથા બેટા બેટી સ્ત્રી વિગેરે જેમાં પોતાનું ધણીપતુ છે, તે સર્વને વોસીરાવે નહીં ને મૃત્યુ પામી પરલોકે જાય તો પછાત રહેલા બેટા બેટી વિગેરે જે કાંઈ આરંભ કરે તેની રાવઇ તે મરનાર ધણીને અવશ્ય જાય એમતો છે. પરંતુ પછાત રહેલા બેટા બેટી વિગેરે ધર્મ ધ્યાન કરે, તે માંહેલો ધર્મનો હિસ્સો તેને ન જાય. વળી જેમ ગાડરની ઉનનો બનાવેલો કોઇપણ પદાર્થ આશ્રવના કામમાં વાપરેતો તે પાપરૂપી રાવઈ ગાડરને જાયછે. પણ તેજ ઉનના ઓઘા, કેસરીઆ, કમ્બળને સાધુ તથા શ્રાવકો ધર્મોપગરણ કરી જતનાના કાર્યમાં વાપરે તો તે જતનાનો લાભ ગાડરને ન જાય. વળી કોઈ મનુષ્ય તિર્યંચાદિકના ચિત્ર ચિતરીને તેને દ્વેષબુદ્ધિથી હણે તો અવશ્ય પાપ લાગેછે. પરંતુ તે ચિત્રોને જમાડવાની

બુદ્ધિએ ભોજન પાન વિગેરે મોઢા આગળ મુકીએતો દાનનો લાભ નિર્જરા હેતુએ કદી ન મળે એ મજકુર ચાર દાખલાઓની રીતે પ્રતિમા દેખતાં વૈરાગ ન ઉપજે. તે શાસ્ત્રરીતે ખચિત સમજવું. પરંતુ કોઈ ભવ્ય જીવને તેવા કારણથી વૈરાગ ઉપજે તો તેનું નામ પ્રતેક બોધ કહેવાય છે. તે અમુક પદાર્થ જોઇને મહા વૈરાગ પામી ભરતેશ્વર વિગેરેની રીતે સર્વ આરંભ છોડીને સંજમાનુષ્ટાંનથી મોક્ષ પદ પામે, એમ સિદ્ધાંતમાં કહેલુંછે. વળી તે પ્રતેક બોધ થવાના તો અનેક કારણછે ને તે કારણ જોતાંજ પ્રતેક બોધી પુરૂષોનું સર્વ આરંભ છુટી જાયછે અને તમો પ્રતિમાને જોઈ મહા આરંભમાં ધસી પડોછો માટે પ્રતેક બોધની ઉપમા તમોને બીલકુલ લાગુજ પડતી નથી. સબબ કે પ્રતિમા દેખતાંજ તમોને મહા આરંભની ધુરી આવેછે. દ્રષ્ટાંત. જેમ કોઈ માણસને હડકાયો શ્વાન આભડેલો હોય તે માણસ પાણીમાં પોતાનું પ્રતિબિંબ દેખે ત્યારે તેને હડકવા ચાલેછે તથા વર્ષાદની ગર્જના શ્રવણ કરતાંજ ઘણા ઉન્નમાદની મસ્તીમાં આવી જાયછે. તેવીજ રીતે તમો અજ્ઞાન મતિઓને મિથ્યાત્વ દ્રષ્ટિ કુગુરૂરૂપ શ્વાન આભડવાથી ગ્રંથરૂપ શબ્દોની ગર્જના સાંભળીને પ્રતિમા રૂપ જળના સમુહમાં તમારી પ્રબળ જડતાનો આભાસ જોઇને હિંસા મૃષાની કર્ણીરૂપ હડકવા ચાલેલો જણાયછે. તેની શાંતીને માટે જ્ઞાન વૈરાગરૂપ અમૃત પીઓતો ગુણ કર્ત્તા થાય. પણ ખાતરીછે કે વિતરાગભાષિત મુળસિ-

દ્ધાંતનો જે ઉપયોગ ન કરે તેનો જુલમ હડકવા મટવો મુશ્કેલ છે.

## હિંસા પુજનથી દયા માનેછે, તે પ્રશ્નોત્તર.

કેટલાએક અજાણ મિત્રોનું બોલવું એમ થાયછે જે અમે પ્રતિમાનું પુજન કરીએ છીએ. તેમાં હિંસા થાયછે તે સર્વ સ્વરૂપ હિંસાછે એટલે સામાના દેખવામાં હિંસા છે પરંતુ અમારા અનુબંધમાંતો દયાનો લાભછે. એમ કહેનારાના ઉત્તરમાં કહેવાનું કે શ્રી ભગવતી સૂત્રના પદરમાં સતકમાં કહ્યુંછે જે ગોશાળાના કરેલા ઉપદ્રવથી શ્રી મહાવીરને શરીરે લોહખંડ વાડો થયો પછી છઠ્ઠા માસને છેલ્લે દીવશે મેઢી ગામ પધાર્યા, ત્યાંની રહિશ એક રેવતી ગૃહસ્થણીએ કહોળા પાક નીપજાવતાં ભગવંતને પ્રતિલાભવાની સંકલ્પના કરી હતી પણ તે સદોષ આહાર લેવાની સિહા અણાગારને મના કરેલી હતી ને નિર્દોષ બીજોરાપાક લેવાની ભલામણ કરી હતી. મતલબકે પોતે સદોષ ભોજન લેવાના અર્થી નથી. તેમજ રેવતીના સાવદ્ય વિચારની ભકિતને સ્વીકારી નહીં. એમતો સિદ્ધાંતોમાંછે. પરંતુ તમે કહોછો જે પ્રભુ ભકિતમાં આરંભનું કર્મ લાગે નહીં. તો પુછવાનું કે એ વચન વિતરાગનાછે કે તમો આપેજ મુખ મંગળીઆ થયાછો ? પણ તમારૂં બોલવું પ્રત્યક્ષ મુળસુત્રોથી વિરૂદ્ધ જણાયછે. સબબ કે પાન ફળ, ફુલ, નૈવેદ્યાદિક પ્રતિમાની ભકિતમાં અર્પણ કરોછો પણ તે પ્રતિમાઓ જડતાને લીધે સ્વીકારતી નથી અને તે

વસ્તુઓ પ્રતિમાને ઠગીને ધુર્તજનો લઈ જાયછે. એવી કલ્પિત ભકિતમાં તમારી સ્વઇચ્છાએ લાભ મેળવવા ધારો છો. પણ કહેવાનું કે હયાત તિર્થંકર, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુઓની અતરંગથી ભકિત કરવા માટે કોઈ ગૃહસ્થીએ તમારીરીતે આરંભ કરીને લાભ લેવા ધારેલું નથી એતો ન્યાય માર્ગછે જડ પ્રતિમાની ભકિત કરતાં લાભ મળે કહો છો તે ઉપર એમ કહેવાનું કે કોઈ ગૃહસ્થ એ મજકુર તિર્થંકરાદિક ત્યાગી પુરૂષને માટે અનેક જાતના અન્ન, પાન, સુખડી, મુખવાસ વિગેરે છકાયના આરંભથી નવા નીપજાવી તેમના પાત્ર પોખે તથા ગાડી, વેલ, રથ, પાલખી, મિયાના, હાથી, ઘોડા વિગેરે વાહનો ઉપર તે પુરૂષોને બેસાડે તથા અનેક જાતના જળથી સ્નાન મંજન વિલેપન તે પુરૂષોને કરાવે તથા અનેક જાતના વસ્ત્ર, આભ્રણ, એકાવળ, કનકાવળ, રત્નાવળ, મુકતાવળ, બીસરા, નવસરા, અઢારસરા હાર પહેરાવે તથા મુકુટ, કુંડળ, બાજુબંધ, બેરખા વિગેરે પહેરાવે તથા ચુવા, ચંદન, ચંપેલ, મોગરો, જાઈ, જુઈ, ગુલાબ, કેવડો, મજકુંધ, ડોલર, ડમરા વિગેરેના સુગંધી અતરથી તેઓના શરીર, વસ્ત્ર, આભુણ, વિગેરે વાસિત કરે. એ વિગેરે અનેક ચીજોથી સારંભી ભકિતથી તિર્થંકરાદિક ત્યાગી પુરૂષોને સંતોષ ઉપજાવે તો તમારા કહેવા પ્રમાણે તે ભકિત કરનાર પુરૂષ તરત મોક્ષ જાય. સબબ કે તમો મુગ્ધ મંડળ મળીને મજકુર ત્યાગી પુરૂષોના નામનું કળેવર

સ્થાપી મહા આરંભથી પુજન કરી નિરજરા અને મોક્ષ ફળ લેવા બતાવો છો તો શાક્ષાત તિર્થંકરાદિકને માટે આરંભથી ભક્તિ કરે તેને તો તમારા કરતાં અનંતો લાભ મળવો જોઈએ. પણ એવા સારંભથી તિર્થંકરાદિકે ભક્તિ સ્વીકારી નથી તથા પોતાની ખાતર આરંભનો ઉપદેશ દઇને કોઇને નર્કનો માર્ગ પકડાવી આપ્યો નથી. પરંતુ તેઓએ તો એક મોક્ષમાર્ગ નિરૂપણ કરેલો છે તે માર્ગ તમો સારંભ પ્રકૃતિવાળા મિત્રોને અનુકુળ ન પડતાં ઉલટી રીતથી કુદેવ, કુગુરૂને કુધર્મ એ ત્રણ કારણો કર્મ બાંધવાના મળી ગયા છે તેનો મર્મ ભેદ આપ મિત્રો ન સમજતાં અવળ ચક્રમાં સારંભી ભક્તિમાં ફસાયા પણ તે વિપાક ઉદે આવેથી કેવું પસ્તાવું પડશે ?

## નવ કોટીએ વૃત લઇને ખંડન કરે છે, તે પ્રસ્નોત્તર.

કેટલાએક પીતાંબરધારી પુરૂષો કહેછે જે અમોએ નવકોટીએ પાંચ મહાવૃત આદર્યા છે. અને પાંચ આશ્રવને મન, વચન ને કાયાએ કરી શેવીએ નહીં, શેવરાવીએ નહીં ને શેવતાને ભલું જાણીએ નહીં એમ કહેછે પણ સાધુધર્મ રાખનાર આત્માર્થી પુરૂષોને માટે શાસ્ત્રોકત રીતે તે વચન તો સત્યછે. પણ તે ગુણ તેઓને પ્રગટ થએલા નથી. મતલબ કે તેઓના અંગમાં નવકોટી બોધનો અસર થયો હોયતો કહેવાનું કે આ પીળા તીલકવાળા વણિ-

કો મહા આરંભ કરેછે, તે કોની નિશાળના ભણતરથી કરેછે? અને એવી કલ્પિત વાર્તાઓ કાંઈ તેમના ચોપડામાં માંડેલી હોતી નથી તો ખાતરી છે કે તે વેષધારી મિત્રો શીખવાડે છે તેમજ શેવકો કરેછે. દ્રષ્ટાંત. જેમ મદારી રીંછ, વાંદરાં, બકરાં, ઉંદર, નોળીઆ વિગેરે જાનવરોને જે જે રમત શીખવાડે તે પ્રમાણે તે જાનવરો શીખેછે ને દુનિઆને ખેલથી રીઝવી મદારી પોતાનું ગુજરાન ચલાવેછે. તેમજ વેષધારીરૂપ મદારીઓ પોતાના ભગતોરૂપ મર્કટોને ગ્રંથવચનરૂપ દોરોથી બાંધી પ્રતિમા દેવળરૂપ ચોકમાં અનેક નાચ કરાવીને પોતાની આ જીવીકા ગુજારેછે તે સત્ય છે. સબબ કે જો તેઓમાં નવકોટીએ આરંભના નિયમ હોયતો મુગ્ધ જનોને આરંભનો ઉપદેશ કોણ આપે? માટે તેઓમાં નવકોટીના નિયમ દેખાતા નથી.

હવે નવકોટી છે એતો પાંચ આશ્રવનો ત્યાગ કરનારા પંચ મહાવ્રતધારી સાધુઓ શાસ્ત્રઅનુસારે દયા ધર્મ ચલાવનારને આદરવા લાયક છે. સબબ કે જૈન મુનીઓના સર્વોપરી તિર્થંકર મહારાજ પોતે સર્વ આરંભ ત્યાગ કરી નિર્વદ્ય કર્ણી કરે છે તેમજ તે તિર્થંકર મહારાજના શાસનમાં ચાલનાર સર્વ સાધુ સાધ્વીઓ પણ નિરારંભી થઈને નવકોટીએ આશ્રવનો ત્યાગ કરી નિર્વદ્ય કર્ણી કરીને મહા નિરજરા ઉપારજેછે તેવીજ નિર્વદ્ય કર્ણીનો બોધ શ્રોતા મંડળને સંભળાવીને આરંભ છોડવવા ધારે છે. અર્થાત. જેમ પોતે આરંભ તજ્યો છે તેમજ શ્રોતા જનો-

ને યથાશક્તિ આરંભ તજાવી નિર્વદ્ય કર્ણીને નિર્જરા હેતુ બતાવેછે. માટે શાસ્ત્રોક્તરીતે નવકોટીએ આશ્રવ ત્યાગનાર મુની બોધ પ્રમાણીકછે. કેમકે સાધુઓ નવ કોટીએ આરંભ પચખી શ્રાવકોને નિર્વદ્ય બોધ કરે ત્યારે શ્રાવકો યથા શક્તિએ કરીને બનતો આરંભ છોડે, તે ન્યાય માર્ગછે. પરંતુ તમો પીળાવેષધારીઓ પોતે પુજા વિગેરે આરંભ કરવામાં સંજમ લુટાઈ જવાની ધાસ્તી રાખોછો અને પોતાના ભગતોને પ્રતિમાની પુજાના મહા આરંભ કરાવીને કહોછો જે જેમ જેમ છકાય ખપાવી પુજા કરશો તેમ તેમ હળુકર્મી થઈ સિદ્ધ મુક્તિમાં જશો. એવો બોધ કરોછો તો પુછવાનું કે તમારા દેવમાં ભોગની કલ્પના અને તમો સાવદ્યાચાર્યોમાં ત્યાગની કલ્પના અને તમારા શેવકોમાં સાવદ્ય પુજનથી મોક્ષની કલ્પના એ ત્રણ ટિખળ ને હળ, મુશળ એ ત્રેખડનો મત તમારી સાવદ્ય ક્રિયામાં જુદો જુદોછે. માટે તમો નવકોટીના નિયમનો ડોળ લઈ બેસવા ધારો છો પણ બોધ તો લખોટી રમવાનો કરો છો તેથી એમ ખાતરી થાય છે કે તે સર્વ પ્રપંચ ઉદર પુર્ણીને માટેજ કરતા હશો.

## નિર્ગુણ મુરતીમાં ભાવ ભેળવી લાભ ઇચ્છે, તે પ્રસ્નોત્તર.

કેટલાએક અમારા બાળમિત્રો પોતાની અવિવેકતાથી મતાંધ થઇને બોલે છે કે પથ્થર દેવની તથા ગુરૂ ચિ-

ઓની સ્થાપનામાં તો ગુણ નથી પરંતુ તેઓમાં અમારો ભાવ ભેળવીએ એટલે વંદન પુજન કરવા યોગ્ય થાયછે. હવે એમ કહેનારની બુદ્ધિમાં કલંક સમજવું. કારણ કે નિર્ગુણ દેવ તથા નિર્ગુણ ગુરૂના ચિત્રમાં પોતાનો ભાવ ભેળવતાં ચિંતવેલા કાર્ય સિદ્ધ થતા હોય તો પુછવાનું કે માતપિતાના મરણ વિયોગમાં કાષ્ટાદિકનાં પુતળાં કરીને તેઓમાં એમ ભાવ ભેળવતા હશો જે અમારા માતપીતા પ્રત્યક્ષછે વળી પીતળમાં સોનાનો ભાવ ભેળવે તથા કાચમાં રત્નનો ભાવ, કથિરમાં રૂપાનો ભાવ, ખોળમાં ગોળનો ભાવ, છાણમાં શીરાનો ભાવ, કાંકરામાં સાકરનો ભાવ, ગર્ધવની લગ્નીતમાં ઘૃતનો ભાવ, પાડામાં હાથીનો ભાવ, શ્વાનમાં સાવજનો ભાવ, વંઝા સ્ત્રીમાં પુત્રનો ભાવ એમ અનેક દ્રવ્યમાં પોતાનો ભાવ પ્રક્ષેપન કરેતો તમારા વિચાર પ્રમાણે ગુણ કર્ત્તા થવું જોઇએ પણ એમ કદી બને નહીં. દ્રષ્ટાંત એક નગરમાં એક ગૃહસ્થની પતિવ્રતા સ્ત્રી હતી તે દર વખતે પતિની ભક્તિકરી સ્વધર્મ સાચવતી હતી એક વખતે પોતાના પુરૂષને મુસાફરીએ જવાના વખતમાં અરજ કરીકે અહો પ્રાણપ્યારા શિરછત્ર ! આપ પરદેશ પધાર્યાબાદ મારો પતિવ્રતા ધર્મ કેવી રીતે સાચવું ? એમ અરજ કર્યાબાદ તે પુરૂષે ચિતારા પાસે પોતાની છબી ચીતરાવી સ્ત્રીને સોંપી કહયું જે આ મારી છબીની શેવાથી તારો પ્રતિવૃતા ધર્મ સાચવજે. એમ કહી પ્રદેશ ગયો. હવે તે ધણીના કહેવા પ્રમાણે ચિત્રની ભક્તિકરી તે સ્ત્રી સદા સંતોષભર રહેતી હતી.

વેપારાર્થે પ્રદેશ ગએલા પુરૂષનું કોઈ મંદવાડના કારણથી મૃત્યુ થયું તે પછી પ્રદેશમાં સાથે ગએલા મિત્રોએ પત્ર લખી મરનારની સ્ત્રીને જાણ કર્યું. તે સ્ત્રીએ પતિ મૃત્યુના ભયાનક શોકથી મહાકષ્ટપનાકરી હાથમાં પહેરેલા ચુડા વિગેરે સોહાસણરૂપી શણગાર તે પુરૂષની પછવાડે ઉતારી રંડાપો ભોગવવા રહી પણ ધણીના આપેલા ચિત્રથી સોહાસણપણું રહ્યું નહીં. તેમજ મરનાર ધણીના ચિત્રથી ઘરનો કારભાર ચાલે તેવું પણ ન રહ્યું. હવે મજકુર ચિત્રમાં ચાય તેટલો ભાવ ભેળવીને સંસારી સુખની ઇચ્છાકરે પણ તે સ્ત્રીની કલ્પના કદી સમે નહીં. તેવીજ રીતે નિર્ગુણ પ્રતિમા તથા ગુરૂના ચિત્રોમાં ભાવ ભેળવતાં લાભનો સંભવ નથી. એમ ખાતરી પુર્વક સમજવું. "બીજો દ્રષ્ટાંત" વળી જેમ કોઈ પુરૂષ સાક્ષાત ધર્મ ગુરૂઓના ઉપદેશથી વૈરાગ પામી સંજમ લીધો ને મુળ ગુણ ઉત્તર ગુણરૂપ રત્નોથી ભરપુર થયો તેમજ મતિજ્ઞાનના જોરથી સૂત્રજ્ઞાની થયો તેમજ કર્મક્ષય કરવાને માટે બાર ભેદે તપ કરવા ઉદ્યમી થયો. એવા સર્વ ગુણોની વૃદ્ધિથી તે સર્વ ધર્મીજનોને આત્મ પ્રાણ સમાન પ્રિય થઇ પડેલોછે. હવે તેજ પુરૂષના કોઈ પુર્વ જન્માંતરના અશુભ કર્મોદયથી મજકુર સદ્દગુણનો ત્યાગ કરી કુંડરીક સાધુની રીતે પડવાઇ થઇ ગયો ને મહા દુરાચર્ણો શેવવા લાગ્યો, ત્યારે મજકુર ભક્તિ કરનાર સજ્જનો તે નિર્ગુણી પુરૂષને તજી દઇને પોતાના આત્મધર્મનો સુધારો કરવા ક્યારે પણ તે નિર્ગુણને મળવાનો કોઇપણ વખત ઈરાદો ક-

રે નહીં તેમજ પાષાણાદિકની નિર્ગુણ મુર્ત્તિમાં ભાવ પ્રક્ષેપતાં કદી વંદન યોગ્ય થતી નથી.

## સમકીતીજનોને સુચના.

સમકિતસાર સુણો ભવી, આતમગુણ હિતકાર;
પાર લહે ભવ રાસનો, ટળે ચિત વિકાર. ૧
જીનમુખ વાયક છે ભલા, શકળ જંત સુખ હોય;
કરૂણારસ ભર આગન્યા, પાળે વિરલા કોય. ૨
સમકિત ધારી આતમા, જીવાદિક નવ તત્વ;
જાણી શ્રદ્ધા સ્થિર કરે, તજે અસત્ય સમત્વ. ૩
નિરખી પરખી જીવકું, હરખિત થઇને આપ;
પ્રાણ દાંન સનમાંન દે, ક્ષાંતિ ઉરમે જાપ. ૪
દેવ ગુરૂ ને ધર્મમાં, દ્રવ્ય ભાવ ગુણધાર;
સત્યવરી અસત્ય હરી, એ મર્ષા પરિહાર. ૫
પરપ્રાણ પરધન સદા, લિએ નહીં જે વીર;
અદત્ત તજ્યું તેણે સહી, હરે તે શ્વ પરપીર. ૬
દ્રવ્યથકી તીરિઆ તજી ભાવથકી કુમત;
બ્રહ્મવર્તધર તે ગુણી, આતમ હિત સુમત. ૭
દ્રવ્યવીત નવ વિધતણો, કર્મ પરીગ્રહ ભાવ;
દ્વિવીધ વીત પચખે સદા, તે નિગ્રંથ સહાવ. ૮
એહ ધર્મ જીનવરતણો, જે પાળે નર નાર;
કર્મ શકળને તે હરે, પામે શીવપદ સાર. ૯

## "મિથ્યાત્વીજનોને સુચના."

નિરમળ સમકિત જ્ઞાનના, ભેદ ભણે નહિ જેહ;

વળિ નિર્વદ્ય કરણીવિના, ભવજળ તરે ન તેહ. ૧૦
જીનાજ્ઞા મુખશું લવે, હરે પ્રાણ કુદ્રષ્ટ;
સાવદ્ય પુજન આશ્રવે, લહે વિષમ તે કષ્ટ. ૧૧
પ્રજા પ્રાંણ ઈંદ્રી સવે, પરખી લબ્ધી રીધ;
આપ તપે પર તાપવા, વૈરભાવ પરશીધ. ૧૨
વિપ્રિત જીન વાયકથકી, અંધાધાર ગમાર;
હિંસા બોધ મત ભ્રમમાં, મસ્તી ભઈ અપાર. ૧૩
જીન પ્રતિમા જીન સારખી, સરધે સમકિત લાર;
સાંત મુર્ત જ્ઞાનીતણી, નિ:શ્ચળ પ્રતિજ્ઞાધાર. ૧૪
પ્રતિમા પ્રતિજ્ઞા એકતા, શીવ સાધનને કાજ;
કર્મ વિકટદળ ભેદીને, વિમલાત્મ સીરતાજ. ૧૫
જીન પ્રતિમા પથ્થર નહીં, એ સમજે ગુણ ભેદ;
પથ્થર પ્રાણી પ્રાણનો, કરે પલકમાં છેદ. ૧૬
પુજા યાત્રા ભાવની, કરવી કહી જીનરાજ;
તેથી વિપ્રીત વર્તતા, પર્તક્ષ પાપી આજ. ૧૭
મિથ્યામાન અંતરધરી, મચિયા આરંભ માંય;
પચશે કુંભી પાકમે, ઝુરતા છુટે નાંય. ૧૮
પિયરીઆ ખટ કાયના, નામ ધરાવી આપ;
શાકળ બાળ પોતાતણા, તેપર મારે થાપ. ૧૯
કૈ એક ઘર ડકા તજે, અંશ્રત્ય વચણ સહાય;
પણ ડાકી ખટકાયની, મેહેર ન આણે જરાય. ૨૦
ધીગધીગ જનુની તુજ ભણી, જાયા હિંસક પુત્ર;
અલ્પાયુ હિંસક તણો, કેમ રહે ઘરસૂત્ર. ૨૧
દયાતણો સત્ય ધર્મછે, તેતો છે પરતક્ષ;

જાન હરે ખટકાયના, તે કેમ ઉત્તમ પક્ષ. ૨૨
વાચક મુખ આશ્રવતણા, વદતાં મુનીવર મુન્ય;
આપ તરે પર તારવા, તે ગુણીજનને ધન્ય. ૨૩
દયાધર્મથી મુન્ય છે, દ્રવ્ય લિંગિઆ આપ;
નિપુણ આશ્રવ બોધમાં, લેશે અતિ સંતાપ. ૨૪

## ભાવપુજા જ્ઞાનીજનોને કરવી.

ગૌતમ સમુદ્ર કુમારોરે, એ ઢાળઉપર દોડી જાઓ;
શ્રુત દેવી સમરૂ સદારે, સૂત્રતણે અનુસાર.
ભાવપુજા કહું જીન તણીરે, ભવીજનને હેતકારોરે
એમ જીન પુજીએ. ૧
પુજ્યાં સીવ સુખ થાએરે, મનમેં ધાઈએ;
ધ્યાઆં સુરપદ પાએરે. એ. ૨
સમકિમ સુતને દેહરોરે , ધ્યાન સુકળ જીનબિંબ;
ષટ આવશક દિપક ભલારે, જીવ દયા ધ્વજ લંબરે. એ. ૩
શિઅળવ્રત નિરમળ જળંરે, જીનને ન્હણ કરાય;
વઆવચ અંગ લુશણોરે, સમકીત ઘંટ બજાવરે; એ. ૪
ક્ષેમા ચંદન અતિ શુંદરૂરે, કીરીઆ કચોળો અનુપ;
તપ અગર ઉખેવનેરે, એમ પુજો જીન રૂપરે. એ. ૫
પંચ પ્રમેષ્ટી પદ તણીરે, પંચવર્ણ પુષ્પની માળ;
ગુંથિને જેહ ચડાવશેરે, તે લેશે ભવ પારરે. એ. ૬
પ્રથવી અપ તેઉ વાઅરોરે, વનસ્પતિ ત્રસનારે જીવ;
તેને હણીને પુજા કરેરે, તે નહીં સમકીતી જીવરે. એ. ૭
લુળુ કર્મી ભવ પ્રાણીઆરે, પુજે ભાવે સુદેવ;
મેઘમુની કહે જીનતણીરે, સેવા વંછુ નીત મેવરે. એ. ૮

# आश्रयपत्र.

---

## ભાવનગર. ૭૪

| | |
|---|---|
| રા. રા. ગાંધી કુબેર પરશોતમ. | ૨ |
| ,, ભાયાણી જીવરાજ ગોરધન. | ૨ |
| ,, બદાણી ભગવાન રામજી. | ૨ |
| ,, છગનલાલ ગણેશ. | ૧ |
| ,, ઓઘડ હકુ. | ૧ |
| ,, વનમાળી કરશાંન. | ૨ |
| ,, વ્રજલાલ તલકશી. | ૧ |
| ,, રૂપા વધા. | ૧ |
| ,, કપાસી રતનજી કુંવરજી. | ૧ |
| ,, કલ્યાણજી માધવજી. | ૧ |
| ,, મગનલાલ લલુ. | ૧ |
| ,, ગાંધી ત્રીભોવંન ઘેલા. | ૧ |
| ,, ખીમા ઠાકરશી. | ૨ |
| ,, ભાયાણી છગન અજા. | ૧ |
| ,, ખીમા મુલજી. | ૧ |
| ,, ઝવેર ગોવનજી. | ૧ |
| ,, હઠીસંગ દામજી. | ૧ |
| ,, હરજીવંન કાળીદાશ. | ૧ |
| ,, લાલાજી સુંદરજી. | ૧ |
| ,, કબા સામજી. | ૧ |
| ,, વીઠલ હરખા. | ૧ |

| | |
|---|---|
| ,, હરજીવંન અમરશી | ૧ |
| ,, વાલજી સુંદરજી. | ૧ |
| ,, દામોદર કસ્તુળચંદ. | ૧ |
| ,, દેવચંદ થોભણ. | ૧ |
| ,, માધવજી દામજી. | ૧ |
| ,, ગાંડા વેલા. | ૧ |
| ,, પોપટ ઊજમશી. | ૧ |
| ,, દુલભજી ડાહ્યાભાઈ. | ૧ |
| ,, મનોર પરભુ. | ૧ |
| ,, કલા રઘુ. | ૧ |
| ,, વનમાળી પાનાચંદ. | ૧ |
| ,, નાગરદાસ આણંદજી. | ૧ |
| ,, ગાંધી ભીખા પાનાચંદ હ. ત્રીભોવંન | ૧ |
| ,, ડુંગરશી નારણ. | ૧ |
| ,, ગાંધી ગોકળ રામજી. | ૧ |
| ,, પારેખ રણછોડ વીરજી. | ૧ |
| ,, શા પ્રેમચંદ મગન કોટડાવાળા. | ૧ |
| ,, ભાયાણી વનમાળી હરજીવન. | ૧ |
| ,, પાનાચંદ જાદવજી નવાનગર. | ૧ |
| ,, ગોરધન ઝવેર. | ૧ |
| ,, બદાણી ચુનીલાલ જગજીવંન. | ૧ |
| ,, માણેકચંદ ઝવેર. | ૧ |
| ,, શામજી પરશોતમ. | ૧ |
| ,, દામોદર બકોર. | ૧ |
| ,, મનોરદાસ ખેમચંદ. | ૧ |

,, ગીરધર કુબેર. ૧
,, પીતાંમ્બર કકલ. ૧
,, છગન લવજી. ૧
,, પરભુદાસ જેઠા. ૧
,, ગીરધર વીરજી. ૧
,, ડાયા સુંદરજી. ૧
,, દેવજી જીવણ જેતપુરવાળા. ૧
,, ગોરધન કલ્યાણજી નેસડી. ૧
,, માવજી વસ્તા. શરખડીયા. ૧
,, લવજી ભગા વસા. લીબડીયું ૧
,, કકલ દામજી. ૧
,, બાઇ જીવી બેચરભાયાણીની છોડી. ૧
,, રાઘવજી નાયણ પીપળીયું ખોડાવવાળું. ૧
,, કોઠારી જીવરાજ લીલા. ૧
,, ભયાણી કુબેર શામજી કુકડ. ૧
,, મોતી નારણ થોરડી. ૧
,, પરમાણંદ ગોરધન. ૧
,, નાનચંદ જીવણ. ૧
,, પાનાચંદ માણેકચંદ. ૧
,, ભીમજી કાળીદાસ રૂપાણી. ૨
,, રાયચંદ તારાચંદ. ગુંદાળા. ૧
,, શેઠ. મગનલાલ અમુલખદાસ કલોલવાળા. ૧

## અમદાવાદ. ૨૫

રા. રા. છગનલાલ બેચરદાશની મારફત.
રા. રા. મલીચંદ જેચંદ. ૫

| | |
|---|---|
| ,, તારાચંદ પાનાચંદ. | ૨ |
| ,, ખીમચંદ પાનાચંદ. | ૨ |
| ,, મહાસુખ ગુલાબચંદ. | ૧ |
| ,, છગનલાલ બેચરદાશ. | ૧ |
| ,, લક્ષ્મીચંદ ખીમચંદ. | ૧ |
| ,, કચરા ગોપાળદાશ. | ૧ |
| ,, ધરમચંદ લક્ષ્મીચંદ. | ૧ |
| ,, મોતીલાલ કેશવલાલ. | ૧ |
| ,, ચુનીલાલ કેસવલાલ. | ૧ |
| ,, માહાલાલ તારાચંદ. | ૧ |
| ,, વરજીવનદાસ ભુદરદાસ. | ૧ |
| ,, મોતીલાલ શાકરચંદ. | ૧ |
| ,, ઈશ્વરદાસ ભગવાનદાસ. | ૧ |
| ,, ચતુર જીવણદાસ. | ૧ |
| ,, ભગવાંનદાસ પ્રેમચંદ. | ૧ |
| ,, મગન ઝવેરીદાસ. | ૧ |
| ,, ગોરધન પ્રેમચંદ. | ૧ |
| ,, મનસુખ શીવલાલ. | ૧ |

## વઢવાણ કેમ્પ. ૧૦

| | |
|---|---|
| રા. રા. કલ્યાણજી જીવરાજ. | ૧૦ |

## રોજકા. ૩

| | |
|---|---|
| રા. રા. જેઠાલાલ ભાયચંદ. | ૧ |
| ,, છગનલાલ કેશવજી. | ૧ |
| ,, નાગરજી પ્રાગજી. | ૧ |

## કુંડલા. ૨૦

| | |
|---|---|
| રા. રા. આણંદજી લવજી. | ૧૦ |
| ,, પુંજા પરશોતમ. | ૧૦ |

## પાલણપુર. ૧૨૫

રા. રા. પીતાંબર હાથીભાઈ કારભારી. ૧૨૫

## મુંબાઈ. ૨૮

| | |
|---|---|
| રા. રા. વીઠલ મેઘજીની મારફત. | ૧૯ |
| ,, કાળીદાસ કરમચંદ. | ૧ |
| ,, જાદવજી સુંદરજી. | ૧ |

### લાલજી ચાંપશી મારફત.

| | |
|---|---|
| રા. રા. લાલજી ચાંપશી. | ૨ |
| ,, પદમશી કોરપાળ. | ૧ |
| ,, રવજી રતનશી. | ૧ |
| ,, હીરા વરજાંત. | ૧ |
| ,, જેપાળ પદમશી. | ૨ |
| રા. રા. કરમચંદ માધવજી. | ૧ |
| ,, જાદવજી નંદલાલ. | ૧ |

### માણેકચંદ ઝવેરની મારફત.

| | |
|---|---|
| રા. રા. કેશવજી મેઘજી. | ૧ |
| ,, હંશરાજ કાળીદાશ. | ૧ |
| ,, ત્રીકમજી કાળીદાશ. | ૧ |
| ,, ચોટલીયા જેઠાલાલ વીરજી. | ૪ |
| ,, હરજીવન ગોરધન. | ૧ |
| ,, પરભુ નથુ. | ૧ |

| | |
|---|---|
| ,, ગોપાલજી મેઘજી. | ૧ |

## ખંભાત. ૨૯

રા. રા. લાલચંદ વખતચંદ મારફત.

| | |
|---|---|
| ,, લાલચંદ વખતચંદ. | ૨૦ |
| ,, જેશંગભાઇ ફુલચંદ. | ૧ |
| ,, સરૂપચંદ રતનચંદ. | ૧ |
| ,, વખતચંદ કશળચંદ. | ૧ |
| ,, દેવચંદ ખુશાલદાસ. | ૧ |
| ,, છગનલાલ મુળચંદ. | ૧ |
| ,, પાનાચંદ લખમીચંદ. | ૧ |
| ,, પોપટચંદ વખતચંદ. | ૧ |
| ,, ગુલાબચંદ જોઈતા. | ૧ |
| ,, લખમીચંદ કશળચંદ. | ૧ |
| ,, ગુલાબચંદ નેમચંદ. | ૧ |
| ,, મલુકચંદ હીરાચંદ. | ૧ |
| ,, છગનલાલ રાયચંદ. | ૧ |
| ,, મગનલાલ રતનચંદ. | ૧ |
| ,, કાળીદાસ દીપચીંદ. | ૧ |
| ,, વીરચંદ ખુશાલદાસ દેહવાણ. | ૧ |
| ,, પાનાચંદ મલુકચંદ. | ૧ |
| ,, છોટાલાલ કપુરચંદ પ્રેણાવ. | ૧ |
| ,, ભોગીલાલ કીલાજી. | ૧ |
| ,, ઠાકોરલાલ મુળચંદ. | ૧ |
| ,, મુળચંદ ખીમચંદ. | ૧ |

,, મુળચંદ હરજી. ૧
,, મુળચંદ દામોદર. ૧
,, ગભડ નથુભાઈ. ૧
,, હરગોવંન હરજીવન. ૧
,, હીરા લખમીચંદ. ૧
,, છગનલાલ મોતીચંદ. ૧
,, વખતચંદ મુળચંદ. ૧

## પાળીયાદ ૧૦

,, મોતીલાલ મહારાજ મારફત. ૧૦
રા. રા. મોનજી જેચંદ. ૧
,, માણેકચંદ મછુ પાળીયાના માસ્તર. ૧
,, વલંમ કુવરજી. ૧
,, જસરાજ નારણ શારવા. ૧
,, મોતી લાલા. ૧
,, ઓઘડ નાનચંદ. ૧
,, પરશોતમ શીરાજ શારવા. ૧
,, પરશોતમ નથુ. ૧
,, કશાળચંદ ભાઈચંદ. ૧
,, માલજી જીવણ પીપરડી. ૧

## વઢવાણ શેહેર. ૨૭

રા. રા. ડોસાભાઈ લાલચંદ સ્થાનકખાતે. ૨૨
,, ધનજી લાલચંદ સ્થાનક ખાતે. ૧
,, દામોદર દેવશી. ૧

| | |
|---|---|
| ,, નાગર મોતીચંદ. | ૧ |
| ,, તળશી રઘુ. | ૧ |
| ,, માણેકચંદ ડોસાભાઇ. | ૧ |
| ,, મગનલાલ વેલશી. | ૧ |
| ,, દેવકરણ સુંદર. | ૧ |
| ,, ચાંપશી મકન. | ૧ |
| ,, ધનજી અમીચંદ. | ૧ |
| ,, ખોડીદાસ જસરાજ. | ૧ |
| ,, હરજીવન ઓધડ. | ૧ |
| ,, કરશાન નથુ. | ૧ |
| ,, શીવલાલ સૂંદરજી. | ૧ |
| ,, હીરાચંદ દેવકરણ. | ૧ |
| ,, મોહન ગફુલ. | ૧ |
| ,, તારાચંદ મુળજી ધ્રાંગધરા. | ૧ |
| ,, ગુલાબચંદ વેલશી. | ૧ |
| ,, હરખચંદ હીમચંદ. | ૧ |
| રા. રા. કેસવજી નાથા. | ૨ |
| ,, લખુભાઇ ધરમશી. | ૨ |
| ,, નાનજી ડુંગરશી વોરા. | ૧ |
| ,, ધનજી લાલચંદ સ્થાનકખાતે. | ૧ |
| ,, મગનલાલ વીઠલ વોરા. | ૧ |

## સુરત. ૨૨

| | |
|---|---|
| રા. રા. કપુર બેચર. શાગરામપરામધે. | ૨૨ |
| ,, માણેકચંદ તુળજારામ. | ૧ |

| | |
|---|---|
| ,, ઘેલાભાઇ નાગર. | ૨ |
| ,, મોતીચંદ ગુલ્લચંદ. | ૪ |
| ,, ડાહ્યાભાઈ શવચંદ. વકીલ. | ૧ |
| ,, મધુભાઈ દીપચંદ. ઝવેરી. | ૧ |
| ,, ફતેચંદ હીરાચંદ. ઝવેરી. | ૧૫ |
| ,, માણેકચંદ રૂપચંદ. | ૧ |
| ,, ભગવાનદાસ કેવળદાસ. | ૧ |
| ,, અમીચંદ ભગવાનદાસ. | ૧ |
| ,, મગનલાલ નવલચંદ. | ૧ |
| ,, ફકીરચંદ વીરચંદ. | ૧ |
| ,, અભેચંદ માણેકચંદ. | ૧ |

## સાયલા. ૪

| | |
|---|---|
| રા. રા. છગનલાલ ખોડીદાસ. સાયલા સ્ટેટવકીલ. | ૧ |
| રા. રા. મુળચંદ મલા. | ૧ |
| ,, રયા જેતશી. | ૧ |
| ,, પોપટ રૂપચંદ. કેન્ડીડેટ. | ૧ |

## લીમડી.

રા. રા. ઉજમશી વીરજી મારફત.

| | |
|---|---|
| ,, સંઘવી. ઉજમશી વીરજી. | ૧ |
| ,, હરખચંદ પાનાચંદ. | ૧ |
| ,, પરસોતમદાસ ધરમશી. | ૧ |
| ,, ડોસાભાઈ ગોપાળજી મુનસફ. | ૧ |
| ,, ત્રીભોવન દયા. | ૧ |

| | |
|---|---|
| ,, હરી રામજી. | ૧ |
| ,, હરખચંદ છગન. | ૧ |
| ,, ચતુરભુજ જીવરાજ. | ૧ |
| ,, પ્રેમચંદ ઉકા. | ૧ |
| ,, પ્રેમચંદ છગન. | ૧ |
| ,, ઉજમશી ચતુર. | ૧ |
| ,, શીવલાલ તલકશી. | ૧ |
| ,, સુખલાલ દીપચંદ. | ૧ |
| ,, મનસુખ ખીમચંદ. | ૧ |
| ,, ઓધડ કાનજી. | ૧ |
| ,, પ્રેમચંદ હુકમચંદ. | ૧ |
| ,, લાલચંદ જુઠા. | ૧ |
| ,, ગોકલ વીઠલ. | ૧ |
| ,, જીવરાજ બાવા. | ૧ |
| ,, મોહન લલુ. | ૧ |
| ,, ઉજમશી ખોડીદાસ. | ૧ |
| ,, જીવણ કાળીદાસ. | ૧ |
| ,, માવજી કરશાંન. | ૨ |
| ,, હરજીવન કસ્તુર. | ૧ |
| ,, શીવલાલ રામજી. | ૧ |
| ,, હીરજી કરશાંન. | ૧ |
| ,, સુંદરજી ડાહ્યા. | ૧ |
| ,, શીવલાલ પુંજા. | ૧ |
| ,, મોતી ઝીણા. | ૧ |

| | |
|---|---|
| ,, ચત્રભુજ ખીમજી. | ૧ |
| ,, ઓઘડ ખીમચંદ. | ૧ |
| ,, નાગર લેહેરાભાઇ. | ૧ |
| ,, જીવરાજ પુંજા. | ૧ |
| ,, છગન કશુ. | ૧ |
| ,, ઓતમ વલભ. | ૧ |
| ,, ભુદર સંગજી. | ૧ |
| ,, ડોસા મોતીચંદ. | ૧ |
| ,, પરસોતમ વીરજી. | ૧ |
| ,, મોહન બાવા. | ૧ |
| ,, દીપચંદ મુળજી | ૧ |
| ,, બેચર ડાહ્યા. | ૧ |
| ,, મનસુખ દેવશીભાઈ. | ૨ |
| ,, દેવકરણ ભુદર. | ૧ |
| ,, કાકુ માનશંગ. | ૧ |
| ,, ત્રીકમલાલ લખમીચંદ. | ૧ |
| વીરમગામવાળા. ઉજમશી વીરજી મારફત. | ૮ |
| રા. રા. બકોર ફુલચંદ. વસ્તડી. | ૧ |
| ,, નાનચંદ ઝવેર. ભલગામડા. | ૧ |
| ,, મગનલાલ ખીમચંદ. ચોટીલા. | ૧ |
| ,, જગજીવન ઝુઝા. પ્રાણસીણા. | ૧ |
| ,, દલસુખ વનમાળી. ગોધાળ. | ૧ |
| ,, ખોડા જેસંગ. ભલગામડા. | ૧ |
| ,, બેચર દેવા. ધાંધલપુર. | ૧ |
| ,, ઉજમશી નાથા. તલસાણા. | ૧ |

## ધોરાજી. ૭

,, ઘેલાભાઇ મુનસફ. ૧
,, કલ્યાણજી શામજી કામદાર. ૧
,, નરભેરામ કરમચંદ કોઠારી ઇંગ્રેજી સ્કુલ માસ્તર. ૧
,, પોપટ જુઠા. ૧
,, કરમચંદ વનમાળી. ૧
,, વનમાળી લલુ કામદાર. ૧
,, અભેચંદ ધોળાજી. ૧

## ધોળેરા. ૨૩

જ્ઞાન પ્રબોધ જૈન દીપક સભા.
હા. શા. નથુ ત્રીકમ. ૨૦
,, શેઠ. ત્રીભોવનદાસ ઊજમશી. ૧
,, પદમશી જેઠા. ૧
,, લેરાચંદ પાનાચંદ. ૧

## વીસલપુર તાબે સાણંદ જીલ્લો અમદાવાદ.

,, મગનલાલ લખમીચંદ. ૩
,, પરસોતમદાસ દામોદર. ૧
,, હઠીસંઘ ગોપાળજીભાઈ. ૧
,, હરગોવન ધનજી. ૧
,, ચુનીલાલ ઘેલા. ૧
,, સાંકળચંદ સુરચંદ. ૧
,, જુઠા ડાયાભાઈ. ૧

,, અમુલખ ધારશી. ૧

## દામનગર. ૧૪

શા. કાળીદાસ જીવનની મારફત.

,, જગજીવનજી ગોપાળજી. ૧૦
,, નાગરદાસ પ્રેમજી. ૧
,, જેઠાલાલ ત્રીભોવનદાસ. ૧
,, ગુલાબચંદ ગોવનજી. ૧
,, ધના દેવચંદ. ૧

## ખાખરીયા. ૧૦

,, મારફતીયા જુઠા રાઘવજી. ૧૦

## સુરતાનપર.

,, વલભજી ઠાકર. ૨
,, રગનાથ ડુંગરશી. ૧
,, રામભાઇ શ્રીપાળ બગસરા. ૧

## વીરમગામ.

,, કસ્તુર અમરશી. ૧૦

## જેતપુર.

રા. રા. દેસાઈ ભાણજી ત્રીભોવન. ૧
,, કલ્યાણજી મોરારજી. તાલુકા કોરટના વકીલ. ૧
,, બદાણી નાગજી કરશાન. દફતરી. ૧
,, ગાંધી ત્રીભોવન શ્રીરાજ. ૧
,, જગજીવંન કરમશી. તાલુકા કોરટના વકીલ. ૧
,, અમીચંદ ભવાંન. ૧

,, ચત્રભુજ લક્ષ્મીચંદ. ૧
,, શામળજી ખોડા. ૧
,, નરજી ગોપાળજી. હા. હરજીવન ઝીણા. મારફત. ૧
,, માવજી મોરારજી. આકડીઆ. ૧
,, શા. હુકમચંદ ખુશાલચંદ. જરાધીશના સીરસ્તેદાર ૧

## ગોન્ડલ. ૪૯

,, નેમચંદ હીરાચંદ. મારફત.
,, કોઠારી. નેમચંદ હીરાચંદ. ૪૬
,, કોઠારી. કરશનજી ગોવા ૧
,, કોઠારી. ગોકળ પુંજા. ૧
,, મી. કસળચંદ કેસવજી. ૧

## વડીયા. ૩

રા. રા. ઠાકરશી પરશોતમ. પોલીસ ફોજદાર. ૧૦
,, કસળચંદ દેવકરણ. ન્યાયાધીસ. ૧૦
,, તારાચંદ કરશનજી. ૧
,, પ્રેમચંદ કરશનજી. ૧

## ધ્રાંગધરા. ૮

માવજી ધારશી. મારફત. હ. કસ્તુર ફુલચંદ.
સંઘવી નાગર વી૦ ગલફ. ૧
વોરા ઊજમશી વીરજી. ૧
શા. ભુરા માણેકચંદ. ૧
વોરા લખમીચંદ પુંજા. ૧
શા. વખતચંદ પાનાચંદ. ૧
શા. મલુકચંદ વખતચંદ. ૧

શેઠ. ઝીણા કેસવજી. હે. ઉના પ્રગણે. ૧
શા. લલુ પરશોતમ. ૧

## જેતપુર. ૫૮

રા. રા. ગોપાળજી ચત્રભુજની મારફત.
,, ભગવાંનજી નરભેરામ. ૧
,, ગોપાળજી ચત્રભુજ. ૧
,, નરભેરામ પ્રાગજી. ૧
,, રાયચંદ ગોપાળજી. ફોજદાર. ૧
,, વકીલ દુલભજી મુળચંદ. ૧
,, ભગવાંન વસરાંમ. ૧
,, વકીલ અભેચંદ કાળીદાસ. પોલીટીકાલ એજંટની સ્વારીમાં. ૧
,, ઝીણા પરશોતમ. ૧
રા. રા. માનચંદ નરભેરામ. ૫૦

## ગઢડા. ૧

ગઢડા જૈનશુબોધ પ્રસારકમંડળી. ૧

## વાંકાનેર. ૧૧

રા. રા. લક્ષ્મીચંદ ચતુરની મારફત. ૧
જૈનશાળોદય શેઠ ભાઇચંદ મનજી. ૩
રા. રા. ત્રીભોવંન હરજીવંન. ૧
,, ભાઇચંદ કાળીદાસ. ૧
,, મોતીચંદ દેવજી. ૧
,, મોતીચંદ વીરપાળ. ૧
,, ઘેલાભાઈ જાદવજી. ૧
,, લાલચંદ રવજી. ૧ છગન લમનજી. ૧
,, લક્ષ્મીચંદ ચતુર. ૧